સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 25 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જ્યેષ્ઠ સુદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૧ જૂન ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હોર્મુઝ ખાડી ફરી બંધ







## જોકે આજથી સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા સાથે મંત્રણા શરૂ કરવાની જાહેરાત કરનાર ઈરાને એમ પણ કહ્યું કે, આ વાટાઘાટોથી કાંઈ ઊપજે એવી શક્યતા નહીંવત્ છે

ટાયર (લેબેનોન): ઇઝરાયલે લેબેનોન પર કરેલા હુમલાને કારણે ઇરાનના લશ્કરના સંયુક્ત કમાંડે હોર્મુઝ ખાડી ફરી બંધ કરવાની જાહેરાત કરી હતી. ઇઝરાયલે દક્ષિણ લેબેનોન પર શનિવારે કરેલા હુમલામાં બે બાળક સહિત ઓછામાં ઓછા ૧૬ જણ માર્યા ગયા હતા. તેને લીધે મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે ઇરાન અને અમેરિકા વચ્ચેના સમજૂતી કરાર સામે જોખમ ઊભું થયું છે. જોકે ઇરાને ગઈ કાલે મોડી સાંજે એવી જાહેરાત કરી હતી કે, અમેરિકા સાથે સ્વિટ્ઝર્લેન્ડમાં આજે રવિવારથી વાટાઘાટો શરૂ કરાશે પણ આમાંથી કાંઈ ખાસ ઉપજે એવી શક્યતા નથી.

ઇરાનના લશ્કરના સંયુક્ત કમાંડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઇઝરાયલ જો લેબેનોન પર હુમલા કરવાનું ચાલુ રાખશે, તો તેના જવાબમાં તહેરાને વળતા હુમલા કરવાની યોજના ઘડી કાઢી છે.

લેબેનોનની રાષ્ટ્રીય સમાચાર સંસ્થાએ જણાવ્યું હતું કે ઇઝરાયલે દક્ષિણ લેબેનોનના શહેર નબતિયેહ અને તેની આસપાસના ગામો પર શનિવારે કરેલા હુમલામાં અનેક ઇમારત તૂટી ગઇ હતી અને ઓછામાં ઓછા ૧૬ જણ કાટમાળ હેઠળ ફસાયા હતા.

અગાઉ, લેબેનોનમાં શુક્રવારની લડાઇમાં લેબેનોનના ઓછામાં ૪૭ જણ અને ઇઝરાયલના ચાર સૈનિક માર્યા ગયા હતા.

ઇઝરાયલના લશ્કરના એક અધિકારીએ દાવો કર્યો હતો કે દક્ષિણ લેબેનોનમાંના ઇઝરાયલના સૈનિકો પર ગઇ રાતથી અત્યાર સુધીમાં હિઝબુલ્લાહે

(જુઓ પાનું ૪) ▶▶

## પરભણીમાં મંદિરની છત તૂટતાં સાતનાં મોત

મુંબઈ: મહારાષ્ટ્રના પરભણી જિલ્લામાં યશવાડી મારુતિ મંદિરમાં શનિવારે નિર્માણાધીન સભા મંડપની છત તૂટતાં ઓછામાં ઓછા સાત જણ માર્યા ગયા હતા અને અન્ય ૪૦ જણ ઘાયલ થયા હતા.

મંદિરની બંધાઇ રહેલી છત અચાનક તૂટી પડી ત્યારે મંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હતા. છત પડવાથી શ્રદ્ધાળુઓએ ડરીને નાસભાગ કરી હતી અને તેમાં પણ કેટલાક લોકો ઘાયલ થયા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. વડા પ્રધાનની ઑફિસે મોદી વતી મોકલેલા સંદેશામાં

(જુઓ પાનું ૪) ▶▶

## મોદી સ્માર્ટ, યુદ્ધથી દૂર રહે છેઃ ટ્રમ્પ

### સાથે જિનપિંગના પણ ભારોભાર વખાણ કર્યાં

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા કહ્યું હતું કે મોદી 'મહાન નેતા' અને 'મરદ માણસ' છે જે બારથી વધારે વર્ષથી સત્તા પર છે.

એક્સિઓસને મુલાકાત આપતા ટ્રમ્પે સત્તા અને શક્તિનો મહત્તમ ઉપયોગ કરવા અને તેના અમલમાં મૂકવાની ક્ષમતાના સંદર્ભમાં બે મોટા નેતા તરીકે શી જિનપિંગ અને મોદીના નામ આપ્યા હતા

ટ્રમ્પે તેમને કયા નેતા ગમે છે એના જવાબમાં કહ્યું હતું કે હું માનું છું કે મોદી અતિશય સારા છે. તેમની

(જુઓ પાનું ૪) ▶▶

## બંગાળ 'બેડીમાંથી મુક્ત' થયું છેઃ મોદી

તારકેશ્વરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળ હવે 'બેડી (બંધન)માંથી મુક્ત' થયું છે અને તેણે ફરી ખ્યાતિ પ્રાપ્ત કરવા વિકાસનો નવો પ્રવાસ શરૂ કર્યો છે. આ પરિવર્તન વિધાનસભાની ચૂંટણીના પરિણામથી આવ્યું છે.

તેમણે અહીં વિકાસના વિવિધ પ્રૉજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કે શિલાન્યાસ કર્યા બાદ 'પશ્ચિમબંગ દિવસ'ના કાર્યક્રમને સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે બંગાળની હવામાં હવે નવી તાજગીનો પવન ફૂંકાઇ રહ્યો છે. રાજ્યમાં નવી સરકાર જનતા માટે સારું નસીબ લઇને આવી છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે મને બંગાળના

(જુઓ પાનું ૪) ▶▶

## 'હૂ કિલ્ડ પવનરાજે નિમ્બાળકર?'

### તમામ આરોપીને ૨૦ વર્ષે કોર્ટે નિર્દોષ છોડતા દીકરાનો સવાલ

પુણેઃ પવનરાજે નિમ્બાળકરની હત્યાકેસમાં ૨૦ વર્ષે કોર્ટે તમામ આઠ આરોપીને નિર્દોષ જાહેર કર્યા બાદ શિવસેના (યુબીટી)ના સાંસદ અને તેમના દીકરા ઓમપ્રકાશ રાજે નિમ્બાળકરે શનિવારે પ્રશ્ન કર્યો હતો કે તો પછી મારા પિતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન પવનરાજે નિમ્બાળકરની હત્યા કોણે કરી?(હૂ કિલ્ડ પવનરાજે નિમ્બાળકર?)

ઓમપ્રકાશ નિમ્બાળકરે પ્રશ્ન કર્યો હતો કે સીબીઆઈ દ્વારા જેમની પૂછપરછ કરવામાં આવી હતી એ તમામ આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે તો પવનરાજે નિમ્બાળકરની હત્યા કોણે કરી?

તેમણે આક્ષેપ કર્યો હતો કે પોલીસ પર કેસના આરોપી અને ભૂતપૂર્વ પ્રધાન પદ્મસિંહ પાટીલનું દબાણ હતું. નવી મુંબઈમાં પિતા અને ડ્રાઈવરની કરવામાં આવેલી

(જુઓ પાનું ૪) ▶▶

વધુ અહેવાલો ૧૬

## શિવસેના એક જ છે અને એ એકનાથ શિંદેનીઃ અમિત શાહ

કોલ્હાપુરઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે પર પ્રહાર કર્યા હતા તેમ જ કૉંગ્રેસના ખોળામાં બેસી જવાનો અને ઘૂસણખોરોનો વૉટ બૅન્કમાં પરિવર્તિત કરવાના પ્રયાસ કરવાનો તેમના પર આક્ષેપ કર્યો હતો.

કૉંગ્રેસના નેતાઓ અને ઉદ્ધવજી જેઓ કૉંગ્રેસના ખોળામાં બેસી ગયા છે તેઓ ઘૂસણખોરીને વૉટ બૅન્કમાં ફેરવવાના પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ હું તેમને સ્પષ્ટપણે કહી દેવા માગું છું કે ભારત ધર્મશાળા નથી. જે લોકો આ દેશના રહેવાસી છે એ લોકો જ ભારતમાં રહી શકશે, એમ તેમણે કહ્યું હતું.

દરેક ઘૂસણખોરને શોધીને ઓળખી કાઢવામાં આવશે અને તેને દેશનિકાલ આપવામાં આવશે,

(જુઓ પાનું ૪) ▶▶



## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૧-૬-૨૦૨૬ થી તા. ૨૭-૬-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ તા. ૨૧મીએ વૃષભ રાશિમાં પ્રવેશે છે. મંગળ સ્થિર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ મિથુનમાંથી તા. ૨૨મીએ કર્કમાં માર્ગી ગતિએ પ્રવેશે છે. બુધ સમગ્ર સપ્તાહમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર કર્ક રાશિમાં સ્થિર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કન્યા રાશિમાં તા. ૨૧મીએ આવે છે. તા. ૨૪મીએ તુલા રાશિમાં, તા. ૨૬મીએ વૃશ્ચિકમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ શક્ય છે. નોકરીમાં પુરુષાર્થની સફળતાના શુભ પરિણામો અનુભવશો. નોકરીમાં તા. ૨૨, ૨૪, ૨૫મીએ અનુકૂળતાઓ અનુભવશો. કામકાજ માટે જરૂરી સાધનો, મિલકત મેળવી શકશો. નવા કામકાજનો પ્રારંભ થાય. નાણાંની ઉઘરાણીનાં પ્રયત્નો સફળ પુરવાર થશે. વૈચારિક મતભેદો દૂર થવાથી મહિલાઓને પરિવારમાં ઉત્સાહનો અનુભવ થશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજ, નવી કાર્યપદ્ધતિ અપનાવી શકશો. તા. ૨૧, ૨૩, ૨૪ નોકરીના કામકાજ માટે સફળતા અનુભવશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. વ્યાપાર સફળ પુરવાર થાય. વ્યાપારના કામકાજમાં મિત્રો, પરિવારજનો ઉપયોગી થશે. મહિલાઓને નોકરીમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા નિર્ણયો લેવા માટે અનુકૂળતા જણાશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણના નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. નોકરી માટે તા. ૨૧, ૨૩, ૨૪ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો ઉપયોગી થશે. મિલકતના નિર્ણયો સફળતાથી લઈ શકશો તથા મિલકતની લેવડદેવડની પ્રવૃત્તિ સફળ રહેશે. કુટુંબના સભ્યો સાથેના વ્યવહાર સફળતાથી પૂર્ણ કરશો. મહિલાઓનો સહપરિવાર પ્રવાસ શક્ય જણાય છે. કુટુંબમાં યશસ્વીપણું અનુભવશો. વિદ્યાર્થીઓનો આ સપ્તાહનો અભ્યાસનો નિર્ણય સફળ બની રહેશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૨૨, ૨૩, ૨૬ શુભ જણાય છે. નોકરીના વિશિષ્ટ જવાબદારીના કાર્યો સફળતાથી પૂર્ણ કરી શકશો. તા. ૨૨, ૨૩, ૨૪ પ્રવાસ માટે શુભ જણાય છે. કાર્યક્ષેત્રે પ્રગતિ જળવાશે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીના વિશિષ્ટ જવાબદારીના કામો પૂર્ણ કરવા માટે સફળતા જણાશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે સફળતા જણાશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે અનુકૂળ ગોચર ગ્રહફળ જણાય છે. નોકરી માટે તા. ૨૪, ૨૫, ૨૬ શુભ જણાય છે. પ્રવાસના નિર્ણયો સફળ બની રહેશે. કાર્યક્ષેત્રે પરિશ્રમ અધિક જણાય છે, પરંતુ સફળતાનો યશ મેળવશો. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. કુટુંબના સભ્યોમાં મહિલાઓને યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના સફળ નિર્ણયો માટે ગોચરફળ શુભ જણાય છે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના નિર્ણયોમાં સફળ રહેશો. દૈનિક સાપ્તાહિક વેપાર પણ લાભદાયી પુરવાર થશે. નોકરીના વિશિષ્ટ જવાબદારીના કાર્યો આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. તા. ૨૨, ૨૫, ૨૬ નોકરી માટે વિશિષ્ટ ફળદાયી પુરવાર થશે. સરકારી અધિકારી, કાયદાના પ્રશ્નો, કોર્પોરેટ કંપનીના કામકાજ ઈત્યાદિ માટે સપ્તાહ શુભ જણાય છે. મહિલાઓ પરિવાર માટે કિંમતી ચીજોની ખરીદીના નિર્ણયો સફળતાથી લઈ શકશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા દાખવશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. નોકરીમાં મંદ ગતિએ પણ પ્રગતિ જળવાઈ રહેશે. કુટુંબના સભ્યો કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. કાર્યક્ષેત્રે તા. ૨૧, ૨૨, ૨૬ શુભ જણાય છે. વેપારની નાણાંની આવક વધશે. વ્યવસાયના સંબંધો વધુ દૃઢ બની રહેશે. વ્યક્તિગત પ્રભાવ નોકરીમાં વધુ દૃઢ બનવાથી મહિલાઓને સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સાપ્તાહિક વેપાર અને નવું નાણાં રોકાણ શક્ય જણાય છે. તા. ૨૧, ૨૩, ૨૪ પ્રવાસ માટે શુભ જણાય છે. સ્વાસ્થ્ય જળવાશે. કાર્યક્ષેત્રે ઉત્સાહ જળવાશે. નાણાંની આવકમાં વધારો થાય. પરંતુ નાણાંવ્યવહારમાં સાવધાની દાખવવી જરૂરી છે. જન્મકુંડળીના આધારે મિલકતના નિર્ણયો લેવા જરૂરી છે. મહિલાઓની નાણાંની જરૂરિયાત જળવાઈ રહેશે. કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા અનુભવશો. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસ માટે શિક્ષકનો સહયોગ પ્રાપ્ત કરશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપારના કામકાજમાં સફળતા જણાશે. તા. ૨૨, ૨૩, ૨૪ પ્રવાસ માટે શુભ જણાય છે. તા. ૨૬મીએ નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. મિત્રતાનો કાર્યક્ષેત્રે સુખદ અનુભવ થાય. નાણાંની જરૂરિયાતો પણ મિત્રો દ્વારા પૂર્ણ થશે. વેપારમાં પ્રગતિ થાય. મહિલાઓને તા. ૨૩, ૨૫, ૨૬મીએ પ્રાસંગિક જવાબદારીમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા શૈક્ષણિક કામકાજ સફળતાથી પ્રારંભી શકશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. લે-વેંચનું ટ્રેડિંગ સફળ રહેશે. સાહસનો સ્વભાવ શુભ ગોચરથી કામે લગાવી શકશો. સફળ પરિણામો અનુભવશો. નાણાં વ્યવહાર અનુકૂળ બની રહેશે. વાહન-મિલકતનો નિર્ણય લઈ શકશો. મિત્રોમાં યશ મેળવશો. મહિલાઓ આ સપ્તાહમાં પરિવાર માટે કિંમતી ચીજો પ્રાપ્ત કરી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના સાધનો મેળવવા માટે અનુકૂળતાઓ જણાશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય જણાય છે. આત્મવિશ્વાસ, અનુભવ, કાર્યક્ષમતાનો પૂર્ણ ઉપયોગ અને શુભગોચર શૅરબજારના વેપારમાં સફળતા દર્શાવે છે. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ કરી શકશો. તા. ૨૧, ૨૨, ૨૬, ૨૭ પ્રવાસ માટે શુભ જણાય છે. નાણાંના આયોજનો સફળ બની રહેશે. સ્વાસ્થ્ય જળવાશે. મુસાફરી દ્વારા નવા કારોબારના સંબંધો બનાવી શકશો. મહિલાઓને પ્રસંગોની સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા જાળવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય છે. સપ્તાહનો વેપાર પણ સફળ પુરવાર થશે. તા. ૨૧, ૨૨, ૨૪ નોકરી માટે શુભ પુરવાર થશે. તા. ૨૫મીએ જૂનાં નાણાં વ્યવહાર પૂર્ણ કરી શકશો. સમાજ ઉપયોગી કામકાજ પણ પૂર્ણ થશે. નાણાં બચતના નિર્ણયનો સફળ અમલ થઈ શકશે. સંતાન પરિવારના કારોબારમાં જોડાશે. મહિલાઓ વાણી-વ્યવહારુતા દાખવી પરિવારના મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ લાવી શકશો. વિદ્યાર્થીઓ અભ્યાસ માટે સફળ નિર્ણયો લઈ શકશે. ■

## આજનું પંચાંગ

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ રવિવાર, તા. ૨૧-૬-૨૦૨૬, ભાનુ સપ્તમી

ભારતીય દિનાંક ૩૧, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮,
નિજ જયેષ્ઠ સુદ -૭
જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ,
તિથિ સુદ-૭
પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ,
માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત,
માહે ૪થો તીર, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સવારે ક. ૦૯-૩૦ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
ચંદ્ર સિંહમાં બપોરે ક. ૧૫-૩૯ સુધી, પછી કન્યામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ-
ભરતી : સાંજે ક. ૧૬-૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૩ (તા. ૨૨)
ઓટઃ સવારે ક. ૧૦-૩૨, રાત્રે ક. ૨૩-૪૮
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮,
'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ - સપ્તમી. ભાનુ સપ્તમી, દક્ષિણાયન સૌર વર્ષાઋતુ પ્રારંભ, ભદ્રા બપોરે ક. ૧૫-૨૦ થી મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૪, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો.
શુભાશુભ દ્વિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, ભાનુ સપ્તમી પર્વ નિમિત્તે સૂર્યનારાયણ મંદિરોમાં પૂજા, ભગદેવતાનું પૂજન, અર્યમા, ધ્રુવદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, વિદ્યારંભ, નૌકા બાંધવી, માલ વેંચવો.
ધાન્ય ઘરે લાવવું, ઘર-ખેતર જમીન, પશુ લે-વેંચ, સ્થાવર લેવડદેવડ, શ્રી મહાલક્ષ્મી પૂજા, વિનાયક પૂજા, શિવ-પાર્વતી પૂજા. ધાન્ય ભરવું. ધજા-કળશ-પતાકા ચઢાવવી, રાજ્યાભિષેક, સીમંત સંસ્કાર, નોકરી, વેપાર મિત્રતા, બાળકને નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, રોપા વાવવા, બગીચાનું કામકાજ.
આચમનઃ ચંદ્ર-બુધ અર્ધત્રિકોણ સ્ફૂર્તિમાન, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ આરોગ્યની કાળજી લેવી.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ અર્ધત્રિકોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ. સૌર વર્ષાઋતુ પ્રારંભ દક્ષિણાયન
ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૧-૬-૨૦૨૬ થી તા. ૨૭-૬-૨૦૨૬

રવિવાર, નિજ જયેષ્ઠ સુદ-૭, વિ. સં. ૨૦૮૨, તા. ૨૧મી જૂન, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સવારે ક. ૦૯-૩૦ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં બપોરે ક. ૧૫-૩૯ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ભાનુ સપ્તમી, દક્ષિણાયન સૌરવર્ષાઋતુ પ્રારંભ, ભદ્રા બપોરે ક. ૧૫-૨૦થી મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૪, સર્વદેવ પ્રતિષ્ઠા, સામાન્ય દિવસ.

સોમવાર, નિજ જયેષ્ઠ સુદ-૮, તા. ૨૨મી. નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સવારે ક. ૧૦-૨૧ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, ભારતીય આષાઢ માસારંભ, સૂર્ય આર્દ્રામાં બપોરે ક. ૧૨-૨૭, વાહન ગદર્ભ (સંયોગિયું નથી), અયન કરીદ્દિન. બુધ કર્કમાં ક. ૧૫-૫૧. લગ્ન, ખાત, સવારે ક. ૧૦-૩૦ પછી શુભ,

મંગળવાર, નિજ જયેષ્ઠ સુદ-૯, તા. ૨૩મી, નક્ષત્ર હસ્ત સવારે ક. ૧૧-૫૩ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૪-૫૨ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. શ્રી હરી નવમી. લગ્ન, ઉપનયન, સામાન્ય દિવસ.

બુધવાર, નિજ જયેષ્ઠ સુદ-૧૦, તા. ૨૪મી, નક્ષત્ર ચિત્રા બપોરે ક. ૧૨-૫૮ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ગંગા દશમી, શ્રી ગંગા દશહરા સમાપ્તિ. સર્વદેવ પ્રતિષ્ઠા. લગ્ન, વાસ્તુ, ઉપનયન, શુભ દિવસ.

ગુરુવાર, નિજ જયેષ્ઠ સુદ-૧૧, તા. ૨૫મી, ૨૦૨૬, નક્ષત્ર સ્વાતિ સાંજે ક. ૧૬-૨૮ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. નિર્જળા એકાદશી (કેરી), ભીમ એકાદશી, ગાયત્રી જયંતી, રુક્મિણી વિવાહ (ઓરિસ્સા), ભદ્રા સવારે ક. ૦૭-૦૭ થી રાત્રે ક. ૨૦-૦૯. શુભ દિવસ.

શુક્રવાર, નિજ જયેષ્ઠ સુદ-૧૨, તા. ૨૬મી, નક્ષત્ર વિશાખા રાત્રે ક. ૧૯-૧૫ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં બપોરે ક. ૧૨-૩૨ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો પ્રારંભ બપોરે ક. ૧૨-૩૨, મોહર્રમ તાજિયા (મુસ્લિમ), હજરતઅલીનો જન્મદિવસ (મુસ્લિમ), ચંપક દ્વાદશી. (બંગાળ). લગ્ન,ખાત, સવારે ક. ૧૩.૪૫ પછી શુભ.

શનિવાર, નિજ જયેષ્ઠ સુદ-૧૩, તા. ૨૭મી, નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૨૨-૧૦ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. શનિ પ્રદોષ, વટસાવિત્રી પ્રતારંભ, શિવજી રાજ્યાભિષેક, વિંછુડો. લગ્ન, ખાત, વાસ્તુ. શુભ દિવસ. ■

# મોદીના શાસનના ૧૨ વર્ષનું પ્રકરણ સુવર્ણ અક્ષરે લખાશેઃ અમિત શાહ

▶ અંબાજી મંદિર કૉરિડોરનું કામ ઝડપથી પૂરું કરાશે

▶ મહાલક્ષ્મી મંદિરમાંનાં અને આસપાસનાં ૪૧ મંદિરની જાળવણી કરાશે

કોલ્હાપુરઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના શાસનનું પ્રકરણ સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. આ સમયગાળામાં ભારતની પ્રતિષ્ઠા વૈશ્વિક સ્તરે ઘણી જ વધી ગઇ છે.

તેમણે જણાવ્યું હતું કે જે કાર્યો અશક્ય જણાતાં હતાં, તે બધાં છેલ્લાં ૧૨ વર્ષમાં મોદીના નેતૃત્વ હેઠળ પૂરાં કરાયાં હતાં. અયોધ્યામાં રામ મંદિરનું અને કાશી વિશ્વનાથ કૉરિડોરનું નિર્માણ કરાયું હતું, જ્યારે કેદારનાથ અને બદરીનાથ મંદિરો, સોમનાથ અને કામાખ્યા મંદિર ખાતે નવનિર્માણ કે વિકાસના અન્ય કાર્ય હાથ ધરાયા હતા.

અમિત શાહે જણાવ્યું હતું કે દેશભરમાં 'વિકાસ ભી, વિરાસત ભી'નો મંત્ર ગુંજી રહ્યો છે. દેશના ધર્મ અને સાંસ્કૃતિક વારસાને જાળવવાના પગલાંના ભાગરૂપે અંબાજી મંદિર કૉરિડોર ઝડપથી વિકસાવાઇ રહ્યો છે. રૂપિયા ૫૦૦ કરોડનો આ પ્રૉજેક્ટ અંદાજે ૨૮,૦૫૮ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલો છે અને તેનાથી સાતમી સદીના આ યાત્રાધામ ખાતે એઆઇ-આધારિત સુરક્ષા યંત્રણા, એલઇડી લાઇટિંગ, હેરિટેજ ગેલરી, લાઇટ અને સાઉન્ડ શૉ, બહુહેતુલક્ષી હૉલ અને અન્ય આધુનિક સુવિધા ઊભી કરાશે. કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે મહાલક્ષ્મી મંદિરમાંના અને તેની આસપાસના ૪૧ મંદિરની જાળવણીનું કામ આર્કિયોલોજિકલ વિભાગની સાથે સલાહમસલત કરીને હાથ ધરાશે.

શાહે જણાવ્યું હતું કે આપણા વિશાળ દેશના ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોની જાળવણી માટે રૂપિયા ૧,૫૦૦ કરોડનો ખર્ચ મોટી રકમ ન ગણાય.

તેમણે જણાવ્યું હતું કે મોદીના શાસન હેઠળ દેશે આંતરિક માળખા અને ઉત્પાદનથી લઇને સૅમિકન્ડક્ટર્સ, ક્વૉન્ટમ એન્જિનિયરિંગ, સૉફ્ટવેર અને અંતરિક્ષની ટૅક્નોલૉજી ક્ષેત્રે પ્રગતિ કરી છે. અમિત શાહે જણાવ્યું હતું કે મોદીજીના શાસન હેઠળ જ ચંદ્રયાને ચંદ્રના દક્ષિણ ધ્રુવમાં જે સ્થળે ઉતરાણ કર્યું હતું, તેને 'શિવ શક્તિ પોઇંટ' નામ અપાયું હતું અને તે ભારત માટે ઘણાં ગર્વની બાબત ગણાય.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના થયેલા ભવ્ય વિજયનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે બંગાળના લોકોએ અમને આશીર્વાદ આપ્યા છે. અમારામાં દાખવેલા વિશ્વાસ બદલ અમે બંગાળના લોકોના ઋણી છીએ. દેશમાંના વિદેશી ઘૂસણખોરોને શોધીને તેઓનો દેશનિકાલ કરાશે. (એજન્સી) ■

# કાશ્મીરમાં પૅસમેકર કૌભાંડઃ સ્વસ્થ હૃદયવાળાઓ પર સર્જરી કરાઇ

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ સરકારી મેડિકલ કોલેજ(જીએમસી)માં પૅસમેકર કૌભાંડની તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. આરોગ્ય અને તબીબી શિક્ષણ વિભાગની તપાસમાં જાણવા મળ્યું છે કે જે દર્દીઓને સર્જરીની જરૂર ન હતી તેની પણ કરવામાં આવી હતી. તેમાંથી અડધા દર્દીઓને સર્જરીની જરૂર ન હતી.

વિભાગીય તપાસમાં જીએમસી અનંતનાગના કાર્ડિયોલોજિસ્ટ ડો. સૈયદ મકબૂલ પર મોટાપાયે ગેરરીતિઓ, સરકારી રેકોર્ડમાં હેરાફેરી, દર્દીઓનું શોષણ અને ખોટા વીમા દાવાઓનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ મામલો ૧૦૩ દર્દીઓમાં પૅસમેકર પ્રત્યારોપણ સાથે સંબંધિત છે.

તપાસ દરમિયાન પંચાવન શંકાસ્પદ કેસોની નિષ્ણાત સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ૨૭ દર્દીઓના હૃદય સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું હતું. નિષ્ણાતોએ સ્પષ્ટતા કરી કે આ દર્દીઓ પર લેફ્ટ બંડલ બ્રાન્ચ એરિયા પેસિંગ(એલબીબીએપી) પ્રક્રિયા કરવા માટે કોઇ તબીબી આધાર હતો નહીં.

આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર ડો. મકબૂલે પીએમ-જેએવાય અને સેહત યોજના હેઠળ ડ્યુઅલ ચેમ્બર પેસમેકર ઇમ્પ્લાન્ટ તરીકે ૧૦૩ કેસ નોંધીને નાણાકીય દાવાઓ કર્યા હતા. જ્યારે હકીકતમાં દર્દીઓ પર અલગ પ્રક્રિયા કરવામાં આવી હતી. વિભાગનો આરોપ છે કે આ સરકારી આરોગ્ય યોજનાઓના ભંડોળનો દુરુપયોગ કરવાના ઇરાદાથી કરવામાં આવ્યું હતું.

તપાસમાં એ પણ સામે આવ્યું કે કેટલાક દર્દીઓ પાસેથી રોકડ રકમ વસૂલવામાં આવી હતી. જ્યારે પીએમ-જેએવાય અને સેહત યોજના હેઠળ સારવાર સંપૂર્ણ રીતે નિઃશુલ્ક હોવી જોઇતી હતી. એક કેસમાં દર્દીને ખાનગી કંપનીને ૭૦,૦૦૦ રૂપિયા ચૂકવવા મજબૂર કર્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

વિભાગે આરોપ લગાવ્યો કે ડોક્ટરે હોસ્પિટલની નિર્ધારિત ખરીદ પ્રક્રિયાની અવગણના કરીને ખાનગી વિક્રેતાઓ સાથે મળીને તબીબી ઉપકરણો ખરીદ્યા હતા. તપાસ દરમિયાન ઘણા ખરીદી રેકોર્ડ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા ન હતા. જેથી પુરાવા છુપાવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ મામલો ડિસેમ્બર ૨૦૨૫માં જ્યારે રાજ્ય આરોગ્ય એજન્સીએ એલબીબીએપી સંબંધિત દાવાઓમાં અસામાન્ય વધારો જોયો ત્યારે પ્રકાશમાં આવ્યો હતો. ત્યારબાદ રાજ્ય છેતરપિંડી વિરોધી એકમે જીએમસી અનંતનાગમાં અચાનક તપાસ હાથ ધરી અને અનેક ગેરરીતિઓ શોધી કાઢી હતી. આરોગ્ય અને તબીબી શિક્ષણ વિભાગે ડો. મકબૂલને એક અઠવાડિયાની અંદર જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમજ સંતોષકારક જવાબ ન મળવા પર તેની સામે વિભાગીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વિભાગે આને ગંભીર તબીબી બેદરકારી, પદનો દુરુપયોગ અને સરકારી સેવા આચરણ નિયમોનું ઉલ્લંઘન ગણાવ્યું છે. ■

# પોતાની લોકપ્રિયતા વધારવા મેલોની ફોટો માટે કરગર્યાં હતાંઃ ટ્રમ્પનો દાવો

નવી દિલ્હીઃ અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એક વાર નવો દાવો કરીને વિવાદ ઊભો કર્યો છે. ફ્રાન્સમાં જી-૭ બેઠક દરમિયાન ઇટલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પોતાની સાથે ફોટો પડાવવા કરગર્યાં હતાં જેથી તેની લોકપ્રિયતા વધી શકે એવો દાવો ટ્રમ્પે કર્યો છે આ રીતે મેલોની ઇટલીમાં તેમની લોકપ્રિયતા વધારવા માગતા હોવાનો ટ્રમ્પે આરોપ મૂક્યો છે. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે ઇટલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ફ્રાન્સમાં જી-૭ બેઠક દરમિયાન વારંવાર મારી સાથે ફોટો પડાવવાનું કહ્યું હતું. ટ્રમ્પે દાવો કર્યો કે ઇટલીમાં મેલોનીની લોકપ્રિયતા ઘટી રહી છે અને તેમણે આને ઇરાનને પરમાણુ હથિયારો મેળવવા અથવા વિકસાવવાથી રોકવાના અમેરિકાના પ્રયાસો પર મેલોનીના વલણ સાથે જોડ્યું હતું.અમેરિકન પ્રમુખે ઇટલીની એ વાતની પણ ટીકા કરી હતી કે તેણે અમેરિકાને તેના લૅન્ડિંગ સ્ટ્રિપ્સ અથવા રનવેનો ઉપયોગ કરવાની મંજૂરી આપી ન હતી. જેને તેમણે એક મોટો લોજિસ્ટિકલ પડકાર ગણાવ્યો હતો. ટ્રમ્પે વધુમાં દાવો કર્યો કે અમેરિકાએ ઇરાનને લશ્કરી રીતે હરાવ્યા પછી મેલોનીએ વોશિંગ્ટન સાથે સંબંધો સુધારવાના પ્રયાસ કર્યા છે. ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે તાજેતરના જી-૭ શિખર સંમેલનમાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ તેમની સાથે ફોટો પડાવવા માટે આજીજી કરી હતી. આ ટિપ્પણીથી બંને સાથી દેશો વચ્ચે રાજદ્વારી વિવાદ ઉભો થયો છે. ટ્રમ્પે કહ્યું કે મેલોનીએ સમિટ દરમિયાન તેમની સાથે વાત કરી તેનાથી 'કદાચ ખુશ' હતા. જો કે મેલોનીએ વળતા જવાબમાં ટ્રમ્પના દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યા હતા. તેમજ ટ્રમ્પ પર બનાવટી વાર્તા ઘડી કાઢવાનો આરોપ મૂક્યો હતો. ■

### ભગવાન રામનું અપમાનઃ

# બાંગ્લાદેશમાં હજારો હિન્દુઓ રસ્તા પર, મશાલયાત્રા કાઢી

ઢાકાઃ રંગપુરમાં ભગવાન રામની સૌથી ઊંચી પ્રતિમાના નિર્માણનો વિરોધ કરતા કટ્ટરપંથી ઇસ્લામિક જૂથો દ્વારા ભગવાન રામના ચિત્રના અપમાનના આરોપસર બાંગ્લાદેશના ઢાકામાં મોટે પાયે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે. બાંગ્લાદેશમાં હજારો હિન્દુઓએ ઢાકામાં મશાલ શોભાયાત્રા કાઢી હતી અને 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા હતા, જેમાં કથિત અપમાન પાછળના લોકોની ધરપકડની માગ કરવામાં આવી હતી.

ઉત્તરી ગાયબંધા જિલ્લાના પલાશબારીમાં ભગવાન રામની ૮૧ ફૂટ ઊંચી પ્રતિમાના નિર્માણને અટકાવ્યાના થોડા દિવસો પછી બાંગ્લાદેશમાં નવો તણાવ સર્જાયો છે. આ પ્રોજેક્ટ પાછળ રહેલી શ્રી શ્રી રાધા ગોવિંદ મંદિર સમિતિએ દાવો કર્યો હતો કે અધિકારીઓને ઇસ્લામિક જૂથો તરફથી ધમકીઓ મળી છે. આ ઘટનાએ મુસ્લિમ બહુમતી ધરાવતા બાંગ્લાદેશમાં લઘુમતી અધિકારો અંગે ફરી ચિંતાઓ ઉભી કરી છે. કેસ દાખલ કરવામાં આવ્યો છે, પરંતુ અત્યાર સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી. શુક્રવારે, ઘણા હિન્દુ સંગઠનો અને વિદ્યાર્થીઓ મુખ્ય શાહબાગ ચોક પર ભેગા થયા હતા અને નેશનલ પ્રેસ ક્લબ તરફ કૂચ કરી હતી. હિન્દુ મહાજયોત દ્વારા વિરોધનું એલાન આપવામાં આવ્યું હતું. આ સંગઠને નેશનલ પ્રેસ ક્લબની સામે માનવ સાંકળનું પણ આયોજન કર્યું હતું. બીજા એક જૂથે ઢાકા રિપોર્ટર્સ યુનિટી બિલ્ડિંગ પાસે વિરોધ પ્રદર્શન કર્યું હતું. રંગપુરમાં, પોલીસે હિન્દુઓને પ્રદર્શન કરતા અટકાવ્યા બાદ થોડી ઝપાઝપી થઈ હતી.

અલગથી, હિન્દુ મહાજ્યોતે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો ભગવાન રામની પ્રતિમાનું બાંધકામ ફરી શરૂ થવા દેવામાં નહીં આવે, તો તેઓ બાંગ્લાદેશના તમામ ૬૪ જિલ્લામાં એક પછી એક રામ મંદિર બનાવશે. ■

# ઇંગ્લૅન્ડમાં બે પ્રવાસી ટ્રેન ટકરાતાં ડ્રાઇવરનું મોત, નવની હાલત ગંભીર

લંડનઃ સેન્ટ્રલ ઇંગ્લૅન્ડમાં શુક્રવારે બપોરે બે પ્રવાસી ટ્રેન ટકરાવાની બનેલી દુર્ઘટનામાં એક ટ્રેનના ડ્રાઈવરનું મોત થયું હોવા ઉપરાંત અન્ય નવની હાલત ગંભીર હોવાનું પોલીસે કહ્યું હતું.

બ્રિટિશ ટ્રાન્સપોર્ટ પોલીસના ચીફ કોન્સ્ટેબલ લ્યૂસી ડિ'ઑરસીએ કહ્યું હતું કે ઘટનાના ૮૦ અસરગ્રસ્તને હૉસ્પિટલમાં સારવાર આપી ઘરે જવા દેવામાં આવ્યા હતા તો ૨૮ જણને સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પ્રિન્સ ચાર્લ્સે દુર્ઘટના અંગે ઘેરા શોકની અને અસરગ્રસ્ત પરિવારો પરત્વે સહાનુભૂતિની લાગણી વ્યક્ત કરી હતી.

દુર્ઘટનાનું કારણ શોધી કાઢવા તપાસ આરંભી દેવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું. (એજન્સી) ■

# પાકિસ્તાનના પ્રધાન અચાનક ઇરાન કેમ પહોંચ્યા?

વૉશિંગ્ટનઃ અમેરિકા અને ઇરાને પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવાના હેતુવાળા કરાર પર હસ્તાક્ષર કર્યા ત્યાર બાદ પાકિસ્તાનના ગૃહપ્રધાન મોહસિન નકવી કોઈ પણ જાહેરાત કર્યા વિના તહેરાન પહોંચી ગયા હતા.

નકવી શનિવારે ઇરાનના મશાદમાં પહોંચી ગયા હતા. ઇરાનના પ્રસાર માધ્યમોએ પછી અહેવાલ આપ્યો હતો કે નકવી રાજધાની તહેરાનમાં ઇરાનના સિનિયર અધિકારીઓ સાથે વાતચીત કરવા આવ્યા છે. ઇરાનની સરકારી સમાચાર એજન્સી આઈઆરએનએએ કહ્યું હતું કે નકવી તેમની મુલાકાત દરમિયાન ઇરાન અને અમેરિકા વચ્ચેની વાતચીત પર નજર રાખશે.અમેરિકા અને ઇરાને આ અઠવાડિયે મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ પર સહી કરી હતી. આને લીધે હોર્મુઝ સામુદ્રધુની ફરી ખુલ્લી હતી અને પશ્ચિમ એશિયામાં શાંતિ બરકરાર કરવાની ૬૦ દિવસની વાટાઘાટોનો દરવાજો ખૂલ્યો હતો. (એજન્સી) ■

# રામ મંદિરમાંથી ૬૦ કિલો ચાંદીની પાટ ગાયબ થઈ ગઈ

નવી દિલ્હીઃ રામ મંદિર ચઢાવા ચોરી કેસને મામલે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની તપાસ ચાલી રહી હોવા વચ્ચે રામલલાને ભેટ ચઢાવવામાં આવેલી ૬૦ કિલો ચાંદીની પાટ અને હાર રેકોર્ડ પરથી રહસ્યમય રીતે ગુમ થઈ ગયા છે.

તપાસ ટુકડીને આ પાટ અને હાર અંગેનો કોઈ સ્પષ્ટ રેકોર્ડ નથી મળી રહ્યો. જ્વેલર્સ એસોસિયેશનનો દાવો છે કે આ પાટ ટ્રસ્ટને રસીદની સાથે જ સોંપી દેવામાં આવી હતી.

જોકે એસઆઈટી દ્વારા શોધ ચલાવવામાં આવી રહી છે તે બહુમૂલ્ય ચઢાવા સાથે સંકળાયેલી તસવીરો જેની એક સમાચાર ચેનલ પાસે ઉપલબ્ધ છે.

તપાસ એજન્સી પૂજારીઓ અને સંબંધિત લોકોની પૂછપરછ કરી ચઢાવાના સંગ્રહ, સુરક્ષા અને રેકોર્ડિંગની પૂરી પ્રક્રિયાની તપાસ કરી રહી છે.

એક અહેવાલ મુજબ રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા દરમિયાન પાયામાં રાખવા માટે રામલલાને ભેટમાં આપવામાં આવેલી ચાંદીની પાટ અને વિશ્વકર્મા પરિવાર તરફથી આપવામાં આવેલા હારની નોંધ રેકોર્ડમાં નથી.

જ્વેલર્સ એસોસિયેશન દ્વારા રામ મંદિરના પાયામાં રાખવા માટે આપવામાં આવેલી ૬૦ કિલોની ચાંદીની પાટનો કોઈ નક્કર રેકોર્ડ તપાસ એજન્સીને નથી મળી રહ્યો.

આ પાટ ટ્રસ્ટને સોંપી હોવાની રસીદ અમારી પાસે છે એવો દાવો જ્વેલર્સ એસોસિયેશને કર્યો છે.

છ દિવસથી એસઆઈટી આ ચઢાવાનો રેકોર્ડ અને વર્તમાન સ્થિતિની જાણકારી મેળવવાની કોશિશ કરી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ સ્પષ્ટ જાણકારી નથી મળી શકી.

ભૂમિ પૂજન અને નિર્માણ પ્રક્રિયા દરમિયાન આ ચાંદીની પાટ ક્યાંય જોવા નહોતી મળી અને ત્યાર બાદ તે રેકોર્ડ પરથી ગુમ હોવાનો દાવો તેમણે કર્યો હતો. ■

# ઇંગ્લૅન્ડમાં માનવ તસ્કરીનો આરોપઃ ભારતીયને પાંચ વર્ષની જેલ


લંડનઃ એક ભારતીય વ્યક્તિએ યુકેથી ફ્રાન્સ સ્થળાંતર કરનારાઓને ટ્રકની પાછળ છુપાવીને લઇ જવાની વાત કબૂલ કર્યા બાદ દક્ષિણ-પૂર્વ ઇંગ્લેન્ડની એક કોર્ટે પાંચ વર્ષથી વધુ જેલની સજા ફટકારી છે.

ડિસેમ્બર '૨૦૨૪ અને માર્ચ ૨૦૨૬' વચ્ચે નોન-બ્રિટિશ નાગરિકોની ગેરકાયદે અવરજવરમાં મદદ કરવાના આરોપસર યુકેની ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ(સીપીએસ) દ્વારા પચીસ વર્ષીય જસકીરત સિંહ પર કાર્યવાહી કરવામાં આવી હતી. આ મહિનાની શરૂઆતમાં તેણે ગેરકાયદેસર ઇમિગ્રેશનમાં મદદ કરવાનું કાવતરું ઘડવાનો આરોપ કબૂલ્યો હતો.

કેન્ટરબરી ક્રાઉન કોર્ટે ગુરુવારના રોજ સિંહને સજા સંભળાવી હતી. તેણે આ ગેરકાયદે પ્રવૃત્તિઓમાંથી લગભગ ૧૮૫,૦૦૦ પાઉન્ડની કમાણી કરી હોવાનું માનવામાં આવી રહ્યું છે. સીપીએસએ જણાવ્યું કે આ કાવતરાનો પર્દાફાશ ડિસેમ્બર ૨૦૨૪માં ડોવરમાં રોકવામાં આવેલા એક ટ્રકના ટ્રેલરમાં ૧૧ ભારતીય નાગરિકો છુપાયેલા મળી આવ્યા ત્યારે થયો હતો. તેમની પાસેથી મળેલી માહિતી અને જાન્યુઆરી ૨૦૨૫માં ફ્રાન્સ જઇ રહેલા બીજા એક ટ્રકમાં મળી આવેલા ચાર અન્ય ભારતીયો પાસેથી મળેલી માહિતીના આધારે અધિકારીઓ સિંહ અને વોલ્વરહેમ્પ્ટનમાં તેના સરનામા સુધી પહોંચ્યા હતા. ■

# બેસ્ટે બગાડ્યો બીજો દિવસ પણ

## મુંબઈગરા મુસીબતમાંઃ એસટીની મદદ લેવાઈ


ગ્રાન્ટરોડ સ્ટેશન

### સવારના સમયે માત્ર ચાર બસ દોડીઃ જોકે શનિવાર હોવાથી નોકરિયાતોની સંખ્યા ઓછીઃ કારણ વગર બહાર નીકળવાનું લોકોએ ટાળ્યું


પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

પાચન સ્વાસ્થ્ય માટે યોગ કરો ધૌતિ યોગ દ્વારા પેટને સ્વચ્છ રાખો !
ધૌતી યોગ®
પાવડર અને ગોળીઓ
પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસ, એસિડિટી વગેરે સમસ્યાઓમાં અસરકારક !
9422011723
www.dhoutiyog.co.in



સુરક્ષામાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લાંબા સમયથી પડતર માગણીઓને લઈ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના કર્મચારીઓ અનિશ્ચિત હડતાળ પર ઊતરી ગયા હોવાથી બીજે દિવસે પણ મુંબઈગરાઓએ મુસીબતોનો સામનો કરવો પડ્યો હતો. જોકે શનિવાર હોવાથી રસ્તા પર નોકરિયાતોની સંખ્યા ઓછી જણાતી હતી તો કારણ વગર લોકોએ ઘરબહાર નીકળવાનું ટાળ્યું હતું. સવારના સમયે બેસ્ટની વેટ-લીઝ પરની માત્ર ચાર જ બસ રસ્તા પર દોડતી હતી, જ્યારે બેસ્ટની માલિકીની એકેય બસ ડેપો બહાર નીકળી નહોતી. પરિસ્થિતિ પર નિયંત્રણ જાળવવા બેસ્ટે એસટી પાસે મદદ માગી હતી.

બેસ્ટના કર્મચારીઓ ગુરુવાર રાતથી હડતાળ પર ઊતરી ગયા હોવાથી શુક્રવાર પછી શનિવારે પણ અનેક લોકોએ તકલીફ વેઠવી પડી હતી. જોકે હડતાળની જાણ હોવાથી મુંબઈગરાઓ માનસિક તૈયારી સાથે શનિવારે ઘરબહાર નીકળ્યા હોવાનું જોવા મળ્યું હતું. બસ સ્ટોપ પર ઊભા રહીને બસની રાહ જોવાને બદલે મોટા ભાગના લોકો નજીકનાં રેલવે સ્ટેશનેથી પગપાળા જ ઑફિસ-કૉલેજ જવા નીકળ્યા હતા.

બેસ્ટ દ્વારા જાહેર કરાયેલા આંકડા દર્શાવતા હતા કે શનિવારે સવારે ૧,૯૩૭ બસ ડ્રાઈવરમાંથી માત્ર ૨૬ ડ્રાઈવર ફરજ પર હાજર થયા હતા, જ્યારે સાંજ સુધીમાં ૩,૦૭૬માંથી ૩૭ ડ્રાઈવર હાજર હતા. સાંજ સુધીમાં ૪,૭૦૫માંથી ૧૧ કન્ડક્ટર જ ડ્યૂટી પર આવ્યા હતા. જોકે ૩૩૪૮ બસ ઈન્સ્પેક્ટરમાંથી ૧૭૩ વિવિધ ડેપોમાં હાજર રહ્યા હતા. ૩૭ ડ્રાઈવર અને ૧૧ કન્ડક્ટરની હાજરી છતાં બેસ્ટની એકેય બસ ડેપો બહાર નીકળી હતી. બીજી બાજુ, સવારના સમયે વેટ-લીઝ પરની ચાર બસ દોડાવવામાં આવી હતી, પરંતુ સાંજે આ બસો પણ ડેપોમાં પાર્ક કરી દેવાઈ હતી. વેટ-લીઝના ૪,૬૯૯ ડ્રાઈવર સાંજ સુધીમાં ડ્યૂટી પર હાજર થવાનું નક્કી હતું, જેની સામે માત્ર નવ હાજર થયા હતા અને એકેય કન્ડક્ટર ડ્યૂટી પર નહોતો. બસની ગેરહાજરીમાં લોકોએ ઍપ આધારિત કૅબ અને બાઈક ટૅક્સી પર મદાર રાખ્યો હતો. શૅરિંગ ટૅક્સી અને રિક્ષા પણ ઘણી ઉપયોગી થઈ હતી. દરમિયાન બેસ્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે હડતાળની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ્રવાસીઓને અસુવિધા ન થાય તે માટે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટને ૧૦૦ બસ ઉપલબ્ધ કરાવી આપવાની વિનંતી કરવામાં આવી હતી.

## નીટ-યુજીની ફેરપરીક્ષા માટે ૬૦ બસની વ્યવસ્થા

મુંબઈઃ નીટ-યુજીની ફેરપરીક્ષા રવિવારે થવાની હોવાથી વિદ્યાર્થીઓમાં ટેન્શન વધી ગયું હતું, પરંતુ બેસ્ટે વિદ્યાર્થીઓ માટે વધારાની બસની સગવડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. બેસ્ટ દ્વારા એસટીને બસો દોડાવવાની વિનંતી કરવામાં આવી હતી. રવિવારે મુંબઈમાં ૬૩ પરીક્ષા કેન્દ્રો પર નીટની પરીક્ષા થવાની છે. પરીક્ષા માટે જનારા વિદ્યાર્થીઓને અસુવિધા ન થાય તે માટે ૬૦ બસ દોડાવવામાં આવશે. સવારે નવથી બપોરે એક વાગ્યા સુધી અને સાંજે પાંચથી સાત વાગ્યા દરમિયાન આ બસોની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું બેસ્ટે જણાવ્યું હતું.

## બસ કોન્ટ્રાક્ટરોને પણ ‘મેસ્મા’ હેઠળ નોટિસ ફટકારાઈ

મુંબઈઃ બેસ્ટ સંયુક્ત કામગાર કૃતિ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવેલી હડતાળમાં સામેલ થનારા કર્મચારીઓ વિરુદ્ધ મહારાષ્ટ્ર એસેન્શિયલ સર્વિસીસ મેઈન્ટેનન્સ ઍક્ટ (મેસ્મા) લગાવવાની ચીમકી આપવામાં આવી હતી. જોકે બેસ્ટ દ્વારા આ અંગે પગલાં લેવાનું શરૂ કરી દેવાયું છે. બેસ્ટના જણાવ્યા મુજબ હડતાળમાં સહભાગી થનારાઓને શનિવારે ‘મેસ્મા’ હેઠળ નોટિસ બજાવવામાં આવી છે. એ સિવાય બસપુરવઠો કરનારા કોન્ટ્રાક્ટરોને પણ ‘મેસ્મા’ હેઠળ નોટિસ મોકલવામાં આવી છે.

## અનુભવ સારા અને નરસા...

મુંબઈઃ બેસ્ટની હડતાળને કારણે અમુકને સારા અનુભવ તો અનેકને નરસા અનુભવ થયા હોવાનું જણાયું હતું. પરેલની એમડી કૉલેજના એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે તે રોજ ડોંગરીથી બસમાં કૉલેજ જાય છે, પરંતુ હડતાળને કારણે તેણે બાઈક ટૅક્સીનો ઉપયોગ કરવો પડ્યો હતો. સામાન્ય દિવસો કરતાં શનિવારે બાઈક ટૅક્સીના ચાર્જ વધુ હોવાનું અપેક્ષિત હતું.

વિદ્યાર્થિનીઓના જૂથે કહ્યું હતું કે પરેલ રેલવે સ્ટેશનેથી ટૅક્સીની શોધમાં તેમણે ખાસ્સું ચાલવું પડ્યું હતું. તેમ છતાં ટૅક્સી મળવી મુશ્કેલ હતી. જોકે અમુક નોકરિયાતોનું કહેવું હતું કે શુક્રવારની સરખામણીએ શનિવારે હાડમારી ઓછી હતી. હડતાળની જાણ હોવાથી પ્રવાસીઓએ નિયત સ્થાને પહોંચવા પગપાળા જવાનું પસંદ કર્યું હતું.

બીજી બાજુ, લોકલ ટ્રેનો અને મેટ્રોમાં પણ શનિવારને કારણે પ્રવાસીઓની ભીડ ઓછી હતી. અનેક નોકરિયાતોને વર્ક ફ્રોમ હોમની પરવાનગી હતી.

થાણે નજીકના કલવામાં રહેતા ધર્મેશ તિવારીએ જણાવ્યું હતું કે દાદર સ્ટેશન બહાર ટૅક્સી માટે લોકોની લાંબી લાઈન લાગી હતી. જોકે આભાર માનવો રહ્યો શૅર ટૅક્સી સેવાનો, જેને કારણે કેઈએમ હૉસ્પિટલથી દાદર પહોંચવામાં કોઈ સમસ્યા નડી નહોતી. (પીટીઆઈ)




ફિનલેન્ડ જવું છે? ચાલો, લુમિ સફારીસનાં જય શાહના સથવારે



વિશ્વમાં ઘણા દેશ એવા છે કે જ્યાં મોટા ભાગમાં ટ્રાવેલ કંપનીઓ જવાનું કે લઈ જવાનું ટાળતી હોય છે ત્યારે લુમિ સફારીસ’સના માલિક જય શાહ આવાં અઘરાં પણ ખૂબ જ સુંદર ડેસ્ટિનેશન્સ શોધી અને પ્રવાસીઓને ત્યાં લઈ જાય છે. આ બાબત જ લુમિ સફારીસને બીજા કરતાં અલગ તારવે છે. આવો વાત કરીએ જય શાહ સાથે - શા માટે તેમને આવું કરવું ગમે છે.

▶ મુંબઈમાં ઘણી ટૂર કંપનીઓ છે, ત્યારે ગ્રાહકે અન્ય કંપનીને છોડીને Lumi Safaris કેમ પસંદ કરવી જોઈએ?

જવાબઃ અમે પ્રીમિયમ લકઝરી ગ્રૂપ ટૂરના ખ્યાલમાં માનીએ છીએ. ખાસ કરીને અમે Affordable Luxury સેગમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. અમે એવા niche destinations પર ટૂર કરીએ છીએ જ્યાં દરેક પ્રસ્થાન પર સીમિત બેઠકો હોય છે. અમારી ટૂર્સ ₹3,00,000થી શરૂ થાય છે અને ₹20,00,000 પ્રતિ વ્યક્તિ સુધી જાય છે. આજ અમને માર્કેટમાં અન્ય ટૂર કંપનીઓથી અલગ બનાવે છે.

▶ તમે કયા સેક્ટર માટે જાણીતા છો? અન્ય કયા સેક્ટરમાં કામ કરો છો?

જવાબઃ અમે ખાસ કરીને Finland- Northern Lights Tour માટે જાણીતા છીએ. ૨૦૧૬થી શરૂ થયેલી અમારી સંસ્થાને શરૂઆતથી દર વર્ષે શિયાળામાં Finland માટે ખાતરીદાયક પ્રસ્થાન આપ્યું છે. ઘણાં મહેમાનો નવા સ્થળોની માગ સાથે પાછા આવે છે અને ત્યાર પછી અમે મોરક્કો, એન્ટાર્કટીકા, જમૈકા, કેન્યા, રવાન્ડા-ગોરિલા ટ્રેક જેવી ટૂર્સ શરૂ કરી છે.

▶ લોકો ફિનલેન્ડ કેમ જાય છે? અન્ય પ્રવૃત્તિઓ કઈ છે? તમે કેટલાં કવર કરો છો?

જવાબઃ લગભગ ૯૯% મહેમાનો ફિનલેન્ડ નોર્ધન લાઈટસ માટે જાય છે. તેમ છતાં અન્ય અનેક પ્રવૃત્તિઓ છે જેમ કેઃ હસ્કી રાઈડ રેન્ડીયર સ્લેજ, સ્નો મોબાઈલ સફારી, સાન્તા કલોઝ વિલેજ, આઈસ હોટલ, આઈસબ્રેકર ક્રૂઝ ઈ. વગેરે અમે આ બધું કવર કરીએ છીએ.

▶ ફિનલેન્ડ જવાની શ્રેષ્ઠ સિઝન કઈ છે? કેમ?

જવાબઃ ફિનલેન્ડ જવાનો શ્રેષ્ઠ સમય છે ડિસેમ્બરથી માર્ચ વચ્ચેનો, પણ અમે જાન્યુ/ ફેબ્રુઆરી/ માર્ચમાં પણ એ જ પેકેજ, એ જ ઈનક્લુઝન સાથે ઓફર કરીએ છીએ. ડિસેમ્બરમાં ખર્ચ વધુ હોય છે, કારણ કે એ પીક સિઝન હોય છે.

▶ શું લોકો ખરેખર સાન્તાને મળીને ફોટા પાડી શકે છે?

જવાબઃ હા, Rovaniemi એ Santa Clausનું અધિકૃત ઘર છે અને ત્યાં તમે ખરેખર Santaને મળો છો અને ફોટા પાડો છો. જો તમે લુમિ સફારીસ સાથે ટૂર બુક કરો તો માત્ર મળવું નહીં, પણ ખાનગી ડિનર તારીખ પણ હોય છે Santa સાથે!

▶ Icebreaker Cruise શું છે?

જવાબઃ Icebreaker Cruise એ એક અનોખી અનુભવવાળી યાત્રા છે, જ્યાં ખાસ બરફ તોડીને ચાલતી શિપમાં પોલાર રીજનમાં ફરવાનું મળે છે. આ ક્રૂઝમાં તમે આ શિપની શક્તિનો અનુભવ કરો છો અને Survival Suit પહેરીને બરફીલા પાણીમાં તરવાનું પણ ટ્રાય કરી શકો છો.

LUMI SAFARIS
Office : 217, 2nd Floor, Reena Complex, Nathani Road, Vidyavihar West, Near Vidyavihar Station, Opp. Neelkanth Business Park, Mumbai 400086
CONTACT : 9988524624 / 9988542642


### ‘નીટ - યુજી’ની ફેરપરીક્ષામાં પણ છબરડો

## નાગપુરના વિદ્યાર્થીને આપ્યું અબુધાબીનું સેન્ટર

નાગપુર : મહારાષ્ટ્રના નાગપુરના એક વિદ્યાર્થીને નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા રવિવારની ‘નીટ યુજી’ ૨૦૨૬’ની ફેર પરીક્ષા માટે છેક અબુધાબીમાં સેન્ટર ફાળવવામાં આવ્યું હોવાથી તેના માતાપિતાએ આ મુદ્દો એનટીએ સમક્ષ રજૂ કરી સુધારો કરવાની માગ કરી હતી.

વિદ્યાર્થી અબ્દુલ્લા તાલિબે પરીક્ષા માટે નાગપુર, વર્ધા અને ભંડારા કેન્દ્રોને પ્રાધાન્ય આપ્યું હતું. જો કે, જ્યારે તેને એનટીએ તરફથી પરીક્ષા કાર્ડ મળ્યું ત્યારે અબુધાબીમાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યું હોવાની જાણ થતા એ હેબતાઈ ગયો હોવાનું તેના પિતા ડો.મોહમ્મદ તાલિબે જણાવ્યું હતું. વિદ્યાર્થીના માતાપિતાએ એનટીએ સમક્ષ આ મુદ્દો ઉઠાવતા તેને નવું પરીક્ષા કેન્દ્ર ફાળવવાની ખાતરી આપવામાં આવી હતી.

તબીબી પ્રવેશ પરીક્ષાના સરળ, સુરક્ષિત અને પારદર્શક સંચાલનને સુનિશ્ચિત કરવાના પ્રયાસોના ભાગરૂપે નીટ - યુજી ૨૦૨૬ ની ફેર પરીક્ષા પહેલા શનિવારે દેશભરમાં દેશવ્યાપી મોક ડ્રીલ ચાલી રહી હતી ત્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. ૨૧ જૂને બપોરે બે વાગ્યાથી સાંજે ૫.૧૫ વાગ્યા સુધી ભારતના ૫૫૧ શહેરો અને વિદેશના ૧૪ શહેરોમાં ૨૨.૭૯ લાખથી વધુ ઉમેદવારો માટે પેન-એન્ડ-પેપર મોડમાં ફરીથી પરીક્ષા લેવામાં આવશે. પેપર લીકના આક્ષેપો વચ્ચે પ્રારંભિક પરીક્ષા રદ કરવામાં આવી હતી અને કેસ સીબીઆઈને સોંપવામાં આવ્યો હતો.

### વિદ્યાર્થીએ જ અબુધાબી સેન્ટરની પસંદગી કરી હતીઃ એનટીએ

નાગપુર : ૨૧ જૂને યોજાનારી ‘નીટ યુજી’ ૨૦૨૬ ફેરપરીક્ષા માટે નાગપુરના એક વિદ્યાર્થીને અબુ ધાબીમાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યા અંગેના વિવાદના આગલે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા શનિવારે સ્પષ્ટતા જારી કરવામાં આવી હતી.

એનટીએના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ઉમેદવારે પોતે પોર્ટલ મારફત પરીક્ષા શહેરની પસંદગી બદલી હતી, અબુ ધાબીને પ્રથમ પસંદગી તરીકે અને દુબઈને બીજા વિકલ્પ તરીકે પસંદ કર્યું હતું. એનટીએ પોર્ટલ પર ફેરફાર એ જ આઈપી એડ્રેસનો ઉપયોગ કરીને કરવામાં આવ્યો હતો જેનો ઉપયોગ ત્રીજી મેની પરીક્ષા માટે પ્રવેશ કાર્ડ ડાઉનલોડ કરવા માટે કરવામાં આવ્યો હતો. અમારી પાસે નીટ પોર્ટલ પર તેની પ્રવૃત્તિઓની સંપૂર્ણ વિગતો છે. ૧૬ જૂને એડમિટ કાર્ડ ડાઉનલોડ કર્યા પછી ઉમેદવાર કે તેના પરિવારે એનટીએનો સંપર્ક નહોતો કર્યો અને આ અંગે કોઈ મેઇલ પણ નહોતો મોકલ્યો. તેના પિતાએ પરીક્ષાના એક દિવસ પહેલા ૨૦ જૂને મીડિયાનો સંપર્ક કર્યો હતો. અમે હવે તેને નાગપુરમાં એક સેન્ટર ફાળવી રહ્યા છીએ. અમારી સાયબર ટીમ તપાસ કરી રહી છે કે શું આ ફેરફારો ઉમેદવાર દ્વારા પોતે કરવામાં આવ્યા છે કે કોઈએ તેના એકાઉન્ટમાં લોગ ઈન કરી વિગતો બદલાવી હતી.

## એટીએસના પરભણીમાં પંદર સ્થળે સાગમટે દરોડા

### વાંધાજનક દસ્તાવેજો અને ઇલેક્ટ્રોનિક ડિવાઇસ જપ્ત કરાયાં

મુંબઈઃ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવૉડ (એટીએસ) દ્વારા પરભણીમાં પંદર સ્થળોએ સાગમટે દરોડા પાડ્યા હતા અને શંકાસ્પદ આરોપીઓના ઘરની સઘન તલાશી લઇને વાંધાજનક દસ્તાવેજો તથા ઇલેક્ટ્રોનિક ડિવાઇસ સહિત અન્ય મતા જપ્ત કરી હતી.

એટીએસનું આ ઑપરેશન શનિવારે વહેલી સવારે પરભણી અને રોડ પરિસર, મુમતાજ કોલોની, જવાહર કોલોની સહિત આસપાસના વિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક પોલીસ ઉપરાંત એટીએસના છત્રપતિ સંભાજીનગર અને નાંદેડ યુનિટની ટીમ પણ સામેલ હતી. એટીએસે આ કાર્યવાહી દરમિયાન કેટલાક શંકાસ્પદ લોકોને પૂછપરછ માટે તાબામાં લીધા હતા અને તેમના ઘરની ઝડતી લેવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન ઉપરોક્ત વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ધાર રોડ વિસ્તારમાં પણ વધારાના પોલીસ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા હતા અને સુરક્ષા એજન્સી દ્વારા વિસ્તારમાં નજર રાખવામાં આવી હતી.

## ગુટકાના કેસમાં ફરિયાદ પક્ષ આરોપ સિદ્ધ કરવામાં નિષ્ફળ જતાં બે જણ નિર્દોષ

થાણેઃ પ્રતિબંધિત ગુટકા પોતાની પાસે રાખવા અને વેચાણના કેસમાં થાણે સેશન્સ કોર્ટે બૅકરીના બે કર્મચારીને નિર્દોષ છોડી મૂક્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષ ગુનાના મુખ્ય મુદ્દા પુરવાર કરવામાં નિષ્ફળ ગયો છે અને ફરજિયાત કાનૂની પ્રક્રિયાનું પણ પાલન કરવામાં આવ્યું નથી.

એડિશનલ સેશન્સ જજ આર. એમ. રાઠોડે શુક્રવારે આપેલા ચુકાદામાં વહાજુદ્દીન મોહમ્મદ યુનુસ અન્સારી (૩૦) અને અબદુલ્લા ઉર્ફે મોહમ્મદ અફાન અબ્દુલ રહમાન અન્સારી (૨૪)ને મીરા રોડ પોલીસે સપ્ટેમ્બર, ૨૦૨૩માં નોંધેલા એક કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે પોલીસે મીરા રોડ પરિસરમાં આવેલી એક બૅકરી પર રેઇડ કરી ૩૦,૬૩૨ રૂપિયાનો પ્રતિબંધિત ગુટકા ઉત્પાદનો જપ્ત કર્યાં હતાં. આ પ્રકરણે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો અને ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઍક્ટ (એફએસએસએ)ની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## પિકનિક માટે ગણપતિપુળે આવેલા પાંચ યુવાન દરિયામાં ડૂબ્યા

રત્નાગિરિઃ લાઈફગાર્ડની ચેતવણી છતાં દરિયામાં તરવા ગયેલા પાંચ યુવાન ડૂબી ગયા હોવાની ઘટના રત્નાગિરિ જિલ્લાના પ્રસિદ્ધ પર્યટન સ્થળ ગણપતિપુળેમાં બની હતી. સવારે બનેલી ઘટના બાદ મોડી સાંજે એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે ચારની શોધખોળ ચાલી રહી હતી.

જયગડ પોલીસે આપેલી માહિતી અનુસાર છત્રપતિ સંભાજીનગરમાં રહેતા ૧૯ યુવાનોનું ગ્રૂપ પિકનિક માટે શનિવારની સવારે ગણપતિપુળે આવ્યું હતું. ચોમાસાના આગમનને કારણે સમુદ્રમાં ઊંચાં મોજાં ઊછળતાં હોવાથી યુવાનોને તરવાની ના પાડવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે દરિયાકિનારે ઠેર ઠેર સતર્કતા ખાતર બોર્ડ લગાવવામાં આવ્યાં છે. એ સિવાય લાઈફગાર્ડે યુવાનોને દરિયામાં ઊતરવાની મનાઈ કરી હતી. પરંતુ લાઈફગાર્ડ સાયરન વગાડવા ગયો ત્યારે સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ અમુક યુવાનો દરિયામાં કૂદ્યા હતા.

કહેવાય છે કે સમુદ્રમાં ભરતી અને તોફાની પવનને કારણે મોજાં ઊછળતાં હતાં. મોજાંનો અંદાજ ન આવતાં આઠ યુવાન ડૂબવા લાગ્યા હતા. કિનારે ઊભેલા તેમના મિત્રોએ મદદ માટે બૂમાબૂમ કરી મૂકતાં લાઈફગાર્ડ અને અમુક માછીમારો દોડી આવ્યા હતા. યુવાનોને બચાવવા લાઈફગાર્ડ અને માછીમારો પણ દરિયામાં ગયા હતા. ત્રણ યુવાનને મહામુશ્કેલીથી બચાવીને કિનારે લવાયા હતા, જ્યારે પાંચ ડૂબી ગયા હતા.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સવારથી ગુમ યુવાનોની સમુદ્રમાં શોધખોળ શરૂ હતી. મોડી સાંજે એકની લાશ મળી હતી, જ્યારે બાકીના ચારની કોઈ ભાળ મળી નહોતી.

## નીટની ફેરપરીક્ષા પહેલા ૧૨ વિદ્યાર્થીઓની આત્મહત્યા

મુંબઈઃ ‘નીટ’ની પરીક્ષામાં થયેલા છબરડા, ફેરપરીક્ષાની અનિશ્ચિતતા અને માનસિક તાણને કારણે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. પુનઃપરીક્ષા પહેલાના માત્ર ૩૭ દિવસમાં દેશભરમાં ૧૨ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે, જે સ્પર્ધાત્મક પરીક્ષાઓના વધતા તણાવ અને શિક્ષણ વ્યવસ્થા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો કરે છે..

લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય આ પરીક્ષા પર નિર્ભર હોવાથી પરિણામ અંગેની અનિશ્ચિતતા અને ફરી એકવાર પરીક્ષાનો સામનો કરવાનો વારો આવતા અનેક વિદ્યાર્થીઓ પર માનસિક દબાણ વધ્યું છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ પુનઃપરીક્ષાની જાહેરાત પછીના ૩૭ દિવસના ગાળામાં ૧૨ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. આ ઘટના તમિળનાડુ, રાજસ્થાન, દિલ્હી, ઉત્તરાખંડ સહિત વિવિધ રાજ્યોમાં બની હતી. કેટલાક વિદ્યાર્થીઓએ અસફળ થવાનો ડર વ્યક્ત કર્યો હતો, તો કેટલાકને અપેક્ષિત માર્ક્સ ન મળવાની ચિંતા સતાવી રહી હતી. અનેક કિસ્સાઓમાં લાંબા સમયથી ચાલતી તૈયારી, પરિવારની અપેક્ષાઓ અને સ્પર્ધાનું વધતું દબાણ જેવા કારણો સામે આવ્યા છે.

નિષ્ણાતોના મતે, સ્પર્ધાત્મક પરીક્ષાઓ એ આત્મહત્યાનું એકમાત્ર કારણ નથી, પરંતુ તે વિદ્યાર્થીઓના માનસિક તણાવમાં મોટો વધારો કરે છે. ખાસ કરીને કોઈ પરીક્ષા રદ થવી પુનઃપરીક્ષા જાહેર થવી અથવા પરિણામ અંગે મૂંઝવણ ઊભી થવી તેના કારણે વિદ્યાર્થીઓના મનમાં અસલામતીની ભાવના વધે છે.

## નસરાપુરમાં દુષ્કર્મ બાદ બાળકીની હત્યાઃ પચીસ જૂને ચુકાદો

પુણેઃ પુણેના નસરાપુર ગામમાં ચાર વર્ષની બાળકીની દુષ્કર્મ બાદ હત્યા કરવાની કમકમાટીભરી ઘટનામાં પુણેની વિશેષ અદાલત પચીસ જૂને ચુકાદો આપશે. વિશેષ સરકારી વકીલ અજય મિસરે જણાવ્યું હતું કે અંતિમ દલીલો શનિવારની સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ હતી અને સાંજે ચાર વાગ્યે પૂરી થઈ હતી. પુરાવાની સમગ્ર સામગ્રી રેકોર્ડ પર મુકાઈ છે. આમાં સર્વગ્રાહી સમયરેખાનો ચાર્ટ, તબીબી પુરાવાઓનું વિશ્લેષણ, ફોરેન્સિક ડેટાનો ચાર્ટ, ડીએનએ પ્રોફાઈલિંગનું મેટ્રિક્સ અને સંપર્ક ચાર્ટનો સમાવેશ થાય છે. આ કેસમાં ભોર તાલુકાની રાજગડ પોલીસે આરોપી ભીમરાવ કાંબળે વિરુદ્ધ ૧,૧૦૦ પાનાંનું આરોપનામું કોર્ટમાં રજૂ કર્યું હતું.

ઘટના પહેલી મેના પ્રકાશમાં આવી હતી. ચાર વર્ષની બાળકીની દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવી હતી. બાળકીનો મૃતદેહ છાણના ઢગલા નીચેથી મળી આવ્યો હતો. ઘટનાને પગલે રહેવાસીઓએ આક્રોશ ફાટી નીકળ્યો હતો. (પીટીઆઈ)


સચોટ જ્યોતિષ
જન્મ તારીખ-સમય વોટ્સઅપ કરો.
લગ્નયોગ ક્યારે ?
ભાગ્યોદય ક્યારે ?
ફી લેવામાં આવતી જ નથી.
વાતો ન કરો, રિઝલ્ટ માંગો.
7304586200

# ભીવંડીમાં પિત્ઝા-બર્ગર ખાધા બાદ ૧૦૭ લોકોને ખોરાકી ઝેરની અસર

## ફૂડ આઉટલેટ પર બુલડોઝર કાર્યવાહી

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભીવંડીના ખંડુપાડા વિસ્તારમાં આવેલી એક ફાસ્ટફૂડ આઉટલેટ વેચવામાં આવેલા ખોરાક ખાવાથી અનેક લોકોને ખોરાકી ઝેરની અસર થઇ હતી.. આ દુકાનમાં વેચવામાં આવેલો ચિકન શોરમા, પિત્ઝા, બર્ગર, ફાલુદા જેવા ખાદ્ય પદાર્થો ખાવાથી ૧૦૭ લોકોને અચાનક ઝાડા-ઉલ્ટી થતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં આ દર્દીઓની સ્થિતિ સ્થિર છે, એવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ફૂડ એન્ડ ડ્રગ ડિપાર્ટમેન્ટ (એફડીએ) દ્વારા આ આઉટલેટ વિરુદ્ધ કાર્યવાહી કરતા 'સ્ટોપ બીઝનેસ' નોટિસ ફટકારવામાં આવી હતી. તપાસમાં આ દુકાનનું લાઇસન્સ અને રજિસ્ટ્રેશન માર્ચ ૨૦૨૬માં જ પૂર્ણ થયું હોવાનું સામે આવ્યું હતું, છતાં દુકાન ધમધમાટ ચાલી રહી હતી. આ સમગ્ર મામલે દુકાનના માલિક દિલશાહ અન્સારી વિરુદ્ધ શાંતિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે ભિવંડી મહાનગર પાલિકા દ્વારા આ દુકાનના ગેરકાયદેસર નિર્માણ વિરુદ્ધ બુલડોઝર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મેયર દ્વારા આ સમગ્ર ઘટનાને પગલે પાલિકાને આ મામલા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે નિર્દેશ કરવામાં આવ્યો હતો. પાલિકાએ ચેતવણી આપતા જણાવ્યું હતું કે જે દુકાનદારોના લાઇસન્સ પૂર્ણ થઈ ચુક્યા છે છતાં તેઓ ખાદ્ય સબંધી ધંધો ચલાવી રહ્યા છે તો તેમના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. ■

# દીવા સ્ટેશને આરઓબીના કામને કારણે સોમવારે રાતે વિશેષ ટ્રાફિક બ્લોક

મુંબઈઃ મધ્ય રેલ્વે દ્વારા દીવા સ્ટેશનના દક્ષિણ છેડા પર નવા એફઓબી માટે ગર્ડરો લોન્ચ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે સોમવારની મધરાતથી દીવા સ્ટેશન પર ખાસ ટ્રાફિક અને પાવર બ્લોક લાદવામાં આવશે. આ ગર્ડરોને ૩૦૦ મેટ્રિક ટનની રોડ ક્રેનની મદદથી લોન્ચ કરવામાં આવશે.

સેન્ટ્રલ રેલવે દ્વારા આ બ્લોક ૨૨-૬-૨૬ સોમવાર રાતના ૧૨:૧૦ થી ૨૩-૬-૨૬ મંગળવારે સવારે ૪:૧૦ સુધી રહેશે. આ બ્લોક થાણેથી ડોમ્બિવલી સુધી અપ ફાસ્ટ લાઈન દિવા સ્ટેશનથી નીલજે સુધીની પાંચમી અને છઠ્ઠી લાઈન અને દીવા-પનવેલ-રોહા અપ અને ડાઉન ઇલેક્ટ્રીફાઇડ લાઈન પર રહેશે.

આ સાથે જ ઉપનગરીય ટ્રેનોના સંચાલન પર પણ અસર થશે. જેમાં ૨૩-૬-૨૬ ના રોજ ૩.૪૩ વાગ્યે અંબરનાથ ઉપડનારી અંબરનાથ-સીએસએમટી લોકલ અને ૨૩-૬-૨૬ ના રોજ ૫.૧૬ વાગ્યે સીએસએમટી થી ઉપડનારી સીએસએમટી-અંબરનાથ લોકલ રદ રહેશે.

બ્લોક સમયગાળા દરમિયાન કલ્યાણ-થાણે સેકશનની અપ ફાસ્ટ અને છઠ્ઠી લાઈન પર મેલ અને એક્સપ્રેસ ટ્રેનોને અપ સ્લો લાઈન પર ડાઇવર્ટ કરવામાં આવશે. આ સાથે જ ડાઉન મેલ એક્સપ્રેસ ટ્રેનોના સમયપત્રકમાં પણ ફેરફાર જોવા મળશે. ■

## જૈન મરણ

**ક. દ. ઓ. જૈન**

શા. રાયચંદ લધુભાઇ નેણશી સોની ગામ સુથરી હાલ મુલુંડ (ઉં. વ.૮૨) તા. ૧૯-૬-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે મા. લીલબાઇ લધુભાઇ નેણસી સોનીના પુત્ર. પુષ્પાબેનના પતિ. મા. વેલબાઇ પદમશી માડણ લોડાયા ગામ કચ્છ કુવાપદ્ધરના જમાઇ. પંકજ, વીણા, નિપેશ લખમશી ખોના, જયાબેન ગિરીશ લક્ષ્મીચંદ લાલકા. કુમકુમ ઉત્તમચંદ ભવાનજી દંડના પિતાશ્રી. સૌ. સંગીતાના સસરા. શા. પદમશીભાઇ લધુભાઇ સોનીના ભાઇ. પ્રાર્થના તા. ૨૧-૬-૨૬ના સાંજે ૪થી ૫.૩૦. ઠે. ડીપોડીલ કેમ્પાસ, સાઇનાથ ટાવર્સની સામે, નીલમનગર ફેસ-૨, મુલુંડ (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મલાડ સ્વ. કનૈયાલાલ અમૃતલાલ પારેખના ધર્મપત્ની જયોત્સનાબેન (ઉં. વ. ૮૪) તા. ૧૯-૬-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે બકુલભાઇ, સ્વ. રોહિતભાઇ, નિલેશભાઇ, વિક્રમભાઇ તથા પ્રશાંતભાઇના માતુશ્રી. મીનાબેન, ફોરમબેન, સેજલબેન, મેઘનાબેનના સાસુ. દિશા ભૌતીકકુમાર, તૃષા અભયકુમાર, મીત, ક્રિશા ઋષભકુમાર, માર્ગી તથા ખુશના દાદી. તે જમણવાવ વાળા સ્વ. વીરચંદભાઇ જેચંદભાઇ શાહના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સણોસરા નિવાસી હાલ વિલેપાર્લા, મૃદુલાબેન ગીરીશભાઈ ડાહ્યાલાલ શાહના

## હિન્દુ મરણ

**જામનગર મોઢ વણિક**

ઘાટકોપર નિવાસી ગં. સ્વ. મીનાબેન નવીનચંદ્ર મહેતા (ઉં. વ. ૮૭) તે તા. ૨૦-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નવીનચંદ્ર હિરાલાલ મહેતાના ધર્મપત્ન. તે દક્ષા (દીપા) હિલેલ (ટીનુ) ઉમેશના માતુશ્રી. તે પંકજ, સંગીતા, ભાવનાના સાસુ. તે આશ્નાના દાદી. તન્વી, માનસીના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

ભાવનગર નિવાસી હાલ મુંબઇ જસવંતલાલ મણિલાલ પારેખ (ઉં. વ. ૮૪) તે પ્રવિણાબેનના પતિ. નંદિની, પ્રતિમા, નયનાના પિતા. નિલેશકુમાર, મીહીરકુમારના સસરા. દિયા, વિહાનના નાના. સ્વ. રમાબેન શાંતિલાલ કપાસીના જમાઇ. હેમંતભાઇ શાંતિલાલ કપાસીના બનેવી. તા. ૧૮-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થના રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**

સ્વ. ગોકલદાસ મોહનલાલ ઠક્કર તથા સ્વ. ધીરજબેન ગોકલદાસ ઠક્કરના સુપુત્ર ભરતકુમાર ગોકલદાસ ઠક્કર (ઉં. વ. ૭૭) તે સ્વ. ભાનુમતી હર્ષદરાય મુની તથા તરલા શૈલેશ મણીયારના મોટાભાઇ. મોસાળપક્ષે સ્વ. મોરારજી હરીદાસ તન્નાના દોહીત્ર. તા. ૧૮-૬-૨૬ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

નાના રાજકોટવાળા હાલ સાંતાક્રુઝ સ્વ. શાંતાબેન છોટાલાલ વળીયાના પુત્ર ભૂપતભાઇ (ઉં. વ. ૮૮) તા. ૧૭-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચારુલતાબેનના પતિ. જયોતિબેન, હર્ષદભાઇ અને દીપકભાઇના પિતા. હેમંતભાઇ, દર્શાનાબેન અને હેમાંગીના બેનના સસરા. મનાલી પ્રતીક પારેખ, મીરા ધવલ મહેતા, ચિંતન તથા રોશનીના દાદા. જાફરાબાદવાળા સ્વ. ગંગાદાસ દામોદરદાસ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૧-૬-૨૬ રવિવારના સાંજે ૫થી ૭. ઠે. વિશ્વકર્મા હોલ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. રોશની (તારાબેન) રણધીર ભાટીયા (ઉં. વ. ૮૬) તે સ્વ. રણધીર કેશવજી ભાટીયાના ધર્મપત્ની. સ્વ. મણિબેન માવજી રામદાસ પલીચા (કાલીકટવાળા)ના સુપુત્રી. અ. સૌ. રીટા અતુલ રામૈયા, ચિ. ઇલેશ, ચિ.

પુત્રવધૂ કિંજલ હિરેનભાઈ શાહ (ઉં. વ. ૪૧) તે તા. ૧૬/૬/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્નેહા કલ્પેશકુમારના ભાભી, યશોમતી પ્રતાપભાઈ, રેણુકા કમલેશભાઈ, અલ્પા ભુપેન્દ્રભાઈના ભત્રીજાવહુ. દિહોરવાળા હાલ મુલુન્ડ સુરેખાબેન અશોકભાઈ વૃજલાલ શાહના દીકરી. દાઠાવાળા દોશી વસંતરાય ગોપાળજીના ભાણેજ, મોનિલના બહેન. તેમની ભાવયાત્રા ૨૧/૬/૨૬ના રોજ ૩ થી ૫. રાજપુરીયા હોલ, નવનીત ઠક્કર રોડ વિલેપાર્લે ઈસ્ટ.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

થાણાદેવળી અમરનગર નિવાસી, રમેશભાઈ રતિલાલ શાહ (ઉં. વ. ૮૨) ૧૭/૬/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સમજુબેન રતિલાલ શાહના પુત્ર. સુરેખાબેનના પતિ, મેઘા કેયુરના પિતા. સ્વ. મંજુલાબેન, સ્વ. શશીકાંતભાઈ, ગીરીશભાઈ, હસુમતિબેન, સ્વ. જ્યોત્સનાબેન, સુરેન્દ્રભાઈના ભાઈ હરકિશનદાસ લક્ષ્મીદાસ સરૈયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાકડીયા (હાલે શેરડી) ના કાન્તીલાલ મેઘજી નિસર (ઉં. વ. ૫૪) ૧૮/૬/૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન મેઘજી ના પુત્ર. સાવિત્રીના પતિ. રિતિક, કરણના પિતા. અમૃતબેન શામજી, ખીમજી (બટુક), સાડાઉ મીના કિશોર, કોટડા નયના સુધીર, ડોણ પૂજા રાજેશ, ધનસુખ ના ભાઈ. કર્ણાટક લક્ષ્મીબાઈ બિરપાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : સાવીત્રી નિસર, રૂમ નં ૩,સાઈનાથ ચાલ, દત્ત મંદિર ક્રોસ રોડ, દહાણુકર વાડી, કાંદીવલી વેસ્ટ, મું.૬૭.

મોટી ઉનડોઠના રમણીક ભાણજી દેઢીયા (ઉં. વ. ૫૨) તા. ૧૯/૬ના અવસાન પામેલ છે મેઘબાઇ ભાણજીના પુત્ર. રાજેશ્રીના પતિ. કવીતા, ડીમ્પલના પિતા. ચન્દ્રકાંત, સુરેશ, ગીરીશના ભાઇ. બેલાપુર જનાબાઇ હરીશચન્દ્ર પાટીલના જમાઇ. ત્વચાદાન ચક્ષુદાન કરેલ છે. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા.સ. કરસન લધુ હોલ, દાદર ટા. ૧૨ થી ૧.૩૦

મોટી ખાખરના જયાબેન કલ્યાણજી ગંગર (ઉં. વ. ૭૬) ૧૭.૬ ના અવસાન પામ્યા છે. મોંઘીબેન પોપટલાલ રતનશીના પુત્રવધુ. કલ્યાણજીના પત્ની. મિતેશ, ભવ્યાના માતુશ્રી. બિદડા મોંઘીબાઈ કાનજી વેલજીના સુપુત્રી. મધુ, લતા, ભારતી, કલ્પના, રશ્મીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મિતેશ ગંગર : એ/૩૦૧, મંગલ વીલા, તેજપાલ રોડ, પાર્લા-ઈ. મું-૫૭.

હાલાપુરના શ્રી ખીમજી ભીમશી હરિયા (ઉં. વ. ૯૦) તા.૧૮-૬-૨૬ના અવસાન પામેલ છે. ભાણબાઈ ભીમશી રતનશીના પુત્ર. શાંતાબેનના પતિ. કુસુમ, મહેશ, જયંતિલાલ, અનિલ, જીતેન્દ્રના પિતા. મુરજી, રવજી, આશારીયા, ખીંયશી, હીરબાઈ, દેવકાંબેનના ભાઈ. વીઢ ભાણબાઈ ખેરાજ ટોકરશી ગોસરના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા.૪ થી ૫.૩૦.

સુવઈના લક્ષ્મીબેન છાડવા (ઉં. વ. ૯૨) મંગળવાર, તા.: ૧૬.૬.૨૬ ના દેશમાં અવસાન પામેલ છે. માતુશ્રી જેઠીબેન / લાડુબેન અરજણ પુંજાલાલ છાડવાના સુપુત્ર જીવરાજના પત્ની. કાનજી, સ્વ. સવજી, ધરમશી, દામજી, સ્વ. વિશા, ગં.સ્વ. વિશા, કેસર, સ્વ. રૂપા, સ્વ. પ્રેમીલાના માતુશ્રી. સ્વ. કામલબેન હરધોર હરગણ શાહના દિકરી. તા.: ૨૧.૬.૨૬, ટા. સવારે ૧૦.૩૦ થી ૧૨. જાપ - ૧૨ થી ૧૨.૩૦. શ્રી થાણા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ડો. મુસ રોડ, થાણા (વે). નિ. : કાનજી જીવરાજ છાડવા, ૧૦૦૨, શ્રીનાથ ટાવર, સાને ગુરુજી નગર, મુલુંડ (ઈ)-૮૧.

પત્રીના અ.સૌ.ઝવેરબેન (જગશી) જે. કે. શાહ. (ઉં. વ. ૮૯) તા.૧૮-૬-૨૬ ના દેહત્યાગ કરેલ છે. પાંચીબાઈ ખીમજીના પુત્રવધુ. (જગશીભાઈ) જે.કે. શાહના પત્ની. ભચીબાઈ દામજીના પુત્રી. મગનલાલ, મણીલાલ, જાદવજી, પાનબાઈ/રતનબાઈ, નાનબાઈ, ગંગાબાઈના બેન. પ્રા. યોગી સભાગૃહ, દાદર (સે.રે.). ટા.૧૦ થી ૧૧.૩૦.

## પારસી મરણ

આબાન અદી દુમસ્યા તે મરહુમ અદી પાલનજી દુમસ્યાના ધણીયાની તે મરહુમો રૂસ્તમજી અને ગુલુબાઇ ખંબાતાના દીકરી. તે જહાનબીન અદી દુમસ્યાના મમા. તે અરનાવાઝના બહેન. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૭, મકાવી મેન્શન, ૨જે માળે, રૂસ્તમ સીધવા માર્ગ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૬-૨૬ના સાંજે ૩.૪૦ વાગે બનાજી લીમજીની અગિયારીમાં કરવામાં આવશેજી.

કાવસ જમશેદ અમરોલીવાલા તે મરહુમ પઉરૂચીસ્તી કાવસ અમરોલીવાલાના ધની. તે મરહુમ જમશેદ અને પેરીનના દીકરા. તે વેઇદતી અરદીશીર ફરઝાના પપ્પા. તે નેવીલ ઘીવાલાના સસરા. તે નાથેનના મોટા પપ્પા. તે ડોલી ડી. બિલ્લીમોર્યા અને યાસ્મીન બ. છોગાના બનેવી. (ઉં.વ. ૯૩) રે. ઠે.૫-બી, હાઇ પીક એપાર્ટમેન્ટ, ૨૦ એ.એસ.વી.રોડ. બાન્દ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૬-૨૬ સાંજે ૩.૪૫ એ બાન્દ્રાની પંથકી અગિયારીમાં કરવામાં આવશેજી.

ડિમ્પલ અને અ.સૌ. સિમ્પલ (સામ્યા) પ્રદીપ શીંદેના માતુશ્રી. રીયા, રીષી અને સાહિરના નાની બોરીવલી યોગીનગરના નિવાસી તા. ૧૯-૬-૨૬ ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ વણિક**

અમરેલી નિવાસી હાલ મુંબઇ સ્વ. વિનોદરાઇ મોનજીભાઇ પરીખના પત્ની ગં. સ્વ. કમળાબેન વિનોદરાય પરીખ. તે ભારતી, નીતા, વર્ષા અને ધર્મેન્દ્રના માતુશ્રી. તે રોહન અને ધ્વનિના દાદી. જગદીશભાઇ, અસિતભાઇ, વિક્રમભાઇ અને શિલ્પાના સાસુ. તે સ્વ. રાઇચંદ માધણીના પુત્રી. સ્વ. પરમાનંદ રાઇચંદ માધણીના બહેન તા. ૧૭-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટીયા**

સ્વ. ચરણદાસ પદમશી વેદ, સ્વ. કસ્તુરબાઇ ચરણદાસ વેદના સુપુત્ર જયસિંહ ચરણદાસ વેદ (ઉં. વ. ૮૯) તે જયોતિ વેદના પતિ. સ્વ. રણછોડદાસ કચરાણીના જમાઇ. જયેશ, વૈશાલી, ઉર્વશીના પિતા તથા સૌ. ડિમ્પલના સસરા. વત્સલના દાદા શનિવાર, તા. ૧૩-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

સ્વ. ચરણદાસ પદમશી વેદ તથા સ્વ. કસ્તુરબાઇના પુત્ર જયસિહ વેદ (ઉં. વ. ૮૯) તે જ્યોતિના પતિ. સ્વ. રણછોડદાસ કચરાણીના જમાઈ. જયેશ વૈશાલી ઉર્વશીના પિતા, ડિમ્પલના સસરા શનિવાર ૧૩/૬/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

હાલ મુંબઈ, હિરેન્દ્રભાઈ નટવરલાલ કડકીયા (ફાડિયા) (ઉં. વ. ૬૯) ૧૯/૬/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સંગીતાબેનના પતિ, એનિક અમિષા, નેન્સી ચિંતનકુમારના પિતા, સ્વ. ચેતનાબેન કિરીટકુમાર, ઉર્વશીબેન સુરેન્દ્રકુમાર, મીનાબેન કિરણકુમાર, મંજરીબેન પ્રમોદકુમાર, હંસાબેન જયેશકુમાર, ઉપેનભાઈ, વિજયભાઈ, દીનાબેન, અમિતાબેન નિલેષકુમારના ભાઈ, સ્વ. નીરબાળા જગમોહનદાસ મહેતાના જમાઈ. દીપિકા અશોકકુમાર, સ્વ. સુભાષભાઈ સ્મિતા, સંજયભાઈ, સ્વ. પારુલબેન, નીતાબેન કમલેશકુમાર અચલા સચિનકુમારના બનેવી. તેમની પ્રાર્થનાસભા ૨૧/૬/૨૬ના રોજ ૫.૩૦ થી ૭.૩૦. સમર્થ બેન્કવેટ સિન્ધુદુર્ગ ભવન, ગોખલે મહાવિદ્યાલય માર્ગ, એમ એચ બી કોલોની, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ગુંદરાણા નિવાસી હાલ કાંદિવલી સ્વ. રસિકલાલ હરજીવનદાસ મુંજાસરાના ધર્મપત્ની અજીતા (ઉં. વ. ૬૮) ૧૯/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પૂજા તથા વિશાલના માતુશ્રી કિશોરભાઈ મણિલાલ શાહના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઇ સુથાર દરજી**

ગામ નાગનેશ નિવાસી હાલ ગોરેગાવ, ગં.સ્વ. મંગળાબેન કૃષ્ણલાલ પરમારના પુત્ર વિનોદરાય (ઉં. વ. ૭૨) ૧૭/૬/૨૬ના રોજ અક્ષર નિવાસી થયેલ છે. તે સ્વ. જ્યોતિબેનના પતિ. શૈલેષ, મુકેશ, મનોજના ભાઈ, મીતા વિજયભાઈ વાઘેલા, ચેતનભાઈના પિતા. ધોલેરા નિવાસી સ્વ. કંચનબેન વનારીદાસ ગદ્દાણીના જમાઈ. બંનેપક્ષની પ્રાર્થનાસભા ૨૧/૬/૨૬ના રોજ ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ બોરીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

સ્વ. વ્રજકુવારબેન કલ્યાણદાસ મોરઝારિયાના પુત્ર મુંબઈ નિવાસી ભરત મોરઝારિયા ૧૭/૬/૨૦૨૬ના રોજ અવસાન પામ્યા છે. તે સ્વ ઊર્મિલાબેનના પતિ. સ્વ. મનીબેન છગનલાલ બારાઈના જમાઈ, બીના અને અજયના પિતા, રૂપેન બદીયાની અને સેજલના સસરા, અક્ષય, શ્રદ્ધા, એયન અને એશાના દાદા. ચંદ્રકાંત, ચંદ્રિકા દેવીદાસ , સ્વ. દુર્ગાદાસ, ભાનુમતી વિજય, કિશોર, સુભાષના ભાઈ. અંતિમયાત્રા ૨૧ જૂને સાંજે ૪ વાગ્યે હીરા પન્ના નિવાસ સ્થાનેથી. પ્રાર્થનાસભા યોજવામાં આવવાની નથી. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

શિહોરવાળા, હાલ મલાડ (ઈ) સ્વ.રસિલાબહેન પ્રીતમભાઇ પારેખના પુત્ર ભરતભાઈ (ઉં. વ. ૭૧) તા.૧૯.૬.૨૦૨૬ને શુક્રવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે અ.સૌ. ધારા મયુરભાઈ છાટબારના પિતાશ્રી. અ.સૌ. કિશોરીબહેન મહેન્દ્રભાઈ દુતિયાના ભાઈ, ગં.સ્વ. ભારતીબહેન નરેશ પારેખ તથા અ.સૌ.નયના પરેશ પારેખના જયેષ્ઠ, સ્વ. મનસુખલાલ ભૂપતરાય પારેખ તથા સ્વ. પ્રફુલચંદ્ર ભૂપતરાય પારેખના ભત્રીજા મોસાળપક્ષે શિહોરવાળા સ્વ.મુલીધરભાઈ જયંતીલાલ દોશીના ભાણેજ. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

હાલ મુંબઈ નિવાસી, ભાનુમતિ કાનજી મનુભાઈ ઉત્તમચંદ પારેખના પુત્ર જિતેન્દ્રભાઇ મનુભાઇ પારેખ (ઉં.વ.૭૩) તા. ૧૮-૬-૨૦૨૬ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ, જય અને દિશાના પિતા. તે એલેક્ઝાન્ડરના સસરા. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

### એનડીપીએસ કેસના આરોપીને છોડી દેવાનો આદેશ

# કેમિસ્ટની સુરતથી ધરપકડ અને ટ્રાન્ઝિટને કોર્ટે અનધિકૃત ગણાવ્યાં

થાણેઃ એનડીપીએસ કેસમાં સુરતથી પકડાયેલા કેમિસ્ટની કસ્ટડી લંબાવી આપવાની પોલીસની અરજીને થાણે કોર્ટે ફગાવી દીધી હતી અને તેને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે એવું નોંધ્યું હતું કે આરોપીને કાનૂની તપાસ વિના એકથી વધુ રાજ્યમાં લાવવાની અધિકારીઓને ફોજદારી કાયદો મંજૂરી આપતો નથી.

ધરપકડને અનધિકૃત ગણાવીને જુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ જી. એમ. ગુંઠેએ કાર્યવાહીમાં અનેક ગંભીર ખામીઓ પર પ્રકાશ પાડ્યો હતો અને તપાસ અધિકારીને કારણ દર્શક નોટિસ જારી કરી હતી. કલવા પોલીસ સ્ટેશન સાથે જોડાયેલા કેસની તપાસ થાણે ક્રાઇમ બ્રાન્ચે કરી હતી, જેમાં આરોપ લગવામાં આવ્યો હતો કે આરોપી નીલેશ જરીવાલા પ્રિસ્ક્રિપ્શન રેકોર્ડ્સ અથવા કાયદેસર ટેક્સ ઇન્વોઇસીસ જાળવ્યા વિના પ્રતિબંધિત ડ્રગ 'સ્પાસ્મો-પ્રોક્સિવોન આર-પ્લસ' (ટ્રામેડોલ)ની ગેરકાયદે સપ્લાય અને કેશ ટ્રાન્ઝેકશનમાં સંડોવાયેલો છે. જપ્ત કરાયેલા ડ્રગ્સનું સ્રોત અને સપ્લાય ચેઇનનું પગેરું શોધી કાઢવા બારીકાઇથી તપાસ કરવાની જરૂર હોવાનું જણાવીને પાંચ દિવસની પોલીસ કસ્ટડી લંબાવી આપવા માટે પોલીસે કોર્ટમાં અરજી કરી હતી. અરજીનો વિરોધ કરતાં બચાવ પક્ષના વકીલ મુનિર અહમદે દલીલ કરી હતી કે આરોપીની અંગત આઝાદીનું ઉલ્લંઘન કરાયું છે.

બચાવ પક્ષે સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનમાંથી આરટીઆઇ એક્ટ હેઠળ પ્રાપ્ત કરેલી મહત્ત્વપૂર્ણ સ્ટેશન ડાયરીનો ઉતારો કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો.

દસ્તાવેજો જણાવે છે કે થાણે ક્રાઇમ બ્રાન્ચે કોઇ પણ ઔપચારિક નોટિસ આપ્યા વિના અથવા નજીકના મેજિસ્ટ્રેટને જાણ કર્યા વિના પૂછપરછને બહાને જરીવાલાને સુરતથી ૧૨ જૂને તાબામાં લીધો હતો અને તેને બાદમાં થાણે લાવવામાં આવ્યો હતો. પોલીસે ૧૩ જૂને તેની ધરપકડ કરી હતી અને બીજે દિવસે હોલિડે કોર્ટમાં તેને હાજર કર્યો હતો. બચાવ પક્ષે દલીલ કરી હતી કે ૧૨ જૂનથી જ તેની સ્વતંત્રતા સંપૂર્ણપણે છીનવાઇ ગઇ હતી. બચાવ પક્ષની દલીલ સાંભળ્યા બાદ કોર્ટ આરોપીને અદાલતી કસ્ટડી ફટકારી હતી અને તેને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઇ) ■

## પહેલા પાનાનું ચાલુ

### હોર્મુઝ ખાડી

પચાસથી વધારે પ્રૉજેક્ટાઇલ છોડ્યા હતા અને તેથી ઇઝરાયલે શનિવારે વળતા હુમલા કર્યા હતા.

દરમિયાન, વૉશિંગ્ટન ખાતેના ઇઝરાયલના રાજદૂત યેચીયેલ લિટરે 'એક્સ' પર જણાવ્યું હતું કે હિઝબુલ્લાહ જો યુદ્ધવિરામ કરારને અનુસરીને લડાઇ બંધ કરશે, તો ઇઝરાયલ પણ હુમલા તાત્કાલિક બંધ કરશે.

હિઝબુલ્લાહે જાહેર નિવેદનમાં જણાવ્યું હતું કે ઇઝરાયલ જો યુદ્ધવિરામ કરશે, તો અમે પણ લડાઇ બંધ કરીશું.

અમેરિકા અને ઇઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઇરાન પર સંયુક્ત હુમલા શરૂ કર્યા, તે પછી હિઝબુલ્લાહ અને ઇઝરાયલ વચ્ચેની લડાઇ પણ શરૂ થઇ હતી.

ઇઝરાયલે દક્ષિણ લેબેનોનમાંનો ઘણો વિસ્તાર કબજે કરી લીધો છે અને ઇરાન માગણી કરી રહ્યું છે કે ઇઝરાયલના દળો લેબેનોનમાંથી તાત્કાલિક પાછા ખેંચાવા જોઇએ.

અમેરિકા અને ઇરાન વચ્ચે થયેલા સમજૂતી કરારમાં ઇઝરાયલ કે હિઝબુલ્લાહ પક્ષકાર નથી.

ઇઝરાયલના જેટ્સ શનિવારે લેબેનોનના કાંઠા પરના શહેર ટાયર પર ઘણાં નીચેથી ઉડ્યા હતા. બારીશ ગામમાં કરેલા હુમલામાં એક જ પરિવારના ચાર જણ - બે બાળક અને તેઓના માતા-પિતા માર્યા ગયા હતા. (એજન્સી) ■

### મોદી સ્માર્ટ, યુદ્ધથી

પાસે સારા આંકડા છે. મોદી સ્માર્ટ છે અને યુદ્ધથી દૂર રહે છે. તેમના દેશમાં દોઢ અબજ લોકો છે. મોદી વાસ્તવમાં સૌથી મોટા નેતા છે. ભારતના સૌથી મોટા નેતા છે. મોદી મહાન નેતા છે.

ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ભારત સાથે ઘણો ધંધો કરે છે. શરૂઆતમાં અમારી સાથે છેતરપિંડી થતી હતી. હવે આપણે ભારત જોડે નિષ્પક્ષ ધંધો કરીએ છીએ. આ માટે હું ભારતને દોષ આપતો નથી, તેમને ખબર છે કે આપણી પાસે મૂરખ નેતા હતા જેમણે આ બધું ચાલવા દીધું. હવે આપણે ભારત સાથે ઘણો વેપાર કરીએ છીએ.ભૂતકાળમાં તેઓ બહેતર ધંધો કરતા હતા અને માટે જ તેઓ હવે આનંદમાં નથી.

અમેરિકાના પ્રમુખે શી જિંનપિંગને મોટા મોભાના અને વિશ્વાસથી છલકાતા નેતા ગણાવ્યા હતા. જો તમારે બેમાંથી એકની ફિલ્મ હોલિવૂડમાં બનાવવી હોય તો તેમના જેવા કોઈ માણસ નહીં

ટ્રમ્પે કહ્યું હતું કે મોદી અનોખી વ્યક્તિ છે તે ઘણા આદરણીય છે. મને ખબર છે કે મોદી દઢ નિશ્ચયવાળા છે. (એજન્સી) ■

### પરભણીમાં

જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના પરભણીમાં મંદિરની છત તૂટી પડવાની દુર્ઘટનામાં મરનારા લોકોના સગાં પ્રત્યે સહાનુભૂતિ ધરાવીએ છીએ. ઘાયલો જલદી સાજા થાય એવી પ્રાર્થના.

દુર્ઘટના બાદ જિલ્લાના વહીવટીતંત્ર, પોલીસ અને કાર્યકરોએ યુદ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી હતી.

જિલ્લાના વહીવટીતંત્રે ઘાયલોને હૉસ્પિટલમાં લઇ જવા માટે અનેક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી હતી. મોડી રાત સુધી કાટમાળ હટાવવાનું કામ ચાલુ હતું. (એજન્સી) ■

### બંગાળ

લોકોના ચહેરા પર હવે નવી ચમક દેખાય છે. બંગાળનાં ગામોમાં વિશ્વાસ અને આનંદનો માહોલ જોવા મળે છે. બંગાળના મતદારો આ પરિવર્તન લાવવામાં સફળ થયા છે.

તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ઘૂસણખોરીને ડામવા માટે ભારત - બાંગ્લાદેશ સરહદે વાડ નાખવાનું કામ ઝડપી બનાવવામાં પૂરો સહકાર આપી રહી છે. અગાઉની સરકાર આ કાર્યમાં વિઘ્ન નાખતી હતી. આ પહેલાંની (તૃણમૂલ કૉંગ્રેસની) સરકારે સરહદે વાડ નાખવા માટે જમીન ફાળવી નહોતી, પરંતુ ભાજપની નવી સરકારે આ પ્રક્રિયા શરૂ કરી છે. (એજન્સી) ■

### શિવસેના

એમ તેમણે કહ્યું હતું. ઠાકરેના વડપણ હેઠળની સેનામાં તાજેતરમાં જ પડેલી ફૂટનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું હતું કે અગાઉ લોકોએ શિંદેના વડપણ હેઠળની શિવ સેના એવો ઉલ્લેખ કરવો પડતો હતો, પરંતુ હવે કોઈ અલગ જૂથ નથી બચ્યું અને માત્ર એક જ શિવ સેના અસ્તિત્વ ધરાવે છે જેના વડા શિંદે છે.

લોકસભાના ઓછામાં ઓછા છ સાંસદે ઠાકરે વિરુદ્ધ બળવો કર્યો છે અને તે શાસક શિવ સેના સાથે જોડાઈ જાય તેવી શક્યતા હોવાને કારણે શિવસેના (યુબીટી) સામે ગંભીર જોખમ ઊભું થયું છે. (એજન્સી) ■

### હૂ કિલ્ડ પવનરાજે

હત્યાના ૨૦ વર્ષ બાદ કેસનો ચુકાદો આવ્યા બાદ પ્રતિક્રિયા આપતાં ઓમપ્રકાશ નિમ્બાળકરે કહ્યું હતું કે સારા લોકો, જે સારી રીતે જીવે છે અને સારું વર્તન કરે છે તેમણે અંતે નિરાશાનો સામનો કરવો પડે છે. આ જ 'કળિયુગ' છે.

વર્ષ ૨૦૦૬ના પવનરાજે નિમ્બાળકર હત્યાકેસમાં મુંબઈની વિશેષ અદાલતે આરોપી પદમસિંહ પાટીલ અને અન્ય સાતને એમ કહીને નિર્દોષ જાહેર કર્યા હતા કે વકીલ હત્યાના ષડયંત્રની કડી પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

ઓમપ્રકાશ નિમ્બાળકરે કહ્યું હતું કે અમારો પરિવાર બૉમ્બે હાઈ કોર્ટના આ ચુકાદાને પડકારશે. (એજન્સી) ■

## સંસ્થા સમાચાર

### એમ્બીવેલીમાં ધીરગુરુદેવનો રવિવારે ચાતુર્માસ પ્રવેશોત્સવ : વિમોચન વિધિ

એમ્બીવલી સિટી (લોનાવાલાથી ૨૨ કિ. મી.ના અંતરે)ના આંગણે પૂ. શ્રી. ધીરગુરુદેવનો ચાતુર્માસ પ્રવેશોત્સવ તા. ૨૧-૬-૨૬ના રવિવારે સવારે ૯-૩૦ કલાકે ડુંગર દરબાર, ઓડિટોરિયમ, વેસ્ટ લેક ખાતે યોજાયેલ છે.

આ પ્રસંગે ગોંડલ સંપ્રદાયનાં પૂ. પલ્લવીજી મ. સ., પૂ. મીનાજી મ. સ. ઠાણા-૪ તથા કચ્છ મોટી પક્ષના પૂ. ચંદનાજી મ. સ. આદિ, શ્રમણ સંઘનાં પૂ. સૌરભ સુધાજી મ. સ. આદિ, લીંબડી અજરામર સંપ્રદાયનાં પૂ. શુભેચ્છાજી મ. સ. ઠાણા-૮ કુલ ઠાણા ૧૬ના દર્શનાદિનો લાભ મળશે.

તા. ૨૧ ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે પ્રવેશ સ્વાગત યાત્રાનો પ્રારંભ થશે. જેમાં ગોંડલ, અમેરિકા, આફ્રિકા, કોલકાતા, રાયપુર, જલગાંવ, યવતમાલ, પૂના, રાજકોટ, જામનગર, ધોરાજી, જૂનાગઢ, કાટકોલા, જશાપર, બરોડા, ઇન્દોર, અમદાવાદ, નડિયાદ, ધંધુકા, વિરાર વગેરે તેમ જ મુંબઇના વિવિધ સંઘોના ભાવિકો જોડાશે.

પૂ. ગુરુદેવ અમીશા વોરા, વેસ્ટ લેક વિલા ૧૦૮,



જયજિનેન્દ્ર બંગલોમાં બિરાજે છે.

સમારોહ મધ્યે પૂ. શ્રી. ઘાસીલાલજી મ. સા. આલેખિત અને અર્ધમાગધી, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, ઇંગ્લિશમાં પૂ. શ્રી. ધીરગુરુદેવ સંપાદિત દશવૈકાલિક સૂત્રની વિમોચન વિધિ યોજાશે. જીડી જૈનાગમ શ્રુતનિધિ પ્રકાશનનો લાભ માલિનીબેન કિશોરભાઇ સંઘવી પરિવારે લીધેલ છે. ■

## છેલ્લા પાનાનું ચાલુ

### હું ઉદ્ધવ અને

ટીકા કરી હતી. 'આપણે સમજી શકીએ છીએ કે ઉદ્ધવ ઠાકરે ફરી શકતા નથી. પરંતુ ઓછામાં ઓછું આદિત્ય ઠાકરેએ રાજ્યમાં ફરવું જોઈતું હતું, પરંતુ કમનસીબે એવું થયું નહોતું,' એમ ઓમરાજે નિમ્બાળકરે કહ્યું હતું.

આ દરમિયાન, ઉદ્ધવ ઠાકરેએ શિવસેનાની વર્ષગાંઠની રેલીમાં બોલતી વખતે ઓમરાજે નિમ્બાળકરના નિવેદનની આકરી ટીકા કરી હતી. ત્યારબાદ, શનિવારે ઓમરાજે નિમ્બાળકરે મીડિયા સાથે વાત કરતા ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે પર ટિપ્પણી કરી હતી. 'મેં ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે વિશે ક્યારેય કશું જ કહ્યું નથી અને ભવિષ્યમાં પણ કહીશ નહીં,' એમ ઓમરાજે નિમ્બાળકરે કહ્યું હતું.

'મેં કોઈપણ પ્રેસમાં ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે વિશે કંઈ કહ્યું નથી. ધ્યાનમાં રાખો કે મારું રાજકીય વલણ ગમે તે હોય, મેં પહેલાં ક્યારેય ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે વિશે કંઈ કહ્યું નથી અને ભવિષ્યમાં પણ કંઈ કહીશ નહીં. તેથી મારું રાજકીય વલણ ગમે તે હોય, હું કંઈ કહીશ નહીં,' એમ ઓમરાજે નિમ્બાળકરે કહ્યું હતું.

#### શિંદે-સેનામાં જોડાશે?

પવનરાજે નિમ્બાળકર હત્યા કેસમાં ચુકાદો જાહેર થઈ ગયો છે, તો શું તેઓ પક્ષપલટો કરવાનો નિર્ણય બદલશે? ઓમરાજે નિમ્બાળકરને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ અંગે બોલતા ઓમરાજે નિમ્બાળકરે કહ્યું હતું કે, 'હું મતદારો પાસે જઈશ અને બધા સાથે ચર્ચા કરીશ અને પછી હું મારો આગળનો નિર્ણય લઈશ. મારો અંતિમ નિર્ણય હજુ લેવામાં આવ્યો નથી. હું તમને ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે હું મારા લોકો સાથે ચર્ચા કરીશ અને મારા મતવિસ્તારના લોકો સાથે ચર્ચા કરીશ અને પછી નિર્ણય લઈશ.' ■

### ભૂતપૂર્વ પ્રધાન પદ્મસિંહ

રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે પવનરાજે નિંબાળકર તેમના ડ્રાઇવર સમદ કાઝી સાથે ૩ જૂન, ૨૦૦૬ના રોજ કારમાં મુંબઈથી ઉસ્માનાબાદ (હાલ ધારાશિવ) જઇ રહ્યા હતા ત્યારે નવી મુંબઈના કલંબોલી ખાતે બે શૂટરે તેમની કારને આંતરી હતી અને ગોળીબાર કર્યો હતો, જેમાં નિંબાળકર અને સમદ કાઝીનાં ઘટનાસ્થળે મોત થયાં હતાં. નવી મુંબઈ પોલીસે કેસની તપાસ આદરી હતી, પણ પવનરાજે નિંબાળકરના પત્નીએ તપાસની પ્રગતિ પર અસંતોષ વ્યક્ત કર્યા બાદ બોમ્બે હાઇ કોર્ટે કેસ સીબીઆઇને ટ્રાન્સફર કર્યો હતો. જૂન, ૨૦૦૯માં પાટીલની ધરપકડ કરવામાં આવી હતી. જોકે અલીબાગની સેશન્સ કોર્ટે સપ્ટેમ્બર, ૨૦૦૯માં જેમના જામીન મંજૂર કર્યા હતા. સીબીઆઇના જણાવ્યા અનુસાર આ કેસના મુખ્ય આરોપી પાટીલે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું અને રાજકીય અને વ્યવસાયિક દુશ્મનાવટને લઇ તેમના પિતરાઇ પવનરાજે નિંબાળકરની હત્યા કરવા માટે સુપારી આપી હતી.

તપાસકર્તા પક્ષે આક્ષેપ કર્યો હતો કે પારસમલ જૈન હત્યા માટે મોહન શુકલા અને સતીશ મંદાડે પાસેથી ૩૦ લાખ રૂપિયા લીધા હતા. જોકે બાદમાં તે એપ્રૂવર બનતા તેને માફી બક્ષવામાં આવી હતી. જુલાઇ, ૨૦૧૧માં ટ્રાયલ શરૂ થઇ હતી. પંદર વર્ષ લાંબી ટ્રાયલ દરમિયાન વિશેષ કોર્ટ અણ્ણા હઝારે સહિત વધુમાં વધુ ૧૨૮ સાક્ષીદારને ચકાસ્યા હતા. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# ગોલકીપરે બૉલને બદલે ખેલાડીના માથા પર લાત મારી, પ્લેયરનું તત્કાળ મૃત્યુ


ઍક્રા (ઘાના): પશ્ચિમ આફ્રિકાના ઘાના દેશમાં તાજેતરમાં ફૂટબૉલના મેદાન પર એક એવી ઘટના બની જે અગાઉ કદી ક્યાંય નહીં બની હોય. આખી દુનિયામાં અત્યારે ફૂટબૉલ ફીવર છે ત્યાં ઘાનામાં આ જે ઘટના બની ગઈ એ ફૂટબોલરના ઘરમાં શોકનું વાતાવરણ છે.

ઘાના વર્લ્ડ કપમાં ગ્રૂપ-એલમાં છે અને આ દેશ પહેલી લીગ મૅચ જીતી ગયું છે અને બીજી જીતશે તો નૉકઆઉટમાં મોટા ભાગે પહોંચી જ જશે. એના ગ્રૂપની બીજી ટીમોમાં ઇંગ્લૅન્ડ, પનામા અને ક્રોએશિયા છે. ઘાનાએ ૧૭મી જૂને પનામાને પ્રથમ મૅચમાં ૧-૦થી હરાવીને ત્રણ પૉઇન્ટ મેળવ્યા હતા.

હવે મૂળ મુદ્દા પર આવીએ તો ઘાનામાં ઍમેટર (શિખાઉ) ખેલાડીઓની ફૂટબૉલ મૅચ ચાલી રહી હતી જેમાં એક ટીમનો ખેલાડી હરીફ ટીમના ગોલકીપર સાથે ટકરાતાં ખેલાડીનું તત્કાળ મૃત્યુ થયું હતું.

ઇમેન્યૂએલ નામનો આ પ્લેયર બૉલ પર કબજો કરવા અને ગોલ કરવાના આશયથી હરીફ ટીમના ગોલપોસ્ટ તરફ ધસી આવ્યો ત્યારે ગોલકીપરથી બૉલને કિક નહોતી લાગી અથવા કોઈ કારણસર તે સીધો ખેલાડી પર જ ધસી આવ્યો હતો જેમાં





ગોલકીપરનો ઘૂંટણ ખેલાડીના માથાને વાગ્યો હતો અને ખેલાડી તરત જ નીચે પટકાયો હતો. ઇમેન્યૂએલના ચહેરા પર પણ ગંભીર ઈજા થઈ હતી. આ ઘટના પછી મેદાન પર અરાજકતા ફેલાઈ હતી. આખી ઘટનાની તપાસ થઈ રહી છે. સોશ્યલ મીડિયામાં કેટલાક ફૂટબૉલપ્રેમીઓએ ગોલકીપરનો દોષ કાઢ્યો છે અને કેટલાક માટે આ ઘટના આકસ્મિક બની હતી. ■

# મેક્સિકો પછી બીજો યજમાન દેશ અમેરિકા પણ નૉકઆઉટમાંઃ તૂર્કી-હૈતી ટૂર્નામેન્ટમાંથી આઉટ

સીઍટલઃ મેક્સિકો પછી હવે બીજો યજમાન દેશ અમેરિકા પણ ફિફા વર્લ્ડ કપ-૨૦૨૬ના નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયો છે. અમેરિકાએ શુક્રવારે ઑસ્ટ્રેલિયાને ૨-૦થી હરાવીને ગ્રૂપ-ડીમાં છ પોઇન્ટ સાથે મોખરાનું સ્થાન મેળવ્યું છે. આ જ ગ્રૂપમાં તૂર્કીની ટીમ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ છે.

## અમેરિકાનો અનોખો વિક્રમ

બે દિવસ પહેલાં ગ્રૂપ-એમાંથી યજમાન દેશ મેક્સિકો આ વખતે નૉકઆઉટમાં પહોંચનાર પ્રથમ દેશ બન્યો હતો. અમેરિકા પોતાના ગ્રૂપમાં એક લીગ મૅચ રમવાની બાકી હોય ત્યારે નૉકઆઉટમાં પહોંચ્યું હોય એવું પહેલી વખત બન્યું છે.

ઑસ્ટ્રેલિયાના કૅમેરન બર્ગેસથી એક ઑન ગોલ થઈ જતાં અમેરિકાએ ૧-૦થી સરસાઈ લીધી હતી. ત્યાર પછી ૪૩મી મિનિટમાં ઍલેક્સ ફ્રીમૅને ગોલ કરીને અમેરિકાની સરસાઈ વધારીને ૨-૦ કરી હતી. સેકન્ડ હાફમાં બેમાંથી કોઈ પણ ટીમ ગોલ નહોતી કરી શકીએ. અમેરિકાના ડિફેન્ડરોએ અને ગોલકિપર એમ. ફ્રીસે સંરક્ષણ દીવાલ મજબૂત બનાવી રાખી હતી જેને લીધે ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓ એક ગોલ પણ નહોતા કરી શક્યા.

## બ્રાઝિલે હૈતીને ૩-૦થી હરાવ્યું

ગ્રૂપ-સીમાં બ્રાઝિલનો હૈતી સામે ૩-૦થી વિજય થયો હતો. મૅથ્યૂઝ કુન્હાએ ૨૩મી અને ૩૬ મિનિટમાં ઉપરાઉપરી બે ગોલ કરીને બ્રાઝિલને ૨-૦થી સરસાઈ અપાવી હતી. ફર્સ્ટ હાફના છેવટના ભાગમાં વિનિસિયસ જુનિયરે ગોલ કરતા બ્રાઝિલની સરસાઈ ૩-૦ની થઈ હતી. હૈતીની ડિફેન્સ મજબૂત થઈ ગઈ હતી એટલે બ્રાઝિલ વધુ ગોલ નહોતું કરી શક્યું, પરંતુ હૈતીને પણ એકેય ગોલ નહોતો કરવા મળ્યો. હૈતીની ટીમ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ છે.

## અન્ય બે મૅચમાં શું બન્યું?

ગ્રૂપ-સીમાં મોરોક્કો સામે ૦-૧થી હારી જવાને લીધે સ્કૉટલૅન્ડનું ભાવિ અધ્ધરતાલ થઈ ગયું છે. ગ્રૂપ-ડીમાં પારાગ્વે સામે તુર્કી ૦-૧થી હારી જતાં તૂર્કીની ટીમ ટૂર્નામેન્ટની બહાર ફેંકાઈ ગઈ છે.

### આજે વર્લ્ડ કપમાં કઈ મૅચ?

ઇક્વેડોર વિ. ક્યૂરસૉ
સવારે ૫.૩૦
જાપાન વિ. ટ્યૂનિશિયા
સવારે ૯.૩૦
સ્પેન વિ. સઉદી
રાત્રે ૯.૩૦
ઇરાન વિ. બેલ્જિયમ
મધરાત બાદ ૧૨.૩૦
ઉરુગ્વે વિ. કેપ વર્ડે
મધરાત બાદ ૩.૩૦




# ક્રિષ્નાની પાંચ વિકેટ પછી યશસ્વી-રોહિતની જોડીએ ભારતને અપાવ્યો વિજય

**▸ ટીમ ઇન્ડિયાએ ૧૨૮ બૉલ અને નવ વિકેટ બાકી રાખીને મૅચ જીતી લીધીઃ અફઘાનિસ્તાનનો ૩-૦થી વાઇટવૉશ**

ચેન્નઈઃ ભારતે અહીં શનિવારે અફઘાનિસ્તાન સામેની ત્રીજી વન-ડે ૧૨૮ બૉલ અને નવ વિકેટ બાકી રાખીને જીતી લીધી હતી. એ સાથે, ભારતે ૩-૦થી અફઘાનિસ્તાનનો વાઇટવૉશ કર્યો છે. બોલિંગમાં પ્રસિદ્ધ ક્રિષ્ના (૮.૨-૨-૨૩-૫) અને બૅટિંગમાં યશસ્વી જયસ્વાલ (૧૧૦ અણનમ, ૮૬ બૉલ, ત્રણ સિક્સર, ૧૪ ફોર) તથા રોહિત શર્મા (૭૯ રન, ૬૯ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર) આ જીતના ત્રણ સિતારા હતા. આ સાથે, ભારતે ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપના રિહર્સલની શાનદાર શરૂઆત કરી છે.

ભારતે પહેલી બન્ને મૅચ આસાનીથી જીતી લીધા બાદ હવે ત્રીજી મૅચ વધુ સહેલાઈથી જીતીને ૩-૦થી ક્લીન સ્વીપ કરી છે. અફઘનિસ્તાને બૅટિંગ લીધા પછી ૪૪.૨ ઓવરમાં ૨૧૮ રન બનાવ્યા હતા. ભારતે જવાબમાં ૨૮.૪ ઓવરમાં એક વિકેટે ૨૨૪ રન બનાવીને વિજય મેળવી લીધો. છેલ્લાં ૧૦ બૉલમાં ભારતીય બૅટ્સમેનો યશસ્વી અને શ્રેયસ ઐયર (૨૦ અણનમ, ૧૯ બૉલ, બે સિક્સર)એ ૩૫ રન બનાવીને ટીમને થોડો વહેલો વિજય અપાવ્યો હતો.

## યશસ્વી-રોહિતની ૧૭૦ની ભાગીદારી

યશસ્વી જયસ્વાલે કરીઅરની બીજી વન-ડે સદી ૮૩ બૉલમાં પૂરી કરી હતી. રોહિત શર્મા ૭૯ રનના પોતાના સ્કોર પર બૉલને ડીપ મિડવિકેટ તરફ મોકલવાના પ્રયાસમાં કૅચ આપી બેઠો હતો. જોકે તેણે યશસ્વી સાથે ૧૭૦ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરીને ભારતની જીતનો પાયો નાખ્યો હતો.

## શાહિદીની પ્રથમ સદી

એ પહેલાં, અફઘાનિસ્તાન ટૉસ જીતીને બૅટિંગ લીધા બાદ ૪૪.૨ ઓવરમાં ૨૧૮ રનના સ્કોર પર ઑલઆઉટ થયું હતું. ૯૬મી વન-ડે રમી રહેલો કૅપ્ટન હશમતુલ્લા શાહિદી (૧૦૨ રન, ૧૩૧ બૉલ, એક સિક્સર, તેર ફોર) એકલો ભારતીય બોલર્સ સામે લાંબા સમય સુધી લડ્યો હતો અને વન-ડે કરીઅરની પ્રથમ સેન્ચુરી ફટકાર્યા પછી જ આઉટ થયો હતો. તે ચોથા નંબરે મેદાન પર આવ્યો હતો અને છેક છેલ્લે આઉટ થયો હતો. આ પહેલાં, અણનમ ૯૭ રન તેનો હાઇએસ્ટ સ્કોર હતો. શાહિદી અને અઝમતુલ્લા ઓમરઝાઈ (૫૦ રન, ૫૬ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) વચ્ચે પાંચમી વિકેટ માટે ૧૦૫ રનની પાર્ટનરશિપ થઈ હતી.




## ક્રિષ્નાની પહેલી વખત પાંચ વિકેટ

અર્શદીપ સિંહના સ્થાને રમનાર પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ પાંચ વિકેટનો તરખાટ મચાવ્યો હતો. વન-ડે કરીઅરમાં તેણે પહેલી જ વખત મૅચમાં પાંચ વિકેટ લીધી છે. તેને નવા બૉલમાં સારા સ્વિંગ મળ્યા હતા અને તેણે સીમની મદદથી બૅટ્સમેનોને મૂંઝવી દીધા હતા. અફઘાનિસ્તાનની પહેલી ચાર વિકેટ માત્ર ૩૬ રનમાં પડી હતી અને ચારેય વિકેટ ક્રિષ્નાએ લીધી હતી. એક-એક વિકેટ ગુર્નુર બ્રાર, પ્રિન્સ યાદવ અને હર્ષ દુબેએ લીધી હતી.

## બે બૉલમાં બે રનઆઉટઃ બન્ને ગિલ-કિશનના હાથે

બે બૉલમાં અફઘાનિસ્તાનના બે બૅટ્સમેન રનઆઉટ થયા હતા. ૪૧મી ઓવરના છેલ્લા બૉલમાં ગિલ અને ઇશાન કિશને મળીને ગઝનફર (એક રન)ને રનઆઉટ કર્યો હતો. પછીની ઓવરના પહેલા જ બૉલમાં ફરી એક વાર ગિલ-કિશનના તાલમેલથી ફરીદ અહમદે રનઆઉટમાં વિકેટ ગુમાવી હતી. ફરીદે હજી એક પણ બૉલનો સામનો પણ નહોતો કર્યો અને તે રનઆઉટ થયો હતો. ■

















# યશસ્વી ભારતનો ફાસ્ટેસ્ટઃ જાણો, કેવી રીતે અને શિખર ધવનનો કયો વિક્રમ તોડ્યો

ચેન્નઈઃ ભારતે ૫૬ વર્ષ જૂની વન-ડે ક્રિકેટને એક-એકથી ચડિયાતા દિગ્ગજો આપ્યા છે, પરંતુ એક વિક્રમ એવો છે જે આ સાડાપાંચ દાયકામાં નથી તૂટી શક્યો એ યશસ્વી જયસ્વાલે શનિવારે અહીં અફઘાનિસ્તાન સામે સિરીઝની છેલ્લી વન-ડેમાં તોડ્યો હતો. ભારતે સિરીઝમાં ૩-૦થી ક્લીન સ્વીપ કરી હતી.

કપિલ દેવ, સચિન તેન્ડુલકર, સૌરવ ગાંગુલી, વીરેન્દર સેહવાગ, રાહુલ દ્રવિડ, યુવરાજ સિંહ, ગૌતમ ગંભીર, વિરાટ કોહલી, રોહિત શર્મા, એમએસ ધોની, વિનોદ કાંબળી, અઝહરુદ્દીન, સુરેશ રૈના, અજય જાડેજા વગેરે દમદાર ભારતીય બૅટ્સમેનો ન કરી શક્યા એ કામ ૨૪ વર્ષના યશસ્વીએ કરી દેખાડ્યું છે.

કરીઅરની પહેલી છ વન-ડેમાં બે સેન્ચુરી શનિવાર પહેલાં એક પણ ભારતીય ખેલાડી નહોતો ફટકારી શક્યો. આ રેકૉર્ડ-બુકમાં શિખર ધવનનું નામ મોખરે હતું, કારણકે તેણે કારકિર્દીની પહેલી સાત વન-ડેમાં છ સેન્ચુરી ફટકારી હતી. જોકે યશસ્વી શનિવારે છઠ્ઠી વન-ડે રમ્યો હતો જેમાં તેણે બીજી સદી ફટકારીને 'બે વન-ડે ફટકારવામાં ફાસ્ટેસ્ટ ભારતીય' તરીકે પોતાનું નામ રેકૉર્ડ-બુકમાં લખાવી દીધું હતું.

યશસ્વીની વન-ડે કારકિર્દી ફેબ્રુઆરી ૨૦૨૫માં શરૂ થઈ હતી. નવાઈની વાત એ છે કે છ મૅચમાં તેની એક પણ હાફ સેન્ચુરી નથી, પણ બે સેન્ચુરી છે. પહેલી સેન્ચુરી તેણે ડિસેમ્બર, ૨૦૨૫માં વિશાખાપટનમમાં સાઉથ આફ્રિકા સામેની મૅચમાં ફટકારી હતી. ત્યારે તેણે ૧૬૯ બૉલમાં અણનમ ૧૧૬ રન બનાવ્યા હતા અને શનિવારે ચેન્નઈમાં ૧૨૭ બૉલમાં ૧૧૦ રન બનાવ્યા અને આઉટ ન થયો. ■

# પહેલો બૉલ ફેંકાતાં પહેલાં જ ભારતના ખાતામાં પાંચ રન

ચેન્નઈઃ ભારતીય ટીમે અહીં અફઘાનિસ્તાનને આખરી વન-ડેમાં ૨૧૮ રનમાં ઑલઆઉટ કરી દીધું ત્યાર પછી રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ હજી ક્રીઝમાં પણ નહોતા આવ્યા એ પહેલાં જ ભારતના ખાતે પાંચ રન લખાઈ ગયા હતા. આવું કેમ બન્યું એની ચર્ચા થઈ રહી છે.

વાત એવી છે કે અફઘાનિસ્તાનની ઇનિંગ્સ પૂરી થઈ અને ભારતનો દાવ શરૂ થયો એ પહેલાં જ ભારતને પેનલ્ટીના પાંચ રન આપી દેવામાં આવ્યા હતા. અફઘાનિસ્તાનના સેન્ચુરિયન કૅપ્ટન હશમતુલ્લા શાહિદીની એક ભૂલને કારણે આવું બન્યું હતું. જોકે તેણે ચેન્નઈની અસહ્ય ગરમીનો પણ સામનો કરવો પડ્યો હતો. તેના શરીરના સ્નાયુ ખેંચાઈ ગયા હતા અને સદી પૂરી કર્યા પછી નીચે બેસી પડ્યો હતો.

ભારત સામે ૧૩૧ બૉલમાં ૧૦૨ રન બનાવનાર અને વન-ડે કારકિર્દીની છેક ૯૬મી મિનિટમાં પ્રથમ સેન્ચુરી ફટકારનાર શાહિદીને પિચ પરના પ્રતિબંધિત એરિયામાં દોડવાની અમ્પાયરે એક વખત મનાઈ કરી હતી. આ ચેતવણી છતાં શાહિદી બીજી વખત એ એરિયામાં દોડ્યો એટલે બન્ને અમ્પાયર ક્રિસ ગેફની અને રોહન પંડિતે ગંભીર રીતે નોંધ લીધી હતી અને શાહિદીએ એ તબક્કે દોડીને જે એક રન લીધો હતો અમ્પાયરોએ રદ કરી નાખ્યો હતો અને ભારતના ખાતામાં પાંચ રન ઉમેરી દીધા હતા.

આઇસીસી ઇંગ્લૅન્ડની મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)ના કાયદાને અનુસરે છે. એમસીસીના ૪૧.૧૪ નંબરના નિયમ મુજબ જો બૅટ્સમૅન પિચની મધ્યમાં પાંચ ફૂટ બાય બે ફૂટના એરિયામાં દોડે તો અમ્પાયર તેને સત્તાવાર રીતે ચેતવણી આપે છે. જો એ ખેલાડી બીજી વખત આ એરિયામાં દોડે તો તેને દંડ કરવામાં આવે છે. બીજી રીતે કહીએ તો હરીફ ટીમના ખાતામાં પાંચ રન ઉમેરી દેવાય છે. ■

**મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ**

# આજે ભારત જીતશે તો સેમિની લગોલગ

**▸ સાઉથ આફ્રિકા સામે પહેલી વખત ટી-૨૦ વિશ્વ કપમાં મુકાબલો**

મૅન્ચેસ્ટરઃ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે અહીં રવિવારે (ભારતીય સમય અનુસાર સાંજે ૭.૦૦ વાગ્યાથી) મહિલા ટી-૨૦ વર્લ્ડ કપની મહત્ત્વની મૅચ રમાશે, કારણકે આ મૅચ જીતીને હરમનપ્રીત કૌરની ટીમ સેમિ ફાઇનલની લગોલગ પહોંચી જશે. ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતીય મહિલાઓ પહેલી જ વખત સાઉથ આફ્રિકા વિરુદ્ધ રમશે. આજની અન્ય એક મૅચ (બપોરે ૩.૦૦ વાગ્યાથી) શ્રીલંકા-વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે રમાશે અને એમાં કૅરિબિયન ટીમ જીતીને ભારતની જેમ સેમિ ફાઇનલમાં નામ લગભગ પાક્કું કરાવી લેશે. જોકે શ્રીલંકાને પણ જીતીને એવી જ તક મળશે.

કૅપ્ટન હરમનપ્રીત કૌરની રવિવારે ૨૦૦મી ટી-૨૦ છે જેમાં ભારતીય ટીમ સુકાનીને વિજયની બક્ષિસ આપી શકશે. શેફાલી વર્મા, સ્મૃતિ મંધાના, જેમિમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્મા વગેરે ખેલાડીઓ એકલા હાથે ભારતને જિતાડી શકે એમ છે.

રવિવારે મૅન્ચેસ્ટરમાં આકાશમાં વાદળો છવાયેલા રહેશે, પણ વરસાદ પડવાની આગાહી નહોતી. ■

# રાજકોટમાં વૃદ્ધને બંધક બનાવી ₹ ૨.૪૭ કરોડની લૂંટથી સનસનાટીઃ કાયદો-વ્યવસ્થા સામે સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના શાપર-વેરાવળ વિસ્તારમાં મોડી રાત્રે ૫ થી ૭ અજાણ્યા બુકાનીધારી શખસોએ એક વૃદ્ધને માર મારીને કરોડોની લૂંટ ચલાવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ લૂંટારુંઓએ વૃદ્ધને નિશાન બનાવી તેમની પાસેથી ૨.૪૭ કરોડ રૂપિયાની રોકડ રકમ અને ૫ થી ૭ તોલા સોનાના દાગીના ઉપરાંત બાર બોરની પરવાનાવાળી રાઇફલ અને મોબાઇલ ફોન પણ લૂંટી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાને પગલે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી અંગે ફરી એકવાર સવાલો ઊઠ્યા છે.

શાપરમાં રહેતા સ્ટેટના મોભી તરીકે નામના ધરાવતાં જીતેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજા (ઉં.વ.૭૭) ૧૯ જૂનના રોજ રાતે શાપર ખાતેના પોતાના નિવાસસ્થાને એકલા સૂતા હતા ત્યારે રાતે દોઢ વાગ્યે અચાનક તેમના મકાનમાં પાંચ બુકાનીધારી ઘૂસી આવ્યા હતા અને ખાંખાખોળા



(તસવીર - પ્રવિણ સેદાણી, રાજકોટ)

કરતા હોય ત્યારે જીતેન્દ્રસિંહ અવાજ થતા જાગી ગયા હતા, પરંતુ તેઓ કંઇ સમજે એ પહેલા જ એક લૂંટારો લોખંડના પાઇપ સાથે તેમની છાતી પર ચડી ગયો હતો અને મોઢુ દબાવી દીધુ હતું અને બાકીના ચાર લૂંટારાએ ઘરના તિજોરી-કબાટ તોડી નાખ્યા હતાં અને તેમાંથી રોકડ-દાગીના લૂંટી લીધા હતા.

લૂંટ ચલાવ્યા બાદ પાંચ બુકાનીધારી લૂંટારા જીતેન્દ્રસિંહ જાડેજાને બાજુના બીજા રૂમ બંધ કરીને ફરાર થઇ ગયા હતા. ત્યારબાદ જીતેન્દ્રસિંહ કોઇપણ રીતે દરવાજાના બોલ્ટ ખોલીને દરવાજો ખેડવી બહાર આવ્યા હતાં. તેમણે તપાસ કરતા લૂંટારા કબાટમાંથી રોકડા રૂ. ૨ કરોડ ૪૭ લાખ, સોનાના દાગીના તેમજ તેમનો મોબાઇલ ફોન અને એક બાર બોરની રાઇફલ ગાયબ હતી. ત્યારબાજ જીતેન્દ્રસિંહ અન્ય એક રૂમમાં ગયા હતા જ્યાં તેમના પત્નીનો મોબાઇલ ફોન રાખ્યો હોઇ તેમાંથી રાજકોટ ભક્તિનનગર સ્ટેશન પ્લોટ વિસ્તારમાં રહેતાં પુત્ર જયવિરસિંહ ઉર્ફે ટીનુભા જાડેજાને ઘટનાની જાણ કરતાં તેઓ તથા બીજા પરિવારજનો તુરત જ શાપર પહોંચ્યા હતા અને રૂરલ પોલીસને જાણ કરી હતી. બનાવના પગલે રેન્જ આઈજી નિર્લિપ્ત રાય, જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર સહિતના ઘટનાસ્થળે દોડી ગયા હતા અને લૂટારાઓનું પગેરૂ મેળવવા રૂરલ એસઓજી, એલસીબી, શાપર પોલીસ, ગોંડલ ડીવાયએસપીની ટીમો લૂંટારુંઓનું પગેરૂ શોધવા કામે લાગી છે. ■

# ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, ૨૪ કલાકમાં બાવન તાલુકામાં વરસાદ ખાબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી વરસાદ શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગ દ્વારા હજી એવી સત્તાવાર રીતે આગાહી કરવામાં આવી નથી કે ગુજરાતમાં ક્યારો ચોમાસું શરૂ થશે! પરંતુ છેલ્લા બે દિવસમાં ગુજરાતના ૫૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, ખેડાના ગલતેશ્વરના ૨.૯૧ ઈંચ સાથે સૌથી વધારે વરસાદ થયો છે. જ્યારે વલસાડમાં એક મિ.મી. સાથે સૌથી ઓછો વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના આંકડા પ્રમાણે ભાવનગર, અમરેલી, વલસાડ, ગોધરા, નર્મદા, મહીસાગર, છોટાઉદેપુરમાં મધ્યમ વરસાદ પડ્યો હતો. અમરેલી શહેરના અનેક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર ગુજરાતના છૂટાછવાયા વિસ્તારમાં, દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં અને સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ થશે તેવી આગાહી કરવામાં આવી હતી. વરસાદી આંકડાની વાત કરવામાં આવે તો, સૌથી વધુ ૨.૯૧ ઇંચ વરસાદ ખેડા જિલ્લાના ગલતેશ્વર તાલુકામાં નોંધાયો હતો. ત્યારબાદ પંચમહાલ જિલ્લાના કાલોલમાં ૨.૫૨ ઇંચ અને ગોધરામાં ૨.૪૮ ઇંચ વરસાદ નોંધાયો. છોટા ઉદેપુર જિલ્લાના બોડેલીમાં ૨.૨૦ ઇંચ જ્યારે પંચમહાલના મોરવા (હડફ)માં ૧.૮૯ ઇંચ અને ઘોઘંબામાં ૧.૬૯ ઇંચ વરસાદ વરસ્યો. વડોદરા જિલ્લાના દેસરમાં ૧.૩૦ ઇંચ વરસાદ નોંધાયો હતો. નર્મદા જિલ્લાના તિલકવાડામાં ૦.૯૮ ઇંચ વરસાદ નોંધાયો હતો. દાહોદ જિલ્લામાં દાહોદ, ફતેપુરા અને ગોવિંદ ગુરુ લીમખેડા તાલુકામાં ૦.૯૪ ઇંચ જ્યારે, સંજેલીમાં ૦.૮૩ ઇંચ વરસાદ નોંધાયો હતો. આગાહીની વાત કરવામાં આવે તો, આજે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. ખાસ કરીને નવસારી, વલસાડ, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી અને દમણ, દાદરા અને નગર હવેલીમાં સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં; ઉત્તર ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓમાં, દક્ષિણ ગુજરાત પ્રદેશના બાકીના જિલ્લાઓમાં અને સૌરાષ્ટ્ર-કચ્છમાં હવામાન શુષ્ક રહેવાની શક્યતા હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું. ■

# નીટની પરીક્ષા માટે પોલીસનો કડક બંદોબસ્ત, અમદાવાદનાં ૨૩ સેન્ટર પર દસ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજે ભારતમાં નીટની પરીક્ષા યોજાઈ રહી છે. આ પરીક્ષામાં જ અમદાવાદમાં કુલ ૨૩ જેટલા સેન્ટર ફાળવવામાં આવ્યાં છે. જેમાં ૧૦ હજાર કરતા પણ વધારે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ના થાય અને શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા સંપૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ સાથે વિદ્યાથીઓ માટે કન્ટ્રોલરૂમની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાતમાં ૭૯ હજાર વિદ્યાર્થીઓ સહિત દેશભરમાં ૨૨ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે.

તંત્ર દ્વારા પેપર ડિસ્પેચિંગથી લઈને પરીક્ષા કેન્દ્ર સુધી પ્રશ્નપત્ર સુરક્ષિત રીતે પહોંચે તેની કડક મોનિટરિંગ કરવામાં આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ આ વખતે વધુ પોલીસ બંદોબસ્ત તૈનાત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. તમામ ૨૩ સેન્ટર આસપાસ વિસ્તારનું પોલીસ કંટ્રોલ રૂમથી લાઈવ મોનિટરિંગ પણ કરવામાં આવશે. પરીક્ષા કેન્દ્રો સુધી પેપર પહોંચાડવા માટે એસ્કોર્ટ અને પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. તમામ કેન્દ્રો પર એનટીએની ગાઈડલાઈન પણ પાલન કરવામાં આવ્યું છે. આ તમામ કેન્દ્રો પર ડ્રોન દ્વારા નજર રાખવામાં આવશે.

બંદોબસ્તની વાત કરવામાં આવે તો, પરીક્ષા દરમિયાન ૬ ડીસીપી ૧૫ પીઆઇ સહિતના સ્ટાફ ખડેપગે રહેશે, આ સાથે શહેરના ૧૫ પોલીસ સ્ટેશન અને ૧૪ ટ્રાફિક પોલીસ સ્ટેશનનો સ્ટાફ તૈનાત રાખવામાં આવશે. આ સાથે સાથે મૂવિંગ નિર્ભયાના સીસીટીવીનો કેન્દ્ર બહાર ઉપયોગ કરવામાં આવશે. પોલીસ કંટ્રોલ રૂમમાંથી સેન્ટરની આસપાસના સીસીટીવીથી પર નજર રાખવામાં આવશે. ૦૭૯૨૫૬૩૦૧૦૦ અને ૨૦૦ પર પરીક્ષાર્થીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી હોય તો સંપર્ક કરી શકે છે. ■

# સુરતમાં વહીવટી ત્રાસથી કંટાળી વૃદ્ધ દંપતીની ‘ઈચ્છામૃત્યુ’ની માગ, કલેક્ટરને અરજી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં એક દંપતીએ ઈચ્છામૃત્યુની માંગણી કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા કથિત રીતે હેરાનગતિ કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે ૭૫ વર્ષીય વૃદ્ધ દંપતીએ હવે ઈચ્છામૃત્યુની માંગણી કરી હતી. આ માટે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અરજી કરી હોવાનું પણ જાણવા મળ્યું છે. આ વૃદ્ધ દંપતીને વિભાગીય અધિકારીઓ દ્વારા વારંવાર હેરાનગતિ કરવામાં આવે છે તેવો દાવો કરવામાં આવ્યો અને અંતે આ દંપતીએ જીવનલીલા સંકેલી લેવા માટે કલેક્ટરને અરજી કરી હતી.ચોંકાવનારી વાત એ છે, આ વૃદ્ધ દંપતીની ઈચ્છામૃત્યુની અરજીને કલેક્ટર કચેરી દ્વારા સ્વીકારી પણ લેવામાં આવી છે.

ઘટના એવી છે કે, દસ વર્ષ પહેલાં આ દંપતીનો આખો પરિવાર પુત્ર, વહુ, બે પૌત્ર, દીકરી, જમાઈ, તેમના બે બાળકો અને એક સાળા સહિત તમામ લોકોનો એક ભયાનક કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યો હતો. આ અકસ્માત બાદથી જ વૃદ્ધ દંપતી તદ્દન એકલું પડી ગયું હતું. તે પછી આ દંપતી પાંડેસરામાં આવેલી પોતાની મિલકતોના ભાડાની આવક પર ગુજારો કરી રહ્યું હતું. હવે દંપતીનો આક્ષેપ એવો છે કે, તેમની મિલકતોને ભાજપના જ કેટલાક મળતિયાઓએ તંત્રનો દુરુપયોગ કરીને પચાવી પાડવાનો પ્રયાસ કર્યો હતો. અધિકારીઓ દ્વારા પણ ફાયર સેફ્ટીનું બહાનું કાઢીને તેમની નવ દુકાનો સીલ કરી દીધી હતી. આ દંપતીએ હાઈ કોર્ટમાં અરજી કરીને પાંચ વર્ષની લડાઈ બાદ ન્યાય મળ્યો હતો. ન્યાય મળ્યાને માત્ર ૨૦ દિવસ જ થયા છે અને આ પરિવારે ઈચ્છામૃત્યુની માંગણી કરતી અરજી કરી છે. ન્યાય મળ્યાને ૨૦ દિવસ થયા અને બાદમાં ફરી ઉધના ઝોનના અધિકારીઓએ તેમની દુકાનો સીલ કરી દીધી હતી. જેથી આ દુકાનમાંથી આવતું ભાડું બંધ થઈ ગયું જેના કારણે દંપતી પરેશાન થઈ ગયું છે. રૂપિયા વગર ગુજારો કરવો મુશ્કેલ હોવાના કારણે આ દંપતીએ આખરે કલેક્ટર પાસે ઇચ્છામૃત્યુની માંગણી કરી છે.

# સુરતના માંગરોળમાં ખ્રિસ્તી બનેલા ડાંગના ૨૦ આદિવાસી પરિવારોની ‘ઘરવાપસી’

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં ખ્રિસ્તી ધર્મમાંથી ઘરવાપસી કરીને ૨૦ જેટલા પરિવારે ફરી હિંદુ ધર્મ અંગિકાર કર્યાં હતો. વિગતે વાત કરવામાં આવે તો, ખ્રિસ્તીધર્મ અંગિકાર કરનારા ૨૦ જેટલા આદિવાસી પરિવારોએ ફરી હિંદુ ધર્મ અપનાવ્યો છે. આ પરિવાર માટે ઘરવાપસીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ માંગરોળના સુપ્રસિદ્ધ જલેબી હનુમાનજી મંદિરમાં ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના ૨૦ પરિવારોને ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી દેહ શુદ્ધિ કરાવી અને ફરી હિંદુ ધર્મમાં પાછા લાવ્યાં હતાં. ડાંગ જિલ્લામાં મોટાભાગે આદિવાસી લોકો રહે છે. અહીંના લોકોને આર્થિક લાભ અને અન્ય પ્રલોભનો આપીને તેમને ખ્રિસ્તી ધર્મમાં વાળવાનો પ્રયત્ન કરવામાં આવે છે. એવા અનેક લોકો છે જેમને ખ્રિસ્તી બનાવી દેવામાં આવ્યાં હતાં. આમાંથી હવે ૨૦ પરિવારે ફરી હિંદુ ધર્મ અપનાવી દીધો છે. વધારે વિગતે વાત કરવામાં આવે તો, દર વર્ષે આવા અનેક પરિવારો જે ખ્રિસ્તી ધર્મ છોડી ફરી સનાતન ધર્મને અપનાવવા માંગતા હોય તેઓ માટે પ્રથમ શુદ્ધિકરણ પ્રક્રિયા કર્યા બાદ તેઓની ઘરવાપસી કરવામાં આવે છે. ડાંગ જિલ્લામાં આદિવાસીઓ અન્ય ધર્મમાં જનાર લોકો પરત પોતાના સનાતન ધર્મમાં પાછા આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે. લાલચ કે પ્રલોભનથી પ્રેરાઈ જે આદિવાસી લોકો અન્ય ધર્મમાં જવા લાગ્યાં હતાં, તે પરિવારોને વૈદિક મંત્રો દ્વારા શુદ્ધિકરણ કરાવી સનાતન ધર્મ હિન્દુ ધર્મમાં ઘરવાપસી કરાવવામાં આવી હતી. જલેબી હનુમાનજી મંદિરના પવિત્ર પરિસરમાં યોજાયેલા કાર્યક્રમમાં કુલ ૪૬થી ૫૦ જેટલા મહિલા અને પુરુષોએ સ્વેચ્છાએ પોતાના મૂળ ધર્મનો સ્વીકાર કર્યો હતો. ■

# બનાસકાંઠાના થરાદમાં ટ્રેક્ટર અને કાર વચ્ચે અકસ્માત,એકનું કરુણ મોત અને બે જણ ઘાયલ થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાના થરાદમાં આવેલા ગૌ સર્કલ પાસે એક ગંભીર ટ્રિપલ અકસ્માત સર્જાયો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. અહીં ચાર રસ્તા પાસે ગમખ્વાર ત્રિપલ અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળ પર જ કરુણ મોત થઈ ગયું હતું, આ સાથે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાથી તેમને સારવાર માટે સત્વરે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા પ્રમાણે બાઈક, ટ્રેક્ટર અને કાર વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે અકસ્માત સર્જ્યા બાદ કારચાલક પોતાની કાર લઈને અકસ્માત સ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે કાર ચાલકને શોધવા માટે ચક્રો ગતિમાન કરી દીધા હતા. અકસ્માત સ્થળે મોટી સંખ્યામાં લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. અકસ્માત બાદ સ્થાનિકો મદદે પણ દોડી આવ્યાં અને પોલીસને પણ સ્થાનિકોએ જાણ કરીને બોલાવી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધની કાર ચાલકની શોધખોળ શરૂ કરી દીધી હોવાનું જાણવા મળ્યું છે.

# અરવલ્લીમાં ભૂમાફિયાઓ બેફામઃ ૫૩ વર્ષ પહેલાં મૃત્યુ પામેલા ખેડૂતને ‘જીવતો’ કરી કરોડોની જમીન સગેવગે કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભૂમાફિયાઓ અને સરકારી તંત્રની મિલીભગતથી આચરવામાં આવતા જમીન કૌભાંડોના કિસ્સાઓ અવારનવાર સામે આવતા રહે છે, પરંતુ તાજેતરમાં અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં સામે આવેલા બે કથિત કેસોએ વહીવટી તંત્રની પારદર્શિતાના ધજાગરા ઉડાવી દીધા છે. કાયદા અને ટેકનોલોજીનો દુરુપયોગ કરીને ભૂમાફિયાઓએ કરોડો રૂપિયાની કિંમતી જમીનો પચાવી પાડવા માટે જે નકલી નેટવર્ક ઊભું કર્યું હતું, તેના આંકડા અને વિગતો જોઈને ખુદ તપાસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે.

આ ચોંકાવનારા કૌભાંડનો પર્દાફાશ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ જાહેરમાં કેટલાક સત્તાવાર દસ્તાવેજો રજૂ કરીને કર્યો હતાં. આક્ષેપો મુજબ, બાયડ તાલુકાના વાસણીરેલ ગામની કરોડોની કિંમતની ૯ વીઘા જમીન સગેવગે કરવા માટે આખું નકલી માળખું તૈયાર કરાયું હતું. આ જમીન મહેસૂલી રેકોર્ડમાં છગનભાઈ જીવણભાઈ પટેલના નામે નોંધાયેલી હતી, જેમનું અવસાન ૫૩ વર્ષ પહેલાં એટલે કે વર્ષ ૧૯૭૨માં થઈ ચૂક્યું હતું.

યુવરાજસિંહના આક્ષેપ અનુસાર, ૧૯૭૨માં મૃત્યુ પામેલા વ્યક્તિના નામે વર્ષ ૨૦૧૦માં નકલી આધાર કાર્ડ કઢાવવામાં આવ્યું હતું. એટલું જ નહીં, છેતરપિંડી આચરવા માટે તાજેતરમાં તારીખ ૦૮/૦૪/૨૦૨૫ના રોજ મૃતક વ્યક્તિનું ડિજિટલ બાયોમેટ્રિક વેરિફિકેશન પણ કરાવી દેવાયું! ભૂમાફિયાઓની ઉતાવળમાં એવી ગંભીર ભૂલ થઈ ગઈ કે બનાવેલા બોગસ ઓળખપત્રોમાં દાદાની ઉંમર તેમના સગા પૌત્ર કરતા પણ ૮ વર્ષ નાની દર્શાવી દેવામાં આવી છે. આ નકલી દસ્તાવેજો, બોગસ પાવર ઓફ એટર્ની, બેંકિંગ ફ્રોડ અને ભાડૂતી સાક્ષીઓ ઊભા કરી બાયડ સબ-રજિસ્ટ્રાર કચેરીમાં કરોડોની જમીનનો વ્યવહાર પૂર્ણ કરી દેવાયો, જે સરકારી તંત્રની મિલીભગત તરફ આંગળી ચીંધે છે.

બીજી તરફ, બનાસકાંઠા જિલ્લાના અંબાજી નજીક આવેલા કુંભારિયા ગ્રામ પંચાયતમાં પણ આવું જ એક સુનિયોજિત જમીન કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. અહીં વર્ષ ૨૦૧૪માં મૃત્યુ પામેલી એક મહિલાના નામે વર્ષ ૨૦૧૫માં ખોટા અને કૂટ દસ્તાવેજો બનાવીને કરોડોની કિંમતી જમીન પચાવી પાડવામાં આવી હતી. આ મામલાની ગંભીરતાને જોતાં બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહિર પટેલે તાત્કાલિક અસરથી એક્શન લઈને સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની રચના કરી દીધી છે. કલેક્ટર મિહિર પટેલે માત્ર કુંભારિયા જ નહીં, પરંતુ દાંતા, હડાદ અને અમીરગઢ જેવા સરહદી વિસ્તારોમાં અગાઉ થયેલા તમામ શંકાસ્પદ જમીન દસ્તાવેજોની વિગતો પણ સબ-રજિસ્ટ્રાર કચેરી પાસેથી મંગાવી લીધી છે, જેને પગલે સરકારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

દાયકાઓ પહેલાં મૃત્યુ પામેલા મૂળ ખાતેદારોના નામે પાવર ઓફ એટર્ની અને દસ્તાવેજોની નોંધણી વખતે સરકારી અધિકારીઓએ શા માટે જરૂરી ચકાસણી ન કરી? વારસદારોની હાજરી હોવા છતાં વારસાઈ પ્રક્રિયાને કેમ બાયપાસ કરાઈ? આ તમામ પ્રશ્નો અત્યારે સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યા છે. હાલમાં બંને કેસમાં કાયદાકીય તપાસ તેજ કરવામાં આવી છે અને આગામી દિવસોમાં મોટા માથાઓ જેલભેગા થાય તેવી પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે.

# ગુજરાત પોલીસમાં પાંચ વર્ષથી એક જ સ્થળે ફરજ બજાવતા કર્મીઓની બદલી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ગુજરાતના પોલીસ સ્ટેશનોમાં પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની સામૂહિક બદલીનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે. રાજ્યના નવા ડીજીપી મલિકે આ માટે યાદી તૈયાર કરવા માટે સૂચના આપવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. નવી જવાબદારી સંભાળ્યા બાદ ડીજીપી મલિક રાજયના સિનિયર અને જુનિયર આઈપીએસ અધિકારીઓ, વિવિધ રેન્જના આઈજી, જિલ્લા પોલીસ વડાઓ તથા શહેર પોલીસ કમિશનરો સાથે નિયમિત વીડિયો કોન્ફરન્સ યોજી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે. આ સાથે જ પોલીસ તંત્રને વધુ કાર્યક્ષમ અને જવાબદાર બનાવવા માટે વિવિધ સુધારાત્મક પગલાં લેવામાં આવી રહ્યાં છે. આ જ દિશામાં રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારીઓ અને અધિકારીઓની વિગતો એકત્ર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રેન્જ આઈજી, જિલ્લા પોલીસ અધિક્ષકો (એસપી) અને શહેર પોલીસ કમિશનર કચેરીઓ દ્વારા આ માહિતી તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

# ભાવનગર મેડિકલ કૉલેજ રેગિંગ કાંડમાં સાત સિનિયર ડૉક્ટર સામે ગુનોઃ વધુ એક ડૉક્ટરને સસ્પેન્ડ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સમગ્ર ગુજરાતમાં ભારે ચકચાર મચાવનાર ભાવનગર મેડિકલ કૉલેજના રેગિંગ પ્રકરણમાં આખરે પોલીસ ફરિયાદ નોંધાતા મામલો વધુ ગંભીર બન્યો છે. ઓર્થોપેડિક વિભાગના પ્રથમ વર્ષના રેસિડન્ટ ડૉક્ટરો સાથે છેલ્લા ત્રણ મહિનાથી ચાલતી હોવાની ફરિયાદ કરાયેલી રેગિંગની ઘટનામાં નિલમબાગ પોલીસે બીજા વર્ષના સાત રેસિડન્ટ ડૉક્ટરો સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પ્રથમ છ ડૉક્ટર બાદ વધુ એક ડૉક્ટર ડૉ. દિવ્ય મોદીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે અને તેની સામે પણ પોલીસ ફરિયાદ નોંધાઇ છે.

પોલીસ ફરિયાદ અનુસાર ગત તા. ૧ માર્ચ, ૨૦૨૬થી તા. ૧૪ જૂન, ૨૦૨૬ દરમિયાન ટ્રોમા સેન્ટર સ્થિત સર ટી. હૉસ્પિટલ, ભાવનગર ખાતે ફરજ બજાવતા અને અભ્યાસ કરતા પ્રથમ વર્ષના ૧૩ રેસિડન્ટ ડૉક્ટરોને બીજા વર્ષના સિનિયર રેસિડન્ટ ડૉક્ટરો દ્વારા એકબીજાની મદદગારીથી સતત શારીરિક તથા માનસિક રીતે હેરાન-પરેશાન કરવામાં આવતા હતા. ફરિયાદમાં આરોપી તરીકે ડૉ. વિર ઉર્ફે વિરેન્દ્રસિંહ જાડેજા, ડૉ. જયંત દેવાણી, ડૉ. પ્રવિણ વર્મા, ડૉ. ધર્મેન્દ્ર દયાળ, ડૉ. વિશાલ ડાભી, ડૉ. અમન વર્મા અને ડૉ. દિવ્ય મોદીનું નામ નોંધવામાં આવ્યું છે. ફરિયાદમાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે કે સિનિયર ડૉક્ટરો દ્વારા જુનિયર ડૉક્ટરોને એક જ વસ્તુ હજારો વખત લખવા માટે મજબૂર કરવામાં આવતા હતા. એટલું જ નહીં, આખી રાત ઓપરેશન થિયેટર વિભાગ અને વૉર્ડની બહાર ઊભા રાખવાની સજા આપવામાં આવતી હતી. જુનિયર ડૉક્ટરોને કૂકડા-મરઘા બનાવીને બેસાડવામાં આવતા હતા અને તેમની આ સ્થિતિના ફોટોગ્રાફ તથા વીડિયો ઉતારી અપમાનિત કરવામાં આવતા હતા. ■

# અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રાઃ રથોની રંગાઈ-કામગીરી અંતિમ તબક્કામાં, કળશયાત્રા માટે ૧૦૮ કળશ તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ભગવાન જગન્નાથની વિશ્વવિખ્યાત અષાઢી બીજની રથયાત્રા ૨૦૨૬ને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે જમાલપુર સ્થિત જગન્નાથ મંદિર ખાતે રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. મંદિરના મહંત દિલીપદાસજીએ કળશયાત્રા અને રથોના સમારકામ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે ભગવાન જગન્નાથ, બલભદ્રજી અને સુભદ્રાજીના ત્રણેય રથોની રંગાઈ-કામગીરી અંતિમ તબક્કામાં છે. દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ નવા લાકડાં, દોરડાં અને કાપડ વડે રથોનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. રથો વધુ દિવ્ય લાગે તે માટે આકર્ષક રંગો અને સજાવટથી શણગારવામાં આવશે.

દિલીપદાસજી મહારાજે વહીવટી તંત્ર સાથે થયેલી વાતચીતનો હવાલો આપતા એક મહત્ત્વપૂર્ણ માહિતી આપતા જણાવ્યું હતું કે, વહીવટી તંત્ર સાથે થયેલી ચર્ચા મુજબ, કળશયાત્રા યોજાય તે પહેલા જ પવિત્ર સાબરમતી નદીમાં નવા નીર (પાણી) લાવવામાં આવશે. રથયાત્રાના એક દિવસ અગાઉ ભવ્ય કળશયાત્રાનું આયોજન કરવામાં આવશે. આ વર્ષે ૧૦૮ કળશો સાથે સૌભાગ્યવતી મહિલાઓ દ્વારા કળશયાત્રા કાઢવામાં આવશે. આ કળશોમાં ભરેલું પવિત્ર જળ રથયાત્રાના દિવસે ભગવાનને સ્નાન માટે વાપરવામાં આવશે. નદીમાં નવા પાણીની આવક થવાથી જળાભિષેક અને અન્ય ધાર્મિક વિધિઓ વધુ શુદ્ધ અને પરંપરાગત વાતાવરણમાં સંપન્ન થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રથયાત્રાના મંગળ પ્રારંભના ભાગરૂપે આગામી ૨૯ જૂનના રોજ કળશયાત્રાનું વિશેષ પૂજન કરવામાં આવશે.

# યુસુફ પઠાણને ફાળવેલા પ્લોટની વડોદરા મહાનગરપાલિકા દ્વારા હરાજી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પૂર્વ ક્રિકેટર અને ટીએમસીના સાંસદ યુસુફ પઠાણના વડોદરા સ્થિત મકાનમાં પાલિકાના પ્લોટનો ગેરકાયદે કબજો મેળવ્યો હોવાનો કાનૂની વિવાદ ચાલી રહ્યો છે. આ મામલે ગુજરાત હાઇકોર્ટ દ્વારા આ પ્લોટ પાલિકાનો જ છે અને તાત્કાલિક ખાલી કરવાની તાકીદ કરવામાં આવેલી છે. આ માહોલ વચ્ચે વડોદરા મહાનગરપાલિકા આ વિવાદી પ્લોટ સહિત કુલ સાત પ્લોટની હરાજી કરવાનો મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમાં નિર્ણય કરવામાં આવ્યો હતો.

વડોદરા મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના અધ્યક્ષ વર્ષા વ્યાસના અધ્યક્ષ સ્થાને સમિતિની બેઠક મળી હતી. યુસુફ પઠાણને વર્ષો પૂર્વે કથિત ફાળવેલા પ્લોટના મામલે પણ ચર્ચા કરવામાં આવી હતી. પાલિકામાં આવક ઊભી કરવાના ભાગરૂપે પાલિકા હસ્તકના સાત પ્લોટની હરાજી કરીને વેચવા માટે આવેલી દરખાસ્તને આજે વિસ્તૃત ચર્ચા બાદ મંજૂર કરવામાં આવી હતી. આ સાત પ્લોટમાં ક્રિકેટર યુસુફ પઠાણને ફાળવેલા ટીપી ૨૨ તાંદલજા એફપી ૯૦ નંબરના ૯૭૮ ચોરસ મીટર પ્લોટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિના અધ્યક્ષ વર્ષા વ્યાસે જણાવ્યું હતુ કે, આ પ્લોટ પાલિકાનો જ છે, જેને પાલિકા હરાજીથી વેચી શકે છે. આ હરાજી કરવા પાછળ કોઇ કારસો થયેલ નથી. ગુજરાત હાઇ કોર્ટ દ્વારા તાજેતરમાં આ બાબતે નિર્ણય લેવામાં આવ્યો હતો. જે મુજબ સ્પષ્ટ થયેલું છે કે, આ જમીન પાલિકાની જ છે. એટલે પાલિકા આવક ઊભી કરવાના ભાગરૂપે તેની હરાજી કરી રહી છે.

વડોદરા કોર્પોરેશન સાંસદ યુસુફ પઠાણે તાંદલજામાં પચાવી પાડેલા પ્લોટ સહિત ૭ પ્લોટની હરાજી કરશે. પ્લોટના વેલ્યુએશન માટે સ્ટેન્ડિંગમાં આવેલી દરખાસ્ત સર્વાનુમતે મંજૂર કરવામાં આવી છે. જોકે, બીજી એક ચર્ચા એવી શરૂ થઈ છે કે હાલ મામલો હાઇ કોર્ટમાં છે ત્યારે પાલિકાએ ઉતાવળે સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત મંજૂર તો કરાવી લીધી પરંતુ હરાજી કેવી રીતે થશે? કોર્ટમાં મામલો હોવા છતાં મ્યુનિસિપલ કમિશનરે સ્થાયી બેઠકમાં દરખાસ્ત કેમ કરી તે પણ સવાલ ઊભો થઈ રહ્યો છે. બીજી તરફ ક્યાંક યુસુફ પઠાણને જ આ પ્લોટ આપવા માટે કારસો રચવામાં આવી નથી રહ્યોને તેવા સવાલ પણ ઉઠ્યા છે.

# ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી ગાંધીનગરના માણસામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર જિલ્લાના માણસાની શેઠ એલ.એસ. સાયન્સ કોલેજ ખાતે કરાશે. આ ઉજવણીમાં ૪ હજારથી વધુ નાગરીકો સામૂહિક યોગાભ્યાસમાં સહભાગી થઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રેરણા સંદેશ ઝિલશે. આ વર્ષે યોગ દિવસે સમગ્ર રાજ્યમાં વિવિધ સ્થળોએ કુલ મળીને અંદાજે એક કરોડથી પણ વધુ નાગરિકો ભાગ લેશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી યોગ ફોર હેલ્ધી એજિંગની થીમ સાથે ઉજવાનારા આ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અવસરે કલકત્તાથી સામૂહિક યોગમાં જોડાશે અને દેશવાસીઓને સંબોધન કરશે.

# પક્ષપલટાની પારાયણમાં લોકશાહીના આ ધજાગરા ક્યાં સુધી?

**દેશના રાજકારણમાં આજે ‘આયારામ ગયારામ’નો ખેલ એની પરાકાષ્ઠાએ પહોંચી ગયો છે. પ્રજાએ જેમને પોતાના પ્રતિનિધિ તરીકે ચૂંટ્યા છે એમાંના અનેક લાજશરમ નેવે મૂકીને સાગમટે પક્ષપલટો કરીને સત્તાનો તખ્તો પલટી રહ્યા છે. આ અ-નૈતિક રીતિ-નીતિ કોઈ પણ ભોગે અટકાવવી જ પડશે, નહીંતર દેશની કહેવાતી લોકશાહી માત્ર હાસ્યાસ્પદ બનીને રહી જશે...**





કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@
bombaysamachar.com

થોડા ફ્લેશબેકમાં જઈએ...આ વાત ૧૯૮૦ની છે.

હરિયાણામાં જનતા પાર્ટીની સરકાર હતી ને ભજનલાલ મુખ્યમંત્રી હતા. ૧૯૭૭ની લોકસભાની ચૂંટણીમાં જનતા પાર્ટીને બહુમતી મળતાં દેવીલાલ મુખ્યમંત્રી બનેલા પણ ભજનલાલે બળવો કરીને દેવીલાલને હટાવવાની ફરજ પાડેલી ને પોતે ગાદી પર બેસી ગયેલા. જનતા પાર્ટીના ૭૫ ધારાસભ્યોમાંથી ૪૨ ધારાસભ્યોને પોતાની તરફ ખેંચીને ભજનલાલે હાઈકમાન્ડને નેતૃત્વ પરિવર્તનની ફરજ પાડી હતી. મુખ્યમંત્રી બન્યા પછી ભજનલાલે સીઆઈડીની મદદથી બાકીના ધારાસભ્યોને પણ પોતાની તરફ ખેંચીને સાવ નવરા કરી નાખેલા.

લોકસભાની ૧૯૭૭ની ચૂંટણીમાં પણ કૉંગ્રેસની કારમી હાર થયેલી તેથી કેન્દ્રમાં પણ જનતા પાર્ટીની સરકાર રચાયેલી, પણ મોરારજી દેસાઈ અને ચરણસિંહના ડખામાં સરકાર ઘરભેગી થતાં અઢી વર્ષમાં ફરી ચૂંટણી આવી. ૧૯૮૦ની લોકસભા ચૂંટણીમાં ઈન્દિરા ગાંધીએ ભવ્ય જીત મેળવી ફરી સત્તા હાંસલ કરી. મોરારજી દેસાઈએ સત્તામાં આવતાં જ તમામ કૉંગ્રેસ સરકારોને બરતરફ કરી દીધેલી તેથી ઈન્દિરા ગાંધી બદલો લેવા બિન કોંગ્રેસી સરકારોને બરતરફ કરશે એ નક્કી હતું. ભજનલાલને આ વાતનો ખ્યાલ આવી જતાં ઈન્દિરા કશું કરે એ પહેલાં તેમણે એક મોટો દાવ ખેલી નાંખ્યો. ભજનલાલ જનતા પાર્ટીના તમામ ધારાસભ્યોને લઈને કૉંગ્રેસમાં જતા રહ્યા. ભારતના ઈતિહાસમાં પક્ષપલટાના કારણે સત્તાધારી પાર્ટી જ બદલાઈ જાય એવું પહેલી વાર બન્યું. સત્તા ટકાવવા માટે ખેલેલા દાવે ભજનલાલને ભારતમાં સૌથી મોટા પલટુરામ તરીકે સ્થાપિત કરી દીધા. એ પછી તો ઈન્દિરા ગાંધીની રહેમનજર હેઠળ દેશનાં બીજાં રાજ્યોમાં પણ આ બધી પ્રવૃત્તિ જબરદસ્ત ફૂલીફાલી. લોકશાહીના ધજાગરા ઉડી ગયા ને બેફામ પક્ષપલટા થવા માંડ્યા.

ભજનલાલને ૧૯૮૨ની વિધાનસભા ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી નહીં મળી હોવા છતાં દેવીલાલની લોકદળના બળવાખોર ધારાસભ્યોની મદદથી સરકાર રચીને પક્ષપલટાની પ્રવૃત્તિને નવી ઉંચાઈ પર પહોંચાડી. પક્ષપલટાની આ પ્રવૃત્તિના કારણે ક્યા પક્ષનો ક્યો ધારાસભ્ય ક્યારે ક્યાં હશે એ નક્કી જ ના હોય તેથી ભારતમાં આ નીતિ રીતિ ‘આયારામ..ગયારામ’ના નામથી બડી બદનામ પણ થઈ. અંતે તેના કારણે દેશમાં પક્ષપલટા વિરોધી કાયદો બનાવવાની ફરજ પડી.

આજે ભારતીય રાજકારણમાં આ જ પ્રકારની પરિસ્થિતી છે.

ભારતમાં છેલ્લાં કેટલાંક વરસોથી ધારાસભ્યો અને સાંસદોની તોડફોડનો ધંધો પૂરબહારમાં ખિલ્યો છે. થોડા મહિના પહેલાં આમ આદમી પાર્ટીના રાઘવ ચઢ્ઢા સહિતના રાજ્યસભાના સાત સાંસદ પક્ષપલટો કરીને ભાજપમાં ભળી ગયેલા. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસની કારમી હાર પછી તૃણમૂલમાં ભંગાણ પડ્યું. તૃણમૂલના ૮૦ ધારાસભ્યમાંથી ૫૯ ધારાસભ્યને તોડીને ભાજપે ભંગાણ કરાવી દીધું ને પછી તૃણમૂલના રાજ્યસભાના ત્રણ સાંસદ અને લોકસભાના ૨૦ સાંસદોને પણ ખેરવી નાંખ્યા. એ પછી હમણાં છેલ્લે છેલ્લે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં પણ ભંગાણ કરાવી દીધું. ઉદ્ધવના લોકસભાના નવ સાંસદમાંથી છ સાંસદએ અલગ ચોકો રચી દીધો છે જ્યારે ૨૪ ધારાસભ્યમાંથી ૧૯ ધારાસભ્ય પણ અલગ થવા થનગની રહ્યા હોવાના અહેવાલ છે.

ભાજપના નેતા આ બધી પ્રવૃત્તિમાં બહુ બહાદુરી હોય એમ દાવા કરી રહ્યા છે કે, હજુ તો અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીમાં પણ આ પ્રકારની ભાંગફોડ થશે. અખિલેશને હટાવીને તેમના કાકા શિવપાલ યાદવને સપાના મુખિયા બનાવી દેવાની ફિશિયારીઓ ભાજપના નેતા મારી રહ્યા છે.

રાજકારણમાં નેતા એક પાર્ટી છોડીને બીજી પાર્ટીમાં જાય કે નવી પાર્ટીમાં જાય એ નવી વાત નથી. ગાંધીજીના વેવાઈ સી. રાજગોપાલાચારી ઉર્ફે રાજાજી કૉંગ્રેસી હતા ને જવાહરલાલ નહેરુ સરકારમાં મંત્રી ને મદ્રાસ સ્ટેટના મુખ્યમંત્રી પણ રહેલા. કૉંગ્રેસમાં મતભેદ થતાં કૉંગ્રેસ છોડીને તેમણે સ્વતંત્ર પાર્ટી બનાવેલી કે જે પછીથી દેશમાં સૌથી મોટો વિપક્ષ બનેલો. ભાજપના પૂર્વાવતાર જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજી પહેલાં હિંદુ મહાસભામાં હતા પણ ગાંધીજીની હત્યામાં મહાસભાના નેતાઓની સંડોવણીના આક્ષેપો થતાં તેમણે મહાસભા છોડી દીધેલી. શ્યામાપ્રસાદ તાત્કાલિક કોઈ પક્ષમાં નહોતા જોડાયા પણ પછીથી જનસંઘની સ્થાપના કરી હતી.

આ તો બે મોટા નેતાઓની વાત કરી, પણ આવાં તો સંખ્યાબંધ ઉદાહરણો છે. ઘણા નેતા બીજા પક્ષમાં જોડાયા ને ઘણાંએ પોતાના પક્ષ સ્થાપ્યા. ભારતમાં સમાજવાદી પાર્ટી, આરજેડી સહિતના મોટા ભાગના પ્રાદેશિખ પક્ષો આ રીતે જ સ્થપાયા છે ને તેમાં કશું ખોટું પણ નથી કે અનૈતિક પણ નથી.

જોકે આ બધા વચ્ચે અત્યારે જે થઈ રહ્યું છે એ ખોટું પણ છે ને અનૈતિક પણ છે.

કૉંગ્રેસે ઈન્દિરા ગાંધીનાં સમયમાં આચરેલી અનૈતિકતા જેવી જ અનૈતિકતા ભાજપ અત્યારે આચરી રહ્યો છે. ભાજપ જનાદેશનું ઘોર અપમાન કરીને ભારતના મતદારોની મજાક પણ ઉડાવી રહ્યો છે કે, તમે ભાજપથી નારાજ થઈને ગમે તેને જીતાડો પણ અમે તો પૈસા ને સરકારી એજન્સીઓના જોરે તેને તોડીને અમારી પંગતમાં જ બેસાડી દઈશું.

ભાજપને હરાવીને જીતેલા સાંસદોને પોતાની સાથે લેવા હોય તો ભાજપ લઈ શકે છે પણ પહેલાં તેમને રાજીનામાં અપાવવાં જોઈએ. લોકોને એ નક્કી કરવા દેવું જોઈએ કે, તમે ભાજપના ઉમેદવારને હરાવી દીધેલો પણ ચૂંટાયા પછી હવે એ ભાજપમાં જવા માગે છે તો તમને એ મંજૂર છે ? લોકોને મંજૂર હશે તો આ વખતે ભાજપની ટિકિટ પર ઉભા રહેલા ઉમેદવારને મત આપીને ફરી જીતાડશે ને મંજૂર નહીં હોય તો તેના પક્ષપલટા સામે નારાજગી વ્યક્ત કરીને તેને ઘરભેગો કરી દેશે. આ લોકશાહીનો સિદ્ધાંત છે પણ ભાજપ લોકશાહીના સિદ્ધાંતોને કોરાણે મૂકીને વર્તી રહ્યો છે.

ભાજપે પહેલાં પણ આ પ્રકારનાં કૃત્યો કર્યાં છે પણ એ વખતે સાવ છેલ્લા પાટલે નહોતો બેઠો. ભાજપે નજીકના ભૂતકાળમાં જ પક્ષપલટા દ્વારા મધ્ય પ્રદેશમાં કમલનાથની કૉંગ્રેસ સરકારને અને કર્ણાટકમાં એચ.ડી. કુમારસ્વામીની જેડીએસ-કૉંગ્રેસ સરકારને ઘરભેગી કરી દીધી હતી, પણ આ બંને પ્રસંગે ભાજપે કૉંગ્રેસના ધારાસભ્યોને પહેલાં રાજીનામાં અપાવ્યાં હતાં. કૉંગ્રેસના ધારાસભ્યો રાજીનામાં આપીને ભાજપમાં જોડાયા અને મોટા ભાગના પછી ફરી ચૂંટણી લડીને જીતીને ધારાસભ્ય બન્યા હતા.

હવે ભાજપે તમામ શરમ નેવે મૂકી દીધી છે અને ધારાસભ્યો તેમજ સાંસદોને સીધા જ તોડી રહ્યો છે. આ સ્થિતી લોકશાહી માટે ઘાતક કહેવાય કેમ કે તેના કારણે ચૂંટણીનો અર્થ જ નહીં રહે. ચૂંટણીમાં લોકો ગમે તેને મત આપે પણ ચૂંટણી પછી જીતેલા ધારાસભ્યો ટોળાં બનાવીને પક્ષપલટો કરી નાંખે તો ચૂંટણીનો અર્થ શો ? આ પક્ષપલટા માટે ક્યાં કારણો જવાબદાર હોય છે એ કહેવાની જરૂર નથી. અત્યારે રાજકારણનું ભારે અપરાધીકરણ થયું છે તેના કારણે મોટા ભાગના સાંસદ ને ધારાસભ્યો કોઈ ને કોઈ કેસમાં ફસાયેલા જ હોય છે ને આ કેસ તેમની દુઃખતી રગ હોય છે. સરકાર તેમની દુઃખતી રગ દબાવીને તેમેન પક્ષપલટાની ફરજ પાડે છે. જેમને આ રીતે દબાવી ના શકાય તેમને નાણાં આપીને ખરીદી લેવાય છે ને એ પણ લોકશાહીની મજાક જ છે.

આ સ્થિતિ બદલવી જોઈએ ને પક્ષપલટા ધારામાં ફેરફાર કરવો જોઈએ. કોઈ પણ ધારાસભ્ય કે સાંસદે ચૂંટણી જીત્યા પછી પક્ષ બદલવો હોય તો ફરજિયાતપણે રાજીનામું આપવું પડે એવી જોગવાઈ કરવી જોઈએ. આ ચૂંટણીનો ખર્ચ પક્ષપલટો કરનાર ધારાસભ્ય કે સાંસદ પાસેથી વસૂલવામાં આવે એવી જોગવાઈ પણ થવી જોઈએ. એ જ રીતે પક્ષપલટાના કારણે પેટાચૂંટણી થાય એ ચૂંટણીમાં જીતનારા ધારાસભ્ય કે સાંસદને સંસદ કે વિધાનસભામાં મત આપવાનો અધિકાર ના હોવો જોઈએ. પક્ષપલટો કરનાર ધારાસભ્ય કે સાંસદને ફરી ચૂંટાય તો સાંસદ તરીકેનાં ભથ્થાં અને પગાર ના મળે એવી જોદવાઈ પણ હોવી જોઈએ.

ભારતની લોકશાહીને બચાવવી હોય તો આવા કડક કાયદા જરૂરી છે. બાકી તો સત્તા અને પૈસાના જોરે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને તોડવાનો ખેલ એવું ગંદુ સ્વરૂપ ધારણ કરશે કે લોકશાહી મચ્છીબજાર જેવી બની જશે, જે વધારે ભાવ આપે એ ધારાસભ્ય કે સાંસદને ખરીદી જાય. તેના કારણે ભવિષ્યમાં લોકોએ ચૂંટેવી નહીં પણ ધનિકોએ ખરીદેલા ધારાસભ્યો ને સાંસદોની બનેલી કઠપૂતળી સરકારો આ દેશમાં રાજ કરતી હશે. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@
bombaysamachar.com

## ૧૦૦ વર્ષ

# મેરિલીન મનરો એટલે...

## ...લોકપ્રિયતાના સિંહાસન પર ગ્લેમર-ગૌરવ ને ગહન વેદનાની અજોડ કહાની!

૧૯૫૩માં આવેલી હોલિવૂડની લોકપ્રિય કૉમેડી ફિલ્મ Gentlemen Prefer Blondesમાં લોરેલી લી નામની એક યુવતીનું પાત્ર છે. અમીર પુરુષોનું મનોરંજન કરીને જીવન જીવતી લીને જ્યારે તેની બહેનપણી તેના ‘બુદ્ધિ વિનાના’ વર્તન માટે ટોકે છે, ત્યારે તે હળવા વ્યંગ સાથે જવાબ આપે છે:

હું ધારું તો હોંશિયાર બનીને વર્તી શકું છું, પણ મોટા ભાગના પુરુષોને એ પસંદ નથી આવતું.

આ સંવાદ બોલનાર અભિનેત્રી હતી મેરિલીન મનરો. વિડંબના એ છે કે પડદા પર બોલાયેલા આ શબ્દો જાણે તેના પોતાના જીવનનું જ પ્રતિબિંબ હતા. દુનિયાએ મેરિલીનને એક આકર્ષક, ચંચળ અને ‘ડમ્બ બ્લોન્ડ’ (ગૂંગી ગોરી) તરીકે યાદ રાખી, પરંતુ તેના એ ગ્લૅમરસ ચહેરા પાછળ એક એવી સ્ત્રી હતી જે બુદ્ધિશાળી, મહત્ત્વાકાંક્ષી, સંવેદનશીલ અને પોતાના સમય કરતાં ઘણી આગળ હતી. કદાચ મનરોની સૌથી મોટી ટ્રેજેડી એ હતી કે લોકો તેના સૌંદર્યથી એટલા મોહિત થઈ ગયા કે તેના વ્યક્તિત્વની ઊંડાઈને જોઈ જ ન શક્યા.

૧લી જૂને દુનિયાએ મનરોની જન્મશતાબ્દી મનાવી. માત્ર ૩૬ વર્ષની ઉંમરે સ્લીપિંગ પિલ્સના ઓવરડોઝથી ૧૯૬૨માં તે દુનિયા છોડી ગઈ. એ જીવન અને એ મૃત્યુ પાછળ અનેક કહાનીઓ છે. ૧૦૦ વર્ષ પછી પણ તેની એ મુસ્કાન, તેની એ ચાલ અને તેની તસવીરો દુનિયાને આકર્ષિત કરતી રહી છે. અજીબ વાત એ છે કે જે સ્ત્રીને આખી દુનિયા જાણે છે તેને વાસ્તવમાં બહુ ઓછા લોકો સમજે છે.

મનરોનું નામ આવે એટલે આપણી આંખો સામે સોનેરી વાળ વાળી, અલ્લડ-ચંચળ, આકર્ષક અને ઘણા અંશે ભોળી અભિનેત્રીની છબી ઊભરે છે. હોલિવૂડે તેને આ જ રૂપમાં દુનિયા સામે પ્રસ્તુત કરી હતી, પણ એ ચમકદાર ચહેરા પાછળ એક એવી છોકરી હતી જેણે તેના જીવનમાં અસ્વીકૃતિ, અસલામતી, ભય, એકલતા અને ઓળખ માટેના સંઘર્ષની લાંબી યાત્રા કરી હતી.

**એ છોકરીનું નામ હતું નોર્મા જીન બેકર.**

નોર્મા જીનનું બાળપણ કોઈ ફિલ્મી કહાનીથી ઓછું નહોતું. તેની માતા એક ગરીબ ઘરની સંતાન હતી. તેનો પિતા અત્યાચારી હતો અને બે નાનાં બાળકને મૂકીને ભાગી ગયો હતો. નોર્માને છેક ૧૨ની વયે તેની બીજી બહેનની ખબર પડી હતી. નોર્માનું બાળપણ અનાથાલયો અને પાલક પરિવારોમાં પસાર થયું હતું. બાળપણની આ અસલામતીએ તેની માનસિકતાનો પાયો નાખ્યો. પણ એ કમજોર પાયો હતો. નોર્માને વારંવાર એ અનુભવ થયો હતો કે જે લોકો પર ભરોસો મૂકી શકાય છે, તે પણ ક્યારેક છૂટી જાય છે.


એમાંથી તેનાં બે સમાંતર વ્યક્તિત્વ ઘડાયાં; એક વ્યક્તિત્વ દુનિયાને બતાવવા માટે હતું, બીજું પોતાની અંદરના ઘા છુપાવવા માટે. મેરિલીન મનરોનું આખું જીવન આ દ્વંદ્વનું ઉદાહરણ હતું.

તે આઠ વર્ષની હતી ત્યારે તેના એક પાડોશીએ તેનું જાતીય શોષણ કર્યું હતું. આમ તે શરમાળ હતી અને આ ઘટના પછી એટલી ચૂપ થઈ ગઈ કે બોલતી વખતે થોથવાતી હતી. એમાંથી જ તેને ઍક્ટ્રેસ બનવાનું સુજ્યું હતું. તે દિવસોને યાદ કરીને તેણે કહ્યું હતું :

‘મને મારી આસપાસની દુનિયા ગમતી નહોતી. એ ઘણી નિરાશાજનક અને કઠોર હતી. જ્યારે મને ખબર પડી કે તેને અભિનય કહે છે ત્યારે મેં કહ્યું- મારે એ જ બનવું છે. મારા કેટલાક પાલક પરિવારો મને ઘરની બહાર રાખવા માટે સિનેમામાં મોકલી દેતા. હું ત્યાં આખો દિવસ અને ઘણીવાર મોડી રાત સુધી એકલી બેઠી રહેતી. પડદા સામેની પહેલી હરોળમાં, એકલી નાનકડી છોકરી તરીકે અને મને એ બહુ ગમતું.’

પ્રેમ, સ્થિરતા અને સલામતીની તલાશમાં તેણે ૧૬ વર્ષે એક ફૅક્ટરી કામદાર સાથે લગ્ન કરી લીધાં હતાં, પણ એ લાંબુ ચાલવાનું નહોતું. ‘હું બોર થઈ ગઈ હતી,’ એવું તેણે પાછળથી કહ્યું હતું.

બીજા વિશ્વયુદ્ધમાં તે એક ફૅક્ટરીમાં કામ કરતી હતી ત્યારે એક આર્મી ફોટોગ્રાફરની નજર તેની પર પડી અને એ ગણતરીના સમયમાં નોર્મા એક લોકપ્રિય મૉડેલ બની ગઈ. ત્યાંથી હોલિવૂડનો રસ્તો આસાન હતો અને તે મેરિલીન મનરો બનીને પડદા પર અવતરી, પણ વાસ્તાવિકતા એ છે કે નામ બદલવાથી વ્યક્તિનું મન નથી બદલાતું.



હોલિવૂડે મનરોને એક સેક્સ સિમ્બલ, એક સુંદર પ્રોડક્ટ તરીકે લોકો સામે ધરી. ત્યાંની સ્ટુડિયો સિસ્ટમને એક એવો કિરદાર જોઈતો હતો જે દેખાવે આકર્ષક હોય અને મગજથી બુદ્ધિહીન. એ વખતના અમેરિકન સમાજને પણ એવી સ્ત્રીઓ પસંદ હતી જે સુંદર હોય, કામુક હોય, પણ મગજ ચલાવતી ન હોય.

મેરિલીન આ વિરોધાભાસને બરાબર સમજતી હતી.


તે Gentlemen Prefer Blondesના કિરદારની જેમ કેવળ હોંશિયાર (સ્માર્ટ) જ નહોતી- તે બુદ્ધિશાળી (ઇન્ટેલિજન્ટ) પણ હતી. તે ગંભીર સાહિત્યની ચાહક હતી. તેની અંગત લાઇબ્રેરીમાં સેંકડો પુસ્તકો હતાં. તેને રાજનીતિ, સમાજ અને મનોવિજ્ઞાનમાં ઊંડી રુચિ હતી. તે લગાતાર અભિનય શીખવાનો પ્રયાસ કરતી રહી હતી. તે તેના સમયની સામાજિક અસમાનતાઓને સમજતી હતી, પણ હોલિવૂડને તેની બુદ્ધિમત્તામાં નહીં, તેના દેહ લાલિત્ય-ઇમેજમાં રસ હતો અને મનરો પણ એ ‘ખેલ’ રમતી રહી.

અહીંથી જ તેનો આંતરિક સંઘર્ષ અધિક તીવ્ર બની ગયો હતો. એક તરફ આખી દુનિયા તેને જાણતી હતી અને બીજી તરફ તેને કોઈ વાસ્તવમાં સમજતું નહોતું. એકવાર તેણે કહ્યું હતું, ‘મેં ક્યારેય કોઈને મૂરખ નથી બનાવ્યા- મેં લોકોને તેમની જાતે મૂરખ બનવા દીધા છે. હું સારી છું, પણ સંત નથી, મેં પાપ કર્યાં છે, પણ શેતાન નથી. હું એક નાનકડી છોકરી છું જે વિશાળ દુનિયામાં અવિરત પ્રેમ શોધી રહી છું.’

૧૯૫૫માં તેણે વિદ્રોહ કર્યો. સ્ટુડિયો તેને ગંભીર ભૂમિકાઓ આપવા ઇનકાર કરતો હતો, તો તેણે પોતાની જ પ્રોડક્શન કંપની સ્થાપી દીધી. આ પહેલાં કોઈ અભિનેત્રીએ આવું કર્યું નહોતું. તે પગલું કેવળ વ્યવસાય માટે જ નહોતું, પોતાની ઓળખ માટે પણ હતું. મનરો દુનિયાને બતાવવા માગતી હતી કે તે કેવળ સુંદર ચહેરો જ નથી.

મનરોનું જીવન વાસ્તવમાં એક એવી વ્યક્તિની કહાની છે, જેણે વારંવાર સ્વયંને પુનઃ પરિભાષિત કરવાની કોશિશ કરી હતી. એક અનાથ છોકરીમાંથી એક મૉડેલ, એક મૉડેલમાંથી સુપરસ્ટાર અને એક સુપરસ્ટારમાંથી એક ગંભીર કલાકાર બનવાની આ કહાનીમાં દરેક પડાવ પર તેને સંઘર્ષ કરવો પડ્યો હતો.

આજે તેની જન્મશતાબ્દી પર મેરિલીન મનરોને એક પોસ્ટર-ગર્લ, એક પ્રતીક કે એક કલ્પનાથી આગળ જઈને એક મનુષ્યના રૂપમાં જોવાની જરૂર છે. તેની તસવીરો આજે પણ એટલી જ ચમકે છે, પણ તેની વિરાસત તેની સુંદરતા નથી. તેની વિરાસત એ છે કે તેણે લોકોને શીખવ્યું કે કોઈ વ્યક્તિની સાર્વજનિક છબી તેના પૂરા વ્યક્તિત્વની કહાની નથી. ■



આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ખાન સર વિરુદ્ધ ફૈસલ ખાન...




આજની વાત શરૂ કરતા પહેલા એ જણાવી દઉં કે આપણી અત્યારે ચાલતી વાતચીત પશ્ચિમ બંગાળ અને આવતી કાલનું ભારતના હજી બે ભાગ બે-ત્રણ રવિવાર મુલતવી રાખીએ. આ ક્ષણની તાતી જરૂર 'મીડિયા કોર્ટ'માં ચાલતો ઉપરનો કેસ પબ્લિક ડોમેઈનમાં ચર્ચવાની જરૂર છે અને મારા પરમપ્રિય વાચક! તું અત્યારે તુકારે છે, તું અત્યારે સૌથી વધુ ગમી રહ્યો છે માટે... તો તું એ પણ જાણે જ છે કે ખાન સર પ્રત્યેનો મારો આદરભાવ કદાચ મને પક્ષપાત તરફ પણ લઈ જાય.

તો સૌથી પ્રથમ તો મીડિયા અને એમાં ય એકતરફી, પક્ષપાતી મીડિયા 'આજ તક' પહેલી વાર જોયું ત્યારે જ પ્રણ લીધું તું કે ભુલથીય આ ચેનલ આવે અને એક સેકંડથી વધારે ટકે એ દિવસમાં નકોરડા ઉપવાસ કરીને દસ વખત નહાવું, એટલી વાહિયાત વાતો લગભગ કાયમ એના પરથી વહેતી હોય છે. મારે જેનું નામ લઈએ તો અશુભ જ થાય એ ચેનલને જુએ વહાણાં વાઈ ગયા છે. મોદીજી જ્યારે ગુજરાતના હતા ત્યારે પ્રભુ ચાવળા (ચાંપલા, દોઢડાહ્યા)નો ઈન્ટરવ્યૂ ફગાવીને ચાલી ગયેલા એવું કેં યાદ છે. સીધી વાત ક્યારેય હતી જ નહીં, પત્રકારત્વને નામે પગ પકડીને અમને આજ પૂરતા બચાવી લો, યેન કેન ખુદની હોશિયારીનો દેખાડો ઠોકી બેસાડવાની એક નિર્મમ ચાલ હતી. દીપક ચોરસિયા પર એક જ્યોતિન્દ્ર દવે પ્રકારની રમૂજ સુઝેલી. નીલ આર્મસ્ટ્રોન્ગ ચંદ્ર પર પગ મુકે છે કે તરત એને બે જણા ચંદ્રની ખાડાટેકરીવાળી ધરતીમાંથી પ્રગટી પૂછે છે. 'આમસ્ટ્રોંગ સર, આપકો યહાં તક આનેમેં કોઈ દિક્કત તો નહીં હૂઈ?' અને પછી જવાબની રાહ જોયા વગર જ જાહેર કરે છેઃ 'કેમેરા મેન સંતોષ કે સાથ દીપક ચોરસિયા આજ તક.' મારા દોસ્ત! તું કંઈ સમજ્યો? આજ તક હાંકે રાખવાની કળા શીખ્યું એના જાણબહારના બાપ અમેરિકા પાસેથી. બીજું ગજા બહારનું હાંકે છે અનાપશનાપ બધું હોવાને કારણે. પહેલાને ત્યાંની એક દેડકી બે કોડીનો સહારો લઈ એનાથી પેટ ફુલાવી હાથણી બનવાની કોશિશ કરવા તો ગઈ પણ ૧૪૦ કરોડ જાગૃતોએ એવી પછાડી છે કે આજકાલ મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા સાધુબાવા પીર જ્યાં માથું ટેકવાય ત્યાં ટેકવે છે અને આ બધા એટલું જ કહે છે દેડકીને કે બેન! તું સાવ ખોટી છે અને ફક્ત ગેરરીતીઓથી ભર્યું જીવન જીવે છે, એટલું તને જણાવીએ. બીજું તો શું કરી શકીએ અમે આ બાબતમાં? મસ્જિદનાં કણકણમાં બેઠેલા ભગવાને અને મંદિરનાં આખા માહોલમાં હાજર અલ્લાહે તો એને એ પણ જણાવ્યું કે તમારે હિન્દુ મુસ્લિમ તો અમે હજી જીભવગા રાખ્યા છે. એમાંથી તમારું ગુજરાન ચલાવોને! નક્કામા આમાં ક્યાં પડ્યા?!

આવું કપોળ કલ્પિત, વાંચવાની મજા પડે એવું ઘણું ઘસડી શકાય પણ મૂળ વાત એ છે કે વર્ણાનુપ્રાસ અલંકારનો મારી મચડીને, દુર્ગંધ આવે એવો દુરુપયોગ પત્રકારત્વમાં કરતી આ ચેનલનો બોયકોટ થવો જ જોઈએ, થવો જ જોઈએ, થવો જ જોઈએ. મને ખબર નથી અમારું છાપું અને બધા છાપાંની વાચકસંખ્યા કેટલી છે, પણ એ જેટલી પણ હોય પણ મારી સાથે સહમત થતા સજાગ વાચકોએ પોતાના વિસ્તારના ૧૦થી ૧૫ ઘરમાં જઈ, દરેક ઘરને કેબલ ઓપરેટરને કહીને આજતક ચેનલ ઘરમાં પેસતી બંધ કરાવાનું કહેવું જોઈએ. બહિષ્કારથી મોટું શસ્ત્ર લોકશાહીનું બીજું કોઈ છે જ નહીં. પોરબંદરનો મોઢ વાણિયો મૂરખો નહોતો કે તકલી, પૂણી, ચરખા વડે ખાદી સિદ્ધ કરી મેંચેસ્ટરની ટેક્સટાઈલ મિલોને ખેંચીને લપડાક મારી. રેવન્યુ અટકી જાય એટલે ભલભલા સીધા થઈ જાય. (મુંબઈ સમાચારમાં લખવાની એટલી મજા આવે છે કે હજુ તો એકસામટા એક લાખ કરદાતા ટેક્સ ભરવાનું ૬ મહિના મુલતવી રાખે તો કોઈ પણ બજેટ એલોકેશન વખતે પબ્લિક ઓપિનિયન લેવાય કે નહીં એ વિષય પર લખવાનું તો બાકી જ છે. 'આટલો ઘરખમ ટેક્સ, આવકનો આટલો ગંજાવર જીએસટી અને આટલા અસાધારણ બીજા સરચાર્જ અને અન્ય ટેક્સ માત્ર અને માત્ર MLA અને MP અને સરકારી ઓફિસરોનો તોતિંગ ખર્ચા ચુકવવામાં જાય છે કે એમાંથી દેખાડાય છે એટલું કામ થાય છે?' અને 'મોદીજી! આટલો અધધધ ટેક્સ તમારા તાબામાં/કાબૂમાં હોવા છતાં તમે પેટ્રોલ/ડિઝલ પર ભાવવધારો ઝીંકવામાંથી ન ચૂક્યા!' જેવા વિષયો પર લખવાનું તો હજી આવનારા દિવસોમાં છે જ છે.)

અને આવતો રવિવાર જેને કાજે આખો મેં રાખ્યો છે (અનામત નથી રાખ્યો, અહીં કોલમમાં 'અનામત' કેવું લાગે!) એ ખાન સર વિષે ઘણું બધું બોલાઈ રહ્યું છે અને એ પણ બધુ યથા અને યોગ્ય.

તો ચિ. ભાઈ સમ્રાટ, બિહારના ભાગ્ય ઉઘાડવા મોદીજીએ તમને પસંદ કર્યા છે. એમનો આટલો મોટો નિર્ણય બેતરફી ખોટો ના પડે એવું હાફીડીબીટ પીઢ પ્રશાંત કિશોર લઈને સજાગ ઊભા છે.

લિ.

લલિત નારાયણ મિશ્રાની હત્યાના સમયથી બિહાર વિશે ચિંતિત **ભારત ભાગ્ય વિધાતા.**

***અબ કીસીકો ભી નઝર આતી નહીં કોઈ દરાર***
***ઘર કી હર દીવાર પર ચિપકે હૈં ઈતને ઈશ્તહાર*** **- દુષ્યન્ત કુમાર**

(અસંતોષ અને કુસંપની, દીવાલો પરની તીરાડો ઢાંકી દે એવા એવા વોલપેપર્સ ઘરની દીવાલો પર ચીપકાવી દીધા છે.)

***લીધું છે પ્રણ કે કાયમ સાચ ઉપર ચાલવાનું છે***
***છે આળી પાનીઓ'ને કાચ ઉપર ચાલવાનું છે*** **- શોભિત દેસાઈ**

આજે આટલું જ ■

વલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com

# અનોખો ને અજોડ પ્રદેશઃ કચ્છ




ભારતના પશ્ચિમ છેડે આવેલો કચ્છ પ્રદેશ પોતાની વિશિષ્ટ ભૌગોલિક રચના, સમૃદ્ધ દરિયાઈ ઇતિહાસ અને અદ્‌ભુત સાંસ્કૃતિક વિવિધતાને કારણે વિશ્વભરમાં એક આગવી ઓળખ ધરાવે છે. કેપ્ટન એલેકઝાન્ડર બર્ન્સ (૧૮૦૫-૧૮૪૧) નામના બ્રિટિશ રાજદૂત અને ઉત્સાહી ખોજવીરે કચ્છને એક એવા પ્રદેશ તરીકે ઓળખાવ્યો હતો જેનો કોઈ સમકક્ષ નથી. અર્થાત્, કચ્છ એક અજોડ અને અનન્ય પ્રદેશ છે.

કચ્છના મુખ્ય શહેર ભુજની ઉત્તરે અફાટ અને વિસ્મયકારક 'મોટું રણ' ફેલાયેલું છે. આ વિશાળ રણપ્રદેશ દિવસભરના પ્રકાશ અને છાયામાં સતત પોતાના રંગો બદલતો રહે છે. આ અચલ અને અનંત જેવો વિસ્તાર જોનારને એક અલૌકિક સૌંદર્યની અનુભૂતિ કરાવે છે. ખાસ કરીને પૂર્ણિમાની શાંત રાત્રિએ જ્યારે રણ ચંદ્રના નીલા પ્રકાશમાં ઝળહળતું હોય છે, ત્યારે સાક્ષાત કોઈ સ્વપ્નભૂમિ જેવો નજારો જોવા મળે છે.

અહીં સામાન્ય રણપ્રદેશો કરતાં અતિવિશિષ્ટ કહી શકાય તેવી મૃગમરીચિકા (Mirages) સર્જાય છે. રણનો આ ભૂદૃશ્ય આમ તો અફાટ અને સુક્કો છે, જ્યાં ઘાસનું એક તણખલું પણ નજરે પડતું નથી. છતાં, તે અચાનક જ કલ્પનાતીત રૂપાંતર અનુભવે છે. જ્યાં રણની ભેજવાળી જમીન લીલાછમ ઘાસનાં મેદાનો અને કાળો ડુંગર અથવા ખડીરના મજબુત ખડકો સાથે ભળી જાય છે, ત્યારે કુદરતનું એક અદ્‌ભુત સંયોજન રચાય છે.

**આબોહવા પર રણનો પ્રભાવ**

કચ્છની આબોહવાને આકાર આપવામાં આ રણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. દક્ષિણ દરિયાકિનારેથી આવતો ઠંડો દરિયાઈ પવન જ્યારે રણના વિશાળ મીઠાના થરો પરથી પસાર થાય છે ત્યારે પ્રભાવિત થાય છે. આ મીઠાના થરો એક કુદરતી સુકાવટકારક (Desiccator) તરીકે કામ કરે છે અને હવામાંથી વધારાના ભેજને શોષી લે છે, જે કચ્છની અનન્ય હવામાન પેટર્નમાં સહયોગ આપે છે.

કચ્છ એ ભારતના પશ્ચિમ કિનારાની સરહદે આવેલ છે. તેના ઉત્તર અને ઉત્તરપશ્ચિમ ભાગમાં સિંધ (પાકિસ્તાન), ઉત્તરપૂર્વમાં રાજસ્થાન, પૂર્વમાં બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાઓ, દક્ષિણપૂર્વમાં સુરેન્દ્રનગર જિલ્લો અને દક્ષિણપશ્ચિમમાં અરબી સમુદ્ર છે. આ ભૌગોલિક સ્થિતિએ કચ્છના ઇતિહાસ, સંસ્કૃતિ અને વેપાર વાણિજ્યને આકાર આપવામાં અને તેની સ્થાપત્ય અને કલાત્મક પરંપરાઓને પ્રભાવિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. હાલના કચ્છમાં વસતા અનેક સમુદાયોના પૂર્વજો પડોશી વિસ્તારોમાંથી સ્થળાંતર કરીને અહીં આવ્યા છે.

ભારતીય સંસ્કૃતિના પ્રારંભિક યુગમાં જ કચ્છમાં ધોળાવીરા, કુરન અને ખીરસરા જેવી અનેક પ્રગતિશીલ શહેરીકૃત વસાહતોની સ્થાપના થઈ હતી. તે સમયે કચ્છ દરિયાઈ માર્ગે પર્સિયન ગલ્ફ તેમજ મેસોપોટેમીયા પ્રદેશ સાથે વ્યાપારી રીતે જોડાયેલું હતું.

ભૂતકાળમાં ચોમાસાની અનિયમિતતાને કારણે કચ્છ અવારનવાર દુષ્કાળ અને અછતથી પ્રભાવિત રહેતું હતું. આ ભૌગોલિક પડકારોએ અહીંના રહેવાસીઓ અને દરિયાઈ ખેડૂતો (ખારવા અને મુસાફરો)ને કુદરતી આફતો સામે સંઘર્ષ કરીને જીવવાની એક વિશિષ્ટ જીવનશૈલી વિકસાવવા મજબૂર કર્યા.

જોકે, પશ્ચિમ ભારતના અન્ય ભાગોની સરખામણીમાં ચોમાસા દરમિયાન કચ્છની આબોહવા હળવી અને આનંદદાયક હોય છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં આબોહવા સુખદ, ઠંડી અને દિવસ-રાત સરસ નરમ પવનવાળી હોય છે. આ જ સાનુકૂળતાને કારણે દરેક દિશામાંથી વિવિધ પરંપરાઓ અને સંસ્કૃતિઓ આ ભૂમિ તરફ આકર્ષાઈ, અહીં આશ્રય મેળવ્યો અને કચ્છને પોતાનું ઘર બનાવ્યું.


કચ્છ રાજ્ય પર રાવ ખેંગારજી દ્વારા સ્થાપિત જાડેજા વંશનું શાસન હતું. આ વંશે ઈ.સ. ૧૯૪૭માં ભારતીય સંઘ સાથે વિલીનીકરણ થયું ત્યાં સુધી, એટલે કે લગભગ ચારસો વર્ષ સુધી કચ્છ પર રાજ કર્યું. ઈ.સ. ૧૫૪૮માં સ્થાપિત થયેલી રાજધાની ભુજ એ આ પ્રદેશનું મુખ્ય વહીવટી અને સાંસ્કૃતિક કેન્દ્ર છે.

મધ્યકાલીન સમયગાળામાં માંડવી, મુન્દ્રા, જખૌ, લખપત અને કોટેશ્વર કચ્છ પ્રદેશનાં મુખ્ય બંદરો તરીકે જાણીતાં હતાં. આ બંદરોએ અન્ય દેશો સાથેના દરિયાઈ વેપારમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને સ્થળાંતર માટે બહાર નીકળવાના સ્થળો તરીકે ઉપયોગી બન્યા હતા. કચ્છનાં બંદરીય શહેરો અને હિંદ મહાસાગર દ્વારા વિશ્વ વચ્ચેનો ગાઢ સંબંધ કચ્છની શહેરી જગ્યા અને સ્થાપત્યમાં જોઈ શકાય છે. મુન્દ્રા, માંડવીની સાથે કચ્છના અબડાસા વિસ્તારના અન્ય ઘણાં નાનાં નગરોમાં દક્ષિણ ભારત અને દક્ષિણ પૂર્વ એશિયામાંથી આયાતી સાગના લાકડાનો ઉપયોગ જોવા મળે છે.

બ્રિટિશ એન્જિનિયર લીચે ૧૮૩૦માં પ્રકાશિત કરેલા તેમના અહેવાલ 'મેમોયર ઓન ધ ટ્રેડ ઓફ ધ પોર્ટ પ્રોવિન્સ ઇન કચ્છ' માં નોંધ્યું છે કે, ૧૯મી સદીમાં ખાસ કરીને અરબી-પશ્ચિમ ભારતીય વિસ્તાર વચ્ચેના હિંદ મહાસાગરના વ્યાપાર વિશ્વ પર કચ્છના વેપારીઓનો દબદબો હતો. માંડવી અને મુન્દ્રા બંદરોથી બોમ્બે, મલબાર, સિંધ, ઝાંઝીબાર અને અરેબિયા સુધી સીધા દરિયાઈ માર્ગો વિકસેલા હતા. આ આંતરરાષ્ટ્રીય વેપારથી સમૃદ્ધ થયેલા કચ્છી વેપારીઓએ પોતાની કમાણીનું રોકાણ પોતાના વતનમાં કર્યું અને ભવ્ય, સુશોભિત સ્થાપત્ય ધરાવતી હવેલીઓનું નિર્માણ કરાવ્યું, જે આજે પણ કચ્છના ગૌરવશાળી ભૂતકાળની સાક્ષી પૂરે છે.

ભૂગોળની વિષમતાઓને સમૃદ્ધિમાં બદલવાની ક્ષમતા કચ્છી પ્રજામાં સદીઓથી રહી છે. સફેદ રણની સુંદરતા, ઐતિહાસિક ધરોહર, ધોળાવીરાની પ્રાચીનતા અને સાગરખેડૂઓની વીરગાથા આ બધું મળીને કચ્છને સાચા અર્થમાં 'અજોડ' અને 'અનન્ય' બનાવે છે. ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




રણછોડના હાથમાં ગન જોઈને રાઘવ ડઘાઈ ગયો, પણ રાધાને રાહત થઈ કે રાઘવે છુપાવેલાં શસ્ત્રો રણછોડે અંતે શોધી કાઢ્યાં. રણછોડ ગન તાકતો રાઘવ તરફ જવા લાગ્યો.

'રણછોડ, ગન મુઝે દે દે...કાનૂન કો અપને હાથોં મેં મત લે,' રાધા બોલી.

'રણછોડે ગન રાધા સામે તાકતાં કહ્યુંઃ 'પહેલે આપ બોલો, આપ કોણ હો...?'

'મૈં ચિત્રકાર હું... ઔર યે...' રાધા બોલી.

'રાધા ઝૂઠ બોલ રહી હૈ... યે ચિત્રકાર નહીં... ટેરરિસ્ટ હૈ. તૂ ગન મુઝે દે...' રાઘવ બાજી બદલી નાખવા વચ્ચે બોલ્યો.

'રાઘવ, રણછોડના હાથમાં તૂં ટેરરિસ્ટ હોવાનો પુરાવો છે,' રાધા બોલી.

'રણછોડ, તુ ગન મુઝે દે દે... વરના ગોલી ચલ જાયેગી...' રણછોડ રાઘવની વાતને ધ્યાનમાં લીધા વિના ગન તાકતો રાધા તરફ આગળ વધ્યો...

'રણછોડ, મૈં કહેતા હું રુક જા...' રાધાનો શ્વાસ અધ્ધર ચડી ગયો હતો... એક તરફ રાઘવ ગન તાકીને ઊભો હતો ને બીજી બાજુ રણછોડનો ઇરાદો સમજાતો નહતો... એ ગન તાકતો નજીક આવી રહ્યો હતો.

'મૅડમજી, અસ્સલ મેં આપ કોણ હો...?' રણછોડ બોલ્યો. રાધાના ધબકારા વધી ગયા. રાઘવને કાંઈ સમજાયું નહીં, એ જોતો રહ્યો. અને અચાનક રણછોડે રાધાની નજીક જઈને એને ગન આપી દીધી. રાધાએ ઝટથી ગન રાઘવની સામે તાકી. હવે રાઘવ અને રાધા એકબીજાની સામે ગન તાકીને ઊભાં હતાં.

'મૈં બીચ મેં ખડા હું... જો અસલી ટેરરિસ્ટ હોગા વો મુઝે ગોલી મારેગા.' રણછોડ બંનેની વચ્ચે જઈને સામી છાતીએ ઊભો રહી ગયો. રાધા અને રાઘવ બંને એકબીજાની સામે જોતાં ઊભાં રહ્યાં કે કોણ રણછોડને ગોળી મારે છે... કોઈએ ગોળી નહીં છોડી...

'દેખ ક્યા રહે હો ચલાવ ગોલી... ત્રાસવાદી ગોલી મારણે સે ડરતા નહીં કભી...'

રાઘવે રિવૉલ્વર નીચે મૂકી દીધી... રાધા એની આંખોમાં જોઈ રહી.

'રાઘવ, કોણ છે તું...?' એણે પૂછ્યું.

'પોતાની અસલિયત છૂપાવીને આવેલો એક દેશભક્ત.' રાઘવ બોલ્યો.

'અસલિયત છુપાવીને? દેશભક્ત...? કાંઈ સમજાયું નહીં,' રાધાએ કહ્યું.

'હું હરિસિંગ રાજપૂત... એટીએસ ગુજરાત... અમદાવાદથી,' રાઘવ બોલ્યો.

'પણ તુ અહીં... કોના ઑર્ડરથી...? આ કામ એટીએસના દાયરામાં આવતું નથી... અને આઇબીના આદેશ સિવાય તો નહીં જ...'

'દેશભક્તિ માટે કોઈ દાયરો નથી હોતો કે કોઈના આદેશની રાહ જોવાની નથી હોતી.' રાધા, આખી વાત સાંભળ. 'મને મારા પાકિસ્તાનના સોર્સમાંથી ખબર મળ્યા... મેં મારા ચીફને વાત કરી કે હું આ ઑપરેશન કરવા જઈશ. મને ચોખ્ખી ના પાડી કે આ ઑપરેશન આપણા જ્યુરીસ્ડિક્શનમાં આવતું નથી... મારે આઇબીને જાણ કરવી પડે... અને એથી ઉપર નૅશનલ સિક્યૉરિટી ઍડ્વાઇઝર છે. મેં બહુ વિનંતી કરી... અંતે આઇબી, રો અને નૅશનલ સિક્યૉરિટી ઍડ્વાઇઝરની જાણ બહાર હું અહીં આવ્યો... અને અહીં બાબુજીના આશરે રહ્યો...'

> **'દેશભક્તિ માટે કોઇ દાયરો નથી હોતો કે કોઇના આદેશની રાહ જોવાની નથી હોતી.'**

'પણ તમે જ બાબુજીનું મર્ડર કર્યું છે,' રણછોડે કહ્યું.

'ના, એમનું નૅચરલ ડેથ થયું હતું. બાબુજી મારી અસલિયત જાણતા હતા. એ મારા ચીફના સંબંધી હતા અને ચીફે એમની સાથે વાત કરીને મને અહીં મોકલ્યો હતો. અમે ત્રણેયે આખી વાત સીક્રેટ રાખી હતી. હું મને સીક્રેટ ઑપરેશનમાં મદદ કરનારનું, મને આશરો આપનારાનું જ મર્ડર કરું? રાધા, તેં પણ રણછોડ પર ગોળી ન ચલાવી... મતલબ કે તું પણ...'

'હા, હું મિત્સુ આનંદ ઇન્ટેલિજન્સ બ્યૂરોની એજન્ટ...'

'આઇએમ સૉરી હું તને ત્રાસવાદી સમજતો રહ્યો. તારા રૂમની તલાશી પણ મેં જ લીધી હતી અને જગદીશને ફોડીને તમારી માહિતી કઢાવવાની પણ કોશિશ કરતો રહ્યો... તારી નજીક આવવાનો પ્રયાસ પણ કર્યો, પણ...' એટલું કહીને એ અટકી ગયો.

'હું પણ તને ત્રાસવાદી સમજતી હતી... મારું અનુમાન ખોટું નીકળ્યું...' રાધા થોડી ક્ષણો અટકીને બોલી : 'મારે મારા ચીફને તારી અસલિયત અને સાચી ઓળખ આપવી પડશે, કારણ કે મેં એમની સામે તારું ટેરરિસ્ટ તરીકેનું ચિત્ર દોર્યું છે અને તને ખતમ કરવાનો મને આદેશ હતો,' રાધાએ કહ્યું.

'તો તું એમને જણાવી દે કે તેં મને ખતમ કર્યો છે. અને હું અહીં જ રહીને તને છૂપી રીતે મદદ કરીશ.'

રાધા વિચારમાં પડી ગઈ... આવા વિચિત્ર કેસમાં હવે શું કરવું. મંદિર પર અજાણ્યો, ભેદી ખતરો ઝળુંબી રહ્યો છે. હું દેવીપ્રસાદજી, પુરોહિત અને જગદીશ જેવી ઍસેટ ઊભી કરી શકી છું, પણ સમય આવ્યે દુશ્મનનો ખાતમો બોલાવવામાં એટીએસનો આ બંદો કામ આવી શકે... શરત માત્ર એટલી જ છે કે વાત સીક્રેટ રાખવી. જે રીતે આઇબી પાસે પુરોહિત, જગદીશ અને દેવીપ્રસાદજીની વાત છુપાવી છે એ જ રીતે હરિસિંગ રાજપૂતની વાત પણ છુપાવી શકાય... રક્તહિન ઑપરેશનમાં આ બંદો ઉપયોગી થશે.

રાધા અને રાઘવ ખાટલા પર બેઠાં હતાં અને રણછોડ એમની સામે જમીન પર બેઠો હતો.

'ઓકે હું મારા ચીફને કહીશ કે મેં એક ટેરરિસ્ટને ખતમ કર્યો છે, પણ એની પાસેથી કોઈ માહિતી મળી નથી... અને ખાસ વાત... આ વાત આપણી વચ્ચે એકદમ સીક્રેટ રહેશે.'

'અને તારા ચીફ એ ટેરરિસ્ટની લાશનો ફોટો માગશે તો...?' રાઘવે તાર્કીક સવાલ કર્યો.

'નહીં માગે અને માગશે તો જોયું જશે.' રાધાએ શેક હૅન્ડ કરવા હાથ લંબાવ્યો. રાઘવે હાથ મિલાવ્યો કે તરત જ રણછોડ બોલ્યોઃ 'કોઈ મેરે સે તો હાથ મિલાવો...' રાધા અને રાઘવે હસીને રણછોડ સાથે હાથ મિલાવ્યા.

'રાઘવ, તને ખબર છે મંદિર પરિસરમાં એ ત્રાસવાદીઓનો શું પ્લાન છે?' રાધાએ પૂછ્યું.

'ના, કોઈ માહિતી નથી... એટલી જ જાણ છે કે મંદિર પર મોટો ખતરો છે ને મોટી જાનહાનિ કરવાનું એક મોટું ષડ્‌યંત્ર રચાયું છે. મેં એટલે જ અહીં શસ્ત્રો રાખ્યાં છે,' રાઘવે કહ્યું.

'પણ મને ઉપરથી આદેશ છે કે મંદિર પરિસરમાં કે ગામમાં લોહીનું એક ટીપું પણ વહેવું ન જોઈએ,' રાધાએ કહ્યું.

'રાધા, એ પૉસિબલ નથી...એ લોકો શસ્ત્રોથી હુમલો કરશે ત્યારે શું આપણે મંજીરા વગાડવાનાં. આપણી પણ બધી જાતની તૈયારી હોવી જોઈએ,' રાઘવે કહ્યું.

'રાઘવ, અહીં મારો ઑર્ડર ચાલશે. રક્તહિન ઑપરેશન. ઇઝ ઇટ ક્લીઅર? ઑપરેશન કઈ રીતે પાર પાડવું એનો વ્યૂહ આપણે રચવો પડશે,' રાધાએ કમાન્ડિંગ અવાજમાં કહ્યું.

**********************

ઝૈનાબે ઑફિસથી આવીને જોયું. રોજની જેમ અજમલ અન્સારી રૂમમાં જ ભરાઈને બેઠો હતો. ઝૈનાબને નવાઈ લાગી. એણે અમ્મીને પૂછ્યુઃ 'અમ્મી, ડૉક્ટર રૂમ સે બાહર ક્યું નીકલતે... પૂરા દિન રૂમ મેં...'

'બીવી સે ઝઘડા હુઆ હૈ... સદમે મેં હૈ... તલાક દે કર દૂસરી શાદી કર લેગા તો સબ ઠીક હો જાયેગા...' અમ્મીના મનમાં એ વખતે જે આવ્યું તે બોલી નાખ્યું ને ઝૈનાબ ભડકીઃ 'વાહ યે અચ્છા હૈ... એક શાદી નહીં જમી તો તલાક દો ઔર દુસરી કર લો... ઝરૂર ઉસકા ભી કોઈ કસૂર રહા હોગા... ઉસકો બોલો જા કર બીવી સે માફી માંગ લે. દાઢી બઢાયે માયુસ સે બૈઠે રહેતે હૈ. યે ડૉક્ટર મિયાં મુઝે કૂછ અજીબ લગ રહે હૈ...'

*************************

પુરોહિત દાનપેટીમાં નાખવા માટેની ચિઠ્ઠી લખીને તૈયાર થવા લાગ્યો. અડધી રાત આવી હતી. એને તૈયાર થતાં જોઈને એની પત્ની ઇરાવતીને શંકા ગઈ. છેલ્લા બે-ચાર દિવસથી એણે પુરોહિતને રાતે બહાર જતાં-આવતાં જોયો હતો. શંકા ઘેરી બનતાં એણે પૂછ્યુઃ 'ઇતની રાત ને જાવે હે, થારો કોઈ ચક્કર તો કો'ની ચાલે...?'

'મારો માથ્થો મત ખા... કામ સૂ જા રિયૂં હૂં...' પુરોહિત ભડક્યો.

'અતણી રાત નૈ કુણ સો કામ હુએ હે...' ઇરાવતીના અવાજમાં વ્યંગ્ય હતો.

'તૂ આંઇ બાર ની સમઝે... જબ સમઝ મે આવેગો... તબ મેરે પે અભિમાન હિગા...' પુરોહિત બોલીને નીકળી ગયો... ઇરાવતી છણકો કરીને સૂવા જતી રહી.

***************************

પુરોહિત ગુપ્તાની દુકાનમાં કામ કરતા શંકરનો વિચાર કરતો મધરાતે શંકરના મંદિરે જવા નીકળ્યો. શંકર દુકાનમાં ચૂપચાપ માલ જોખનારો ભોળોભાળો નોકર નથી. દુશ્મન છે, દેશનો દુશ્મન. અજાણ્યા નિર્દોષ શ્રદ્ધાળુઓનો જીવ લેવા આવેલો દુશ્મન. અને આવા દુશ્મનનું રહસ્ય દાનપેટીમાં નાખવું જરૂરી છે. જેથી રાધાની સામે એનો અસલી ચહેરો ખુલ્લો પડી જાય... ને પછી એનો ખેલ ખતમ...

પુરોહિત કાતિલ પવનને વીંઝતો આગળ વધી રહ્યો હતો. માત્ર આંખો સિવાય એનું આખું શરીર ગરમ કપડાંથી ઢાંકેલું હતું. એની આંખો ઠંડા પવનને ઝીલી શક્તિ નહતી... પરાણે આંખો ખૂલી રાખીને માંડ ૩૦ની સ્પીડે સ્કૂટી ચલાવી રહ્યો હતો. શંકરના મંદિર પાસે સ્કૂટી ઊભું રાખીને એણે ચિઠ્ઠી કાઢીને દાનપેટીમાં નાખી ત્યાં પાછળથી અવાજ આવ્યોઃ 'અલખ નિરંજન.' અલખ નિરંજન... બોલતો સાધુ બહાર આવ્યો.

પુરોહિત ભયથી થથરી ઉઠ્યો. આ તો એ જ સાધુ જે ગુપ્તાની દુકાનની સામે જોયેલો. પુરોહિતે દાનપેટી સામે જોયું. એને દાનપેટીમાં ચિઠ્ઠી નાખતાં જોઈ ગયેલા સાધુએ પણ દાનપેટી પર અછડતી નજર કરી લીધી.

'બચ્ચા, ઇતની ઠંડ મેં, આધી રાત મેં જિસે ભગવાન યાદ આયે વોહી સચ્ચા ભક્ત હૈ... અલખ નિરંજન...' જરાવાર રહીને બોલ્યોઃ 'ચીલમ પીએગા?'

'ના ના મૈં ચીલમ, સિગારેટ, બીડી કૂછ નહીં પીતા...' પુરોહિતે કહ્યું.

'અરે ફિર થોડી દેર અંગિઠી કે સામને બૈઠે કે ઠંડ કો ઉડાઓ... આવો પીછે બૈઠો.' સાધુનો દમદાર અવાજ નીકળ્યો.

'નહીં નહીં... દર્શન હો ગયે બસ ચલતા હું...'

'દર્શન કે બાદ મંદિર મેં કૂછ સમય બૈઠતે હૈ... આઓ બૈઠો.'

પુરોહિત સાધુની પાછળ ગયો. બંને તાપણાની સામે બેસીને ગરમાટો લેવા લાગ્યા. સાધુએ ચીલમનો એક લાંબો કશ ખેંચ્યો. સાધુની લાલાશ પકડી રહેલી આંખ પુરોહિત પર હતી. પુરોહિત દાનપેટીમાંથી ચિઠ્ઠી પાછી કાઢી લેવાનું વિચારતો હતો, જે હવે શક્ય ન હતું. શંકરનું ભાવિ પેટીમાં પુરાઈ ચૂક્યું હતું. દાનપેટીમાંથી ચિઠ્ઠી લેવા આવનારી રાધાનું ભાવિ જોખમમાં હતું...

'એક મિનિટ આયા...' અચાનક સાધુ ઊઠીને મંદિરમાં ગયો. પુરોહિતનો શ્વાસ અધ્ધર ચડી ગયો. સાધુએ દાનપેટી ખોલીને ચિઠ્ઠી વાંચી. લાલઘૂમ આંખો સાથે એણે ત્રિશૂલ ઉપાડ્યું...'અલખ નિરંજન...'

(ક્રમશઃ)■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# યુએસ સહિત ગ્લોબલ ઈક્વિટીઝમાં રોકાણ કરવું છે?

## ઇન્ટરનેશનલ મ્યુચ્યુઅલ ફંડ્સની ઑફરો સમજી લેવામાં સાર

ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સનો આઇપીઓ તાજેતરમાં છલકાયો અને તેના લિસ્ટિંગ બાદ ભાવ પણ ઊંચકાયા, યે તો હોના હી થા. હવે આવી કંપનીઓમાં રોકાણ કરવાનું દિલ ભારત બેઠાં મોટા રોકાણકારોને તો થાય જ, નાના રોકાણકારોને પણ થાય છે. આ રોકાણનો માર્ગ બની શકે છે ઇન્ટરનૅશનલ મ્યુચ્યુઅલ ફંડ.

મસ્કનાં સાહસોની વાતો હાલ જોરમાં છે, ટ્રિલ્યનેર ઈલોન મસ્ક ભારતનાં ઘરોમાં, ખાસ કરીને ફાઇનાન્સિયલ માર્કેટમાં ચર્ચાનો વિષય બન્યો છે. માત્ર મસ્કની કંપની જ નહીં, અનેક ગ્લોબલ-યુએસ કંપનીઓના શૅર્સમાં ભારતીય રોકાણકારોને રોકાણ કરવામાં રસ વધી રહ્યો છે. આ વર્ગ સીધું યુએસ લિસ્ટેડ ઇક્વિટીઝમાં રોકાણ કરવા જાય તો લાંબી વિધિ કરવી પડે અને ખર્ચ પણ ઊંચો કરવો પડે, પરંતુ મ્યુચ્યુઅલ ફંડ મારફત આ કાર્ય ઓછી રકમ સાથે અને વધુ સરળતાથી થઈ શકે છે.

નિષ્ણાતો કહે છે, તમારા પોર્ટફોલિયોમાં યુએસ કંપનીઓના સ્ટૉક્સનું પણ સ્થાન હોવું જોઈએ. સીધું રોકાણ કરી શકો તો સીધું, અન્યથા મ્યુચ્યુઅલ ફંડ્સની યોજના મારફત યુએસ ઇક્વિટી માર્કેટમાં રોકાણ કરવાનો વિકલ્પ અપનાવવા જેવો ખરો. રોકાણકારોએ તેમના રોકાણપાત્ર ફંડમાંથી પાંચેક ટકા હિસ્સો અમેરિકન કંપનીઓના શૅર્સમાં રાખવો જોઈએ, એવી સલાહ ઇન્વેસ્ટમેન્ટ એક્સપર્ટ્સ આપવા લાગ્યા છે.

### અન્ય ગ્લોબલ માર્કેટના ટ્રેન્ડ

આપણા શૅરબજારના હાલ સુધરવાના શરૂ થયા છે ત્યારે બીજી બાજુ મોટાભાગના રોકાણકારો-ટ્રેડર્સમાં યુએસ ઉપરાંત એક ચર્ચા તાઇવાન અને સાઉથ કોરિઆની બજારોની પણ થાય છે, જે પૂરજોશમાં બુલિશ રહી છે, વિદેશી સંસ્થાકીય ઇન્વેસ્ટર્સ સતત ભારતમાં શૅર્સ વેચી તેમનાં નાણાં આ ગ્લોબલ બજારોમાં વાળી રહ્યાં છે. તાઇવાનનું તો માર્કેટ કૅપિટલાઇઝેશન પણ ભારતીય બજાર કરતાં વધી ગયું છે. માર્કેટ કૅપની બાબતે વિશ્વમાં ભારતથી આગળ નીકળીને તાઇવાન પાંચમા ક્રમે આવી ગયું છે. મહત્ત્વનો મુદો એ છે કે ગ્લોબલ ઇન્વેસ્ટર્સ ભારતીય માર્કેટ કરતાં તાઇવાન, સાઉથ કોરિઆની મૂડીબજારમાં કેમ વધુ રોકાણ કરવા લાગ્યા છે, જેમના દમ પર આ બંને માર્કેટ હાલ આકર્ષક બનવા સાથે બુલિશ બની છે, જેમાં મુખ્ય ફાળો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) અને સેમિ-કન્ડક્ટર્સ સક્ટરની કંપનીઓનો છે, તેની માર્કેટ કૅપની વૃદ્ધિમાં પણ આનો ફાળો છે.

### ભારતીયો રોકાણકારો માટે માર્ગ

ભારતીય રોકાણકારો વિદેશી કે ગ્લોબલ માર્કેટ્સમાં આવા લિસ્ટેડ સ્ટૉક્સમાં રોકાણ કરીને તેની તેજીનો લાભ લઈ શકે છે. ભારતમાં આવા રોકાણની તક નહીંવત યા મર્યાદિત છે. ભારતીય ઇન્વેસ્ટર્સ પાસે આ રોકાણ કરવાના ત્રણ માર્ગ છે, જેમાં સૌથી સરળ માર્ગ ઇન્ટરનૅશનલ મ્યુચ્યુઅલ ફંડ છે, બીજો માર્ગ છે ગિફ્ટ સિટી સ્થિત મ્યુચ્યુઅલ ફંડ્સ મારફત અને ત્રીજો માર્ગ વધુ અઘરો અને મોંઘો છે, જેમાં ગ્રાહક રોકાણકાર ઇન્ટરનૅશનલ બ્રોકરેજ હાઉસમાં પોતાનું અકાઉન્ટ ખોલાવીને વિદેશી બજારો પરથી ઇક્વિટીઝ અથવા ઈટીએફમાં સીધું રોકાણ કરી શકે.

### સરળ માર્ગ એસઆઈપી

આમાંથી સરળ માર્ગમાં ગ્લોબલ માર્કેટની ઇક્વિટીઝમાં રોકાણ કરતા હોય એવા સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સમાં લમસમ અથવા એસઆઈપી મારફત ઇન્વેસ્ટમેન્ટ કરી શકાય, જેમાં ભારતીય ફંડ્સ દ્વારા યુએસ, જપાન, બ્રાઝિલ, તાઇવાન, ચીન, યુરોપ સહિતનાં બજારો આવી જાય છે. આ ફંડ્સમાં ભારતીય રોકાણકારો રૂપિયામાં નાણાં મૂકી શકે છે. બીજા માર્ગમાં ગિફ્ટ સિટી સ્થિત મ્યુ. ફંડ્સ મારફત આવું રોકાણ કરી શકે. જોકે આ માર્ગે રોકાણમાં રોકાણ મર્યાદા ઊંચી હોવાથી મોટા રોકાણકારોને જ પોષાય એવી છે. હાલમાં ગિફ્ટ સિટીમાં ડીએસપી ગ્લોબલ ઇક્વિટી ફંડ, એડલવાઈઝ ગ્રેટર ચાઇના ઇક્વિટી ફંડ અને પરાગ પરીખ આઇએફએસસી એસ એન્ડ પી-૫૦૦ ફંડ ઑફ ફંડ તેમ જ પરાગ પરીખ આઇએફએસસી નાસદાક-૧૦૦ ફંડ ઑફ ફંડ ઉપલબ્ધ છે. ગિફ્ટ સિટીમાં ટૂંક સમયમાં કેટલાંક વધુ મ્યુચ્યુઅલ ફંડ્સ એન્ટ્રી લેવાનાં છે. જે ગ્લોબલ ઇક્વિટીઝમાં રોકાણની તક ઑફર કરશે.

### બંનેનો લાભ લેવામાં સાર

વર્તમાન સંજોગોમાં હાલ વિદેશી ઇક્વિટી માર્કેટમાં રોકાણ કરવું સારું કે પછી સ્થાનિક શૅરબજારોમાં રોકાણ કરવામાં લાભ? એ વિશે એક્સપર્ટ વર્ગ જણાવે છે કે ભારતીય અર્થતંત્ર પણ અનેક સારી કંપનીઓ સાથે મજબૂત રીતે વિકસી રહ્યું છે. જોકે ગ્લોબલ માર્કેટ કૅપમાં તેનો હિસ્સો બહુ ઓછો છે. હાલ વિવિધ મહત્ત્વનાં સેક્ટર્સ અને તેની ગ્લોબલ કંપનીઓ ભારતમાં ઉપલબ્ધ નથી, પરિણામે આવી કંપનીઓમાં રોકાણ કરવા ભારતીય રોકાણકારો સહિત ગ્લોબલ રોકાણકારો પણ વધુ પ્રેરાય છે. જોકે ભારતીય રોકાણકારોએ ભારતીય સ્ટૉક્સ ઉપરાંત આવા ગ્લોબલ સ્ટૉક્સ પર, અર્થાત્ બંને બજારોમાં ધ્યાન આપવું વધુ સલાહભર્યું છે, ભારતની માર્કેટમાં પણ વ્યાપક તકો છે. જેથી રોકાણકારો લોકલ અને ગ્લોબલ બંને માર્કેટની તકોનો લાભ લઈ શકે છે.

### યુએસના એસ એન્ડ પી-૫૦૦નું વળતર

આમ તો ભારતીય શૅરબજાર કે ઇક્વિટીઝના ટ્રેન્ડ અને કામગીરીને ધ્યાનમાં રાખતાં અહીં પણ રોકાણ માટે એવા આકર્ષણ છે કે બીજી માર્કેટમાં રોકાણ કરવાની ખાસ જરૂર જ ન ગણાય, એમ છતાં મોટા-હાઈ નેટવર્થ ઇન્વેસ્ટર્સ વિદેશી ઇક્વિટિઝમાં રોકાણ કરતા હોય છે. બાય ધ વે, આમ પણ છેલ્લા એક વરસમાં યુએસ માર્કેટની વૃદ્ધિને ધ્યાનમાં લેવામાં આવે તો વૉલ સ્ટ્રીટની યુએસ માર્કેટનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ એસ એન્ડ પી-૫૦૦માં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. ભારતીય અને અમેરિકન માર્કેટ વચ્ચે કોરિલેશન ઓછું હોવાથી રોકાણકારોને વૈવિધ્યકરણની સારી તક ઉપલબ્ધ થાય છે. જેને કારણે પોર્ટફોલિયોની વૉલેટિલિટી પણ ઘટે છે. પોતાના ઇન્વેસ્ટમેન્ટ ઍડ્વાઇઝરની સલાહ સાથે આ નિર્ણય લેવાનું ચોક્કસ વિચારવું જોઈએ. ■

---

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com


# અંધારા ઊંડા દરિયામાં શિકારને લલચાવવા માટે લાઈટ બનાવતી ભયાનક એન્ગ્લરફિશ


અગાધ ઊંડા અને ભયંકર અંધારિયા સમુદ્રમાં અગણિત રહસ્યમય જીવો છે. એમની જીવનશૈલી સહિતની વિશિષ્ટતાઓ તદ્દન કલ્પનાતીત છે. આવો એક જીવ એટલે એન્ગ્લરફિશ (Anglerfish). આ માછલીને ઘણીવાર વિશ્વના સૌથી ભયાનક દેખાતા સમુદ્રી જીવોમાંની એક માનવામાં આવે છે, પરંતુ તે માનવ માટે સામાન્ય રીતે ખતરનાક નથી કારણ કે તે અત્યંત ઊંડા સમુદ્રમાં રહે છે. આથી મનુષ્ય તેનાથી સલામત બચી જાય છે. મોટાભાગની એન્ગ્લરફિશમાં માત્ર માદા જ મોટી હોય છે.નર ઘણીવાર ખૂબ નાનો હોય છે.

કલ્પનામાં ન આવે કે એન્ગ્લરફિશ કેવી રીતે દેખાતી હશે. હોલિવૂડની ફિલ્મ 'ફાઈન્ડિંગ મેમો'માં માર્લિન અને ડોરીને ડરાવતું ડરામણું, ચમકતું માછલું એટલે એન્ગ્લરફિશ.

એન્ગ્લરફિશ પૃથ્વીના સૌથી અંધારા અને દબાણભર્યા વિસ્તારોમાં રહે છે કે જ્યાં સૂર્યપ્રકાશ લગભગ નથી પહોંચતો. ક્યારેક તો આ માછલી ૩,૦૦૦ મીટરથી પણ વધારે ઊંડાઈએ જોવા મળે છે. ઊંડા સમુદ્રમાં ખોરાક ખૂબ ઓછો મળે છે. આથી લાંબા સમય સુધી એન્ગ્લરફિશ ભૂખી રહી શકે છે. તેઓ ધીમા મેટાબોલિઝમ સાથે શક્તિ એટલે તાકાત બચાવે છે.

દુનિયાનું સૌથી કાળું ચામડું આ માછલીનું હોય છે. કેટલીક એન્ગ્લરફિશ પ્રજાતિનું ચામડું એટલું કાળું હોય છે કે તે ૯૯%થી વધુ પ્રકાશ શોષી લે છે.





અત્યંત વિચિત્ર અને રહસ્યમય ઊંડા સમુદ્રમાં રહેતી માછલી એન્ગ્લરફિશનું નામ તેના શિકાર કરવાની પદ્ધતિ પરથી પડ્યું છે. આ માછલીના માથા પર એક લાંબું ડંડા જેવું અંગ હોય છે. પરંતુ મહત્ત્વની બાબત એ છે કે માથા પરના લાંબા ડંડાના છેડે પ્રકાશ ઉત્પન્ન કરતું 'ચારો' (માછલી પકડવા કે પ્રાણીઓને ફસાવવા માટે વપરાતો ચારો) હોય છે. શિકાર આ પ્રકાશથી આકર્ષાઈને નજીક આવે, પછી એન્ગ્લરફિશ તેને પકડીને ઓહિયા કરી જાય છે. રસપ્રદ જાણવા લાયક હકીકત એ છે કે માથા પર દેખાતો પ્રકાશ એન્ગ્લરફિશ ખુદ નથી બનાવતી. તેના 'ચારા'માં રહેતા વિશેષ બેક્ટેરિયા જૈવપ્રકાશ (Bio-luminescence) બનાવે છે. આ એક પ્રકારે સહજીવન (symbiosis) છે, જેમાં બંનેને ફાયદો થાય છે.

આ માછલી અતિશય ભયાનક શિકારી છે. મોઢાની રચના એવી છે કે તે પોતાના શરીર જેટલા મોટા શિકારને પણ ગળી શકે છે. તેના દાંત અંદર તરફ વળેલા હોય છે એટલે એકવાર શિકાર અંદર ગયો પછી ક્યારેય બહાર આવી શકતો નથી.

અતિ ઊંડા સમુદ્રનો આ રહસ્યમય જીવ સામાન્ય રીતે સમુદ્રની ૨૦૦થી ૨૦૦૦મીટર કે તેથી વધુ ઊંડાઈમાં રહે છે પણ આ એન્ગ્લરફિશ વધુ માની ન શકાય એવી વિચિત્રતા ધરાવે છે. ■

---

કરિયર

કીર્તિશેખર
feedback@
bombaysamachar.com

# સાઉન્ડ એન્જિનિયરિંગમાં છે શાનદાર કારકિર્દીની તક...

જ્યારે કોઈ ફિલ્મનું ભાવનાત્મક દૃશ્ય આપણને રડાવી દે છે, કોઈ ક્રિકેટ મૅચનો માહોલ રોમાંચ પેદા કરી દે છે, કોઈ ધાર્મિક આયોજનમાં મંત્રોચ્ચાર મનને સ્પર્શી જાય છે અથવા કોઈ મોટા કૉન્સર્ટમાં હજારો લોકો એકસાથે ઊભા થઈને ઝૂમવા લાગે છે, શું તમને ખબર છે, ત્યારે આ બધાની પાછળ કોણ હોય છે? જી હા, તે કલાકારો જે ધ્વનિને સાચું સ્વરૂપ આપવામાં નિષ્ણાત હોય છે એટલે કે સાઉન્ડ એન્જિનિયર. વાસ્તવમાં સાઉન્ડ એન્જિનિયરિંગ આજની તારીખમાં કરિયરના એક ચમકતા ક્ષેત્ર તરીકે ઊભરી આવ્યું છે. જોકે સાઉન્ડ એન્જિનિયરિંગનું આપણા સમાજમાં હંમેશાંથી એક મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે, પરંતુ આજકાલ ઓટીટી પ્લૅટફૉર્મ, યુટ્યુબ, પોડકાસ્ટ, મ્યુઝિક ઇન્ડસ્ટ્રી, ધાર્મિક આયોજનો, કૉર્પોરેટ ઇવેન્ટ્સ, સ્પોર્ટ્સ લીગ અને લાઇવ કૉન્સર્ટ જેવાં આયોજનો ઝડપથી વધી રહ્યાં છે. જેના કારણે પ્રશિક્ષિત સાઉન્ડ એન્જિનિયરો અને લાઇવ ઑડિયો નિષ્ણાતોની માગ પણ ખૂબ ઝડપથી વધી રહી છે.

તેથી જ આજે સાઉન્ડ એન્જિનિયરિંગનું કરિયર અત્યંત 'સાઉન્ડ' એટલે કે મજબૂત બની ગયું છે.

### સાઉન્ડ એન્જિનિયરિંગ શું છે?

સામાન્ય ભાષામાં કહીએ તો ધ્વનિને રેકૉર્ડ કરવો અથવા વહી રહેલા ધ્વનિને નિયંત્રિત કરવો અથવા અતિશય ઘોંઘાટ વચ્ચે કોઈ ચોક્કસ ધ્વનિને સ્પષ્ટ કરવો, કોઈ એક ધ્વનિમાં બીજો ધ્વનિ મિક્સ કરવો અને તેને શ્રોતાઓ સુધી સર્વોત્તમ સ્વરૂપે પહોંચાડવો, આ બધી પ્રવૃત્તિઓ જ સાઉન્ડ એન્જિનિયરિંગ છે. પરંતુ એક સાઉન્ડ એન્જિનિયરે આના માટે ઘણું બધું ભણવું અને સમજવું પડે છે. જેમ કે ધ્વનિ કેવી રીતે ઉત્પન્ન થાય છે, માઇક્રોફોન કેવી રીતે કામ કરે છે, રેકૉર્ડિંગ કેવી રીતે કરવામાં આવે છે, કોઈ વાતચીત કે ગીત-સંગીતમાં રહેલા વધારાના અવાજને કેવી રીતે દૂર કરવામાં આવે છે, તેમજ મોટાં આયોજનોમાં હજારો લોકો સુધી ધ્વનિ કેવી રીતે પહોંચાડવામાં આવે છે. આ બધી બાબતોને જાણવી અને તેના વિશે અભ્યાસ કરવો એ જ સાઉન્ડ એન્જિનિયરિંગ છે. આજે આ ક્ષેત્રમાં રેકૉર્ડિંગ, ફિલ્મ સાઉન્ડ, ગેમ ઑડિયો, પૉડકાસ્ટ, રેડિયો, મ્યુઝિક પ્રોડક્શન અને લાઇવ ઇવેન્ટ ટેક્નોલૉજી જેવી શાખાઓ વિકસી ચૂકી છે અને ભવિષ્યમાં પણ આ ક્ષેત્રમાં ઘણી નવી શાખાઓ વિકસવાની સંભાવના છે, તેમજ સાઉન્ડ એન્જિનિયરોની માગ સતત વધતી રહેશે તેવી પણ પૂરેપૂરી આશા છે.

### આ ક્ષેત્રમાં રહેલી કરિયરની તકો

આ ક્ષેત્રમાં કરિયરના અનેક વિકલ્પો ઉપલબ્ધ છે અને આજકાલ તે બધાની જ ખૂબ માગ છે, કારણ કે આ ક્ષેત્રનું દરેક કરિયર પોતાનામાં સંપૂર્ણ છે. આ ક્ષેત્રના કોઈ એક વ્યક્તિનું સ્થાન બીજી વ્યક્તિ સરળતાથી લઈ શકતી નથી. હાલના દિવસોમાં સાઉન્ડ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં જે મુખ્ય કરિયર ઉપલબ્ધ છે, તે આ પ્રમાણે છે:

* રેકૉર્ડિંગ એન્જિનિયર : આ લોકો સ્ટુડિયોમાં ગાયકો અને કલાકારોના અવાજને રેકૉર્ડ કરવાનું કામ કરે છે.

* મિક્સિંગ એન્જિનિયર : આ લોકો અલગ-અલગ ધ્વનિ વચ્ચે સંતુલન જાળવીને તેને અંતિમ સ્વરૂપ આપે છે.

* માસ્ટરિંગ એન્જિનિયર : સંગીત અથવા ઑડિયોની આખરી ક્વૉલિટી આ લોકો જ તૈયાર કરે છે.

* લાઇવ સાઉન્ડ એન્જિનિયર : કૉન્સર્ટ અને મોટાં આયોજનોની ધ્વનિ વ્યવસ્થા આ લોકો જ સંભાળે છે.

* ફિલ્મ સાઉન્ડ ડિઝાઇનર: આ એવા લોકો હોય છે જે ફિલ્મો અને વેબ સિરીઝ માટે સાઉન્ડ ઇફેક્ટ્સ તૈયાર કરે છે. આજકાલ તેમની માગ ખૂબ જ વધારે છે.



* ફોલી આર્ટિસ્ટ : આ એવા કલાકારો હોય છે જે અલગ-અલગ દૃશ્યો માટે જરૂરી આર્ટિફિશ્યલ સાઉન્ડ ઇફેક્ટ્સ બનાવે છે.

*પૉડકાસ્ટ અને બ્રૉડકાસ્ટ ઑડિયો એક્સપર્ટ: આ લોકો રેડિયો અને ડિજિટલ ઑડિયો પ્લૅટફૉર્મ માટે કામ કરે છે અને કોઈ પણ અવાજને સાંભળવા લાયક બનાવવામાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

### આ ક્ષેત્ર માટે જરૂરી અભ્યાસ

સૌથી સારી વાત એ છે કે સાઉન્ડ એન્જિનિયર બનવા માટે જરૂરી નથી કે તમે પ્રોફેશનલ એન્જિનિયરિંગનો જ અભ્યાસ કરો. ૧૨મું ધોરણ પાસ કર્યા પછી કોઈ પણ સ્ટ્રીમનો વિદ્યાર્થી સાઉન્ડ એન્જિનિયરિંગ સંબંધિત અભ્યાસ કરી શકે છે. આ ક્ષેત્રમાં આગળ વધવા માટેના મુખ્ય અભ્યાસક્રમો આ મુજબ છે:

* બી.એસસી. સાઉન્ડ એન્જિનિયરિંગ

* ડિપ્લોમા ઇન સાઉન્ડ એન્જિનિયરિંગ

* સર્ટિફિકેટ ઇન સાઉન્ડ રેકૉર્ડિંગ

* ઑડિયો એન્જિનિયરિંગ ઍન્ડ મ્યુઝિક પ્રોડક્શન

* પીજી ડિપ્લોમા ઇન સાઉન્ડ રેકૉર્ડિંગ ઍન્ડ ડિઝાઇન

જ્યાં સુધી આ ક્ષેત્રનો અભ્યાસ કરવા માટેની મહત્ત્વપૂર્ણ સંસ્થાઓની વાત છે તો તે કંઈક આ પ્રમાણે છે:

* ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા

* સત્યજિત રે ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ

* સીમેડૂ સ્કૂલ ઑફ પ્રો-એક્સપ્રેશનિઝમ

* કેએમ મ્યુઝિક કન્ઝર્વેટરી

આ અલગ-અલગ સંસ્થાઓ છે જ્યાંથી સાઉન્ડ એન્જિનિયરિંગ, ડિઝાઇનિંગ અને તેને આર્ટિસ્ટિક બનાવવાની કામગીરીમાં નિપુણતા મેળવી શકાય છે.

જ્યાં સુધી આ સંસ્થાઓમાં ઍડ્મિશનનો સવાલ છે, તો મોટાભાગની જગ્યાઓ પર ૧૨મું ધોરણ પાસ કર્યા પછી સરળતાથી ઍડ્મિશન મળી જાય છે. કેટલીક જગ્યાઓ પર એન્ટ્રન્સ એક્ઝામ હોય છે અને અમુક જગ્યાઓ પર એન્ટ્રન્સ એક્ઝામ પછી પણ ઇન્ટરવ્યૂ કે ઑડિશન લેવામાં આવે છે.

### શૈક્ષણિક લાયકાત સિવાયની અન્ય યોગ્યતાઓ

આ ક્ષેત્રમાં આગળ વધવા માટે શૈક્ષણિક લાયકાત ઉપરાંત કેટલીક અન્ય યોગ્યતાઓની પણ જરૂર પડે છે. જેમ કે:

સંગીત અને ધ્વનિમાં રસ હોવો. એ જરૂરી નથી કે તમે પોતે સંગીતકાર જ હોવ, પરંતુ જો તમે આ ક્ષેત્રમાં આવવા માગો છો તો શરત એ છે કે અવાજ પ્રત્યે તમારામાં સંવેદનશીલતા હોવી જોઈએ. તમારામાં સારા અને ખરાબ અવાજને પારખવાની ક્ષમતા હોવી જોઈએ. આ ક્ષેત્રમાં આવવા માટે બીજી જરૂરી યોગ્યતા એ છે કે તમને સાઉન્ડ ટેક્નોલૉજી પ્રત્યે લગાવ હોવો જોઈએ. સૉફ્ટવેર, રેકૉર્ડિંગ સિસ્ટમ અને સાધનોની સમજ હોવી પણ એટલી જ જરૂરી છે. સાથે તમારામાં ધીરજ હોવી પણ ખૂબ જ જરૂરી છે. ઘણી વખત એક નાનકડા રેકૉર્ડિંગને પરફેક્ટ બનાવવા માટે કલાકોના કલાકો નીકળી જાય છે. આવા સમયે આ કામમાં લાગતા સમય માટે તમારી અંદર ધીરજ હોવી અનિવાર્ય છે. આ ક્ષેત્રમાં આવનારા લોકોમાં સાંભળવા પ્રત્યે પ્રેમ હોવો જરૂરી છે, એટલે કે તમારા કાન વસ્તુઓને સાંભળવામાં રસ લેતા હોવા જોઈએ. તો જ તમે સાઉન્ડ એન્જિનિયરિંગની બારીકાઈઓ અને સારા-નરસા ધ્વનિની ઓળખ કરી શકશો. અંતમાં, અન્ય દરેક ક્ષેત્રની જેમ આ ક્ષેત્રમાં પણ ટીમ વર્ક પ્રત્યે સન્માન હોવું જરૂરી છે, કારણ કે સાઉન્ડ એન્જિનિયરિંગનું કામ એકલા હાથે કરી શકાય તેવું નથી હોતું. આમાં ઘણા લોકો સાથે મળીને કૉન્સર્ટ અને મીડિયા પ્રોજેક્ટ્સને પૂરા કરવાના હોય છે.

### નોકરી ક્યાં મળે છે?

સાઉન્ડ એન્જિનિયરો અને સાઉન્ડ આર્ટિસ્ટો માટે મીડિયા અને એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ઘણી બધી કંપનીઓ નોકરી આપે છે. જેમ કેટી-સિરીઝ, ઝી એન્ટરટેઇનમેન્ટ એન્ટરપ્રાઇઝિસ, સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઇન્ડિયા, ઑલ ઇન્ડિયા રેડિયો, પ્રસાર ભારતી, નેટફ્લિક્સ અને પ્રાઇમ વીડિયો જેવા ઓટીટી તેમજ ડિજિટલ પ્રોડક્શન હાઉસમાં નોકરી મળે છે. આ ઉપરાંત લાઇવ શો અને મોટાં આયોજનોમાં પણ આ કલાકારોની સતત માગ રહે છે. આજકાલ ગેમિંગ અને ઍનિમેશન ઉદ્યોગમાં પણ સાઉન્ડ ડિઝાઇનિંગની માગ ખૂબ ઝડપથી વધી છે, તેથી અહીં પણ પુષ્કળ તકો ઉપલબ્ધ છે. કમાણીની વાત કરીએ તો આ ક્ષેત્રમાં શરૂઆતમાં સામાન્ય રીતે વાર્ષિક ૩થી ૫ લાખ રૂપિયા સુધીની કમાણી થાય છે. આગળ જતાં અનુભવ અને નિપુણતાના આધારે આ કમાણી વાર્ષિક ૨૦થી લઈને ૩૫-૪૦ લાખ રૂપિયા સુધી પણ થઈ શકે છે. અને હા, આ ક્ષેત્રના નિષ્ણાતો પોતાનું વ્યક્તિગત કામ પણ શરૂ કરી શકે છે. જેમ કે પોતાનો રેકૉર્ડિંગ સ્ટુડિયો ખોલી શકે છે, પૉડકાસ્ટ પ્રોડક્શન હાઉસ શરૂ કરી શકે છે, લાઇવ સાઉન્ડ સર્વિસ પૂરી પાડી શકે છે, યુટ્યુબ ઑડિયો પ્રોડક્શન કંપની તેમજ મ્યુઝિક પ્રોડક્શન સ્ટુડિયોની પણ આજકાલ ભારે માગ છે. આમ, આ ક્ષેત્ર માત્ર ઝડપથી વિકસતું ક્ષેત્ર જ નથી, સાથે તેના પર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની એટલી અસર નહીં પડે જેટલી અન્ય બીજાં ક્ષેત્રો પર પડી રહી છે. ■

---

## ગ્રોસરી ખરીદતી વખતે શું ધ્યાનમાં રાખવું?

ગ્રોસરી એટલે કે ઘરનું કરિયાણું, જ્યારે બજારમાં ખરીદવા જાઓ ત્યારે પરિવારનું સ્વાસ્થ્ય, તમારું બજેટ અને ખોરાકની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને ખરીદી કરો. ઘણીવાર આકર્ષક પૅકેજિંગ, ડિસ્કાઉન્ટ અને ઑફર્સના પ્રભાવમાં આવીને લોકો વધારે પડતી અને બિનજરૂરી વસ્તુઓ ખરીદી લે છે. પરિણામે માત્ર બજેટ જ નથી બગડતું, પરંતુ કેટલીક વાર એવી વસ્તુઓ વધુ આવી જાય છે જેની જરૂરિયાત ઓછી હોય છે. તેથી જ નિષ્ણાતો સલાહ આપે છે કે જ્યારે પણ ગ્રોસરી ખરીદવા માટે ઘરની બહાર નીકળો ત્યારે એક લિસ્ટ ચોક્કસ તૈયાર કરી લો જેથી તમને ખબર રહે કે શું લેવાનું છે, શું વધુ જરૂરી છે અને શું નહીં? ખરીદી કરતી વખતે તાજાં ફળો, શાકભાજી, અનાજ, કઠોળ અને પ્રોટીનયુક્ત ખાદ્ય પદાર્થોને પ્રાધાન્ય આપો, જ્યારે અતિશય પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થોથી બચો. પૅકેજ્ડ ફૂડ ખરીદતી વખતે મૅન્યુફૅક્ચરિંગ અને એક્સપાયરી ડેટ ચોક્કસ જુઓ, સાથે જ ન્યુટ્રિશનલ વૅલ્યૂ અને ગુણવત્તાના પ્રમાણપત્રની પણ તપાસ કરો. ઑફરના નામે બિનજરૂરી સામાન વધારે ન ખરીદો, તે તમારું બજેટ બગાડી શકે છે.

ઘણા અભ્યાસોમાં એવું જાણવા મળ્યું છે કે વ્યક્તિ હંમેશાં જરૂરિયાત કરતાં વધારે ખરીદી કરી લે છે. જો સ્થાનિક અને સીધા ખેડૂતો પાસેથી વસ્તુઓ ખરીદવાની સુવિધા હોય, તો તેને પ્રાથમિકતા આપો.

આજે બજારમાં તમામ પૅક્ડ સામાનની બહાર પોષણ સંબંધી બધી માહિતી લખેલી હોય છે. જેમ કે પૅક્ડ પદાર્થમાં કેટલી ખાંડ છે, કેટલું મીઠું છે, કેટલું ફેટ છે, કેટલું ટ્રાન્સફેટ છે વગેરે-વગેરે. તેથી પૅકેજ્ડ સામાનના લેબલને વાંચવાની આદત પાડો. જ્યારે ઘર માટે રાશનનો સામાન ખરીદવાનું આયોજન કરો ત્યારે વિચાર કરીને અને લિસ્ટ બનાવીને જ ખરીદી કરવા જાઓ, તે જ સૌથી યોગ્ય રહેશે.

- મધુ સિંહ ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# કોણ વધુ કમાય... સ્માર્ટ-હેન્ડસમ- મહેનતુ કે પછી...?

## આમ તો બડો પેચીદો છતાં જિજ્ઞાસા જગાડે એવો આ સવાલ છે. એનાં જવાબનાં કારણ પણ એટલાં જ જાણવાં જેવાં રસપ્રદ પણ છે

અનેક જાણીતી ઉક્તિ કે કહેવત, જે જનસામાન્યના મોઢે ભલે ચઢી ગઈ હોય છતાં એ હકીકતમાં અધૂરી હોય છે. કયારેક એ પૂરી લખાય કે બોલાય છે ત્યારે પણ એ બદલાતી રહે છે.

એક ઉદાહરણ લઈએ તો 'એક નૂર આદમી હજાર નૂર કપડાં'વાળી ઉક્તિ બહુ જાણીતી છે, પણ આ ઉક્તિ મૂળ આવી છે : ' એક નૂર આદમી ને દસ નૂર કપડાં... હજાર નૂર ઘરેણાં ને લાખ નૂર નખરાં!' આવી અને આનાં જેવી અનેક અધૂરી અને ખોટી રીતે રજૂ થતી કહેવત-ઉક્તિઓ વિશે ખ્યાતનામ લેખક ચન્દ્રકાંત બક્ષીએ બહુ સચોટ વિશ્લેષણ કર્યું છે.

ખેર, એ વિશે ફરી ક્યારેક... અત્યારે તો ઉપરોકત ટાંકેલી ઉક્તિ મુજબ 'એક નૂર આદમી કે પછી દસ નૂર કપડાં'ની જેમ આજે લોકો એ પણ પૂછી રહ્યા છે : 'કોણ વધુ કમાય હેન્ડસમ-સ્માર્ટ- ઈન્ટેલિજન્ટ કે વધુ મહેનત કરનારી વ્યક્તિ કે પછી?'

આમ તો આપણી સમજણ કહે છે કે 'ફાવ્યો વખણાય..' તેમ છતાં, તમારી વાક્છટા-રજૂઆત-સોહામણો દેખાવ કે સતેજ બુદ્ધિ પણ ઓછા-વત્તા અંશે તમારી ઉપાર્જન ક્ષમતા વધારી શકે છે.

ચાલો, આ તો એક મુદ્દો થયો દેખાવનો, જેના પ્રતાપે દેખાવે-રીતભાતમાં સ્માર્ટ વ્યક્તિને તુરંત કામ મળી જાય-આવક વધે, પણ આગળ શું? દરેક વખતે રૂપાળો ચહેરો કામ ન પણ લાગે. દિવસના અંતે આખરે તો દરેક બોસને તમે કરેલાં કામનું પરિણામ જોઈએ. બીજાં શબ્દોમાં, સોહામણા ચહેરા સાથે પણ આકરી મહેનત પણ કરવી જ પડે.

હવે બીજો પ્રશ્ન જાગેઃ આકરી મહેનત તો ઘણાય કરે છે, છતાં જોઈએ તેવી ફળતી કેમ નથી?. એનો તાર્કિક ઉત્તર એ છે કે માત્ર ઊંધું ઘાલીને 'રાઉન્ડ ધ ક્લોક' જહેમત કરતાં રહો તો એ કારગત ન પણ નીવડે. ઑફિસ ડેસ્ક પર તમારી સતત હાજરી બોસને ગમે ખરી, પણ એથી બોસ કે તમારો હેતુ ન સરે. મહેનત તો ગદર્ભ પણ કરે છે, પરંતુ ગદર્ભ અને અશ્વની કામગીરીમાં ખાસ્સો ફરક છે. અહીં તમારે ગધેડા ઓછા અને ઘોડા વધુ થવું પડે!

-તો પછી 'હાર્ડ વર્ક વર્સસ સ્માર્ટ વર્કની તુલના કરીને એ બન્નેમાંથી બહેતર શું?' એ વિશે તાજેતરમાં એક સર્વે કહે છે એમ હવે હેન્ડસમ - રૂપકડા ચહેરાને બાજુએ ખસેડીને સ્માર્ટ-ઈન્ટેલિજન્ટ વ્યક્તિની ખામી- ખૂબીઓ પર આવીએ તો એ પોતાની ખૂબીઓનો કેવો સ-રસ ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવો એનાથી એ પૂરતો પરિચિત હોય છે.

એ પોતાને નવી ટેક્નોલોજિથી હરહંમેશાં અવગત રાખે છે. કેરિયર માટે ક્યા સમયે ક્યો




નિર્ણય લેવો એની આવા ઈન્ટેલિજન્ટ -સ્માર્ટને સુઝ હોય છે. જરૂર પડે ત્યારે એને રિસ્ક લેતા પણ આવડે છે.

આ સર્વેના તારણમાં હવે તો 'બિલિયોનર' - અબજોપતિથી એક ડગલું આગળ વધીને વિશ્વના પ્રથમ 'ટ્રિલિયોનર' (૧ લાખ કરોડ રૂપિયાના માલિક!) એવા વિશ્વના સૌથી શ્રીમંત ઈલોન મસ્કનો વિશેષ ઉલ્લેખ થયો છે. તાજેતરનો સર્વે કહે છે કે એકલી અવિરત મહેનત કે પછી માત્ર સ્માર્ટ થવાથી જોઈતી સફળતા મળતી નથી. આ સર્વે ઈલોન મસ્કનું ઉદાહરણ ટાંકીને કહે છે કે એ સફળ એટલા માટે થયો છે કે હાર્ડ વર્ક અને સ્માર્ટનેસ બન્નેનો એ બખૂબી ઉપયોગ કરી જાણે છે.

જોકે આવાં સર્વે તથા નિષ્ણાતોના પૃથ્થકરણ પછી એક નવી વાત પણ જાણવા મળી. તમે હેન્ડસમ-સ્માર્ટ- ઈન્ટેલિજન્ટ કે મહેનતુ સુધ્ધાં હો તો પણ એક ફેક્ટર-પરિબળ એવું પણ છે, જે તમારી વધુ આવક માટે બાધારૂપ બની શકે. એ છે તમારા લગ્નસંબંધી સ્ટેટસ-સામાજિક દરજ્જો અર્થાત્ તમે પરણેલા છો- કુંવારા છે કે પછી એકાકી... આપણને અહીં આશ્ચર્ય એ થાય કે આ દરજ્જાને કોઈની આવક સાથે શું લાગે-વળગે?

વેલ, અમેરિકાના 'પીવ્યુ રિસર્ચ સેન્ટર' દ્વારા થયેલાં તાજા સર્વેનાં તારણ કહે છે કે લગ્નસબંધથી જોડાયેલી વ્યક્તિ (પતિ કે પત્ની) કરતાં 'અનપાર્ટનર્ડ પર્સન' એટલે કે એકાકી પુરષ કે સ્ત્રી સરેરાશ ઓછી આવક ધરાવતી હોય છે. સંશોધન એ પણ ઉમેરે છે કે આવી ઓછી આવક ધરાવતી 'સિંગલ' -એકાકી વ્યક્તિઓની વસતિ અત્યારે ૨૯% માંથી વધીને ૪૧ % સુધી પહોંચી ગઈ છે!

ખેર , તમે હેન્ડસમ-સ્માર્ટ- ઈન્ટેલિજન્ટ કે મહેનતુ સુધ્ધાં હો તો પણ એક વધારાના 'X ફેક્ટર' દ્વારા કોઈ પણ ધૂમ કમાઈ શકે અને આ 'X ફેક્ટર' એટલે કોઈને આબાદ રીતે છેતરવાની કળા ! કોઈને સહજતા- સરળતાની ધૂર્ત બનાવવાનો આવો કસબ જે હાંસલ કરી લે એની લાઈફ જિંગાલાલા જરૂર થઈ જાય, પણ કાયદાના લાંબાં હાથ એને અચૂક ઝડપી લે છે ને પછી વાર્તા પૂરી ...! ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# યોગ્ય ગ્રાહકની પસંદગી ક્યારે ને કઇ રીતે કરી શકાય...

**આ કોલમના** છેલ્લાં બે લેખમાં આપણે ગ્રાહકનો વિશ્વાસ કઇ રીતે જીતવો તેના પર વિચાર કર્યો. આજે આપણો વેપાર શરૂ કરતા પહેલાં ગ્રાહક કઇ રીતે નક્કી કરવો તેની વાત કરીયે.

'ગો ટૂ માર્કેટ' વ્યૂહરચના વ્યાપારને લગતી પરિભાષા છે. આ પરિભાષા નવી નથી. ઘણા સમયથી લોકો આનો ઉપયોગ કરી રહ્યા છે. મોટાભાગના લોકો બિઝનેસ પ્લાનને ગો ટૂ માર્કેટ વ્યૂહરચના સમજી બેસે છે. આમ જોવા જઇયે તો બન્નેમાં ઘણી સમાનતા છે, પણ મૂળભૂત રીતે બન્ને અલગ છે અને બન્નેની વચ્ચે પાતળી ભેદરેખા છે. માર્કેટિંગ વ્યૂહરચનાની આસપાસ ગો ટૂ માર્કેટ વ્યૂહરચના આવી શકે તેમ કહી શકાય. બિઝનેસ પ્લાન એક બહોળો પ્લાન છે, જે તમને તમારા વેપારને કેવી રીતે શરૂ કરવો અને સંભાળવો તેના વિવિધ પાસાઓની માહિતી આપશે. તમારા વેપારને કેવું સ્ટ્રક્ચર આપવું, કેવી રીતે વધારવો જેવી બાબત માટે દિશા આપશે. એમ કહી શકાય કે વેપારના વિવિધ પાસાઓને સમજવાની અને વિચારવાની માહિતી આપતું પરિબળ એટલે બિઝનેસ પ્લાન. આ તમને ફંડિંગ મેળવવામાં, નવા ભાગીદાર બનાવવામાં અને ગ્રોથમાં મદદ કરશે.

બીજી તરફ ગો ટૂ માર્કેટ વ્યૂહરચના એવી વ્યુહરચના છે જેનું ફોકસ તમે તમારા બધા રિસોર્સિસને કામે લગાડી કેવી રીતે તમારા પ્રોડક્ટ કે સર્વિસને તમારા ટાર્ગેટ માર્કેટ અને કસ્ટમર સુધી પહોંચાડી શકશો અને તમારા પ્રતિસ્પર્ધીથી એક ડગલું આગળ રહેશો.

ગો ટૂ માર્કેટની વ્યૂહરચના જો વ્યવસ્થિત રીતે બનાવવામાં આવી હોય તો તે મહત્ત્વના ઘણા પ્રશ્નોના ઉત્તર આપશે, જેમકે ... તમે શું વેચી રહ્યા છો? તમે તમારા પોટેન્શિયલ કસ્ટમર અને માર્કેટ સુધી કેવી રીતે પહોંચશો? કેવી રીતે તમારા કસ્ટમરને વેલ્યુ પ્રોપોઝિશન આપશો? તમે તમારા પ્રતિસ્પર્ધીથી કેવી રીતે અલગ દેખાશો? અને સૌથી મહત્ત્વનું તમે જે વચન કે કમિટમેંટ તમારા કસ્ટમરને આપ્યું છે તેને કેવી રીતે પાળશો...

આનાથી એમ જણાશે કે આપણે માર્કેટિંગની વાતો કરી રહ્યા છીએ, પણ કહ્યું તેમ ગો ટૂ માર્કેટ અને માર્કેટિંગ એક-બીજાની આસપાસ કહી શકાય. માર્કેટિંગનું પૂર્ણ ફોકસ ગ્રોથ, રેવેન્યૂ અને બ્રાન્ડ બિલ્ડિંગ હોય છે, જ્યારે ગો ટૂ માર્કેટમાં ફોકસ માર્કેટ અને કસ્ટમર સુધી કેવી રીતે પહોંચવું અને તેના માટેના વિવિધ પાસાઓનો વિચાર હોય છે. ગો ટૂ માર્કેટ વ્યૂહરચના વિવિધ ઇંડસ્ટ્રીસ, માર્કેટ અને સંસ્થાઓ માટે અલગ હોઈ શકે, જેમકે મેન્યુફેક્ચરિંગ અને રિટેલ ઇંડસ્ટ્રી પાસે પોતાના સ્પેસિફિક ઉત્પાદનો હશે અને તેને સંબંધિત માર્કેટ અને ડેમોગ્રાફિક્સ પણ.

ગો ટૂ માર્કેટ વ્યૂહરચનાના અમુક મુદ્દાનો અભ્યાસ કરીએ કે જેના થકી આ વ્યૂહરચના બનાવી શકાય. સૌથી મહત્ત્વનો મુદ્દો, તમારું ટાર્ગેટ માર્કેટ શું છે તે નક્કી કરો. આનાથી તમને ખબર પડશે કે તમારે કોને અને કઈ પરિસ્થિતિમાં તમારો માલ વેચવાનો છે. તમે જે માર્કેટમાં જવાના છો તેનો પૂર્ણપણે અભ્યાસ હશે, ત્યાંના ફાયદા, અડચણો, માર્કેટની સાઈઝ, ભૌગોલિક સ્થળની રચના વગેરે મુજબ તમે તમારા પ્રોડક્ટ કે સર્વિસને બનાવી શકશો કે પછી જોઈતા ફેરફાર કરી શકશો જેનાથી તમારી બ્રાન્ડનો સ્વીકાર આસાન થઇ જાય. બીજું, ટાર્ગેટ માર્કેટ નક્કી કર્યા પછી તમારું ટાર્ગેટ પ્રોફાઇલ કે ઓડિયેન્સ નક્કી કરો. તમે જે માર્કેટ નક્કી કરી હશે ત્યાં ઘણા સંભવિત ગ્રાહકો હશે જેઓની પોતપોતાની જરૂરિયાતો હશે. તમે તમારી શક્તિ જાણી તે પ્રમાણેનો કસ્ટમર સેગમેન્ટ કે ટાર્ગેટ પ્રોફાઇલ નક્કી કરો જેને તમે સારી રીતે સર્વિસ આપી શકો.




બધાને સર્વિસ કરવા કરતા ટાર્ગેટેડ લોકોને સર્વિસ કરવાથી તમે તમારા પ્રતિસ્પર્ધીથી અલગ તરી આવશો. . ત્રીજું, તમારી બ્રાન્ડનું પોઝિશનિંગ જે તમારા કસ્ટમરને તમારી બ્રાન્ડ અને તેની યૂનિકનેસ વિશે માહિતી અને સમજણ આપશે. તમારા કસ્ટમરને તમારું પ્રોડક્ટ શા માટે ખરીદવું તેના કારણો સમજાવશે. તમે તમારી બ્રાન્ડને લોકો સમક્ષ કેવી રીતે પ્રસ્તુત કરવા માગો છો : ઇનોવેટર તરીકે, લૉ કોસ્ટ બ્રાન્ડ કે પછી થોટ લીડર તરીકે. બ્રાન્ડ પોઝિશનિંગ તમને ડિફાઇન કરશે જેનાથી લોકોને તમને અને તમારી બ્રાન્ડને સમજવામાં અને તફાવત સમજાવવામાં મદદ મળશે. ચોથું, આ બધી માહિતીના આધારે તમારું પ્રોડક્ટ અને સર્વિસ બનાવો, જે તમારા નક્કી કરેલા ટાર્ગેટ માર્કેટને વ્યવસ્થિત રીતે સર્વિસ કરી શકે અને તે ઉપરાંત ટાર્ગેટ માર્કેટ અને કસ્ટમરને ધ્યાનમાં રાખી સુસંગત માર્કેટિંગની વ્યૂહરચના બનાવો. બ્રાન્ડ પોઝિશનિંગને જે તમારા નક્કી કરેલા કસ્ટમરને અને માર્કેટને તેમની સમસ્યાઓ હલ થઇ રહી છે તેની માહિતી અને ખાતરી આપે. તમારા ટાર્ગેટ ઓડિયન્સને ધ્યાનમાં રાખી કેમ્પેઇન અને મીડિયાની પસંદગી થવી જોઈએ. તમારી ડિસ્ટ્રિબ્યૂશન ચેનલ્સ પણ તમારા કસ્ટમરને ધ્યાનમાં રાખી નક્કી થવી જોઈયે. જો તે ડિજિટલમાં વધારે આગળ પડતો હશે તો પ્રોડક્ટને ઓનલાઇન વેચવા મૂકો. જો તે એકસાથે કે એકજ સમયે બધુ ખરીદવા માંગતો હોય તો સુપર સ્ટોર કે મોડર્ન રિટેલમાં તમારા પ્રોડક્ટ રાખો વગેરે. આમ, ગો ટૂ માર્કેટ વ્યૂહરચના કોઈપણ બ્રાન્ડને માર્કેટમાં લાવવા માટેનું મહત્ત્વનું પાસું છે.

ગો ટૂ માર્કેટ વ્યૂહરચના નક્કી થયેલી નહીં હોય તો કદાચ તમે ખોટા વ્યક્તિને અને ખોટી માર્કેટમાં તમારો માલ વેચવા નીકળી પડશો. યોગ્ય માર્કેટ અને કસ્ટમરને સમજવા માટે ગો ટૂ માર્કેટ વ્યૂહરચનાની આવશ્યકતા છે જેથી બ્રાન્ડ યોગ્ય વ્યક્તિના હાથમાં આવે અને તેની વેલ્યુ સચવાય અને વૃદ્ધિ પામે. ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com


# સનાતન જખમ વત્તા અધૂરાં વચનોનો દસ્તાવેજ: ઇતિહાસના પાને નોંધાયેલા શબ્દો - 'મેં વાપસ આઉંગા'

**'હું પાછો આવીશ...'** આ માત્ર થોડા શબ્દો નથી, પણ મનુષ્ય જાતિએ ઉચ્ચારેલી સૌથી મોટી, સૌથી આશાવાદી અને કેટલીકવાર સૌથી પીડાદાયક પ્રાર્થના છે. જ્યારે કોઈ વ્યક્તિ ઘરના ઉંબરેથી વિદાય લે છે ત્યારે આ શબ્દો પાછળ ઊભેલા સ્વજનને એક હૂંફ આપે છે કે દીવો બળતો રાખજો, જમવાની થાળી પર મારો હક્ક અકબંધ રાખજો, આ અંતર માત્ર સમય પૂરતું છે... પણ ઇતિહાસ સાક્ષી છે કે ૧૯૪૭માં લાખો લોકોએ પોતાના આંગણાને ભીની આંખે આ વાક્ય કહ્યું હશે, પણ સમયના ક્રૂર ચક્રએ તેમને આ વચન ક્યારેય પાળવા દીધું નહીં.

આ જ અધૂરાં વચનોની વેદના એટલે હાલમાં ચર્ચામાં રહેલી ફિલ્મ 'મેં વાપસ આઉંગા'.

મુંબઈના સિનેમા વર્તુળોમાં આ ફિલ્મની ભારે ચર્ચા છે, પણ એક સમીક્ષકની તટસ્થ નજરે જોઈએ તો ફિલ્મમાં કેટલીક ત્રુટિઓ ઊડીને આંખે વળગે તેવી છે. દિગ્દર્શક ઇમ્તિયાઝ અલીની પોતાની એક બીબાંઢાળ દુનિયા છે, જેમાંથી તે હજુ પણ સંપૂર્ણપણે બહાર આવી શક્યા નથી. બૌદ્ધિક ચાળણીમાંથી પસાર કરીએ તો ફિલ્મની માવજત સામે કેટલાક સ્પષ્ટ પ્રશ્નો ઊભા થાય છે, જેમકે

હીરોનું સાઇકલ ચલાવવું એ હવે દિગ્દર્શકનું સિગ્નેચર ઓછું અને એકવિધતા વધુ લાગે છે. 'લવ આજ કલ'માં સૈફ અલી ખાનના પાત્રની જે છાંટ અને ઊર્જા હતી તેનો સ્પષ્ટ પ્રભાવ અહીં પણ જોવા મળે છે. તે પાત્ર પણ સાઇકલ ચલાવતું. કંઈ નવું સર્જવાને બદલે જૂના જાદુને અહીં ફરી જીવંત કરવાનો મોહ વારંવાર ડોકિયાં કરે છે. ભૂતકાળ અને વર્તમાન વચ્ચે ઝોલાં ખાતી વાર્તા અને ટ્રેનની લાંબી મુસાફરીઓ




આ બધું ઇમ્તિયાઝના સિનેમામાં એક કરતાં વધુ વખત આવી ગયેલાં તત્ત્વ છે. આ ઉપરાંત ફિલ્મનું સંપાદન વધુ ચુસ્ત અને ધારદાર હોઈ શક્યું હોત. અમુક દશ્યો બિનજરૂરી રીતે ખેંચાયેલા લાગે છે, જે વાર્તાની ગતિને ધીમી પાડે છે. જો તમે માત્ર સિનેમેટિક માપદંડો પર આ ફિલ્મને તોલશો તો તે ક્યાંક ને ક્યાંક ઢીલી પુરવાર થઈ શકે છે.

જોકે સિનેમા હંમેશાં માત્ર મગજથી કે તર્કના ત્રાજવે નથી જોવાતું. અમુક ફિલ્મ્સ માત્ર સેલ્યુલોઇડ પર ચીતરેલી વાર્તા નથી હોતી, પણ એક 'વિશુદ્ધ જખમ' હોય છે. જ્યારે તમે સમીક્ષકનાં ચશ્માં ઉતારીને હૃદયથી આ ફિલ્મને જુઓ ત્યારે તેની તમામ ખામીઓ ગૌણ બની જાય છે અને તે એક કરુણ કવિતાનું સ્વરૂપ ધારણ કરે છે.

આ ફિલ્મ માત્ર એક પ્રેમી, એક વૃદ્ધ કે સરહદ પાર રહી ગયેલા કોઈ ખંડેર ઘરની વાત નથી. આ એ સનાતન જખમની કથા છે, જેમાં ચામડી નથી કચરાતી, પણ આત્મા ચગદાઈ જાય છે. એવો જખમ જેમાં આખું આયખું નિરંતર પીડામાં કાઢવાનું હોય. છલ્લા શ્વાસ ચાલતા હોય ત્યારે પણ પેલો જખમ જમરાજ સાથે લડાઈ કરે, કારણ કે જમીનના જે ટુકડામાં હૃદય દટાયેલું પડ્યું છે તેને મળ્યા વિના જીવ કઈ રીતે છૂટે?

૧૯૪૭નું વિભાજન એ માત્ર નકશા પર દોરાયેલી કોઈ નવી રેખા નહોતી. એ અધૂરા રહી ગયેલા સંવાદોનું એક ભયાવહ કારખાનું હતું. એક જ શરીરના જમણા હાથે ડાબા હાથને છૂંદી નાખ્યો. કોઈ પોતાની દુકાન એવું વિચારીને છોડી ગયું કે રમખાણો શાંત થતાં જ પાછા ફરીશું... કોઈ સ્ત્રીએ પોતાનાં ઘરેણાં ટ્રંકમાં મૂકીને વિચાર્યું કે થોડા દિવસોની જ તો વાત છે. માનવીય ઇતિહાસનો સૌથી ખતરનાક શબ્દ જો કોઈ હોય તો તે છે : 'કદાચ'

કદાચ આપણે પાછા ફરીશું... કદાચ પડોશી ઘર સાચવી લેશે... કદાચ આ હિંસા અટકી જશે. આ અવાસ્તવિક 'કદાચ'ની ક્રૂરતાએ જ લાખો લોકોને કાયમ માટે નિર્વાસિત કરી દીધા.

માણસ મૃત્યુને પચાવી શકે છે, કારણ કે તેમાં એક ભયંકર નિશ્ચિતતા છે, પણ અચોક્કસતા માણસને જીવતેજીવ મારી નાખે છે. વિભાજને લોકોને એ ખબર જ ન પડવા દીધી કે તેઓ કાયમ માટે ઘરવિહોણા થઈ ગયા છે.

સૌથી દુઃખદ વચનો એ નથી હોતાં જે માણસ તોડે છે, પણ એ હોય છે જે ઇતિહાસ માણસને પાળવા દેતો નથી. આજે પણ જ્યારે કોઈ વૃદ્ધ એ જૂના ઘરની વાત કરે છે ત્યારે તેમની આંખોમાં જે શૂન્યતા છવાય છે, તે કોઈ સરકારી દસ્તાવેજમાં નોંધાઈ શકતી નથી. ખિસ્સામાં પડેલી એ જૂના ઘરની કાટ ખાધેલી ચાવી માત્ર ધાતુનો ટુકડો નથી, પણ ઇતિહાસ સામે નોંધાવેલો એક મૂગો વિરોધ છે. એ ચાવી જાણે ચીસો પાડીને કહી રહી છે કે 'મારું પણ એક ઘર હતું... મારું પણ એક આંગણું હતું... હું હંમેશાંથી શરણાર્થી નહોતો.'

ફિલ્મ 'મેં વાપસ આઉંગા' ભલે દિગ્દર્શકની ગૂંચવણોનો શિકાર બની હોય, પણ તે એ સનાતન દર્દને વાચા આપે છે, જે આજે પણ ઉપખંડની છાતીમાં દબાયેલું છે. વિભાજન માત્ર ૧૯૪૭માં પૂરું નહોતું થયું. તે નિર્વાસિત છાવણીઓમાં, બદલાયેલી અટકોમાં, વિઝા ઑફિસની બહાર લાગતી લાઇનોમાં, ઉતાવળમાં લેવાયેલા નિર્ણયોમાં અને ગૂગલ મૅપ પર પોતાના વડવાઓનું ગામ શોધતા યુવાનોની આંગળીઓમાં આજે પણ ધબકે છે.

અઢી કલાકની આ સિનેમેટિક યાત્રા અંતે તો આપણને એ જ નગ્ન સત્યની સામે ખડા કરી દે છે કે કાગળ પર રાતોરાત લીટીઓ દોરી શકાય છે, પણ આત્મા પર પડેલા જખમને રૂઝાતા સદીઓ વીતી જાય છે. જે લોકોની અંદર હજુ પણ સંવેદનાનો અવાજ જીવતો છે, તેમને પાર્ટિશનની કહાની અને પ્રેમવાર્તાનો કરુણરસ રડાવશે. ■

વિશેષ
રશ્મિ શુકલ
feedback@bombaysamachar.com

# આ સ્ટુડન્ટ્સ વીકએન્ડમાં કરે છે તળાવની સફાઈ...

**રાજસ્થાનનાં** તળાવો, વાવડી અને ઘાટ એક સમયે લોકોના જીવનનો ભાગ હતાં. એનાં પર તેમનું જીવન નભતું હતું. જોકે આજે એનાં તરફ દુર્લક્ષ કરાતાં એ કચરો અને પ્લાસ્ટિકના ઢગલાંથી ખડકાયેલાં છે. હવે એની જાળવણી અને સાફસફાઈનું કામ કોટાના યુવાનોએ શરૂ કર્યું છે. કોટાનાં આ યુવાનોએ જૈત સાગર અને સુખ મહલ પાસે સાફસફાઈ અભિયાન શરૂ કર્યું છે. તેઓ કલાકો સુધી તળાવમાંથી કચરો દૂર કરે છે.

વીકએન્ડમાં પણ સ્વયંસેવકો ચંબલ નદીના કિનારાની સાફસફાઈ કરે છે. સાથે જ વાવડી, મંદિરની આસપાસથી પણ ગંદકી દૂર કરે છે.

આ સિવાય આ બળબળતા ઉનાળામાં પંખીઓ માટે પાણી અને દાણાની વ્યવસ્થા પણ કરે છે. લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાની સલાહ પણ તેઓ આપે છે. સરકાર અને પર્યાવરણવિદ મુજબ રાજસ્થાનનાં પારંપરિક જળાશયો વધતાં શહેરીકરણ, અતિક્રમણ અને પ્રદૂષણને કારણે ઘટી રહ્યા છે.



ઐતિહાસિક વાવડીઓ પણ સુકાઈ ગઈ છે અથવા તો વર્ષોથી એની અંદર કચરો ઠલવાતો જાય છે. સદીઓથી આ વાવડીઓ સામાજિક કેન્દ્રબિંદુ રહ્યું છે. એમાં વરસાદનું પાણી સચવાતાં આસપાસ ઠંડક પણ રહેતી હતી. રાજ્યના વૉટર બોડિઝના આંકડા મુજબ ૨૦૧૮-૧૯માં રાજસ્થાનમાં ૧૬,૯૩૯ જળાશયો હતાં, પરંતુ એમાંથી ૨૧ ટકા જળાશયો હવે કાર્યરત નથી, એ સુકાઈ ગયા છે અને લોકોની દુર્લક્ષતાનો ભોગ બન્યાં છે. જયપુરના માનસાગર તળાવની વાત કરીએ તો જાણવા મળ્યું છે કે એક સર્વે પ્રમાણે ૪૦ ટકા તળાવોની નજીક પર્યાવરણવિદોની મંજૂરી વગર અતિક્રમણ થયું છે. સાથે જ પ્રદૂષણ અને સોલિડ વેસ્ટે પણ તેના પ્રવાહમાં અડચણ પેદા કરી છે.

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના સર્વેક્ષણ મુજબ રાજસ્થાનના ચાંદલાઈ તળાવ પર ઝડપી શહેરીકરણ, ગેરકાયદે બાંધકામ અને કચરાનું સામ્રાજ્ય વધી ગયું છે. એને કારણે આ ઐતિહાસિક જળાશય પર દબાણ વધ્યું છે.

આ બધું જોતાં જ યુવાનોએ આ તળાવોની સાફસફાઈનું કામ હાથ ધર્યું છે. તેઓ ગંદકીથી ભરેલા આ તળાવોમાં હાથ નાખીને કચરો બહાર કાઢે છે.

છેલ્લાં ત્રણ વર્ષથી કોટા કમ્યુનિટીએ ૭૫ આવાં અભિયાન મંદિરો અને જાહેર સ્થળોએ હાથ ધર્યાં છે. એમાં મોટા ભાગે તો સ્ટુડન્ટ્સ, ઑફિસ જતાં કર્મચારી અને રહેવાસીઓ પણ હવે સામેલ થયાં છે. રવિવારે સૌ કોઈ ભેગાં મળીને સફાઈ કરે છે. આપણાં દેશમાં પ્રદૂષણને લઈને હંમેશાં ચર્ચાની સાથે દોષારોપણ કરવામાં આવે છે. જોકે કોટાના લોકોએ તો વાદવિવાદને બદલે જાતે જ સફાઈનું બિડું ઉઠાવ્યું છે. માત્ર વાતો કરવાથી પરિણામ નથી મળવાનું એના માટે લોકોએ સજાગ થઈને પોતાની જવાબદારી સમજવી ખૂબ જરૂરી છે. ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# વીજળી લખે છે કંકોતરી કે મેઘરાજા આવો, આવો ને મારે આંગણે

## કવિ હરીન્દ્ર દવેની ભાષા ઊર્મિ પ્રાણિત છે અને અભિવ્યક્તિમાં નજાકત છે

હરીન્દ્ર દવે આપણી ભાષાના નોખા - અનોખા સર્જક છે. એ એમ કહી શકાય કે મબલખ સર્જક છે. સાહિત્યનાં વિવિધ સ્વરૂપો એમણે આસાનીથી અજમાવ્યાં છે. આસાનીથી અજમાવ્યાં છે એ તો કહેવાની રીત છે બાકી એની પાછળ કેટલો બધો પુરુષાર્થ, કેટલો શ્રમ અને સર્જક તરીકેનું અગાધ તપ એ બધું હોય છે. હરીન્દ્ર દવેએ નવલકથાઓ, નાટકો, વાર્તાસંગ્રહો આપ્યાં છે. નિબંધો તો એમને કવિતાની જેમ જ સહજ છે. પત્રકારત્વ ક્ષેત્રે એમનું પ્રદાન પ્રસિદ્ધ છે. એમના નિબંધોમાં સમુચિત દૃષ્ટાન્તો, આધ્યાત્મિકતાની અસર વગેરે આપો આપ આવે છે. શબ્દથી ભીતર સુધીના હરીન્દ્ર પાસેથી આપણને જે મળ્યું છે એમાંના અનેક હરીન્દ્રને કમને જતા કરીને અહીં આપણે કવિ હરીન્દ્ર દવેની જ વાત કરીશું.

હરીન્દ્ર વિવેચક ખરા પણ સહૃદયી વિવેચક છે. ‘શરદની ચાંદની’ નામના કવિતા આસ્વાદના પુસ્તકમાં હરીન્દ્રે પોતે કહ્યું છે કે, ‘અહીં વિવેચનનો કોઈ આયાસ નથી. ગમતી જતી કૃતિને ભાવકો સાથે માણવાની’ ‘ગમતાનો ગુલાબ કરવાની આ કેવળ આસ્વાદ પ્રવૃત્તિ છે.’ એમણે અનેક કાવ્યો લખ્યાં. એલિયટની ‘વેસ્ટ લેન્ડ’ જેવી કૃતિનો અનુવાદ આપ્યો, કાવ્ય સ્વાદો કર્યા. આમ હરીન્દ્રના અનેક પાસા છે.

ફક્ત કવિતાની વાત કરીએ તો કાવ્યનાં અનેક સ્વરૂપો એમણે અજમાવ્યા છે. ગીત, ગઝલ, સોનેટ, અછાંદસ તેમજ આધ્યાત્મિક શ્લોકનો સંગ્રહ આપ્યો છે. સુરેશ દલાલે એમના ઉત્તમ કાવ્યનો સંચય ‘હયાતી’ સંપાદિત કર્યો અને હરીન્દ્રની કાવ્યસર્જન પ્રક્રિયાનો સમગ્ર ચિતાર આપતી ૬૦ પાનાની વિશદ પ્રસ્તાવના લખી. આ સંગ્રહને દિલ્હી સાહિત્ય અકાદમીનો એવોર્ડ પણ મળ્યો છે, અને આપણે જાણીએ છીએ એમ આ સર્જકને યોગ્ય રીતે દરિયામાં ભરતી આવે એમ એવોર્ડ પર એવોર્ડ અનેક ક્ષેત્રથી મળતા રહ્યા છે. એમના પ્રખ્યાત શેરમાં હરીન્દ્ર દવેએ કહ્યું છે કે પ્રેમની ભરતી હશે તો બાકીનું બધું આવી મળશેઃ

**એના ધસમસતા પ્રવાહે બધું આવી મળશે**
**પ્રેમનું કોઈ અજબ પૂર થૈ ચાલ્યા કરીએ**

હરીન્દ્રનાં ૫૦ પુસ્તકોનો સંપુટ પ્રગટ થયો છે. આ વિરલ ઘટના ગણી શકાય. આપણે એમનાં ૫૦ પુસ્તકોમાંથી બે કાવ્ય સંગ્રહોઃ ‘તમે યાદ આવ્યા’ અને ગઝલ સંગ્રહ ‘મનન’ પર અછડતી નજર નાખીએ. ‘મનન’ એ હરીન્દ્રની નવી ગઝલો સંગ્રહ છે. ‘તમે યાદ આવ્યા’ એ એમનો કાવ્ય સંગ્રહ છે. સંગ્રહનું નામ જે ગીતને આધારે છે એ ગીત લોકો કંઠે અને કાનમાં વસી ગયું છેઃ ‘પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા.’

‘હયાતી’માં સુરેશ દલાલે હરીન્દ્રની કવિતાની જે વ્યાપક અને ઊંડાણભરી ચર્ચા કરી છે એટલે આપણે વિગતોમાં નહીં જઈએ, બાકી હરીન્દ્રની કવિતા કોઈ પણ વિવેચકનું ધ્યાન દોરે તેવી છે.

હરીન્દ્ર દવેની કવિતામાં સૌથી પહેલી વાત તે અભિવ્યક્તિની નજાતક છે, એમની ભાષા ઊર્મિપ્રાણિત છે. આપણે એમના કાવ્યસર્જનનો ભાવાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરીએ એ જ ઉચિત છે. એમના અનુભવ લોકને ભાવક અનુભવે અને ભાવ સંક્રમણ સધાય એ આપણો આશય છે.

પચાસ વર્ષની સર્જનયાત્રામાં હરીન્દ્રભાઈએ ગીત અને ગઝલ બન્નેમાં પરંપરા નિભાવીને નવીનતાનો આદર કર્યો છે અને નવીનતાના માહોલમાં પરંપરાને વિસારે પાડી નથી. પરંપરાગત પ્રતીકોના જમાનામાં અને નવી ગઝલનો યુગ શરૂ થયાના એક દાયકા અગાઉ એમણે નવો જ વિચાર આપ્યોઃ

**એણે લીધું જ્યાં ચાર દિનની ચાંદનીનું નામ**
**મુજને ફરી સ્મરણમાં ચડ્યું જિંદગીનું નામ**

પરંપરામાં જે ભાવ છે, ભાષા છે અને રંગ છે તેનો લોકોએ સ્વીકાર કર્યો છે અને તેથી જ પરંપરાના શાયરોના હજારો શેર આજે પણ લોકોના હૈયે અને હોંઠે રમતા રહે છે. હરીન્દ્રનો પરંપરાનાં પ્રતીકો સાથેનો ‘મત્લા’ જોઈએઃ


હરીન્દ્ર દવે

**આમ મન્સૂર અને મજનૂની કથા એક જ છે,**
**વિશ્વથી તૃપ્ત અને તરસ્યાની દશા એક જ છે.**

હરીન્દ્ર કહે છે કે, ‘મન્સૂર પૂર્ણતાના કેફમાં હતા, મજનૂમાં તડપન હતી. તૃપ્તિ અને તરસના આ બંને અંતિમો મને આકર્ષતા રહ્યા છે. મૃત્યુ અને જિંદગીના અંતિમો સાથે પણ નાતો છે અને એથી જ ગવાઈ જાય છેઃ

**મોત મોં ફેરવી જો સામી દિશાએ ચાલે**
**ને મને જિંદગી સાથે કોઈ અંજળ તો નથી.**

હરીન્દ્રને ગઝલનો પરંપરાગત રંગ ગમે છે. એના લયનું સંગીત એમના ચિત્તમાં વસી ગયું છે. ગાલિબ, ઈકબાલ, જિગર, ફિરાક અને ફૈઝ એમના પ્રિય ગઝલકારો હતા.

આપણે હરીન્દ્રની અભિવ્યક્તિની નજાકતની વાત કરતા હતા. ગુજરાતી ગીતનું સ્વરૂપ નાજુક છે. સુરેશ જોષીએ કહ્યું હતું તેમ એ વિચારનો અને ચિંતનનો બોજો સહન કરી ન શકે, કથાનો ભાર ઉપાડી ન શકે. ગીત તો કવિના આગવા મિજાજનું પરિણામ છે. જેને ‘મૂડ’ સાથે નિસ્બત છે. ગીતમાં મિજાજ પ્રસન્નતાનો કે ઉદાસીનો પણ હોઈ શકે. ગીતમાં કોઈકવાર કોઈક પરિસ્થિતિની સંવેદના રણઝણતી હોય છે. કોઈ પણ કવિ જુદો પડે છે અભિવ્યક્તિને કારણે. કવિ નવું કહેવા માટે જાણીતો નથી હોતો પણ નવી રીતે કહેવા માટે જાણીતો હોય છે. ‘તમે યાદ આવ્યા’ એ સંગ્રહના પહેલા કાવ્યની પ્રથમ પંક્તિ જોઈએ તો ખ્યાલ આવશેઃ

**વાદળ વાવ્યાં ને ઊગ્યો અઢળક વરસાદ**
**પછી રાત કે બપોર હતી, યાદ નથી**
**કાળા ડિબાંગ જેવા આકાશે ચળકી એ**
**રૂપેરી કોર હતી, યાદ નથી!**

વાદળને વાવવાની કલ્પના અને અઢળક વરસાદની તાજગી કેટલી બધી છે એ ભાવકને અનુભવવાની વાત છે. હરીન્દ્રની નજાકત માટે આ પંક્તિ જુઓઃ

**પાંદડામાં થોડો થોડો તડકો ભર્યો**
**ને પછી માળામાં પંખીને પાયો**
**આંખ ભલે નીંદરનું વેન લઈ જાગે**
**કે ચાંચમાં ઉજાગરો લપાયો.**

હરીન્દ્ર પ્રેમની પ્રસન્નતાનો અને પ્રેમના વિષાદનો કવિ છે. જગતમાં બે મહાન વિષયો છેઃ મૃત્યુ અને પ્રેમ. કવિ આ બન્ને વિષયોને પોતાની પ્રતિભાના આશ્લેષમાં લે છે. ડાળ પર ફૂલ ફૂટે એટલે સ્વાભિવિકતાથી કવિને ગીતો ઊગે છે. કવિના ગીતમાં ક્યારેક એવો અહેસાસ થાય કે પ્રકૃતિનું વર્ણન છે પણ પ્રકૃતિનું વર્ણન તો ઉપાદાન સામગ્રી છે.

એમના ગીતતા વહેતા લયમાં પ્રેમનો ધબકારો અનુભવી શકાય છે. અહીં વરસાદના પણ અઢળક કાવ્યો છે. પ્રકૃતિ કાવ્ય તરીકે એ બધ્ધાં કાવ્યોને મૂલવવા જઈએ તો વિવેચક તરીકે ભોંઠા પડીએ. એ વરસાદની પાછળ પ્રિય વ્યક્તિનું અને પ્રિય વ્યક્તિ માટેનું વહાલ-હેત પણ નીતરતું હોય છે. કેટલીક કલ્પનાઓ આપણને તાત્કાલિક સ્પર્શી જાય છેઃ

**વીજળી લખે છે કંકોતરી**
**કે મેઘરાજા આવો, આવો ને મારે આંગણે!**
**શણગારી આભની અટારી પૂરા કોડથી,**
**થોડાઘણા તારા ઝળકે છે મારા મોડથી,**
**હૈડું વાદળમાં દીધું કોતરી**
**ઓ મેઘરાજા**
**આવો, આવો ને મારે આંગણે**

આપણા મોટાભાગના કવિઓના લોકગીતના લય અને લહેકા જોવા મળે છે. પ્રત્યેક કવિ પોતાની આ પરંપરાનો ઋણી હોય છે. પણ દરેક નવો કવિ એ ઋણને પોતાની રીતે ચૂકવી દેતો હોય છે. હરીન્દ્રનાં ગીતોમાં પણ તળપદાં ગીતોનો લય અને લહેકાઓ જોઈ શકાય છે.

**શગને સંકોરી શિરે ગરબો મૂકું**
**ને જ્યોત ઘૂમી રહે છે તેજ રાત્રે**
**વાંસળીને સૂર મારા ઝમકે નેપુર**
**સર પ્રજળે ને માંહી લેહ લાગે**
**ખાલી ગાગર લઈ હું પાછી આવી છું, માડી**
**આંખડીમાં દરિયો જો જાગે**

હરીન્દ્રની કવિતા સાથે રાધા અને કૃષ્ણ તો જાણે કે પોતાના હક્કદાવે સંકળાયેલા છે. કૃષ્ણને દ્વારકાના મહેલમાં અધરાતે રાધાની યાદ સતાવે છે એ કલ્પના જ સાવ નવી છે અને હરીન્દ્ર એ કલ્પનાને કેવી રીતે શબ્દોમાં મૂકે છે એ જાણવું અને માણવું જરૂરી છે.

**અધરાતે મધરાતે દ્વારકાના મહેલ મહીં**
**રાધાનું નામ યાદ આવ્યું**
**રુકમણિની સોડ તજી ચાલ્યા માધવ**
**બંધ દરવાજે ભાન ફરી આવ્યું...**
**કેદ આ અજાણી દીવાલોમાં, જાણીતી**
**કુંજગલીઃ કેમ કરી જાવું?**

હરીન્દ્રના ગીત અને ગઝલમાં સામ્ય હોય તો એ છે વેદનાનું. આપણે આગલા સપ્તાહે આ વાત આગળ વધારીશું.

ક્રમશઃ ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# મદદરૂપ થવાની ભાવના દર્શાવી હોય એવાની કદર કરવી જોઈએ...

તાજેતરમાં અંતિમ ધ્રુવ પર કહી શકાય એવા બે અનુભવ થયા. થોડા દિવસો પહેલાં મારે મુંબઈથી અમદાવાદની ફ્લાઇટમાં જવાનું હતું. હું ઍરપોર્ટ પર ટર્મિનલ-વનમાં પહોંચ્યો. કાઉન્ટર પરથી બોર્ડિંગ પાસ લઈ લીધો, મારી બૅગ લગેજમાં આપીને કાઉન્ટર પરથી સિક્યુરિટી ચેક માટે જવા આગળ વધ્યો ત્યારે તે કાઉન્ટર પર જવા માટેની લાંબી લાઈનમાં બોર્ડિંગ પાસ લેવા અને લગેજ આપવા માટે ઊભેલો એક પ્રવાસી તે ઍરલાઇન્સના એક કર્મચારીને વિનંતી કરી રહ્યો હતો કે ‘લાઇન ખૂબ લાંબી છે અને મારો વારો આવશે ત્યાં સુધીમાં મોડું થઈ જશે. તમે સ્પેશ્યલ કેસમાં મને કાઉન્ટર પર વહેલો પહોંચાડી દો, પ્લીઝ.’

પેલા કર્મચારીએ તોછડાઈથી જવાબ આપ્યો : ‘તો તમારે વહેલા આવવું હતું ને?’

પેલા પ્રવાસીએ કહ્યું, ‘હું દોઢ કલાક વહેલો તો આવ્યો જ છું, પણ આ લાઇન એટલી લાંબી છે કે હું કાઉન્ટર પર પહોંચીશ ત્યાં ખાસ્સો સમય વીતી જશે. પ્લીઝ મને સહકાર આપો અને મને કાઉન્ટર પર વહેલો પહોંચાડી દો.’

સામાન્ય રીતે કોઈ મિલનસાર સ્વભાવનો અને મદદરૂપ થવાની ભાવનાવાળો કર્મચારી હોત તો તે તેને કાઉન્ટર પર લઈ જઈ શક્યો હોત, પરંતુ તે જડબુદ્ધિના કર્મચારીએ તેને કહ્યું, ‘હું કંઈ નહીં કરી શકું. તમે લાઇનમાં ઊભા રહો.’

પેલા પ્રવાસીએ ફરી એક વાર વિનંતી કરી, ‘ભાઈસાહેબ, હું ઑલરેડી દોઢ કલાક વહેલો તો આવ્યો છું, પણ બપોરના સમયે આટલી લાંબી લાઇન હશે એની મને કલ્પના નહોતી. અને હું ઑલરેડી વીસ મિનિટથી વધુ સમયથી લાઈનમાં ઊભો છું. વળી, આટલી લાંબી લાઇન છે છતાં તમારાં બે કાઉન્ટર બંધ છે તમે એ કાઉન્ટર શરૂ કરાવોને, પ્લીઝ.’

પેલા કર્મચારીએ કહ્યું, ‘અમારે શું કરવું એ તમે કહેશો?’

એની આવી આડોડાઈ જોઈને મને થયું કે આવા માણસો પૃથ્વી પર આવ્યા જ ન હોત તો કેટલું સારું થાત! પેલો પ્રવાસી અત્યંત ઉચાટભર્યા ચહેરે લાઇનમાં ઊભો રહ્યો.

મેં પેલા ઉદ્ધત કર્મચારીને સમજાવવાની કોશિશ કરી જોઈ કે તમારે તેને સહકાર આપવો જોઈએ.’ તો તેણે મારી સામે એ રીતે જોયું જાણે હું તેનો પરભવનો વેરી હોઉં! તે કર્મચારીએ પેલા પ્રવાસીને ધરાર લાઇનમાં ઊભો રાખ્યો અને સંભવતઃ તે પ્રવાસી તેની ફ્લાઇટ ચૂકી ગયો હશે.




બીજો અનુભવ અમદાવાદ ઍરપોર્ટ પર થયો. વિદેશથી આવેલા એક મિત્ર સાથે મારે અમદાવાદથી મુંબઈની ફ્લાઇટ પકડવાની હતી. અમે મોરબી એક કાર્યક્રમમાં હાજરી આપીને અમદાવાદ જવા નીકળ્યા, પરંતુ સાંજના સમયે અણધાર્યો ટ્રાફિક મળ્યો અને અમે અમદાવાદ શહેરની બહાર જ દોઢ કલાકથી વધુ સમય ટ્રાફિકમાં ફસાઈ ગયા. અમને એમ હતું કે અમારી પાસે પૂરતો સમય છે એટલે વેબચેકિંગ નહોતું કરાવ્યું. વળી, અમારી બૅગ પણ લગેજમાં આપવાની હતી એટલે આમ પણ કાઉન્ટર પર જવાનું જ હતું. તો અમે ૩૫ મિનિટ પહેલાં કાઉન્ટર પર પહોંચી શક્યા.

અમે એક કાઉન્ટર નજીક ધસી ગયા અને ત્યાં બેઠેલા યુવાનને કહ્યું કે ‘સૉરી, અમે મોડા છીએ, પરંતુ અમારે મુંબઈ પહોંચવાનું જરૂરી છે. તો તમે શક્ય હોય તો અમને મદદ કરો અને અમને બોર્ડિંગ પાસ આપો.’

તે યુવાને અમારી સામે અણગમાથી જોતાં કહ્યું ‘તો સમય પર આવવું હતું ને!’

અમે કહ્યું, ‘અમે ટ્રાફિકને કારણે મોડા પડ્યા છીએ નહીં તો અમે ઓછામાં ઓછા દોઢ કલાક વહેલા આવી ગયા હોત.’

તેણે કહ્યું, ‘ટ્રાફિક તો બધાને લાગતો હોય છે.’

મારા બિઝનેસમૅન મિત્ર તેની સાથે દલીલ કરતા હતા. એ વખતે બાજુના કાઉન્ટર પર એક યુવતી બેઠી હતી, હું ત્યાં ગયો. સદ્નસીબે ત્યારે ત્યાં લાઈન નહોતી. મેં તેને વિનંતી કરી, ‘વાંક અમારો છે અમે મોડા છીએ, પણ તમે કોશિશ કરો. જો અમને બોર્ડિંગ પાસ આપી શકો તો અમે આભારી થઈશું.’

તે યુવતીના ચહેરા પર સ્મિત ફરકતું હતું. તેણે કહ્યું, ‘હું સિસ્ટમ બંધ ન થઈ ગઈ હોય તો કોશિશ કરું છું, સર.’ અને તેણે કહ્યું કે ‘આમ તો ૪૫ મિનિટ પહેલાં સિસ્ટમ બંધ થઈ જાય, પરંતુ તમારા સદ્નસીબે હજી સિસ્ટમ બંધ થઈ નથી.’

તેણે ફટાફટ મારો મોબાઇલ ફોન હાથમાં લીધો. ટિકિટ અને પીએનઆર નંબર જોયો. મારું આધારકાર્ડ જોયું અને હસતાં ચહેરે અમારા બોર્ડિંગ પાસ બનાવી આપ્યા. અમે તેનો આભાર માન્યો તો તેણે કહ્યું, ‘અરે! ઇટ વૉઝ માય ડ્યુટી.’

અમે દોડીને ગેટ પર ગયા તો ત્યાં એનાઉસમેન્ટ થઈ રહ્યું હતું કે ‘મુંબઈ જતી ફ્લાઇટ એક કલાક મોડી ઊપડશે.’

ફ્લાઇટ મોડી હતી, પણ એમ છતાં અમને બોર્ડિંગ પાસ ન મળ્યો હોત તો અમે એ ફ્લાઇટ પકડી ન શક્યા હોત, પણ પેલી હસમુખી અને મદદરૂપ થવાની ભાવનાવાળી યુવતીએ અમને મદદ કરી એટલે અમે મુંબઈ પહોંચી શક્યા.

જે લોકો યંત્રવત્ કામ કરતા હોય, ચહેરા પર દુનિયાભરનો ભાર લઈને ફરતા હોય એવા લોકો મોટેભાગે આ પૃથ્વી પર બોજરૂપ જસાબિત થતા હોય છે. કમનસીબે દુનિયામાં એવા લોકોની બહુમતી છે, પણ હજી ઘણા માણસો એવા મળી જાય છે જે ખારા રણમાં મીઠી વીરડી સમા હોય છે. હવે જેમનામાં મદદરૂપ થવાની ભાવના હોય કે એવા માણસો ઘટતા જાય છે. આવા માણસોને ’થૅન્ક યુ’ કહેશો તોય તેમને સારું લાગશે.

જે માણસોએ તમને મદદ કરી હોય કે મદદરૂપ થવાની ભાવના બતાવી હોય એવા માણસોની કદર કરવી જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# એક અદૃશ્ય અમીરીઃ સારા કર્મનું માઈલેજ વધારે મળે!

**ટાઇટલ્સઃ**

**સલાહ ને સ્નેહ આપવામાં જ મજા છે. (છેલવાણી)**

કલકત્તાનો એક રિક્ષાવાળો રોજ ફક્ત ૨ રૂ. બચાવતો ને ૨૦ વર્ષ પછી પૂરગ્રસ્તો માટે ૫૦,૦૦૦ દાનમાં આપ્યા! એક પત્રકારે પૂછ્યુંઃ ‘તમને આવું કરવાનું કેમ સુઝ્યું?’

રિક્ષાવાળાએ કહ્યુંઃ ‘કારણ કે ભૂખ શું હોય છે, એ મને ખબર છે.’

તો મહારાષ્ટ્રના નિવૃત્ત પોસ્ટમેને પોતાની મરણમૂડી જેવી પ્રોવિડંટ ફંડની રકમ ગામમાં શાળા બનાવવા દાનમાં આપી દીધી. કોઈએ પૂછ્યું, ‘તમે નિવૃત્તિ સમયે આટલું બધું દાન કેમ આપ્યું?’


‘હું જિંદગીભર પત્રો વહેંચતો રહ્યો. હવે ભવિષ્ય વહેંચું છું.’ પોસ્ટમેને હસીને કહ્યું.

..,,અને મુંબઈનો એક ટેક્સીવાળો દરરોજ ભૂલાઈ ગયેલા મોબાઇલ, પર્સ ને દસ્તાવેજો મુસાફરોને શોધી શોધીને પરત આપવા જાય છે. આની પાછળ એનો અદ્ભુત તર્ક છેઃ

સારા કર્મનું માઈલેજ વધારે મળે છે!

ચલો, આ બધા નાના લોકો છે, જેનું મોટું દિલ છે, પણ મોટે ભાગે પૈસાવાળા દાતાઓ પોતાના નામની તક્તી સ્મશાનની બેંચ પર પણ મૂકવાનું ભૂલતા નથી જ્યાં રોજ અનેક લોકો ધુમાડો બનીને વિસરાઇ જાય છે. ભાગ્યે જ દાતાઓ યશ કે પુણ્યની લાલસા વિના આપી શકે છે, પણ એક એવા અબજોપતિની વાત હમણાં જાણી કે જે જગભરના મહાન દાતાઓના ઇતિહાસમાં સાવ અદૃશ્ય છે!

એક એવો અબજોપતિ જે ગગનચુંબી ઇમારત ખરીદી શકે એ ભાડાના એપાર્ટમેન્ટમાં રહેતા, પોતાનો સામાન પ્લાસ્ટિક બેગમાં રાખતો, મોંઘી ગાડીઓ ખરીદી શકવા છતાં એની પાસે એક કાર પણ નહોતી. માત્ર ૧૦૦૦-૧૫૦૦ રૂપિયાની મામૂલી ઘડિયાળ પહેરતા. બિઝનેસ મુસાફરીમાં દસ્તાવેજો બ્રીફકેસને બદલે પ્લાસ્ટિકની શોપિંગ બેગમાં રાખતા. એ મહાન વ્યક્તિ ‘ચક ફીને’ હતા.



અનોખો દાનવીર ચક ફીને

ચક ફીને ૧૯૮૦ના દાયકામાં વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓમાંના એક હતા. જગતભરના એરપોર્ટ પર ડ્યૂટી ફ્રી સામાનની દુકાનોના સહ-સંસ્થાપક હતા. ૧૯૮૨માં એમણે ‘એટલાન્ટિક ફિલાન્થ્રોપીઝ’ નામના સખાવતી ફાઉંડેશનની સ્થાપના કરી. ૧૯૮૪માં, એમણે જીવતે જીવત ધંધામાંથી અબજો ડૉલરનો હિસ્સો ફાઉંડેશનને દાનમાં આપી દીધો!

આપણે ત્યાં દરેક ધર્મમાં અપરિગ્રહ કે ત્યાગ, ભલાઇ કે સદકાર્યની વાતો બહુ થાય છે, પણ પૈસો છૂટતો નથી. ચક ફીનીએ ચાર દાયકાઓ દુનિયાભરમાં લગભગ ૮૦૦ કરોડથી વધુનું દાન આપ્યું. યુનિવર્સિટીઓને ભંડોળ આપ્યું જેથી સામાન્ય વિદ્યાર્થીઓ પણ ભણી શકે. એવા દેશોમાં હોસ્પિટલો બનાવી જ્યાં ચારેકોર ગરીબી ને ભૂખમરો હતો. મેડિકલ સંશોધનમાં દાન આપ્યું, જેનાથી લાખોના જીવ બચ્યા. વિયેતનામથી લઇને દક્ષિણ આફ્રિકા સુધી માનવઅધિકારો માટે ધંધાના ભોગે અમેરિકન સરકાર સામે લડત પણ કરી.

**ઇન્ટરવલઃ**

**યે દુનિયા અગર મિલ ભી જાયે તો ક્યા હૈ? (સાહિર)**

એક દાતાએ કહ્યુંઃ ‘મેં મારી અડધી સંપત્તિ દાનમાં આપી દીધી.’

‘કેમ?’

‘કારણ કે બાકીની સંપત્તિ તો મારો અહંકાર હતીને?’

ચક ફીનેએ આ ત્યાગના અહંકાર પર વિજય મેળવેલો. લગભગ ૧૫ વર્ષ સુધી આટલું બધું ગુપ્ત દાન કર્યું. કરોડનું ડોનેશન મેળવતી યુનિવર્સિટીઓને ખબર નહોતી કે પૈસા ક્યાંથી આવે છે. જગતના સૌથી મોટા દાતા વિશે વિશ્વને એમના અસ્તિત્વનો કોઈ ખ્યાલ નહોતો કારણકે હોસ્પિટલ કે કોલેજ ક્યાંય ચકના નામની તકતીઓ નહોતી.

એકવાર ચક એક યુનિવર્સિટીમાં ગયા, જેમાં લાખોનું દાન કર્યું હતું. એમણે બાથરૂમ જવું હતું એટલે એમણે સ્ટાફને પૂછ્યું તો એણે પબ્લિક ટોઇલેટ દેખાડ્યું. ચક, ચૂપચાપ પબ્લિક ટોઇલેટનો ઉપયોગ કરીને બહાર નીકળી ગયા. ધારત તો પ્રાઇવેટ ટોઇલેટની માંગ કરી શક્યા હોત, પણ ચક માટે અબજોપતિ હોવું એ અભિમાન કે સ્વાર્થ નહીં પણ માત્ર જવાબદારી હતી.

છેક ૧૯૯૭માં ચકની ઇચ્છા વિરુદ્ધ એમની ઓળખ જાહેર થઈ. લોકોને નવાઈ લાગી કે કોઈ માણસ અબજો રૂપિયા દાન કેવી રીતે આપી શકે ને પૈસા હોવા છતાં આટલું સાધારણ જીવન કેવી રીતે જીવી શકે? ચક બહુ પહેલાં એક એવી વાત સમજી ચૂકેલા કે સંપત્તિ એ નથી કે તમે શું સંઘરી રાખો છો પણ તમે જીવતા હો ત્યારે તમે એનું શું કરો છો જેથી અસર જોવા મળે. ‘Giving while living’ એટલે કે જીવતા હોઈએ ત્યારે જ દાન આપવું. પુણ્યની લાલચમાં કે સ્વર્ગના ખ્વાબમાં તમે મૃત્યુ પામો ત્યાં સુધી કેમ રાહ જોવાની? ચકની ફિલસૂફીએ દાન કે પરોપકારની વિચારધારા સાવ બદલી નાખી. ચક ફીનેના આવા અભિગમથી અન્ય એક અબજપતિ બિલ ગેટ્સ બદલાયા. બીજા એક અબજપતિ વોરેન બફેટે એમને હીરો કહ્યા.

એ બધાએ ચક સાથે મળીને ‘ગિવિંગ પ્લેજ’ નામે ભંડોળ શરૂ કર્યું. આજે ૨૪૦થી વધુ અબજોપતિઓ એમાં શામિલ છે. એક વિચાર, એક માણસનો ત્યાગ અનેક અબજોપતિના ઇગોને ઓગાળી શકે છે!

૨૦૨૦ સુધીમાં ચકના એટલાન્ટિક ફિલાન્થ્રોપીઝ ફાઉંડેશને ડોનેશન લેવાનું બંધ કરી દીધું. ફાઉન્ડેશને ભેગા કરેલા એક એક પૈસો ખર્ચ કરી નાખ્યો ને મિશન પૂરું થયું. ચક ફીનેએ પોતાના માટે ૨૦ લાખ ડૉલર રાખ્યા, જે એમની પત્ની હેલ્ગા સાથે જીવવા માટે પૂરતા હતા. અબજોપતિમાંથી મધ્યમ વર્ગના નિવૃત્ત લોકો કરતાંયે ઓછા પૈસા સાથે અંત સુધી જીવ્યા. ચકની એક જ ફિલોસોફીઃ ‘તમારે તમારી સંપત્તિનો ઉપયોગ લોકોને મદદ કરવા માટે કરવો જોઈએ’ ચક ફીનેએ સાબિત કર્યું કે વારસો છોડવા માટે તમારે સ્મારકોની જરૂર નથી. દુનિયા બદલવા માટે તમારા નામવાળી ઇમારતોની જરૂર નથી. માત્ર ઉદારતાથી આપવાની ને નમ્રતાથી જીવવાની વાત છે.

ઓક્ટોબર ૨૦૨૩માં ચક ફીનેનું ૯૨ વરસે અવસાન થયું. ત્યાં સુધી એમણે ડોનેશન આપેલી યુનિવર્સિટીઓમાંથી અનેક વિદ્યાર્થીઓ સ્નાતક થતા જોયા. પોતાની હોસ્પિટલોમાં લાખો દર્દીઓને સ્વસ્થ થતા જોયા. આજે એ ગુમનામ દાતા ચક ફીનેના માન-સન્માનનું સ્મારક કે તક્તી લાખો લોકોના દિલમાં વસે છે.

**ઍંડ ટાઇટલ્સઃ**

આદમઃ તું ગુપ્ત દાનમાં માને?

ઇવઃ તને દિલ આપ્યા બાદ ખાસ! ■






# બધુ સંતાનો માટે તો પોતાના માટે શું?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

**સિત્તેરે** પહોંચેલાં પદ્માબહેનનું મન જરા ભારે હતું આજે. દીકરા કુશલ સાથે વકીલ પાસે વસિયત લખાવા જવાનું હતું.

પતિ મહિપતરાયના અવસાન બાદ પદ્માબહેને ઘર, પરિવાર અને બિઝનેસનો વહીવટ ખૂબ કુશળતાથી સંભાળ્યો હતો. એમના દીકરા કુશલ અને દીકરી સ્નેહા વચ્ચે ક્યારેય કોઈ મતભેદ પણ નહોતો થયો. સ્નેહા નાની બહેન, એટલે એના માટે ભાઈ જે કહે એ જ બરાબર. છેલ્લાં બે વર્ષથી પદ્માબહેન વસિયત લખવાનું ટાળતાં હતાં. એમણે કુશલ અને સ્નેહાને મોઢે કહી જ રાખ્યું હતું કે કોને ભાગે શું આવશે. તેમ છતાં એમના ગયા પછી સંતાનોને કોઈ કાયદાકીય તકલીફ ના પડે એટલે એમને વસિયતનામું બનાવડાવવું હતું. દીકરા સાથે એ વકીલની ઑફિસે પહોંચ્યાં. કુશલની સામે જ એમણે વકીલને વસિયતનામું બનાવવાનું કહેતાં એમણે જીવતે જીવ પોતાના માટે કંઈ જ ના રાખી બંને સંતાનો વચ્ચે જમીન, મકાન, દાગીના, બિઝનેસ બધું જ વહેંચી દેવાનો નિર્ણય જાહેર કર્યો. કુશલ અને વકીલ બંનેને ખૂબ આશ્ચર્ય થયું.

વકીલ એમના ફૅમિલી ફ્રેન્ડ હોવાથી એ દિવસે પદ્માબહેનને બહાનું કાઢી પાછાં મોકલ્યાં અને બે દિવસ પછી કોઈને સાથે લીધા વિના આવવા જણાવ્યું.

બે દિવસ પછી પદ્માબહેન એકલાં વકીલ પાસે ગયાં. વકીલે પદ્માબહેનને પોતાના માટે કંઈ જ ના રાખી બધું જ અત્યારથી સંતાનોને નામે કરી દેવાનું કારણ પૂછ્યું. પદ્માબહેને કહ્યું કે એમને પોતાનાં સંતાનો પર પૂરો વિશ્વાસ છે કે એમનાં બંને સંતાનો એમને છેક સુધી પ્રેમથી સાચવશે. વકીલે આડકતરી રીતે ધ્યાન દોરી જોયું, પણ પછી વધુ દલીલ ના કરતાં પદ્માબહેને કહ્યું એ મુજબ કાગળિયા તૈયાર કરાવ્યા અને પદ્માબહેનની સહીઓ લીધી. કાગળિયા રજિસ્ટર કરાવવાની તારીખ એક દિવસ પછીની મળી હતી. પદ્માબહેન ઘેર ગયાં. ત્યાં જ એમની બહેનનો ફોન આવ્યો કે એમને તાત્કાલિક બે લાખ રૂપિયાની જરૂર છે. પદ્માબહેને મદદ કરવાની હા પાડી અને એમની પાસે એ સમયે સગવડ ના હોવાથી દીકરા કુશલને કહ્યું કે માસીને બે લાખ રૂપિયા પહોંચાડી દે. કુશલે બે લાખ આપવા માટે બાર સવાલ પૂછ્યા અને છેવટે આટલા રૂપિયાની મદદ કરવાની જરૂર નથી કહીને ના પાડી. પદ્માબહેન સ્તબ્ધ થઈ ગયાં, પણ એ સમયે કડવો ઘૂંટડો ગળી ગયાં. એ જ રાત્રે સ્નેહા મળવા આવી. એમણે સ્નેહાને બે લાખ રૂપિયાની વાત કરી તો સ્નેહાએ પણ કુશલનો જ સાથ આપ્યો. આ એક અનુભવે જ પદ્માબહેન વકીલની વાત સમજી રહ્યાં હતાં.

પદ્માબહેનને શરૂઆતના એ દિવસો યાદ આવી ગયા જ્યારે બાળકોની જરૂરિયાત અને સગવડ સાચવવા કેવા મહિપતરાય અને એ પોતે પોતાની ઇચ્છાઓની અવગણના કરતાં હતાં. બાળકોને સારામાં સારી શાળામાં ભણાવવા માટે એમણે પોતાની એફડી તોડી હતી. શાળાના પ્રવાસ માટે દિવાળી અને રક્ષાબંધનના બચાવેલા રૂપિયા આપી પૈસા ભર્યા હતા. જેમ-જેમ ધંધો વિકસતો ગયો એમ-એમ પદ્માબહેનનો આપવામાં હાથ પણ મોટો થતો ગયો. બાળકોને કોઈ વાતે ઓછું નહીં આવવા દેવાનું એ એમનો જીવનમંત્ર બની ગયો હતો. છેવટે સ્નેહાનાં લગ્ન સમયે પદ્માબહેને એમની નાનીની એકમાત્ર યાદગીરી સમો સોનાનો ચંદનહાર પણ હોંશે હોંશે સ્નેહાને આપી દીધો હતો, પણ આજે કુશલ અને સ્નેહાના વર્તને એમને હચમચાવી મૂક્યાં હતાં. એમણે તરત જ વકીલને ફોન કરીને જાણ કરી કે સહી કરેલા કાગળિયા આગળ રજિસ્ટ્રેશન માટે ના મોકલે. એ હાલ સંપત્તિ વહેંચવાને બદલે પોતાનું નવું જ વસિયતનામું બનાવવા માગે છે...

આ વાત એકલાં પદ્માબહેનની નથી. આપણા સમાજનાં મોટા ભાગનાં માતા-પિતાની છે. એ પોતાના નિર્ણયો કદાચ વસિયત સુધી પણ નથી પહોંચવા દેતાં. બાળક જન્મે ત્યારથી બસ એનાં સુખ સગવડ અને સાહેબીનું જ વિચારવાનું.

પોતાની જરૂરિયાતો પર કાપ મૂકીને બાળકોની ઇચ્છા પૂરી કરવાની અને એમનાં સપનાં પૂરાં કરવા માટે વધુ ને વધુ મહેનત કરવાની. બાળકોને ઉછેરવામાં મા-બાપ પોતાની ઇચ્છાઓ, મર્યાદાઓ, આવડત, ક્ષમતા બધું જ ભૂલી જાય છે.

પોતે જો એક રૂપિયો કમાય તો એ પોતાની જાત પર ના ખર્ચતાં બાળકો પર બધું જ ન્યોછાવર કરી દે છે. કદાચ પોતાના ઘડપણ માટે જમા રાખેલી બચત પણ આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન તે ભૂલી જાય છે કે એમને પણ આ બચત કામ લાગી શકે. તે ક્યાંક ને ક્યાંક ભૂલી જાય છે કે જીવતે જીવ જો બધું દીકરા-દીકરી માટે તો પોતાનાંમાટે શું? માતા-પિતા આજીવન બચત કરીને, રોકાણો કરીને બાળકો માટે બધું ભેગું કરે છે. બાળકોના ભવિષ્યની સલામતી માટે પોતાના વર્તમાનનો ભોગ આપે છે. પોતે કમાયેલું બાળકોને વાપરવા માટે રાખે છે. સામે પોતાની મહેનતનો રૂપિયો ખરે સમયે જરૂર પડે ત્યારે ખુદ પોતે ભોગવી પણ શકતાં નથી.

જોકે હવે પેઢી બદલાતાં આ માનસિકતાનાં ધોરણો ધીમ-ધીમે બદલાઈ રહ્યાં હોય એમ લાગે છે. જે મા-બાપ માત્ર સંતાનો માટે જીવતાં હતાં એ હવે પોતાની જાતને પણ પ્રાથમિકતા આપી રહ્યાં છે. સંતાનોના સારા ઉછેરની સાથે પોતાનાં સપનાં પણ પૂરાં કરવા પ્રયત્ન કરી રહ્યાં છે. સાથે સંતાનોને એટલા સક્ષમ બનાવે છે કે જેથી સંતાનોને પગભર થવા કરવી પડતી મહેનતની કિંમત થાય. મા-બાપ સમજે છે કે સંતાનોની સાથે એમની ઉંમર પણ વધી રહી છે.

જીવનનું કેન્દ્ર બિંદુ ફક્ત સંતાનો હશે તો પોતે પોતાની મરજીનું જીવન ક્યારે જીવશે!? જરૂરી નથી કે ઘડપણમાં બાળકો ના સાચવે પણ શક્ય હોય ત્યાં પોતાના માટે પણ રૂપિયા વાપરવાની આદત રાખવી સારી છે. સંતાનોનું ભવિષ્ય સુરક્ષિત કરવા માટે પોતે કંજૂસીની હદે કરકસર કરવી કેટલી હદે યોગ્ય ગણાય એ જ વિચારવું રહ્યું.

આ વિશે બોલો, તમે શું કહો છો? ■

# ‘ઇન્સ્ટાગ્રામ’ને રી-સેટ કરો ને કૉન્ટેન્ટનું વૈવિધ્ય માણો

## એક જ વિષયના બહુવિધ ફોટો-વીડિયો જોવા કરતાં આખો વિષય જ બદલી દો...

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

**સોશ્યલ** મીડિયા પર દરરોજ નવું-નવું પોસ્ટ થતું રહે છે. પહેલીવાર જ્યારે સોશ્યલ મીડિયા પર ખાતું ખોલાવ્યું એ સમયે પહેલી ફીડ-ફોટો કે કૉન્ટેન્ટ શું હતું એ કોઈને યાદ નહીં હોય. એ પછી દરેકે પોતાની પસંદ અનુસાર કૉન્ટેન્ટ જોવા માટે કંઈક તો સર્ચ કર્યું હશે. જે વૉલ પર કે સ્ક્રીન પર દેખાયું એને લાઇક કર્યું હશે અથવા કૉમેન્ટ કરી હશે. આમ દરેકના મોબાઇલમાં કે સોશ્યલ મીડિયામાં સૌથી વધારે જુદી પડતી વસ્તુ કોઈ હોય તો એ કૉન્ટેન્ટ છે, જે તે એકાઉન્ટથી કોને ફૉલો કરો છો અને કોને લાઇક્સ કે કૉમેન્ટ કરો છો એના ઉપર પણ સતત આવતા કૉન્ટેન્ટનો આધાર રહેલો હોય છે, જેમ કે ટ્રાવેલ્સ ડેસ્ટિનેશન, સિટી સ્ટોરીઝ, દેશ-વિદેશના ફૂડવ્લૉગર્સ, હેલ્પફુલ ટિપ્સ, સામાન્ય જ્ઞાન વગેરે વગેરે. આ પ્રકારના સતત અને સખત રીતે સ્ક્રીન પર ઠલવાતા કૉન્ટેન્ટને બદલી શકાય છે. આવા એકના એક વિષયોથી સમય જતા કંટાળો આવી જાય.

એમેઝોનની નદી જેવા વિશાળ અને વૈવિધ્યથી ભરપૂર એવી કૉન્ટેન્ટ સામગ્રીને યાદ રાખવી શક્ય નથી અને એક દિવસમાં એને બદલવી પણ શક્ય નથી. ઇન્સ્ટાગ્રામ પર રી-સેટ કરવાથી પ્રોફાઇલ પિક્ચર કે હોમ સ્ક્રીન તદ્દન નવી થઈ જશે એવું પણ થવાનું નથી. ઇન્સ્ટાગ્રામ પર તેને બદલવાની પ્રક્રિયા થોડી ટેક્નિકલ છે અને થોડો સમય માગી લે એવી છે. ઇન્સ્ટાગ્રામ રી-સેટ એટલે બધું એકડે એકથી આવશે એવું બિલકુલ નથી. બધું જ નવું દેખાશે એવું પણ નથી, પણ આ ધીમે-ધીમે વિષયોને બદલતી કૉન્ટેન્ટ સામગ્રી છે. દુનિયાભરની વેબસાઇટ અને સોશ્યલ મીડિયા અકાઉન્ટ પર, પેજ પર રહેલા લોકોને પોતાનું કૉન્ટેન્ટ બતાવવું છે અને યુઝર્સ પાસે કસ્ટમાઇઝથી લઈને આવા વિષય પસંદ કરવા સુધીનો ઑપ્શન છે. કૉન્ટેન્ટનો ઢગલો અને ગમતા વિષયો ખરા પણ ત્યારે પસંદગીમાં માથું ખંજવાળવું પડે.



રી-સેટ કરતાં પહેલાં એ વાત સમજવી અને સ્વીકારવી પડે કે ઇન્સ્ટાગ્રામ યુઝરે સર્ચ કરેલા વિષયની સામગ્રી સૌથી વધારે જે તે એકાઉન્ટની સ્ક્રીન પર ઠલવે છે. આની પાછળ એક અલ્ગોરિધમ કામ કરે છે પછી જે તે ફોટો, વીડિયો કે પોસ્ટને લાઇક્સ કે કૉમેન્ટ કરી હોય એવા વિષયનો રીતસર મારો જે તે એકાઉન્ટમાં ફેંકે છે. આ પ્રવૃત્તિને કંટ્રોલ કરાવાનું કામ એટલે રી-સેટ. ગેરલાભ ક્યારેક એ થાય કે સતત એક જ પ્રકારના કૉન્ટન્ટેથી સ્ક્રીન ભરાઈ જાય અને બોર થઈ જવાય. આ માટે ઇન્સ્ટાગ્રામના પ્રોફાઇલ પેજ પર જઈ, સેટિંગમાં જઈ કૉન્ટેન્ટ પ્રેફરન્સિસમાં જવાનું છે, ત્યાં રીસેટ સજેસ્ટેડ કૉન્ટેન્ટ દેખાશે. આનાથી જૂનું પર્સનલાઇઝેશન ભૂંસાઈ જશે. પછી નવું શરૂ થશે. રી-સેટ કરતા પહેલા જે એકાઉન્ટ કે પેજને ફોલો કરતા હશો એનો રીવ્યૂ પણ કરી શકાશે.

હવે જે એકાઉન્ટ કે પેજના કોન્ટેટથી કંટાળ્યા હોવ એને અહીંયાથી અનફોલો કરી દો. રી-સેટ કરતા પહેલા તે પૂછશે કે નવું અને ફ્રેશ કૉન્ટેન્ટ જોવાનું શરૂ કરવું છે? યોગ્ય વિકલ્પની પસંદગી બાદ જ સ્ક્રીન નવી દેખાશે.

આના પરથી એ નક્કી કરી શકાશે કે ક્યા પ્રકારનું કૉન્ટેન્ટ વધુ જોવા માગીએ છીએ. ગમતા વિષયની વાત હોય ત્યાં આપણે એકસાથે ઘણાં બધાં પેજ ફૉલો કરી દઈએ છીએ. આના કારણે સ્ક્રીન પર વિષયોની ભેળ પીરસાતી હોય એવું લાગ્યા કરે. આ માટે રી-સેટ કરવાની જરૂર પડે. આ રી-સેટ કરવાથી અત્યાર સુધી જે લાઈક્સ, કૉમેન્ટ અને સજેસ્ટ કરેલા કૉન્ટેન્ટની જે યાદી છે ઇન્સ્ટાગ્રામની લોકલ મેમરીમાંથી ભૂંસાઈ જાય છે અને નવી યાદી તૈયાર થાય છે. આવું કરવાથી યુઝરે કરેલી પોસ્ટ, કોલાબ કે રીલ્સમાં કંઈ ફેર પડતો નથી કારણ કે આ સેટિંગ હોમ સ્ક્રીન પર કામ કરે છે પ્રોફાઈલ પર નહીં.

આ ઉપરાંત ઇન્સ્ટાગ્રામે વધુ એક ઑપ્શન શરૂ કર્યો છે : ‘ઈન્ટ્રેસ્ટ,’ આનાથી જે વિષયમાં રસ હોય એને ફૉલો કર્યા વગર જસ્ટ એના પેજ પર આંટો મારી આવો. ઓટોમૅટિક એ વિષય તમારી સ્ક્રીન સુધી પહોંચી જશે. હા, જરૂરી અને લાઇવ અપડેટ્સ માટે એને ફૉલો કરવું અનિવાર્ય છે. આ સિવાય આ સેટિંગમાં ન પડવું હોય તો હોમ સ્કિન પર આવતા કૉન્ટેન્ટને એક દિવસ પૂરતું નિરીક્ષણ કરો. એ પછી ડાયરેક્ટ એ પેજ પર જઈને અનફૉલો કરી દો અથવા એ કૉન્ટેન્ટને ઝડપથી સ્કિપ કરવાનું ચાલુ કરી દો. આનાથી સ્કિપિંગે રેશિયો વધશે તો એ સામગ્રી સ્ક્રીન પરથી ખસી જશે. ■

**આઉટ ઑફ બૉક્સ**

*ફેસબુકની વીડિયો ગૅલેરીમાં ગમતા વીડિયોની લિંક સેવ કરી રાખી શકાય. લાંબો વીડિયો હોય તો એ લિંક ફરી પ્લે કરવાથી જ્યાંથી અધૂરું હશે ત્યાંથી જ તે ચાલુ કરશે.*

# આજકાલ કેમ ટ્રેન્ડમાં છે ક્વિક ઑફિસ યોગા?

વિશેષ
દિવ્યજ્યોતિ ‘નંદન’
feedback@bombaysamachar.com

જો બારીકાઈથી જોઈએ તો લોકો સવારે ઑફિસ જવા માટે જ્યારે નીકળે છે ત્યારે ફુલ ઑફ એનર્જી હોય છે, પરંતુ સાંજે ઘરે પાછા ફરે છે ત્યારે થાકેલા, ચીડચીડિયા અને માનસિક રીતે સાવ થાકી ગયેલા હોય છે. આનું કારણ શું છે? વાસ્તવમાં આનું કારણ આપણી કાર્યસંસ્કૃતિ, એટલે કે ઑફિસની કાર્યસંસ્કૃતિમાં છુપાયેલું છે. કલાકો સુધી લૅપટૉપ સામે બેસી રહેવું, સતત ૮થી ૧૦ કલાક સુધી સ્ક્રીનને તાકી રહેવું, મીટિંગ પર મીટિંગ, ટાર્ગેટ પર ટાર્ગેટ અને આ બધાની વચ્ચે નોટિફિકેશન જોવાનું તથા તેનો જવાબ આપવાનું જે આપણા પર દબાણ રહે છે, એ જ સૌથી મોટું કારણ છે કે લોકો ઑફિસેથી ઘરે જતી વખતે સાવ થાકી ગયા હોય છે. સવાલ એ છે કે આખરે આ સમસ્યામાંથી છુટકારો કેવી રીતે મેળવવો? કારણ કે નોકરી છોડવી એ તો કોઈ વિકલ્પ નથી.

આ દેશમાં જે હદે બેરોજગારી છે, એક માણસ શોધો તો નોકરી માટે દસ તૈયાર મળે છે, એટલા માટે નોકરી છોડવી વિકલ્પ નથી. તો સવાલ એ થાય કે પછી ઑફિસમાં સ્વસ્થ કેવી રીતે રહેવું અથવા જ્યારે ઑફિસેથી ઘરે પહોંચીએ ત્યારે તરોતાજા કેવી રીતે રહી શકાય? કેટલાક લોકો કહેશે કે રહી જ ન શકાય, પણ આ વાત સાચી નથી. ઘણા લોકો રહે છે અને તેનો એક ખૂબ જ નાનકડો સીક્રેટ છે - ક્વિક ઑફિસ યોગા.

જી હા, આ કોઈ લાંબો યોગ સત્ર નથી હોતો, પરંતુ ઑફિસ દરમિયાન પાંચથી ૧૫ મિનિટમાં કરી શકાય તેવાં નાનાં-નાનાં યોગાસન, સ્ટ્રેચિંગ અને શ્વાસોચ્છવાસના અભ્યાસ છે જે શરીરને સ્ફૂર્તિલું રાખે છે અને મગજને તરોતાજા. આજે મોટી-મોટી મલ્ટિનૅશનલ કંપનીઓથી લઈને નાના-નાના સ્ટાર્ટઅપ સુધી બધા જ લોકો આ સીક્રેટનો ઉપયોગ કરવા લાગ્યા છે.

લોકો હવે માત્ર કામ જ નથી કરતા, પરંતુ કામની વચ્ચે જ સ્વસ્થ રહેવાના પ્રયાસો પણ કરે છે. તો ચાલો જાણીએ કે આ શું છે, કેવી રીતે સંભવ છે અને તેનાથી આપણને કયા-કયા ફાયદા થાય છે?



## શું છે આ ક્વિક ઑફિસ યોગા?

ક્વિક ઑફિસ યોગા એટલે એવાં યોગાસનો જે ખુરશી પર બેઠા-બેઠા કરી શકાય. પોતાના ડેસ્ક આસપાસ ઊભા રહીને અથવા ઑફિસમાં એક છેડેથી બીજા છેડા સુધી આંટા મારીને, માત્ર પાંચથી ૭ મિનિટની વચ્ચે, બલ્કે મોટાભાગે તો ૩-૪ મિનિટમાં જ એક યોગ સત્ર પૂરું થઈ જાય છે. આ ફટાફટ કરવામાં આવતાં યોગાસનો અને શરીરને સ્વસ્થ રાખતી પ્રવૃત્તિઓ જે આમાં સામેલ છે એ નીચે મુજબ છે:

* ગર્દન અને ખભાનું સ્ટ્રેચિંગ
* આંખોને આરામ આપતી કસરતો
* ઊંડો શ્વાસ અને માઇન્ડફુલ બ્રીધિંગ
* પીઠ અને કરોડરજ્જુને આરામ આપતાં આસનો તથા નાની-મોટી મેડિટેશન ટેક્નિકો.

## આ આખરે આટલું લોકપ્રિય કેમ છે?

ક્વિક ઑફિસ યોગા તાજેતરના દિવસોમાં એટલા માટે ખૂબ લોકપ્રિય બન્યાં છે, કારણ કે દિનપ્રતિદિન લાંબા સમય સુધી ખુરશી પર બેસીને કરવાનાં કામો વધતા જઈ રહ્યાં છે. સાથે જ હવે નાનાથી લઈને મોટા કામ સુધી દરેક જગ્યાએ ટાર્ગેટનું ભારે દબાણ છે. આવા સમયમાં ફટાફટ કરી શકાતી યોગ પ્રવૃત્તિઓ માત્ર થોડા જ કલાકોમાં, પોતાની વર્કિંગ ચેર પર બેઠા-બેઠા જ આપણને બેઠાડું જીવનશૈલીનાં જોખમોથી બચાવી લે છે. એટલા માટે જ ક્વિક યોગાના નામે આ પ્રવૃત્તિઓની લોકપ્રિયતા છેલ્લા કેટલાંક વર્ષોમાં સતત વધી રહી છે. અને એવું થાય પણ કેમ નહીં? કારણ કે આ નાની-નાની પ્રવૃત્તિઓથી તમે પીઠનો દુખાવો, ગર્દનની અકડાઈ, મેદસ્વીતા અને બ્લડ સર્ક્યુલેશનની સમસ્યાઓથી બચી જાઓ છો. ડૉક્ટરો સતત ચેતવણી આપે છે કે લાંબા સમય સુધી એક જ પોઝિશનમાં બેસી રહેવું નહીં. ડૉક્ટરોની વાત પોતાની જગ્યાએ સાચી છે, પણ વ્યાવહારિક સમસ્યા એ છે કે જો કોઈ આઇટી એન્જિનિયર કોઈ પ્રૉબ્લેમ સૉલ્વ કરવામાં વ્યસ્ત હોય તો શું તે દર અડધા કલાકે ઊભા થઈને પોતાનું કૉન્સન્ટ્રેશન તોડશે? જો કોઈ બૅન્ક કર્મચારી પોતાના કાઉન્ટર પર પબ્લિક ડીલિંગ કરી રહ્યો હોય તો તે દર ૩૦ મિનિટે કાઉન્ટર બંધ તો ન જ કરી શકે. એટલા માટે ડૉક્ટરોનું કહેવું એક વાત છે, પરંતુ હકીકતમાં વ્યાવહારિક રીતે આ શક્ય નથી. આથી જ પોતાની ખુરશી પર બેઠાં-બેઠાં જ કરી શકાય તેવી પ્રવૃત્તિઓ તરફ લોકોનું ધ્યાન ગયું છે, જે તેમને માત્ર અનેક પ્રકારની સમસ્યાઓથી જ નથી બચાવતી, સાથે-સાથે સ્વસ્થ પણ રાખે છે. આ જ કારણે ક્વિક ઑફિસ યોગા ઝડપથી લોકપ્રિય બન્યાં છે.

## વધતો તણાવ અને જીમમાં જવા માટે સમયનો અભાવ

આજે જે પ્રકારનું વર્કિંગ કલ્ચર છે તે સતત તણાવ વધારે છે, ખાસ કરીને કૉર્પોરેટ જગતમાં યુવા પ્રોફેશનલ્સ આ તણાવના કારણે અવારનવાર બર્નઆઉટનો શિકાર બને છે. તેઓ સતત થાક અનુભવે છે, માનસિક દબાણમાં રહે છે, ઊંઘ નથી આવતી અને આ બધાના કારણે ધૂમ્રપાનની લત લાગી જાય છે. ક્વિક ઑફિસ યોગા આ બધી સમસ્યાઓથી બચાવે છે, કારણ કે તેમાં સામેલ ઊંડા શ્વાસ લેવા અને માઇન્ડફુલનેસનો અભ્યાસ તણાવના હૉર્મોન્સને ઘટાડવામાં અથવા ખતમ કરવામાં મદદરૂપ થાય છે. વાસ્તવમાં આ વ્યસ્ત લાઇફસ્ટાઇલના કારણે યુવાનો પાસે અઠવાડિયાના પાંચ વર્કિંગ દિવસોમાં જીમ જવા માટે પણ સમય હોતો નથી. આવા સમયમાં કપડાં બદલ્યા વિના, કે કોઈ સાધનોની ઝંઝટમાં પડ્યા વિના, પાંચથી ૧૦ મિનિટનો ક્વિક ઑફિસ યોગા ખૂબ જ અસરકારક સાબિત થાય છે.

## વર્ક ફ્રૉમ હોમનું દબાણ

જ્યારે કોરોના મહામારી દરમિયાન પહેલી વાર લોકોને ‘વર્ક ફ્રૉમ હોમ’ એટલે કે ઘર બેઠાં કામ કરવાની સુવિધા મળી હતી ત્યારે લોકો ખૂબ ખુશ હતા.

આજે આખી દુનિયામાં વર્ક ફ્રૉમ હોમ કરનારાઓમાંથી અડધાથી વધુ લોકો હવે આ કરવા નથી માગતા, કારણ કે વર્ક ફ્રૉમ હોમના તદ્દન અલગ પ્રકારનાં અને મોટાં જોખમો છે. વાસ્તવમાં ઘરમાં ઑફિસ જેવું ન તો કામ કરવાનું વાતાવરણ હોય છે અને ન તો ઑફિસ ફર્નિચરની સુવિધા હોય છે. તેથી વર્ક ફ્રૉમ હોમ વધુ થકવી નાખે છે. એટલા માટે જ આજે મોટાભાગના લોકો એવું ઇચ્છે છે કે વર્ક ફ્રૉમ હોમ ન હોય, કારણ કે વર્ક ફ્રૉમ હોમમાં ક્વિક ઑફિસ યોગા જેવી ન તો સુવિધાઓ હોય છે અને ન તો એવું વાતાવરણ હોય છે.

ઘરમાં ઑફિસનું કામ કરતી વખતે આપણે પોતે જ નક્કી કરવાનું હોય છે કે આપણે ક્યાં સુધી કામ કરવું અને ક્યાં સુધી નહીં. હવે જે રીતે આપણે વર્ક ફ્રૉમ હોમ કરતી વખતે ઝૂમ કૅમેરાની નજરમાં રહીએ છીએ, તેના લીધે ક્યાંય વધુ સતર્ક રહેવું પડે છે. આવા સંજોગોમાં વર્ક ફ્રૉમ હોમ વધુ મુશ્કેલીઓ ઊભી કરે છે. ■

# બાલી ને માલદીવના વિકલ્પ ભારતમાં, પણ...

ફોકસ પ્લસ
નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com




**મારો** એક મિત્ર ગરમીની રજા કોઈ દ્વીપ કે સમુદ્રકિનારે વિતાવવા માગતો હતો, પરંતુ હાલની મોંઘવારી અને વિદેશી યુદ્ધની સ્થિતિને જોતાં તે કોઈ વિદેશી દ્વીપ પર જવા નહોતો માગતો એટલે તેણે મને બાલી અને માલદીવની જગ્યાએ ભારતમાં જ કોઈ એવા વિકલ્પ હોય તો જણાવવાનું કહ્યું. મેં તેને ભારતનાં એવાં સ્થળો વિશે જણાવ્યું જ્યાં સુંદર બીચ અને ભારતીય સંસ્કૃતિનો આનંદ મળી શકે. તમે પણ જાણો.

**લક્ષદ્વીપઃ** માલદીવ સમાન જો કોઈ જગ્યા ભારતમાં હોય તો એ છે લક્ષદ્વીપ. અરબ સાગરમાં કેરલમ તટ પર ફેલાયેલો લક્ષદ્વીપ ૩૬ કોરલ ટાપુઓથી બનેલો છે, પરંતુ હાલમાં ગણતરીના જ ટાપુ પર્યટકો માટે ખુલ્લા છે. અગત્તી, બંગારામ અને થિન્નાકારા દ્વીપો પર લોકો વધુ જવાનું પસંદ કરે છે. લક્ષદ્વીપ તેના સ્ફટિક જેવા સ્વચ્છ પાણી, સફેદ રેતીના દરિયાકિનારા (બીચ) અને પરવાળાના ખડકો માટે જાણીતો છે. અહીં પર્યટકો સ્કૂબા ડાઇવિંગ, સ્નૉર્કલિંગ અને કાયાકિંગ જેવી વૉટર સ્પોર્ટ્સની મજા માણી શકે છે. નીલા રંગના શાનદાર શેડ્સમાં તરતા નાના-કોરલ દ્વીપ, લગૂન અને સફેદ રેતીના બીચ માલદીવની સમાનતા એકદમથી જાહેર કરે છે. લક્ષદ્વીપ પહોંચવા માટે અગત્તી મુખ્ય પ્રવેશદ્વાર છે, કારણ કે અહીં જ એકમાત્ર ઍરપોર્ટ છે. કોચ્ચીથી અહીં આવવા માટે ફ્લાઇટ્સ લગભગ ૯૦ મિનિટ લે છે. ત્યાર બાદ સ્પીડબોટ્સ દ્વારા યાત્રીઓને નજીકના ટાપુઓ પર પહોંચાડવામાં આવે છે.

**સ્વરાજ દ્વીપ (હેવલોક ટાપુ) આંદામાનઃ** સ્વરાજ દ્વીપનું જૂનું નામ હેવલોક ટાપુ છે. આ દ્વીપનું મુખ્ય આકર્ષક રાધાનગર બીચ છે. સફેદ રેતીને કારણે એશિયાના સૌથી સારા બીચમાં એની ગણતરી થાય છે. અહીં ડૂબતા સૂરજનો નઝારો જોવાલાયક હોય છે. આ બીચનો કિનારો જંગલોથી ભરેલો છે અને અહીંનું વાતાવરણ શાંત છે. પોર્ટબ્લેરના આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર પહોંચ્યા બાદ ફેરી બોટ તમને દોઢથી અઢી કલાકમાં બીચ પર પહોંચાડી દેશે.

**તર્કારલી-માલવણ, મહારાષ્ટ્રઃ** તર્કારલી મહારાષ્ટ્રના કોંકણ તટ પર સિંધુદુર્ગ જિલ્લામાં માલવણ નજીક આવેલું ખૂબ જ શાંત અને સુંદર પ્રવાસી સ્થળ છે. એ તેના સફેદ રેતીના દરિયાકિનારા અને સ્ફટિક જેવા સ્વચ્છ પાણી માટે જાણીતું છે. એને મહારાષ્ટ્રનું મિની માલદીવ કહેવામાં આવે છે. તર્કારલી મહારાષ્ટ્રનું એક એવું સ્થળ છે જ્યાં સ્કૂબા ડાઇવિંગ અને અન્ય વૉટર સ્પોર્ટ્સની તાલીમ આપવામાં આવે છે. અહીં સ્નોર્કેલિંગ અને પેરાસેલિંગ જેવી પ્રવૃત્તિઓ માણી શકાય છે. અહીં તમને સ્થાનીય કોંકણી સંસ્કૃતિ જોવા મળશે. અહીં તમે બોટ રાઇડ્સનો આનંદ લઈ શકો છો. કુદાલ અને સિંધુદુર્ગ રેલવે સ્ટેશનો અહીંથી નજીક છે.

**ગોકર્ણઃ** કર્ણાટકનું ગોકર્ણ ગોવાનો એક વિકલ્પ છે. આ એક પ્રખ્યાત હિન્દુ યાત્રાધામ અને દરિયાકાંઠે ફરવા માટેનું ખૂબ જ સુંદર પર્યટન સ્થળ છે. ગોકર્ણ ભગવાન શિવના મહાબળેશ્વર મંદિર માટે જાણીતું છે જ્યાં ભગવાન શિવ ગાયના કાનમાંથી પ્રગટ થયા હોવાની માન્યતા છે. ગોકર્ણનું ધીમું જીવન અને ગ્રામીણ અહેસાસ એને એકાંત અને તરોતાજા થવા માટે આદર્શ બનાવી દે છે. ગોકર્ણમાં પોતાનું રેલવે સ્ટેશન ગોકર્ણ રોડ છે. સૌથી નજીકનું ઍરપોર્ટ ગોવાથી ૧૪૫ કિલોમીટર દૂર છે. ■

હાસ્ય વિનોદ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

# તમારો ભાડૂત કવિ તો નથી ને?

મીરઝા ગાલિબ આજે હયાત હોત તો તેમના ઘરમાંથી બિલ્ડરે તેમને ઘરવખરી સાથે ધક્કા મારીને કાઢી મૂકયા હોત કે કોઈ ગુંડાને લાખ-બે-લાખ રૂપિયા આપીને ગાલિબનું ઘર ખાલી કરાવ્યું હોત, પણ જે ઘરમાં આજે ગાલિબ રહેતા નથી એ ઘરને તેમના સ્મારક લેખે જાળવી રાખવું, તેમાં કોઈ પણ જાતની તોડફોડ કરવી નહીં એવો ચુકાદો દિલ્હીની હાઈ કોર્ટે આપ્યો છે. જો કે બિલ્ડરના વકીલે એવી દલીલ કરી હતી કે 'સાહેબ, આ શખસ નામે મીરઝા ગાલિબ એ મકાનનો માલિક પણ નહોતો કે ભાડૂતેય નહોતો. મકાનનો માલિક તો તેનો શ્વસુર નવાબ લુહારૂ હતો ને તેમાં કવિ થોડોક સમય રહ્યો હતો. આ મકાન સાથે કવિને કોઈ જ લેવા દેવા નહોતી.' પણ તેની આ દલીલની કોર્ટ પર કોઈ અસર થઈ નહોતી. કોર્ટે સ્પષ્ટપણે આદેશ આપ્યો હતો કે આ હવેલી 'મહલસારા' સરકારની જેમ તેના જ ભારથી તૂટી પડે તો જુદી વાત છે. પણ બિલ્ડરે તેમ નહીં કરતાં તેને ઍઝ ઈટ ઈઝ, છે તેમ જ રહેવા દેવી.

આ તો સારું છે કે કવિ ગાલિબના સસરા નવાબ લુહારૂ આજે જીવિત નથી. જો તેઓ જીવિત હોત ને પોતે જ આ મકાન વેચવા ઈચ્છતા હોત તો પણ તે ન વેચી શકત ને કવિને જમાઈ બનાવવા બદલ ભરપેટ પસ્તાત. આમ પણ તેઓ નહીં પસ્તાયા હોય એ આજે કોણ કહી શકે એમ છે? એ પણ શક્ય છે કે ગાલિબ સાથે દીકરી પરણાવ્યા અગાઉ તેમને પણ ખબર નહીં હોય કે થનાર જમાઈ કવિ થઈ ગયો છે. લગ્ન અંગેની પ્રથમ મુલાકાતમાં સસરાએ તેમને પૂછ્યું પણ હશે કે 'કંઈ કામધંધો કરો છો?'

'જનાબ, શાયરી કરું છું. શાયર છું. રોજની પાંચ ગઝલ ઉતારું છું.' ગાલિબે ગર્વથી માહિતી આપી હશે. દરજીકામ કરતો કોઈ કારીગર એમ કહે કે તે રોજનાં આઠ નવ ઝભલાં સીવે છે, ઉતારે છે. ગાજ-બટન સાથે, તો એ સાંભળનાર સસરો રાજી થાય, પણ રોજની પાંચ તો શું પચાસ ગઝલો કવિ સીવતો હોય તો પણ સસરો ભાગ્યે જ ખુશ થવાનો. લુહારૂએ સામે પૂછ્યું પણ હશે કે 'શૅર-શાયરી, ગઝલ-બઝલ એ બધું તો સમજ્યાં, મારા ભૈ, પણ એ સિવાય બીજું શું કરો છો? ઘર-ગૃહસ્થી ચાલી શકે એવી કોઈ પ્રવૃત્તિ કરો છો ખરા?' આ સવાલના જવાબમાં હું નથી માનતો કે ગાલિબ બોલ્યા હોય કે 'બસ, ગઝલ જ કરું છું, ગઝલ ઓઢું છું, પાથરું છું, પહેરું છું ને ગઝલ જ ખાઉં છું.' (બરાબર, પેલી 'ઈટ ક્રિકેટ, ડ્રિંક ક્રિકેટ અને સ્લીપ ક્રિકેટ'ની જા. ખ. જેવું.) ઈન કેસ આવું તેઓ બોલ્યા હોત તો વાત ત્યાં જ પતી ગઈ હોત. આ મકાનને હાઈ કોર્ટનો કાયમી સ્ટે ન મળ્યો હોત કે તમારે આ લેખ વાંચવાનો વારો પણ ન આવત.

આ મીરઝા ગાલિબ મહાનતાને વર્યા એટલે આજે પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે તેમણે જે કંઈ લખ્યું છે એ કરતાં તેમના પર અનેકગણું લખાયું છે. કવિ-મિત્ર આદિલ મન્સૂરીનો, એક શૅર આ ક્ષણે યાદ આવે છેઃ

**'આપના ઘર ભી મિલતા જૂલતા હૈ ગાલિબ કે ઘરસે,**
**એક ઘંટા બરસાત જો બરસે, છ ઘંટા છત બરસે'**

આદિલે 'ગાલિબ ગુજરાતી'ના નામથી પણ થોડીક ગઝલો લખી છે, પણ માણસ સમજદાર છે એટલે તેણે પોતાની સરખામણી ગાલિબ સાથે નથી કરી, પણ પોતાનું ઘર ગાલિબના ઘર જેવું જ છે એવું તેણે ગર્વથી કહ્યું છે.

જો કે ગાલિબ જીવતા હશે ત્યારે તેઓ પોતાની જાતને ચાહતા હશે એટલો જ પ્રેમ તેમનાં ઘર પ્રત્યે હશે, કેમ કે માણસ પંડની જેમ પોતાનાં ઘરને પણ ચાહતો હોય છે. કદાચ એટલે જ ઘરને 'સ્વીટ હોમ' કહ્યું હશે. મકાન અને ઘરની વચ્ચે જે ફરક છે તે આ છે. બિલ્ડરો માટે તેમણે બાંધેલ તમામ ઈમારતો મકાન છે, પણ તેમાં જે રહે છે, શ્વસે છે, એના માટે તે ઘર છે ને દુનિયાના છેડે જઈને પાછા ફરી પોતાના ઘરના ઉંબરા ઉપર પગ મૂકે છે ત્યારે તેને હાશ થાય છે. આ પેલો મૂન-રિટર્ન્ડ આર્મસ્ટ્રૉંગ. તે ઠેઠ ચંદ્ર પર ગયો હતો ને ત્યાં ઉભડક મનથી ફરતો હતો, ને તે જ્યારે પોતાનાં ઘેર પાછો ફર્યો હશે ત્યારે જ તેને નિરાંત વળી હશે. મારી વાત કરું તો મારી જૂની, નવતાડની પોળમાંથી આજે પણ પસાર થવાનું બને ત્યારે મારા એ ભૂતપૂર્વ ઘર પર નજર પડે - જેમાં અમે રહેતા હતાં - એટલે બે સેકંડ ત્યાં અટકી જવાય છે અને હું જ જાણે મને બારીમાં ઊભેલો જોઉં છું પણ.

પણ ગાલિબની વાત જુદી છે. જે હવેલી 'મહલસારા'ના નામે પ્રસિદ્ધ છે, તેની તોડફોડ નહીં કરતાં તેને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાળવી રાખવાનો દિલ્હી હાઈ કોર્ટે ચુકાદો આપ્યો છે, પણ તમને ખબર છે કે ગાલિબે દિલ્હીમાં ઘણાં મકાનો બદલ્યાં હતાં? એટલે કયાં મકાનને તેમનું સાચું સ્મારક ગણી જાળવી રાખવું - જે મકાનમાં તેઓ ભૂખ્યા પેટે સૂઈ રહેતા એ મકાનને? કહેવાય છે કવિ હોમર ગુજરી ગયો ત્યારે ઍથેન્સનાં સાત-સાત નગરોએ એવો દાવો કરેલો કે હોમર અમારો કવિ છે. એ બધાંની દલીલ એક જ હતી કે હોમર જીવતો હતો ત્યારે તમારે ત્યાં ભીખ માગતો હતો!

કવિ હોમર અને ગાલિબમાં જે સામ્ય છે તે આંકડાનું છે - સાતના આંકડાનું છે. ગાલિબ પણ પોતાના જીવન દરમિયાન બિલાડીનાં બચ્ચાંની જેમ સાત-સાત મકાનો બદલ્યાં હતા. હંસરાજ 'રહબર' નામના લેખકે 'ગાલિબઃ હકીકત કે આઈને મેં' નામના પુસ્તકમાં આ અંગે વિસ્તારથી લખ્યું છે. જોકે ભાડું સમયસર નહીં ચૂકવવાને કારણે મકાનો બદલેલાં કે અન્ય કોઈ કારણે એ બાબતનો તેમાં ઉલ્લેખ નથી. ૧૮૧૪માં ગાલિબે દિલ્હીમાં વસવાટ કર્યો. ૧૮૨૬ સુધી તેઓ ખારી બાવલીમાં એક મકાનમાં રહ્યા. થૅન્ક ગૉડ કે આ મકાન કયું હતું એની ચાહકોને ખબર નથી. મકાનમાલિક પાસેથી મકાન ખાલી કરાવવા પેટે એક પાઈ પણ લીધા વગર ૧૮૩૦માં એ મકાન ખાલી કરી તેઓ જુમા મસ્જિદની પાછળના એક મકાનમાં રહેવા ચાલ્યા ગયા. ૧૮૪૦-૪૧માં દરમિયાન તેઓ ફાટક હબ્શખાંમાં પણ રહ્યા હોવાની નોંધ છે. એ મકાનમાં તેઓ કોઈ વાસ્તુશાસ્ત્રીની સલાહ લીધા વગર જ રહેવા ગયા હશે. એટલે કાંઈ જામ્યું નહીં. ૧૮૪૭માં ફરી પાછું મકાન બદલ્યું, પણ એ વખતે તેઓ કયા મહોલ્લામાં રહેવા ગયા એની તેમના મકાનમાલિક સિવાય કોઈને જાણ નથી. ૧૮૫૦ પછીનાં દસ વર્ષમાં ગાલિબે ત્રણ મકાનો બલલીમારનમાં જ બદલેલાં. આ પરથી કહી શકાય કે એક ભાડૂત લેખે એ મહોલ્લામાં તેમની શાખ સારી હશે. સંભવ છે કે તેમના કવિ હોવાની મકાનમાલિકોને માહિતી નહીં હોય અને જેમાં તેમણે દેહ છોડેલો એ છેલ્લું મકાન તેમના શ્વસુરનું કાસિમજાન ગલીમાં આવેલું 'મહલસારા'.

એટલું વળી સારું છે કે તેમની એકમાત્ર કબર નિઝામુદ્દીનમાં છે. તેમનું જો ચાલ્યું હોત તો મકાનની જેમ પોતાની કબરો પણ તેઓ બદલ્યા કરત. ભાડાની ઐસીતૈસી, પણ ન ફાવે તો શું કરે? હવા-ઉજાસ ને એવી બધી ફેસિલીટી તો જોઈએ કે નહીં?

અમારો આ લેખ વાંચ્યા પછી તો કોઈ પણ મકાનમાલિક પોતાનું મકાન કવિને ભાડે આપવા અગાઉ સાત વાર વિચાર કરશે. કયો કવિ ક્યારે મહાન થઈ જશે એની પહેલેથી ખબર ક્યાં પડે છે? એટલે પછી કાલે ઊઠીને કવિ-ભાડૂત મહાન બની જાય ને તેના સ્મારક તરીકે મકાન આપી દેવું પડે એવું જોખમ કોણ ખેડે?

- એ કરતાં કોઈ સ્મગલર મકાન ભાડે આપવું સારું, ભવિષ્યમાં વેચવું હોય તો એ જ મોં માગ્યા દામ આપી ખરીદી લે! ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ઈશ્ક લગા મેડકી સે તો પદ્મિની ક્યા ચીઝ હૈ?

આ કહેવતમાં વિરોધાભાસને પ્રાધાન્ય છે અને એમાંથી હાસ્ય - વ્યંગ કે કટાક્ષ જન્મે છે. અહીં મેડકી શબ્દનો અર્થ થાય છે દેડકી અને પદ્મિની એટલે રૂપરૂપના અંબાર જેવી રાણી. એવું પણ બને કે કોઈ વ્યક્તિને દેડકી દુનિયાની સૌથી સુંદર પરી લાગતી હોય અને તેની સામે રાણી પદ્મિની જેવી અત્યંત સ્વરૂપવાન સ્ત્રીનું સૌંદર્ય પણ ફીકું પડી જાય એ આ કહેવતનો ભાવાર્થ છે. ટૂંકમાં કહીએ તો પ્રેમ આંધળો છે એવી વાત છે. ઇશ્ક લગા મેડકી સે તો પદ્મિની ક્યા ચીઝ હૈ? કહેવત પાછળની કથા રસપ્રદ અને જાણવા જેવી છે.

એક ગામમાં એક કસાઈ (ખાટકી) રહેતો હતો. ઘરમાં એક જુવાન દીકરી હતી પણ બદ્સૂરત, ઠીંગણી અને બેડોળ ચહેરાવાળી હોવાથી લોકો એને મેડકી (દેડકી) કહીને બોલાવતા. ખાટકીના પાડોશમાં એક જુવાન અને શ્રીમંત સોદાગર રહેતો હતો. દરેક વાતે એ સુખી હતો. એની પરણેતર રૂપાળી અને ગુણવંતી હતી. પત્ની સુંદર, સુશીલ અને સદગુણી હોવા છતાં સોદાગરનું દિલ મેડકીમાં લાગી ગયું. ખાટકીને તો સોદાગર - દીકરીના પ્રેમ પ્રકરણનો અણસાર પણ નહોતો. સોદાગરને મેડકી વિના ઘડીભર ચેન ન પડે એવી અવસ્થા થઈ ગઈ. અંતે વાત ઊડતી ઊડતી કસાઈના કાન સુધી પહોંચી જ ગઈ. આક્રમક બનવાને બદલે તેણે સમજદારીથી કામ લીધું. સોદાગરને સમજાવ્યો કે 'ગુણિયલ સ્ત્રી ઘરમાં હોય ત્યારે બીજી કન્યા પર નજર નાખવી યોગ્ય ન કહેવાય. પાડોશીના ઘરમાં ખરાબ નજર નાખવી એ સારા માણસના લક્ષણ ન કહેવાય.' સોદાગર તો 'દિલ કા મામલા હૈ'નું જ રટણ કરતો રહ્યો. અંતે ખાટકીએ આપેલી ધમકી પણ તેણે ગણકારી નહીં. ઉલટાનો સામો પડકાર ફેંક્યો કે 'મેડકી માટેના મારા પ્રેમમાં ક્યારેય




ઓટ નહીં આવે. તારાથી થાય એ કરી લે.'

એક દિવસ ખાટકીને કામસર બહારગામ જવું પડ્યું. આ વાતની જાણ થતાં સોદાગર એના ઘરે પહોંચી ગયો અને પ્રેમીઓનું મિલન થયું. કારણવશ કસાઈને અચાનક પાછા ફરવાનું થયું. આવીને જોયું તો સોદાગર ઘરમાં હતો. મેડકીને બહાર મોકલી તેણે ક્રોધાવેશમાં સોદાગરની હત્યા કરી નાખી. પણ પછી લાશનો નિકાલ કેમ કરવો એની મૂંઝવણ થઈ. કસાઈનો વ્યવસાય હતો એટલે શરીરના માંસના ટુકડા કરી અન્ય પ્રાણીના ટુકડા સાથે ભેળવી વેચવા મૂકી દીધા. ઘરાકે ભાવ પૂછતાં પૈસાના શેર કહ્યું. એ સમયે ટોપલીમાં સોદાગરની કાયામાંથી અચાનક અવાજ આવ્યો 'અને ઇશ્કના સવા શેર.' ખાટકી અને ઘરાક બંને ચોંકી ગયા. બીજા ઘરાકે ભાવ પૂછ્યો ત્યારે પણ એનું જ પુનરાવર્તન થયું. વાત તરત ગામમાં ફેલાઈ ગઈ અને છેક રાજાના કાન સુધી પહોંચી. રાજા આવ્યા અને એમને પણ એજ અનુભવ થતાં દાળમાં કશુંક કાળું હોવાનો વ્હેમ થયો. રોષે ભરાઈ ખાટકીને કડકાઈથી કહ્યું કે 'જે હોય એ સાચું કહી દે નહીંતર તારી ખેર નથી.'

કસાઈના જીભે લોચા વળતા હતા ત્યાં સોદાગરના સગાસંબંધી એની શોધમાં આવી પહોંચ્યા. વાતચીતમાં રાજાને સોદાગર-મેડકીના ઇશ્કની જાણ થઈ. સોદાગરની પત્નીએ આળ મૂક્યું કે કસાઈને પ્રેમ પ્રકરણની જાણ હતી એટલે તેણે એની હત્યા કરી હોવી જોઈએ. રાજાએ મેડકીને બોલાવી પણ એના રૂપરંગ જોઈ સ્તબ્ધ થઈ ગયો. સ્વરૂપવાન પત્નીને મૂકી કોઈ બેડોળ કન્યાના પ્રેમમાં પડે એ વાત એને ગળે ન ઊતરી. વાતનો તાગ મેળવવા રાજાએ મેડકીને અન્ય ગ્રાહકની જેમ ભાવ પૂછવા આદેશ આપ્યો. મેડકીએ ભાવ પૂછતાં કસાઈએ કહ્યું, 'પૈસે શેર.' પ્રેમિકાનો આવાજ સંભળાતા જ ટોપલીમાંથી અવાજ આવ્યો 'ઇશ્કના સવાશેર, સવાશેર, સવાશેર.' અચાનક બધા ટુકડા જોડાઈ ગયા અને સોદાગરનો દેહ ઊભો થઈ ગયો. હેરત પામી ગયેલા રાજાએ કહ્યું કે 'ભાઈ, તારા ઘરમાં પદ્મિની જેવી નાર બિરાજતી હોવા છતાં મેડકીમાં જીવ ચોંટવાનું કારણ શું?' જવાબમાં સોદાગર એટલું જ બોલ્યો કે 'ઇશ્ક લગા મેડકી સે તો પદ્મિની ક્યા ચીઝ હૈ?' રાજા પાસે આનો કોઈ જવાબ નહોતો. (મૃત્યુ પામેલા સોદાગરનો દેહ ફરી જોડાઈને ઊભો થયો એને ચમત્કાર ન ગણવો એ એક રૂપક છે).

ભાષા વૈભવ

## એક કહેવત - અનેક સ્વરૂપ



ગુજરાતીઓને કેટલીક કહેવત અત્યંત પ્રિય હોય છે. ખાસ કરીને જેમાં પુરુષાર્થ અને પૈસા (ધન)ની વાત આવતી હોય. સેવા કરે એને મેવા મીઠા મળે અને ફરે તે ચરે ને બાંધ્યું ભૂખ્યું મરે એ સમાનાર્થી કહેવતો આ પંક્તિમાં બિરાજે છે. સેવા, મદદ કે સત્કાર્ય કરનારી વ્યક્તિને સમય જતાં તેનું શ્રેષ્ઠ ફળ (મેવા) અવશ્ય મળે છે એ એનો ભાવાર્થ છે. શબ્દફેર સાથે આ જ કહેવત ચાકરી કરતા ભાખરી મળે એ સ્વરૂપે હાજર છે. ફરે તે ચરે ને બાંધ્યું ભૂખ્યું મરે કહેવતનો ભાવાર્થ છે કે મહેનત કરે અને પ્રવાસ ખેડે છે તેને અવશ્ય સફળતા (અથવા ફળ) મળે છે. આ કહેવત અનેક સ્વરૂપમાં જોવા મળે છે જે ભાષાનું વૈવિધ્ય અને એના વૈભવને દર્શાવે છે. એને મળતી આવતી કહેવત વેપારી વર્ગમાં જાણીતી છે કે ધંધો કરે તો ધાન્ય મળે. ઉદ્યોગ સારા નસીબનું મૂળ છે કહેવતમાં પરિશ્રમના મહિમાનું જ વર્ણન છે ને.

મહેનત વિના ફળ ન મળે એ વાત ત્રણ કહેવતમાં પ્રભાવીપણે વ્યક્ત થાય છે. પહેલી કહેવત છે હલાવ્યા વગર ધાન પણ દાઝે. મતલબ કે શાક, દાળ કે બીજી કોઈ રસોઈ મૂકી હોય અને એને ફેરવ ફેરવ ન કરવામાં આવે તો એ દાઝી જાય. મતલબ કે પરિશ્રમ ન કર્યો હોય તો મહેનત એળે જાય. પરિશ્રમનો આવો જ મહિમા ગાતી બીજી કહેવત છે કે હાથ હલાવ્યા વગર કોળિયો પણ મ્હોમાં પેસે નહીં. મતલબ કે સામે થાળીમાં પડેલું ભોજન આરોગવું હોય તો કોળિયો ઉપાડી જાતે મોઢામાં સેરવવો પડે. હાથપગ હલાવીએ ત્યારે રોટલો મળે એ ત્રીજી કહેવતમાં એ જ ભાવાર્થ છે. ઉદ્યમથી દારિદ્રય ઘટેમાં પણ મહેનતના ગુણગાન છે.

પરિશ્રમ અને ફળનો સંબંધ દર્શાવતી વાત દોહામાં સુંદર રીતે વણાઈ ગઈ છે. સુગરી નામનું પક્ષી તરણાં ચીરી તેની સળીઓ બનાવી ઝાડ ઉપર એની મદદથી માળા બાંધે છે જે લટકતી અવસ્થામાં રહે છે. આ વિશે કવિએ કહ્યું છે કે તરણે તરણે સુગરી આદરજો ઘરાં, કર ચાલે આળસ કરે, મોટી ખોડ નરાં, વિદ્યા ધન ઉદ્યમ બિના, કહોજી પાવે કૌન, બિના ડુલાયે ના ડુલે, જ્યોં પંખે કો પૌન. સુગરી એક એક તરણું એકઠું કરી ઘર બાંધે છે અને જો એ આળસ કરે તો અર્થ ન સરે. મહેનત વિના વિદ્યા ન મળે અને પંખાની પાંખ ફર્યા વિના કંઈ હવા ન મળે. એકંદરે No Gain Without Pain જેવી વાત થઈ. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# આ નવા ધંધાએ તો કેવી નવી આફત નોતરી..?!

'શેઠ તમને યાદ કરે છે.' ગણપતે મને કહ્યું.

હું ચેમ્બરમાં ગયો. દીવાલ પર લટકાવેલ પટ્ટો પકડીને ઊભો રહ્યો. બાબુલાલની ચેમ્બરમાં બાબુલાલની સામે ખુરશી મુકાય એટલી જગ્યા જ નથી. એટલે જે કોઇ ચેમ્બરમાં જાય તે બાબુલાલને સ્ટેન્ડિંગ ઓવેશન આપે છે.

'આજે સાંજે શું કાર્યક્રમ છે?' બાબુલાલે પૃચ્છા કરી.

'ખાસ કંઇ નથી...'

'આ એક નાનકડો ઉદ્ઘાટનનો કાર્યક્રમ છે. તમે અને રાજુ કવરેજ કરી આવજો. ટેક્સીનું બિલ રજૂ કરશો એટલે ટેકસી ખર્ચ રિએમ્બર્સ થઇ જશે.'

મેં બાબુલાલે આપેલ કાર્ડ જોયું. 'ચોવીસ કેરેટ ભજિયાં -ચા હાઉસનું ઉદ્ઘાટન થઇ રહ્યું હતું. ભજિયામાં કેરેટ? મેથીના ગોટા, બટેટાના ભજિયા, ડુંગળીના ભજિયા ઈત્યાદિનાં નામ સાંભળ્યા અને આરોગ્યા છે, પરંતુ ભજિયામાં કેરેટ? કદાચ ગાજરના એટલે કેરોટના ભજિયા બનતા હશે! મને પણ અજાયબ ભજિયા હાઉસમાં રસ જાગ્યો. હું અને રાજુ ઉદ્ઘાટન સ્થળે પહોંચ્યા.

'ગિરધરલાલ, આ જગ્યા તો જાણીતી છે. અહીં પહેલાં બીજી દુકાન હતી.' રાજુએ કહ્યું. માલિકનું નામ મનોજ સોની.

'રાજુ,? અહીં તો એબીબેબી જવેલર્સ હતું?' મેં રાધારાણી માટે અહીંથી હપ્તેથી નેકલેસ લીધેલ. તેના હજુ હપ્તા ભરું છું.

'હું ગિરધરલાલ ગરબડિયા ચીફ રિપોર્ટર ફ્રોમ 'બખડજંતર' ચેનલ અને આ અમારા કેમેરામેન રાજુ.' મેં અમારો પરિચય આપ્યો. રાજુ રદીએ ઉદ્ઘાટનના ફોટા પાડ્યા.

'વેલકમ... સો કાઇન્ડ ઓફ યુ.' એમ કહી મનોજભાઇએ અમારું અભિવાદન કર્યું.

ત્યાં વેઇટર ભજિયાની ડીશ અને ચટણી




આપી ગયો.

'આ અમારું નવું સાહસ છે. અમે ગ્રાહકોને હોલમાર્કના શુદ્ધ ભજિયા પીરસવાનો ઉદેશ રાખીએ છીએ.' મનોજભાઇ બોલ્યા .

'મનોજભાઇ, તમે સોનાના અલંકાર બનાવવા વેચવાનો વ્યવસાય કરતા હતા. અચાનક તેને સમેટીને ભજિયા હાઉસ શરૂ કરવાનું કારણ?' અમે અમારા દિમાગમાં ઘૂમરાતો સવાલ પૂછ્યો.

'મોંઘવારી ડાયન ખાએ જાત હૈ.' મનોજભાઇ ફિલ્મી ગીત ગણગણ્યા.

'મતલબ?' મને નવાઇ લાગી કુબેર ભગવાન મોંઘવારીની ફરિયાદ કરે તો કેવું વાહિયાત લાગે?

'ગિરધરલાલ, સોનાચાંદીના ભાવ ભડકે બળે છે. પચીસ ત્રીસ હજાર રૂપિયે કિલો વેચાતી ચાંદી ત્રણ ચાર લાખે પહોંચે અને પાંત્રીસ હજાર રૂપિયે તોલે વેચાતું સોનું પોણા બે લાખ બે લાખે પહોંચે તો કયો કાકો કે ભત્રીજો રતિ કે વાલ જેટલું સોનું ખરીદે? ગ્રાહક જ ન હોય તો દુકાન કેમ ચાલે?' મનોજભાઇએ કડવાશથી કહ્યું.

'એટલે તમે ટકી રહેવા ભજિયાનો ધંધો પસંદ કર્યો, ખરુંને?' અમે ધારદાર સવાલ પૂછ્યો.

'કોરાના સમયે ઘણા ધંધા પડી ભાંગેલા. અમદાવાદના પ્રખ્યાત ટ્રાવેલ ગ્રુપે ટુરટ્રાવેલ્સનો ધંધો સમેટી ફરસાણનો ધંધો શરૂ કરેલો ' મનોજભાઇએ ઉદાહરણ આપ્યું.

'તમે પકોડા તળવાનો જ ધંધો કેમ પસંદ કર્યો?'

'બોસ, આ ધંધામાં માર્જિન મોટો છે. લોકો રોજ રોજ ઘરેણાં, સોનાના બિસ્કીટ કે ચાંદીની પાટ ખરીદે નહીં. પરંતુ, પચાસ કે સો રૂપિયાના ભજિયાં તો ખરીદે જ. રોજના સો લેખે આખા વરસમાં તો છત્રીસ હજાર રૂપિયાનો ધંધો મળે.' મનોજભાઇએ મલાઇમંત્ર કહ્યો.

'તમારા ભજિયાની કઇ વેરાઇટી છે?' અમે નવો સવાલ પૂછ્યો.

'અમારે ત્યાં. ચોવીસ કેરેટ, અઢાર કેરેટ, નવ કેરેટના ભજિયા મળશે.' મનોજભાઇએ અમને મેનું આપ્યું.

'કંઇ સમજ ન પડી.' અમે શરણાગતિ સ્વીકારી. 'ચોવીસ કેરેટના ભજિયામાં અમે લોટ કે મસાલામાં સોનાની જેમ ભેગ કરતા નથી. ઉત્તમ બેસન, ઉત્તમ બટેટા કે ડુંગળી અને સિંગતેલમાં ભજિયા બ્રાઉન ગોલ્ડ તળીએ છીએ. અઢાર કેરેટમાં અમે કપાસિયાના તેલમાં ભજિયાં તળીએ છીએ. નવ કેરેટમાં ભજિયા અમે રેડ પામોલિનમાં તળીએ છીએ.' મનોજભાઇએ ભજિયાની ખાસિયત જણાવી.

'ભજિયામાં બીજી કોઇ નોવેલ્ટી છે?'

'કેમ નહીં? હું બેસનપ્લેટેડ ભજિયા સર્વ કરું છુંને.'

'વોટ?' આટલું પૂછતાં ભજિયું મારા હાથમાંથી છટક્યું.

'આ ભજિયું બાજરીના લોટના ખીરામાંથી એકવાર તળું છું પછી બેસનના ખીરામાં ડબકોળી તેલમાં ફરી તળીને ગ્રાહકને પિરસું છું. દરેક પીળો લોટ બેસન ન હોય. શક્ય છે કે મકાઇ કે ચોળાનો હોય.'

'સોના અને પકોડાના ધંધા વચ્ચે કંઇ તફાવત જણાય છે?' રાજુમાં રહેલો પત્રકાર કૂદીને બહાર આવ્યો.

'હા કેમ નહીં? પહેલાં અમે ગ્રામ, તોલામાં ધંધો કરતા હતા. કેરેટમાં ધંધો કરતા હતા. હવે અમે શેર,પાશેર, અડધો કિલોમાં ધંધો કરીએ છીએ. હવે અમે કેરેટ નહીં પરંતુ ક્રેટ ભરીને ભજિયા વેંચીએ છીએ.

'ભવિષ્યનો રોડ મેપ શું છે?' અમે આખરી સવાલ કર્યો.

'અમે રૂબી, નીલમ, મંગળ, હીરામાણેકના ભજિયાં પણ બનાવવાના છીએ. જેને ખાઇને હીરામાણેક, રૂબી,નીલમ, મંગળ પરત કરવાના રહેશે.' મનોજભાઇએ ઇન્ટરવ્યૂ પૂરો કર્યો.

કહે છે કે જયારે મનોજભાઇ સોનાચાંદીનો ધંધો કરતા હતા ત્યારે કદી છડી કે ઇન્કમટેકસની રેઇડ પડી ન હતી, પરંતુ, ચા-પકોડાનો ધંધો હવે એમનો આ નવો ધંધો એવો ધમધોકાર ચાલે છે કે માલિક મનોજભાઇને ત્યાં ઇન્કમટેકસની બે વાર રેઇડ પણ પડી ગઈ ! ■

પ્રકૃતિ

વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# કામ્યકવનઃ જ્યાં પાંડવોએ વનવાસ વિતાવ્યો હતો

**ભારતીય** મહાકાવ્યોમાં જંગલ માત્ર એક પૃષ્ઠભૂમિ નથી હોતા. તેઓ પોતે એક જીવંત પાત્રની જેમ વાર્તામાં હાજર રહે છે. પછી ભલે તે રામાયણનું દંડકારણ્ય હોય કે કૃષ્ણ કથાનું મધુવન, બધા ભારતીય માનસમાં કોઈ ઊંડા જીવન સત્યનું પ્રતીક છે. આવું જ એક રહસ્યમય અને દાર્શનિક વન છે કામ્યકવન. તેનો વિગતવાર ઉલ્લેખ મહાભારતના વનપર્વમાં જોવા મળે છે. પાંડવોએ પોતાના ૧૨ વર્ષનો વનવાસ અહીં જ વિતાવ્યો હતો. આ કારણે કામ્યકવન માત્ર વનવાસનો ભૂગોળ નથી, પરંતુ ધૈર્ય, આત્મમંથન અને મનુષ્યની અંદર ચાલતા સંઘર્ષોનું પ્રતીક પણ છે.

મહાભારત અનુસાર જુગારમાં રાજ્ય હાર્યા પછી જ્યારે પાંડવોને વનવાસ મળ્યો, ત્યારે તેઓ જે વનમાં પહોંચ્યા હતા, તે કામ્યકવન હતું. મહાભારત મુજબ આ વન સરસ્વતી નદીના કિનારે આવેલું હતું, જ્યાં દ્રૌપદીએ અપમાનની પીડા સહન કરી હતી. અહીં જ ભીમે રાક્ષસોનો સામનો કર્યો હતો, અહીં જ અર્જુને તપસ્યાનો સંકલ્પ લીધો હતો અને અહીં જ યુધિષ્ઠિરે ધૈર્ય અને ધર્મનો માર્ગ પસંદ કર્યો હતો. આજે કામ્યકવનની ભૌતિક ઉપસ્થિતિ નથી, પરંતુ જે રીતે મહાભારતમાં તેનો વિગતવાર ઉલ્લેખ છે, તેના પરથી એવું માની શકાય કે તે સમયે આ ખૂબ જ મોટું વન રહ્યું હશે. ઘણી વખત પુરાણો અને લોકપરંપરાઓમાં વનનો ઉલ્લેખ ઈચ્છાઓની કામનાપૂર્તિ તરીકે પણ કરવામાં આવે છે, તેથી કામ્યકવનને આ સંદર્ભમાં પણ સમજી શકાય છે. પરંતુ મહાભારતમાં તેના વિસ્તારનું જે રીતે વર્ણન કરવામાં આવ્યું છે, તેનાથી તો એવું જ લાગે છે કે તે સમયે તેની વિશાળ ભૌતિક ઉપસ્થિતિ રહી હશે.

જો કામ્યકવનને આજની ભૌગોલિક પરિસ્થિતિમાં ચિહ્નિત કરવાનો પ્રયાસ કરીએ અને ઇતિહાસકારો તેમજ પુરાતત્ત્વવિદોના ઉલ્લેખોનો સહારો લઈએ, તો આ વન આજના રાજસ્થાન અને હરિયાણાના સરહદી વિસ્તારોમાં રહ્યું હશે; કારણ કે પ્રાચીન સરસ્વતી નદી અહીં જ વહેતી હતી. પરંતુ કેટલાક વિદ્વાનો તેને વર્તમાન હનુમાનગઢ, શ્રીગંગાનગર અને કુરુક્ષેત્ર સાથે જોડે છે. એવું માનવામાં આવે છે કે મહાભારત કાળમાં આ ક્ષેત્ર ગીચ જંગલો અને નદી કિનારાઓથી ભરેલો હતો. જો કે આજે આ વનનું અસ્તિત્વ નથી, પરંતુ નવાં સંશોધનો દ્વારા પુરાતત્ત્વવિદોએ એ સાબિત કર્યું છે કે સરસ્વતી નદી અને મહાભારતનો ઊંડો સંબંધ હતો. તેથી પુરાતત્ત્વીય નિષ્ણાતો આ ભૂગોળને ઐતિહાસિક મહત્ત્વ આપે છે. કામ્યકવનનો સૌથી મોટો સંદેશ તેની ઇકોલોજીકલ ફિલોસોફી છે; કારણ કે મહાભારત કાળમાં વન માત્ર આશ્રયસ્થાન નહોતા, ખોરાક, ઔષધિ અને પાણીનો સ્રોત પણ હતા.

કામ્યકવન સરસ્વતી નદીના કિનારે હતું. તેથી તે વનવાસ વિતાવવા માટે યોગ્ય સ્થળ સાબિત થાય છે. પ્રાચીન સમયમાં નદીઓ, વન અને સભ્યતાઓ એકબીજાના પૂરક હતા. વનવાસ દરમિયાન પાંડવોએ ખૂબ જ મર્યાદિત સંસાધનોમાં જીવન જીવ્યું હતું. આખરે ગીચ જંગલમાંથી પસાર થનારી સરસ્વતી નદી કેમ સુકાઈ ગઈ? (ક્રમશઃ) ■

## ૪. ધાર્મીક સંબંધી

**જીવંત શ્રાદ્ધ - ભાગવત કથા**

ભાગવત કથા પવિત્ર પિતૃપક્ષ નિમિત્તે ભગવત ગીતા, વૈદિક શાસ્ત્રોક્ત ''જીવંત શ્રાદ્ધ'' વિધિઓ, ગરુડ મહાપુરાણ, પૌથીજી, શ્રીમદ્ ભાગવત કથા, સમદર્શન સેવા પરિવાર દ્વારા ''અંધજન માનવ સેવા પ્રોજેક્ટ'' તથા દહાણુના 3000 આદિવાસી વિદ્યાર્થીઓના લાભાર્થે (80જી/સીએસઆર) 2થી 10 ઓક્ટોબર 2026 વિશ્વકર્મા એ.સી. હોલ, બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ), મુખ્ય સહ-મુખ્ય યજમાન, વિધિ યજમાન, પોથીજી યજમાન, ઉત્સવ હવન, 31 - કુમારિકા પૂજન, આનંદના ગરબા, નોંધણી મર્યાદિત, 9076308117/ 9324250850. (૧૧૮૨-એ)

■ **પ્રાર્થનાસભા તેમજ આધ્યાત્મિક પ્રવચન, ભજન, કીર્તન, શ્લોક માટે સંપર્ક ૯૯૩૦૪૬૧૭૭૯. (૩૫૧)**

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૧૮૧-ડી)

■ વાલકેશ્વરમાં 1985 MBA હેન્ડસમ જૈન ડાયવોર્સી બિઝનેસમેનને કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ તારદેવમાં 1982 હેન્ડસમ બેંકમાં ઉચ્ચી પોસ્ટને બ્યુટીફૂલ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

## ૯. લગ્ન સંબંધી

■ 2003, BCOM 5'8" બ્યુટીફૂલ બ્યુટીશીયનને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ MSC 1994 ITમાં બ્રાહ્મણ બ્યુટીફૂલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ BCOM 1980, 5'4" દેખાવડીને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ ચોપાટીમાં 1980 BE MBA બિઝનેસ ધરાવતાને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ અમેરીકા સેટલ MS કન્યા. 1988 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૬૭૯)

**બ્રાહ્મણ**

**5'4", 26 વર્ષની સુંદર મધ્યમ શ્રવણ શક્તિવાળી, શ્રવણ યંત્રવાળી છોકરી, રસોઈમાં સ્નાતક, બેંકિંગ નિષ્ણાત, સંસ્કારી-ભણેલા-સમજદાર યુવક આવકાર્ય: 9323973759. (દહેજ નહીં). (૧૧૫૬-એ)**

■ સેવાનાં ધોરણે ગુજરાતી કચ્છી તમામ જ્ઞાતિના અપરિણીત યુવક-યુવતીઓ માટે મેટ્રિમોનીયલ સર્વિસ. ૮૬૫૫૧૮૫૬૬૭. (દહેજ નહીં.) (૧૦૫૩-એ)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry). (1069-A)**

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ કલાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Mobile: 8369834661
Tel: 40032511
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

## ૧૦. મહિલાઓ માટે

**''કેસર કેરી''**

વલસાડની પ્રખ્યાત ''ઓર્ગેનિક'' ''કેસર'' મુંબઈમાં ઘેરબેઠા મેળવો: 9427577771, 9274793095. (૧૧૪૮-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીગણેશ યાત્રા**

કાશી વિશ્વનાથ. અયોધ્યા. પ્રયાગ. નેપાળ કાટમંડુ પશુપતિનાથ પોખરા. પોતાનું રસોડું. ડિલક્સ હોટેલ. ગ્રુપ બુકિંગ આવકાર્ય દિવસ ૧૩. ઉપડશે ૨૬ સપ્ટેમ્બર. ૯૮૨૦૧૬૪૦૦૭, ૯૮૯૨૨૬૮૬૬૭. (૧૧૭૫-એ)

## ૧૫. નોકરીજોઈએછે

**WELL EXPERIENCED TYpist, knowing Independent Correspondence, Export Procedures, Office Routine, Computer, Seeks Part Time Job. 9930461779. (350)**

## ૧૭. જગ્યાઆપવીછે

**દેવલાલી**

**વાર્ષિક ધોરણે ભાડેથી ફુલ્લી ફર્નિશ્ડ ૧, ૨ બેડરૂમનાં ફ્લેટો, ૨, ૩ બેડરૂમનાં બંગલો. પરેશ - 9930803959, 9930106054. (૧૧૨૬/એ)**

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**


**ચોપાટી**
**ન્યુ ટાવર, ૨ BHK.**
**રેરા કાર્પેટ ૮૦૦ સ્કે ફીટ**
**૧ રિઝર્વ પાર્કિંગ**
**જૈન મંદિર પાસે**
**૬ CR વેચવાનું છે.**
**8080753577**
(બી-૧૭૭૪૩)

**વિલેપાર્લા (પૂર્વ)**

૩ બેડરૂમ - એરિયા ૯૫૦' ૪,૨૫,૦૦૦,૦૦/- અને ૧૨૫૦' ૫,૬૧,૦૦૦,૦૦/- નેગોશીયેબલ, રેડી પઝેશન. ફોનઃ- ''સંજય પટેલ'' 9820292381. (બી-૧૭૭૦૯)

**કાંદિવલી ઈસ્ટ**

કલ્પતરુ ટાવર્સ, 2.5, 3.5 બેડરૂમ, પાર્કિંગ, સ્વિમિંગ, જીમ, એમેનીટીસ, સ્ટેશન, હાઈવે, નજીક, રેડી પઝેશન ઓસી. - 9920445444. (બી-૧૭૭૬૨)



(B-17763)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો.ફૂટ ફ્લેટ સાથે 2 પાર્કિંગ 2-વે રેમ્પ પોડિયમ પર વેચાણ માટે. વાલજી લધા રોડ. સંપર્ક - 9930333456 (P51800055546). (૧૧૬૦-એ)

**તારદેવ**

એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ - 1-2-3 બેડરૂમ હાયરફ્લોરના ફ્લેટો - પાર્કિંગ સુવિધા - દેરાસર નજીક લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-સી)

**સાઉથ મુંબઈ**

1-2-3 બેડરૂમના ફ્લેટો - વોર્ડન - પેડર - વાલ્કેશ્વર - તારદેવ - વર્લી - પ્રભાદેવી - સીવ્યુવાળા ફ્લેટો - પ્રતિષ્ઠિત સોસાયટી - લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-ઈ)

## ૧૭. જગ્યાઆપવીછે

**બ્રીચકેન્ડી**

2 બેડરૂમનો આલિશાન, સુંદર સજાવેલો ફ્લેટ - નાની સુંદર સોસાયટી - ભાડેથી લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-ડી)

**સાઉથ મુંબઈ**

2-3-4 બેડરૂમના ફ્લેટો તારદેવ - વર્લી - પ્રભાદેવી - પરેલ - વડાલા - બંધાતા ટાવરમાં - આધુનિક સુવિધા પ્રસિદ્ધ બિલ્ડર્સ - સમયસર કબ્જો - વ્યાજબી ભાવે/શરતે લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-એફ)

**તારદેવ**

એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ 3 બેડરૂમ સુંદર સજાવેલો હાયર ફ્લોરનો ફ્લેટ- દેરાસર નજીક- ભાડેથી લેવા ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-જી)

**અંધેરી-જુહુ**

અંધેરી વેસ્ટ લિવલાયસન્સથી, 2 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, ભરડાવાડી ભાડું 85,000/- ડિપોઝીટ 3,00,000/-, વીરા દેસાઈ 900 કાર્પેટ ફુલ્લી ફર્નિશ્ડ, ભાડું 95,000/- ડિપોઝીટ 3,00,000/ -, ફેમિલી, સ્ટુડન્ટ, બેચલરો માટે, પાર્કિંગ સાથે. તુરંત કબજો તેમજ ભાડેથી / ઓનરશીપથી 1 થી 4 બેડરૂમ, વીરા દેસાઈ, 4/7/ બંગલો, લોખંડવાલા, વર્સોવા, ઓશીવરા, જુહુ ગુલમહોર, જુહુ જે.વી.પી.ડી. સંપર્ક: જીતેશભાઈ: 9821122362. (૧૧૭૧-એ)

■ **સુરતમાં ભાગળથી એકદમ નજીક- હરિપુરા મેઇન રોડ પર આગળ-પાછળ નિકાલવાળી મોકાની બે ગાળાની ઈમારત વેચવાની છે. સંપર્ક તુષારભાઈ: ૯૯૨૦૨૩૦૯૨૯. (૧૧૭૩-એ)**

**MUMBAI RAJASTHAN ESTATE**

**New Available Many Flats for Purchase and Sale. Please Contact (1) Gopalbhai Jaipurvala. M. 9322898994 (2) Mukesh Mehta 9967502537. (349)**

**PARSI-COLONY, DADAR**

Near 5 Gardens, 3 BHK with Balconies on Lease, Garden Facing, Higher Floor, Covered Car Parking, Immediate Possession. Nikita : 98211 06163. (1158-A)

**SOUTH MUMBAI**

1 BHK available on Rent. Nathani Heights - 08879561055. (B-17745)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
**રૂષભ ઉપાધ્યાય 9049625073**
**હિતેષ ઉપાધ્યાય 9326470109**
(એસડીબી-૩૨૬૫)

85000 SFT A-GRADE WAREhouse on 100 Feet Main Road Near Medchal ORR, Hyderabad, Telangana, Adjacent to Existing Mahindra Logistics (Amazon & Zepto) & Delhivery Warehouse. With 2 Aceres of Parking Space. Mob: 8500444444. (B-17749)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**કલાઉડ કિચન**

જોઈએ 500'-700' જગ્યા ઇલેક્ટ્રિક કુકિંગ માટે - ફાઉન્ટેન - ભાયખલા - ગામદેવી - લોઅરપરેલ - કાંદિવલી ઈસ્ટ - ભાડા પર. 9819569698. (૧૧૭૨-જી)

■ અંધેરી વેસ્ટ સ્ટેશન નજીક એસ વી રોડ પાનેરી શોરૂમની ઉપર 2જે માળે, લીફ્ટ સાથે તથા પાર્કિંગ લિવ લાયસન્સથી કમર્શિયલ જગ્યા 780 કાર્પેટ. ભાડું 95000/-, ડિપોઝિટ 4,00,000/- તુરંત કબજોઃ જીતેશ ભાઈ : 9821122362. (૧૧૭૧-સી)



(B-17751)

# થાણે કોર્ટે જેલના અધિકારીઓ પર હુમલાના કેસમાં કેદીને નિર્દોષ જાહેર કર્યો

થાણેઃ થાણે સેન્ટ્રલ જેલમાં ૨૦૧૭માં અધિકારીઓ પર હુમલો કરવાના કેસમાં સેશન્સ કોર્ટે પચીસ વર્ષના કેદીને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષ આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ ગયો છે.

એડિશનલ સેશન્સ જજ જી. ટી. પવારે ૧૧ જુલાઇએ આપેલા ચુકાદામાં અરમાન નફીસ ખાનને ભારતીય દંડસંહિતાની કલમ ૩૫૩, ૩૩૨ અને ૫૦૬ હેઠળના આરોપમાંથી મુક્ત કર્યો હતો.

તપાસકર્તા પક્ષના જણાવ્યા અનુસાર અરમાન ખાને ૨ માર્ચ, ૨૦૧૭ના રોજ થાણે સેન્ટ્રલ જેલની હાઇ-સિક્યુરિટી બેરેકમાં જેલના અધિકારી સંભાજી પિસે સહિત ત્રણ જણ પર ધાતુની પટ્ટીથી હુમલો કર્યો હતો.

સેશન્સ જજ તપાસકર્તા પક્ષના કેસમાં ઘણી ખામીઓ તરફ ધ્યાન દોર્યું હતું અને નોંધ્યું હતું કે કથિત ઘટના જેલની અંદર બની હતી અને ત્યાં ઘણા કેદીઓ હાજર હતા, છતાં મહત્ત્વપૂર્ણ પુરાવા રજૂ કરવામાં આવ્યા નહોતા.

ખબરી અને અન્યોએ આરોપીની મારપીટ કરી હતી તેમ જ આ બધા સામે કાર્યવાહી ન કરવા માટે રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો હતો, એવો આરોપીનો બચાવ સાવ નકારી ન શકાય, એવું નિરીક્ષણ કરતાં કોર્ટે ઉમેર્યું હતું કે આરોપીને થયેલી ઇજાઓ અંગે જેલ સત્તાવાળાઓ યોગ્ય સ્પષ્ટતા કરી શક્યા નહોતા.

તપાસ અધિકારીએ માગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ પૂરા પાડવામાં જેલ સત્તાવાળાઓની નિષ્ફળતા અને તેને ઘટનાસ્થળની મુલાકાત લેવાની મંજૂરી આપવામાં વિલંબ અંગે પણ કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી. (પીટીઆઇ) ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**CHURCHGATE**

One Offices for Sale Carpet 230. Rate 1.23 Cr. Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines WhatsApp 70218 31500. (B-17740)

FOR SALE COMMERCIAL Office 1600+800 SqFt. Prime Location, Ideal for Office, Showroom, or Corporate Setup, Near Vaishnodevi Circle, Ahmedabad WhatsApp: 8511228806. (B-17764)

**COMMERCIAL PREMISES**

Borivali to Malad. Buy, Sell, Rent in Prime Locations. "Hardik" 9819381681. (JP/ 4560-B)

**MULUND WEST**

LBS Road 465 sqft to 11000 sqft Office Premises available on Sale / Rent 9869070123 / 9167723483. (1172-A)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના - બજેટ મુજબ**

દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૧૧૬૨-સી)

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**

**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ. કેબીધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૧૮૩-એ)**

■ કીડની સ્ટોન (પથરી)ની અકસીર દવા મળશે. મની બેક ગેરંટી. પૂરા ભારતમાં કુરીઅરથી મોકલવામાં આવશે. ફોન 7021 045 499 મનસુખભાઈ. (બી-૧૭૭૪૬)

## ૩૧. નાણાંકીય

**PHYSICAL SHARES**

Inheritance Shares, IEPF Matter. Please Contact for Trustful Guidance and Service 8910897049. (SDBG-3373)

## ૩૨. જમીન-મિલકત

**જુનાગઢની આજુબાજુ**

**ગામ પાદરીયા (ડુંગરપુર) નાના/મોટા / ખુલ્લા પ્લોટ / મકાન / જમીન લેવા / વેચવા: ૯૮૨૪૧૧૮૨૨ / ૯૯૩૦૭૩૦૭૫૫. (૧૧૭૯-બી)**

**REQUIRED**

Land for Redevelopment 5000 / 10000 sq. mts Plot Society / Joint Venture / Outright Sale in South Mumbai for BSE Listed A Grade Developers. 9821036552. (1172-C)

## ૩૩. ધંધાદારી

**પાણીની ટાંકીઓ**

મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝઃ- 9820776583/ 9892298963. (૧૦૬૦-એ)

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીજી જ્યોતિષ**

અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ, જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૭૬૭૮)

## ૫૦. વેચવાનું છે

AT VADODARA, GUJARAT For Sale 56 yrs. Old Branded Construction Machineries Manufacturing Company in Running Condition. What's App: 9825040995. (B-17748)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૬૬૧)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

# હોસ્ટેલમાંથી ભાગી ગયેલાં બે બાળકનો પરિવાર સાથે ભેટો

લાતુરઃ લાતુર જિલ્લા સ્થિત એક હોસ્ટેલમાંથી સગીર વયના બે બાળકો તાજેતરમાં ભાગી ગયા હતા. પોલીસ દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ આ બંને બાળકો ભાગી છૂટયા છે તેવી ભાળ મળતા જ સ્થાનિક પોલીસે બાળકોને શોધવા માટેની તજવીજ હાથ ધરી હતી.

મહારાષ્ટ્ર પોલીસ દ્વારા લોન્ચ કરવામાં આવેલી પહેલ 'ઓપરેશન શોધ-૪' અંતર્ગત ખોવાયેલા તેમજ ભાગી છૂટેલા બાળકોની શોધ-ખોળ કરવામાં આવે છે.

એક અધિકારીના અહેવાલ અનુસાર, બે સગીર કોઈ અંગત કારણોસર કોઈની જાણ બહાર પોતાની હોસ્ટેલ છોડીને નાસી ગયા હતા. ત્યારબાદ તેમના પરિવારજનોને જાણ થતા તેઓ ચિંતાગ્રસ્ત બન્યા હતા. ઘટનાની જાણ થતા જ શિવાજી નગર પોલીસ દ્વારા એક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પોલીસ અધિકારીઓની ટીમ દ્વારા અલગ અલગ સ્થળોએ પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. સ્થાનિક અધિકારી દ્વારા ભાગી છૂટેલા સગીરોની શોધખોળ કરવામાં મદદ લેવામાં આવી હતી. પોલીસ અધિકારીઓના અથાગ પ્રયાસો અને ભારે તજવીજ બાદ બંને બાળકો મળી આવતા તેમને પોલીસ સ્ટેશન લઇ જવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ, હવે આ બાળકોને જરૂરી ઔપચારિકતાઓ અને કાઉન્સેલિંગ પૂર્ણ કર્યા પછી તેમના પરિવારોને પરત સોંપવામાં આવશે. ■

# અનિલ કપૂરની દીકરી રિયાની ૧.૩૫ કરોડની ઈયરિંગ્સ ચોરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફૅશન ઈવેન્ટ માટે ન્યૂ યોર્ક ગયેલી ફિલ્મઅભિનેતા અનિલ કપૂરની દીકરી રિયા કપૂરની ૧.૩૫ કરોડ રૂપિયાની ઈયરિંગ્સ ચોરાઈ હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

રિયા સાથે છેલ્લાં સાત વર્ષથી કામ કરતી મેકઅપ આર્ટિસ્ટ સેવલીન સિંહે (૪૧) આ મામલે સહાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મુંબઈથી દુબઈ અને ત્યાંથી ન્યુ યોર્કના વિમાન પ્રવાસ દરમિયાન આ ચોરી થઈ હોવાની શંકાને આધારે પોલીસ વધુ તપાસ કરી રહી છે, એમ ડીસીપી નિમિત ગોયલે જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદી રિયા સાથે વિવિધ ફૅશન ઈવેન્ટમાં જઈને મેકઅપનું કામ કરે છે. ૨૯ એપ્રિલે ન્યૂ યોર્કમાં 'નેટ ગાલા' નામે ફૅશન ઈવેન્ટ હતી. આ ઈવેન્ટમાં ફરિયાદી તેની ટીમ સાથે જવાની હતી. રિયા માટે મુંબઈના બે પ્રખ્યાત જ્વેલર્સ પાસેથી હીરાજડિત સોનાની ઈયરિંગ્સની બે જોડી ભાડા પર લેવામાં આવી હતી, જે ફરિયાદી પોતાની સાથે ન્યૂ યોર્ક લઈ ગઈ હતી.

મુંબઈથી ૨૭ એપ્રિલની રાતે ઊપડેલી ફ્લાઈટમાં ફરિયાદી દુબઈ ગઈ હતી અને ત્યાંથી ન્યૂ યોર્ક પહોંચી હતી. બીજી સાંજે જૉન કૅનેડી ઍરપોર્ટ પર પહોંચી ટીમ મેમ્બર ન્યૂ યોર્કની હૉટેલ ગયા હતા. હૉટેલની રૂમમાં ફરિયાદીએ તેના પર્સમાંથી ઈયરિંગ્સનાં બૉક્સ કાઢ્યાં ત્યારે તેમાંથી ઈયરિંગ્સ ગુમ હોવાનું જણાયું હતું. ઈયરિંગ્સની બે જોડી ૧.૩૫ કરોડ રૂપિયાની હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ■

# સાઈબર ગુનાઓને રોકવા અને પીડિતોને ન્યાય સુનિશ્ચિત કરવા માટે બે પોર્ટલ શરૂ

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળના ભારતીય સાઇબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર દ્વારા સાઇબર ક્રાઇમ સામેની લડાઈને મજબૂત બનાવવા માટે તેમજ પીડિતોને ન્યાય અપાવવા માટે બે નવા પોર્ટલ શરૂ કરવામાં આવ્યા છે.

આ નવા પોર્ટલ એક ગ્રિવિયંસ રિડ્રેસલ મિકેનિઝમ (જીઆરએમ) અને બીજું મની રેસ્ટોરેશન મોડ્યુલ (એમઆરએમ).

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ બજરંગ બનસોડેએ જણાવ્યું હતું કે, જીઆરએમ પોર્ટલ, ખોટી રીતે ફ્રીઝ કરાયેલા બેંક ખાતાઓને અનફ્રીઝ કરવામાં મદદરૂપ બનશે, જયારે એમઆરએમ પોર્ટલ, સાઇબર છેતરપિંડીના ભોગ બનેલા લોકોના ગુમાવેલા નાણાં પાછા મેળવવામાં મદદ કરશે.

તેમણે કહ્યું કે, આ પોર્ટલ દ્વારા પોલીસ, બેંકો અને નેશનલ સાઇબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ વચ્ચે સીધું સંકલન સ્થાપિત થશે.

સાઇબર છેતરપિંડીના કિસ્સામાં નાગરિકોએ તાત્કાલિક રાષ્ટ્રીય સાઇબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવો જોઈએ અથવા રાષ્ટ્રીય સાઇબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ પર ફરિયાદ નોંધાવવી જોઈએ.

બનસોડેએ જણાવ્યું હતું કે, સાઇબર છેતરપિંડીના કેસોથી ઉદભવતા મુદ્દાઓને સંબોધવા અને અસરગ્રસ્ત નાગરિકોને સમયસર રાહત પુરી પાડવા માટે ગૃહ મંત્રાલય દ્વારા આ બે એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે.

અન્ય એક અધિકારીના જણાવ્યા અનુસાર એમઆરએમ પોર્ટલ સાઇબર નાણાકીય છેતરપિંડીનો ભોગ બનેલા લોકોને ફરિયાદ નોંધાયા બાદ સ્થિર થયેલા અથવા વસૂલાયેલા નાણાંને પરત મેળવવા માટે એક અનુકૂળ પદ્ધતિ પ્રદાન કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે.

જીઆરએમ પોર્ટલ સાઇબર ક્રાઇમ તપાસ દરમિયાન ફ્રીઝ કરાયેલા, લાઈન માર્ક કરાયેલા અથવા જપ્ત કરાયેલા બેંક ખાતાઓ સબંધિત ફરિયાદોનું સંચાલન કરશે. તે ખાતાધારકોને તેમના ખાતાઓ સામે કરવામાં આવેલી કાર્યવાહીની સમીક્ષા માગવા માટે સક્ષમ બનશે. ■

## ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઈડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઈડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો**

* ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઈપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.00 શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.00 દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. 300.00 દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૬ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૭ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ઓપિનિયન

# લડાઈમાં માનવતાની મહેક

સી. એ. પ્રકાશ દેસાઈ

જેની લાંબા સમયથી રાહ જોવાતી હતી તે ઇરાન અને અમેરિકા વચ્ચેની સંધિ પેરિસમાં સાઇન થઇ ગઇ પણ હજુ તો આ સંધિની સાઇનની શાહી સુકાય તે પહેલાતો ઇઝરાયલના લેબેનોન ઉપરના એટેકમાં ૧૭ શહેરીઓ માર્યા ગયા અને ૫ ઇઝરાયલી સૈનિકો માર્યા જતા સ્વિટ્ઝર્લેન્ડમાં ઇરાન અને અમેરિકા વચ્ચેની શિખર મંત્રણા કેન્સલ થાય તેવું લાગે છે. કારણકે અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટે મીટિંગમાં જવાનું કેન્સલ કરેલ છે અને આ બાજુ ઇરાનના સત્તાધીશોએ!

કોઇપણ યુદ્ધમાં માલ મિલકતની ખુવારી તો થાય છે અને જાનની ખુવારીમાં મુખ્યત્વે હોય છે સૈનિકો અને શહેરીઓ પણ જાનવરોનું શું થયું તેની કોઇને ચિંતા હોય છે? બે દેશો દુશ્મન હોય છે કે બન્ને દેશના શહેરીઓ પણ ?

ભૌગોલિક અને રાજકીય સંઘર્ષોનાં સૌથી અંધકારમય પ્રકરણોમાં પણ, કયારેક માનવ સ્વભાવ હિંસાની સામે વિદ્રોહ પોકારી ઊઠે છે. મધ્ય પૂર્વનાં આધુનિક યુદ્ધોના ઇતિહાસમાં એવી કેટલીક અસાધારણ, અત્યંત ભાવનાત્મક અને હૃદયસ્પર્શી ઘટનાઓ બની છે, જ્યાં સમાન માનવતા સાંસ્કૃતિક સંબંધો અથવા વહેંચાયેલા દુઃખે સક્રિય યુદ્ધની વચ્ચે પણ એક ક્ષણ માટે શાંતિ સ્થાપી દીધી હતી.

યુદ્ધના મેદાન વચ્ચે બનેલી આવી જ કેટલીક નોંધપાત્ર ભાવનાત્મક છે.

**સંયુક્ત શોકગ્રસ્ત પરિવારો : ‘દુશ્મન’ના ઓથામાં આશ્વાસનની શોધઃ**

યુદ્ધની વચ્ચે સીધી રીતે જન્મેલી સૌથી ઊંડી ભાવનાત્મક અને અસાધારણ ચળવળોમાંની એક છે ધ પેરેન્ટ્સ સર્કલ-ફેમિલી ફોરમ. આ સેંકડો ઇઝરાયલી અને પેલેસ્ટિયન પરિવારોનું એક સંયુક્ત સંગઠન છે, જેમણે ચાલી રહેલી હિંસામાં પોતાના પરિવારના કોઇને કોઇ સભ્યને ગુમાવ્યા છે. આ પરિવારો પોતાના દુઃખને વેરની અગ્નિમાં બદલવાને બદલે એકબીજાને મળવાનું ગળે લગાવવાનું અને પોતાનો શોક વહેંચવાનું પસંદ કરે છે.

અહીં ઘણીવાર એવાં હૃદયદ્રાવક દ્રશ્યો જોવા મળે છે જયાં એક ઇઝરાયલી માતા અને એક પેલેસ્ટિનિયન માતા. બન્ને પોતાનાં મૃત બાળકોના ફોટા પકડીને રડતી હોય છે અને એકબીજાના ગળે વળગીને આશ્વાસન મેળવતી હોય છે - એ જ વ્યક્તિના ઓથામાં જેને સમાજ તેનો કટ્ટર દુશમન ગણાવે છે. તેઓ પોતાના સમાન દુઃખનો ઉપયોગ શાંતિની અપિલ કરવા માટે કરે છે. જે સાબિત કરે છે કે શોકની કોઇ સીમાઓ હોતી નથી અને તે એક સાર્વત્રિક ભાષા છે.

**યુદ્ધની સરહદો ઓળંગતું બિલાડીઓનું બચાવ અભિયાન**

તાજેતરનાં વર્ષોમાં સીરિયાના ગૃહયુદ્ધથી લઇને ગાઝા અને લેબેનોનના સંઘર્ષો દરમિયાન રખડતાં અને નિરાધાર પ્રાણીઓને બચાવવાની એક અનોખી ભાવનાત્મક ઘટના સામે આવી છે. ભારે બૉમ્બમારો અને ગોળીબારની વચ્ચે પણ સ્થાનિક રહેવાસીઓ અને આંતરરાષ્ટ્રીય સ્વયંસેવકોએ લશ્કરી હેતુઓ માટે નહીં, પરંતુ અબોધ જીવોને બચાવવા માટે પોતાના જીવનું જોખમ ખેડયું છે.

**અલેપ્પોના કેટ મેનઃ**

સીરિયાના ગૃહયુદ્ધના ભયાનક ગાળા દરમિયાન, અલા અલજલીલ નામનો માણસ ભારે બૉમ્બમારા વચ્ચે પણ અલેપ્પો શહેરમાં જ રોકાઇ ગયો. તેણે સેંકડો એવી બિલાડીઓ માટે આશ્રયસ્થાન બનાવ્યું, જેમનાં માલિકો કાં તો યુદ્ધમાં માર્યા ગયા હતા અથવા તો શહેર છોડીને ભાગી ગયા હતા.

**અનપેક્ષિત મિત્રતા :**

ગાઝામાં થયેલા સંઘર્ષો દરમિયાન પણ આવાં જ દશ્યો જોવા મળ્યાં હતાં. જયાં સોશ્યલ મીડિયામાં માધ્યમથી સ્થાનિક પ્રાણીપ્રેમીઓ વૈશ્વિક દાતાઓ સાથે જોડાયા હતા, કયારેક તો સામી છાતીએ લડતા સૈનિકો પણ ચેકપોઇન્ટ અથવા બંકરો પર રખડતા કૂતરા અને બિલાડીઓ સાથે પોતાના ભોજનનો હિસ્સો વહેંચતા જોવા મળ્યા છે, જે યુદ્ધની ભયાનકતા વચ્ચે તેમને માનસિક શાંતિ આપતું હતું.

**૧૯૭૦માં જોર્ડનનું સફેદ ધ્વજઃ તબીબી યુદ્ધ વિરામ**

૧૯૭૦માં જોર્ડનમાં બ્લેક સપ્ટેમ્બર તરીકે ઓળખાતા આંતરિક સંઘર્ષ દરમિયાન જોર્ડનની સેના અને પેલેસ્ટિનિયન લડવૈયાઓ વચ્ચે ભીષણ શેરી યુદ્ધ ફાટી નીકળ્યું હતું. અમ્માન શહેરની ગલીઓમાં ચાલી રહેલા ભયાનક ગોળીબારની વચ્ચે સ્થાનિક રહેવાસીઓએ આપોઆપ એક અનોખી અને ભાવનાત્મક પરંપરા શરૂ કરી.

**સ્વયંભૂ યુદ્ધ વિરામ :**

હૉસ્પિટલની ગાડીઓ અને સ્થાનિક એમ્બ્યુલન્સો પાસે તબીબી સામગ્રી ખૂટી ગઇ હતી અને ઘાયલ નાગરિકો ઘરોમાં ફસાયેલા હતા તે સમયે, બન્ને પક્ષના ડોકટરો, નર્સો અને સામાન્ય નાગરિકોએ ઘાયલોને બચાવવા માટે સ્વયંભૂ હાથમાં સફેદ ઝંડા અથવા ચાદર લઇને સક્રિય ગોળીબારની વચ્ચે ચાલવાનું શરૂ કર્યું.

**કાટમાળ વચ્ચે ગુંજતું સંગીત :**

આતંકવાદી શાસન અને વર્ષોના યુદ્ધને કારણે ઇરાકનું મોસુલ શહેર સંપૂર્ણપણે બરબાદ થઇ ગયું હતું. આ શાસન દરમિયાન જે સંગીતકારોને પોતાના સંગીતનાં સાધનો છુપાવવા કે નષ્ટ કરવા પડ્યા હતા, તેઓ યુદ્ધ પૂરું થયા પછી ફરીથી એ જ વિનાશ પામેલી શેરીઓમાં પાછા ફર્યા.

ખંડેરોનું સંગીતવૃંદ કરીમ વાસફી જેવા ખ્યાતનામ સેલો વાદક, તાજેતરમાં જ કાર બૉમ્બ બ્લાસ્ટથી નષ્ટ થયેલી જગ્યાઓ કે ઐતિહાસિક ખંડેરો પર પહોંચી જતા. ધૂળ અને તૂટેલા લોખંડના સળિયાઓની વચ્ચે ઔપચારિક પોશાક પહેરીને તેઓ એક સિંગલ ખુરશી ગોઠવતા અને હૃદયને સ્પર્શી જાય તેવું શાસ્ત્રીય સંગીત વગાડતા.

આ અચાનક શરૂ થતા સંગીતને સાંભળવા માટે સ્થાનિક રહેવાસીઓ સૈનિકો અને બચાવ કાર્યકરો ભેગા થઇ જતા અને તેમની આંખોમાંથી આંસુ સરી પડતા. થોડી મિનિટો માટે, એ આખો સમુદાય વિનાશનો શોક મનાવવાને બદલે, સંગીતની સુંદરતામાં ડૂબી જતો અને સંગીતના માધ્યમથી યુદ્ધના આઘાતમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરતો. આમ યુદ્ધમાં માનવતાની સરવાણીઓ જોવા મળે છે કારણ કે ‘હ્યુમન્સ આર નોટ જસ્ટ સોશ્યલ એનિમલ્સ ધે આર સોશ્યલ ઇમોશનલ બીંગ્ઝ.’ ■

## દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૯.૯૮ અબજ ડૉલર ઘટી

મુંબઈઃ ગત ૧૨મી જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહે ખાસ કરીને સોનાની અનામતમાં નોંધપાત્ર ઘટાડો થવાથી દેશની વિદેશી હૂંડિયામણની કુલ અનામત ૯.૯૮૫ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૭૧.૬૨૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૭૧.૧ કરોડ ડૉલર ઘટીને ૬૮૧.૬૧૦ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

સમીક્ષા હેઠળના સમયગાળામાં દેશની કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૮૪.૬ કરોડ ડૉલર વધીને ૫૪૪.૨૯૦ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ઉલ્લેખનીય બાબત એ છે વિદેશી ચલણી અસ્કયામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

જોકે, સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૧૦.૭૫૪ અબજ ડૉલરના કડાકા સાથે ૧૦૩.૮૨૧ અબજ ડૉલરના સ્તરે રહી હતી. આ સિવાય ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૬.૬ કરોડ ડૉલર ઘટીને ૧૮.૬૯૯ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૧ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૮૧૫ અબજ ડૉલરના સ્તરે રહ્યા હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં જણાવ્યું હતું. ■

# ફેડરલ રિઝર્વના તંગ નાણાનીતિના સંકેત અને ફરી ભૂરાજકીય તણાવને કારણે સોનામાં સુધારાને બ્રેક

## બેતરફી વધઘટથી સ્થાનિક માગ ડહોળાઈ

**કોમોડિટી**

રમેશ ગોહિલ

અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ શાંત પડવાની સાથે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવાના આશાવાદ સાથે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો થયો હતો. તેમ જ ક્રૂડતેલના ભાવ ઘટી આવતા ફુગાવાલક્ષી દબાણ હળવું થવાના આશાવાદ સાથે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં ગત સપ્તાહના આરંભિક ત્રણ સત્ર દરમિયાન સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. જોકે, ગત ૧૬-૧૭ જૂનની અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકના અંતે નીતિ ઘડવૈયાઓએ બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ કુલ ૧૯ નીતિઘડવૈયાઓ પૈકી નવ ઘડવૈયાઓએ વધતા ફુગાવાને અંકુશમાં રાખવા વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં વધારો કરવો પડે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. આમ ફેડરલ રિઝર્વ તંગ નાણાનીતિ અપનાવે તેવી ધારણા હેઠળ છેલ્લાં બે સત્ર દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો નોંધાયો હતો. વધુમાં સપ્તાહના અંતે ઈઝરાયલે યુદ્ધ વિરામનો ભંગ કરી લેબેનોન પર હુમલા કરતાં અમેરિકા અને ઈરાનના અધિકારીઓની શાંતિ કરાર અંગે થનારી વાટાઘાટોની બેઠક રદ કરવામાં આવતા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં પુનઃ ઘટ્યા મથાળેથી વધી આવતા સોના અને ચાંદીના ભાવ ઘટાડાને વધુ એક પ્રેરક બળ મળ્યું હતું.

આમ વૈશ્વિક બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સપ્તાહ દરમિયાન બન્ને કિંમતી ધાતુઓમાં બેતરફી વધઘટ જોવા મળી હોવાથી એકંદરે માગ ડહોળાઈ ગઈ હતી. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં વેરારહિત ધોરણે સપ્તાહના આરંભે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૨મી જૂનના રૂ. ૧,૪૭,૮૦૦ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૫૦,૧૬૯ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૪૪,૯૭૦ અને ઉપરમાં રૂ. ૧,૫૦,૬૬૩ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૧.૯૧ ટકા અથવા તો રૂ. ૨૮૩૦ના ઘટાડા સાથે રૂ. ૧,૪૪,૯૭૦ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૨,૪૨,૫૮૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૨,૫૧,૦૧૧ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૩૦,૯૮૨ અને ઉપરમાં રૂ. ૨,૫૧,૪૮૮ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૪.૩૭ ટકા અથવા તો રૂ. ૧૦,૬૦૯ના ઘટાડા સાથે રૂ. ૨,૩૧,૯૭૩ની સપાટીએ બંધ રહ્યા હતા.

ગત સપ્તાહમાં ભાવઘટાડાના સમયગાળામાં ગ્રાહકોની છૂટીછવાઈ માગ ખૂલી હતી, પરંતુ ભાવમાં ભારે ચંચળતાનું વલણ રહ્યું હોવાથી બૃહદ્ અંશે ગ્રાહકો અને રોકાણકારોએ બજારનાં સ્પષ્ટ વલણ માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોવાનું અમદાવાદસ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું. તે જ પ્રમાણે મુંબઈસ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું કે છેલ્લાં કેટલાંક સપ્તાહથી રોકાણલક્ષી માગ નબળી પડી છે. જોકે, અમુક જ્વેલરો ખરીદીમાં રસ દાખવી રહ્યા હોવાનું મુંબઈસ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું, જ્યારે એક ડીલરે જણાવ્યું હતું કે સપ્તાહ દરમિયાન એકંદર માગ નબળી રહી હોવાથી સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૫૪ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા, જ્યારે આગલા સપ્તાહે ડિસ્કાઉન્ટ ૩૫ ડૉલર આસપાસના સ્તરે રહ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત મે મહિનામાં સરકારે સોનાની આયાતજકાતમાં વધારો કર્યો હોવાથી એક વર્ષમાં પહેલી વખત સોના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં ગત મે મહિનામાં ચોખ્ખો બાહ્યપ્રવાહ જોવા મળ્યો હતો.

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી થઈ જતાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ સામુદ્રધૂની વેપારી જહાજોની અવરજવર માટે ખૂલે તેવા આશાવાદ સાથે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ક્રૂડતેલના ભાવ ઘટી આવતા ગત સપ્તાહના આરંભમાં સોના અને ચાંદીના ભાવમાં સુધારો આવ્યો હતો, પરંતુ અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય બેઠકના અંતે તંગ નાણાનીતિના સંકેત આપવાની સાથે અમેરિકા અને ઈરાન વચ્ચે ગત શુક્રવારે થનારી વાટાઘાટોની બેઠક રદ થતાં ફરી ક્રૂડતેલના ભાવ વધી આવતા બન્ને કિંમતી ધાતુમાં સુધારો ક્ષણભંગુર જેવો નિવડતાં વિશ્વ બજારમાં સતત ત્રીજા સપ્તાહે સાપ્તાહિક ધોરણે ભાવઘટાડો આગળ ધપતાં વધુ બે ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. હવે આગામી સપ્તાહે રોકાણકારોની નજર અમેરિકા અને ઈરાનનાં શાંતિ કરાર અંગેની વાટાઘાટોના અહેવાલ, ક્રૂડતેલ તથા ડૉલર ઈન્ડેક્સની વધઘટ પર અવલંબિત રહેશે, એમ એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતાનુસાર આગામી સપ્તાહે વિશ્વ બજારમાં સોના માટે ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર અને ૪૩૮૦ ડૉલરની સપાટી અનુક્રમે ટેકાની અને પ્રતિકારક સપાટી પુરવાર થશે અને જો ભાવ ૪૦૦૦ ડૉલરની સપાટી ગુમાવશે તો ઘટીને ૩૮૮૦ ડૉલર સુધી પહોંચી શકે છે, જ્યારે ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૬થી ૭૨ ડૉલરની રેન્જમાં રહે તેવી ધારણા છે. વધુમાં તેમણે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૩૮,૦૦૦થી ૧,૪૯,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના ભાવ ૨,૧૮,૦૦૦થી ૨,૪૫,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, ક્રૂડતેલમાં સુધારો અને ફેડરલ રિઝર્વનાં તંગ નાણાનીતિના સંકેતે ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૬૯.૪૪ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૪ ટકા ઘટીને ૪૧૮૬.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૬૫.૧૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ફેડરલના તંગ નાણાનીતિના અણસારને કારણે સોનાએ મંદીના ઝોનમાં પ્રવેશ કર્યો છે અને ભાવ ઘટીને ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની અંદર ઊતરે તેવી શક્યતા નકારી ન શકાય, એમ જેફરીઝની માલિકીની ટ્રેડુ ડૉટ કૉમના વિશ્લેષક નિકોઝ ઝુબોરુસે જણાવતાં ઉમેર્યું હતું કે આગામી સપ્તાહમાં સોનાની વધઘટનો આધાર અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટોના અહેવાલ અને અમેરિકાના ફુગાવાના અહેવાલો પર રહેશે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્તાહના અંતે ગોલ્ડમેન સાશે અગાઉ વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ માટેનો અંદાજ જે ઔંસદીઠ ૫૪૦૦ ડૉલરનો મૂક્યો હતો તે ઘટાડીને ૪૯૦૦ ડૉલરનો મૂકવાની સાથે આગામી ટૂંકા સમયગાળામાં ભાવઘટાડા અને મધ્યમ સમયગાળામાં ભાવવધારાનું જોખમ હોવાનું તેમણે જણાવ્યું હતું.

# મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલમાં પશ્ચિમ ભારતમાં પ્રથમ વખત નેક્સ્ટ-જનરેશન હાર્ટ રિધમ પ્રક્રિયા સફળ, મહિલા દર્દીને ૨૪ કલાકમાં ડિસ્ચાર્જ આપવામાં આવ્યો

મુંબઈઃ લગભગ બે મહિનાથી ૬૨ વર્ષની એક મહિલાને સતત અનિયમિત ધબકારાની સમસ્યાની તકલીફ હતી. દવાઓ લેવા છતાં તેમના હૃદયના ધબકારા અનિયમિત રીતે ચાલુ જ રહ્યા હતા. વધુમાં, હૃદયના ધબકારાને સ્થિર રાખવા માટે આપવામાં આવતી દવાઓના કારણે તેમના હૃદયના ધબકારા જોખમી રીતે ધીમા પડી રહ્યા હતા. ૧૬ જૂન ૨૦૨૬ના રોજ મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલમાં તેમની પલ્સ્ડ ફિલ્ડ એબ્લેશન (પીએફએ) પ્રક્રિયા કરવામાં આવી હતી. ત્યારબાદ બીજા જ દિવસે સવારે તેમને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.




દર્દીએ જણાવ્યું હતું કે, ‘‘મને ક્યારેય લાગ્યું નહોતું કે હું બીજા જ દિવસે હૉસ્પિટલમાંથી ઘરે જઈ શકીશ. છેલ્લા ઘણા મહિનાઓથી ધબકારાની સમસ્યાએ મારા રોજિંદા જીવનને અસર કરી હતી. હવે એવું લાગે છે કે મને ફરીથી મારું જીવન પાછું મળી ગયું છે.’’ આ પ્રક્રિયા પશ્ચિમ ભારતમાં કરવામાં આવેલી પ્રથમ પલ્સ્ડ ફિલ્ડ એબ્લેશન (પીએફએ) છે. આશરે ૧૮ મહિના પહેલાં અમેરિકામાં શરૂ થયેલી અને ત્યારબાદ યુરોપની અગ્રણી હૉસ્પિટલોમાં અપનાવવામાં આવેલી આ અદ્યતન ટેકનોલોજી હવે પ્રથમ વખત મહારાષ્ટ્ર અને સમગ્ર પશ્ચિમ ભારતના દર્દીઓ માટે ઉપલબ્ધ બની છે.

એટ્રિયલ ફાઇબ્રિલેશન (એએફ) દુનિયામાં સૌથી સામાન્ય હાર્ટ રિધમ ડિસઓર્ડર માનવામાં આવે છે. ■

# ચાઈનીઝ અને જાપાનીઝ રસાયણ સામે એન્ટિ-ડમ્પિંગ તપાસ

નવી દિલ્હીઃ ચીન અને જાપાનથી આયાત થતાં અને સ્થાનિકમાં ટાયર અને રબરનાં ઉત્પાદનોમાં વપરાતાં રસાયણો સામે એન્ટિ ડમ્પિંગ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું વાણિજ્ય મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું છે. ચીન અને જાપાનથી સસ્તા ભાવથી આયાત થતાં રિસોર્સિનોલ રસાયણને કારણે સ્થાનિક ઉત્પાદકોના હિત જોખમાતા હોવાની અતુલ લિ.ની ફરિયાદને ધ્યાનમાં લેતા આ તપાસ કરવામાં આવી રહી હોવાનું ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)એ જણાવ્યું હતું.

અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં યોગ્ય અને પ્રમાણિત ધોરણે ડિમ્પિંગના પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હોવાથી ઑથોરિટીએ એન્ટિ ડમ્પિંગ તપાસ શરૂ કરી છે. તેમ જ તપાસમાં ચીન અને જાપાનથી આયાત થતાં આ રસાયણને કારણે ઉદ્યોગને કેટલી માત્રામાં હાની થઈ રહી છે તેની આકારણી કરવામાં આવશે, એમ ડીજીટીઆરએ નોટિફિકેશનમાં જણાવ્યું હતું. જો તપાસના અંતે ઉદ્યોગને નોંધપાત્ર માત્રામાં હાનિ થઈ રહી હોવાનું ફલિત થશે તો એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની ભલામણ કરવામાં આવશે. જોકે, ડ્યૂટી લાદવા અંગેનો અંતિમ નિર્ણય નાણાં મંત્રાલય દ્વારા લેવામાં આવશે. ■

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે વિવિધ ધાતુઓમાં સ્ટોકિસ્ટો, વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે મુખ્યત્વે બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકારોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો. આ સિવાય નિકલ, કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, ઝિન્ક સ્લેબ અને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. બેથી આઠ વધી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી નીકળેલી લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૮૮૫ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૧૯૫, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૨૮૨ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૩૬૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૭૦૫, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૦૦ અને રૂ. ૧૨૯૦ અને ઝિન્ક સ્લેબ તથા ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૩૭૦ અને રૂ. ૫૧૮૮ના મથાળે રહ્યા હતા. ■

# પશ્ચિમ એશિયાના વિવાદ સમયે ભારતે એલપીજીની આયાત વિકેન્દ્રિત કરી

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં વિવાદના સમયગાળામાં ભારતે એલપીજી (લિક્વિફાઈડ નેચરલ ગૅસ)ના સ્રોત માટે અખાતી દેશો તરફની આયાત નિર્ભરતા ઘટાડીને અમેરિકા, ઈરાન અને અન્ય દેશોથી આયાત વધારી હતી, જ્યારે ઘરગથ્થુ વપરાશકારોને રાહત થાય તે માટે જાહેર ક્ષેત્રના ઈંધણના રિટેલરોએ વૈશ્વિક સ્તરે જોવા મળેલો ભાવવધારો ખમી લીધો હતો.

નોંધનીય બાબત એ છે કે આ વિવાદ પૂર્વે દેશમાં એલપીજીની આયાત ૯૦ ટકા આયાત પશ્ચિમ એશિયાના પુરવઠાકારો તરફથી આવતી હોવાથી પશ્ચિમ એશિયા તરફથી આયાતનિર્ભરતા વધુ રહી હતી. જોકે, એપ્રિલ,૨૦૨૬થી દેશમાં અમેરિકાથી થતી એલપીજીની આયાતનો હિસ્સો જે ફેબ્રુઆરીમાં આઠ ટકાનો હતો તે વધીને એક તૃતિયાંશ થઈ ગયો હોવાનું ક્રિસિલે એક અહેવાલમાં જણાવ્યું હતું.

વર્ષ ૨૦૨૫ના અંતમાં અમેરિકા સાથે પ્રત્યેક વર્ષે ૨૨ લાખ ટન (વાર્ષિક આવશ્યકતાના ૧૦ ટકા) એલપીજીના પુરવઠા માટે કરાર કરવામાં આવ્યા હોવાથી તેનો લાભ લેવામાં આવ્યો હતો. તેમ જ એપ્રિલમાં થયેલી આયાત પૈકી ઈરાનથી પણ છ ટકા જેટલી આયાત થઈ હતી. આ સિવાય આર્જેન્ટિના, ચીલી, ફ્રાન્સ અને નેધર્લેન્ડથી પણ આયાત થઈ હતી.

આ વિકેન્દ્રિકરણને કારણે વિવાદના સમયગાળામાં પણ પુરવઠો જળવાઈ રહ્યો હતો, પરંતુ આ પુરવઠો લાંબા સમયગાળાની પુરવઠાચેઈન અને ભાવવધારાને ભોગે ઉપલબ્ધ થયો હતો. પુરવઠો વિક્ષેપિત થવાની માગ પર કોઈ અસર નહોતી પડી અને એપ્રિલ મહિનામાં એલપીજીનો વપરાશ જે ફેબ્રુઆરીમાં ૩૨ લાખ ટનનો હતો તે ઘટીને ૨૪.૭ લાખ ટનના સ્તરે રહ્યો હતો. ગત નાણાકીય વર્ષ ૨૦૨૬માં દેશમાં એલપીજીનો વપરાશ વર્ષાનુવર્ષ ધોરણે છ ટકા વધીને ૩.૩૨ કરોડ ટનની સપાટીએ રહ્યા બાદ ગત માર્ચ અને એપ્રિલ મહિનામાં ૧૩ ટકા ઘટ્યો હતો અને મે મહિનામાં ૨૦ ટકાનો ઘટાડો થયો હતો.

વિવાદના સમયગાળામાં વેપારી અને ઔદ્યોગિક વપરાશકારોને ઘરગથ્થુ ધોરણ કરતાં ઓછો પુરવઠો મળતા વપરાશમાં ઘટાડો થયો હતો અને બજાર સાથે સંકળાયેલા વર્ગે પુરવઠાખેંચને પગલે ભાવમાં વધારો કર્યો હતો. વધુમાં ક્રિસિલે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે વૈશ્વિક સ્તરે એલપીજીની કિંમતમાં તીવ્ર વધારો થયો છે. બજારમાં પુરવઠાનાં જોખમો અને નૂર ભાડાં વધી આવ્યા હોવાથી ભારતીય આયાત માટેના બૅન્ચમાર્ક સાઉદી આરામકોના કોન્ટ્રાક્ટ ભાવમાં ફેબ્રુઆરીથી જૂન દરમિયાન ૪૬ ટકાનો વધારો થયો હતો. જોકે, આ વધારો માત્ર આંશિક ધોરણે ગ્રાહકો પર પસાર કરવામાં આવ્યો હતો. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં હાજરમાં મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ગુણવત્તાનુસાર સાધારણ ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે માગ તથા માલની ગુણવત્તાનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૫થી ૨૬ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર વધીને રૂ. ૩૯૯૦થી ૪૦૬૨ આસપાસ રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૪૧૦૨થી ૪૨૦૨ના મથાળે ગુણવત્તાનુસાર ટકેલા રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ તથા માલની ગુણવત્તાનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૪૦થી ૩૯૭૦ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૯૦થી ૪૧૧૦ની સપાટીએ રહ્યા હતા. ■

**પવનરાજે નિમ્બાળકર હત્યાકેસ**

# ભૂતપૂર્વ પ્રધાન પદ્મસિંહ પાટીલ, અન્ય સાત જણ નિર્દોષ

મુંબઈ: વિશેષ કોર્ટે કૉંગ્રેસના નેતા પવનરાજે નિંબાળકર અને તેમના ડ્રાઇવરની ૨૦૦૬માં થયેલી હત્યાના કેસમાં શનિવારે રાજ્યના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન પદ્મસિંહ પાટીલ તેમ જ અન્ય સાત જણને નિર્દોષ જાહેર કર્યા હતા.

વિશેષ સીબીઆઇ (સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન) કોર્ટના જજ સત્યનારાયણ નવાંદકરે કહ્યું હતું કે તપાસકર્તા પક્ષ કાવતરાની સાંકળ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો છે.

તપાસકર્તા પક્ષ મુખ્યત્વે આરોપીમાંથી એપ્રૂવર બનેલા પારસમલ જૈનની જુબાની પર આધાર રાખતો હતો. જોકે કોર્ટે તેની જુબાની શંકાસ્પદ ગણાવીને ફગાવી દીધી હતી અને જણાવ્યું હતું કે તે ઘટનાક્રમ પુરવાર કરી શકતી નથી.

એનસીપીના ભૂતપૂર્વ સાંસદ અને નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારના સાવકા ભાઇ પદ્મસિંહ પાટીલ તથા અન્ય સાત જણ હત્યાના આરોપનો સામનો કરી

(જુઓ પાનું ૪) ▶▶

## વિશેષ કોર્ટના ચુકાદાને સીબીઆઇ હાઇ કોર્ટમાં પડકારશે

મુંબઈ: પવનરાજે નિંબાળકર અને તેમના ડ્રાઇવરની હત્યાના કેસમાં પદ્મસિંહ પાટીલ તથા અન્ય સાત જણને નિર્દોષ જાહેર કરતો વિશેષ કોર્ટે શનિવારે ચુકાદો આપ્યો હતો, જેને સીબીઆઇ હવે હાઇ કોર્ટમાં પડકારશે. સીબીઆઇના પ્રવક્તાએ કહ્યું હતું કે સીબીઆઇએ આ કેસમાં આરોપીઓ વિરુદ્ધ સારા પુરાવા એકઠા કર્યા હતા. આથી સીબીઆઇ હવે ટ્રાયલ કોર્ટના ચુકાદાને હાઇ કોર્ટમં પડકારશે. સેન્ટ્રલ એજન્સીએ ૨૦ ઑગસ્ટ, ૨૦૦૯ના રોજ આરોપનામું દાખલ કર્યું હતું અને ૪ જૂન, ૨૦૧૦ના રોજ પુરક આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું. આ કેસમાં પાટીલ ઉપરાંત અન્ય આરોપીઓમાં લાતુરના વેપારી સતીશ મંદાડે, સ્ટેટ એક્સાઇઝના નિવૃત્ત ઇન્સ્પેક્ટર મોહન શુકલા અને શૂટરોનો સમાવેશ હતો. ■

## હું ઉદ્ધવ અને આદિત્ય વિશે ક્યારેય કંઈ બોલ્યો નથી: ઓમરાજે નિમ્બાળકર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં ‘ઓપરેશન ટાઇગર’ વિશે મોટી ચર્ચા ચાલી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના ૬ સાંસદો અલગ થઈ ગયા છે અને એવી ચર્ચા છે કે આ ‘ઓપરેશન ટાઇગર’ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેના દ્વારા અમલમાં મૂકવામાં આવ્યું હતું. તેથી, આ ઉદ્ધવ ઠાકરે માટે મોટો આંચકો માનવામાં આવે છે.

આ ઘટનાક્રમની પૃષ્ઠભૂમિમાં, શિવસેના (ઠાકરે) પક્ષ દ્વારા તમામ સાંસદો માટે વ્હીપ જારી કરવામાં આવ્યો હતો. જોકે, વ્હીપ જારી કર્યા પછી પણ, આ છ સાંસદોમાંથી કોઈ પણ પક્ષના સંસદીય પક્ષની બેઠકમાં હાજર રહ્યા ન હતા. જોકે, આ છ સાંસદોમાં, ધારાશિવના સાંસદ ઓમરાજે નિમ્બાળકરના બળવાની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે.

આ ચર્ચાનું કારણ એ છે કે ઓમરાજે નિમ્બાળકરે અગાઉ વફાદારી વિશે ઘણા ભાષણો આપ્યા હતા. તેથી, તેમને આ માટે ટ્રોલ પણ કરવામાં આવી રહ્યા છે. બળવાની ચર્ચા પછી, ઓમરાજે નિમ્બાળકરે એક દૈનિકને આપેલા ઇન્ટરવ્યુમાં ઉદ્ધવ ઠાકરેની કથિત રીતે આડકતરી

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

**બેસ્ટે બગાડ્યો બીજો દિવસ-અહેવાલો** 3

## ‘ઓપરેશન ટાઇગર’નું હવે શું થશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધારાશિવના સાંસદ ઓમરાજે નિમ્બાળકરના પિતા, ભૂતપૂર્વ કોંગ્રેસ નેતા પવનરાજે નિમ્બાળકરની હત્યા કેસમાં ૨૦ વર્ષ પછી ચુકાદો જાહેર કરવામાં આવ્યો છે. સીબીઆઈની ખાસ કોર્ટે આ કેસમાં આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. આ પછી વિવિધ સ્તરેથી પ્રતિક્રિયાઓ આવી રહી છે. ઓમરાજે નિમ્બાળકરે કહ્યું કે તેઓ ચુકાદા પછી હાઇકોર્ટ જશે. તેમણે એમ પણ કહ્યું કે શિંદે જૂથમાં જોડાવાનો અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી અને તેઓ મતવિસ્તારના લોકો સાથે વાત કર્યા પછી આ અંગે નિર્ણય લેશે. દરમિયાન, નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ પણ પવનરાજે નિમ્બાળકર હત્યા કેસમાં મોટી પ્રતિક્રિયા આપી છે.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ શનિવારે કોલ્હાપુરની મુલાકાતે હતા ત્યારે મુખ્ય પ્રધાન ફડણવીસ અને નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે કોલ્હાપુર પહોંચ્યા હતા. ૧૪૪૫.૯૭ કરોડ રૂપિયાના કરવીર નિવાસિની મહાલક્ષ્મી મંદિર વિકાસ યોજનાનો શિલાન્યાસ સમારોહ યોજાયો હતો. સમારોહ પછી એકનાથ શિંદેએ પવન રાજે નિમ્બાળકર કેસ પર પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. ■

### અર્ચના પાટીલ (પુત્રવધૂ)ની ભાવનાત્મક પ્રતિક્રિયા

પદ્મસિંહ પાટીલને નિર્દોષ જાહેર કર્યા બાદ અર્ચના પાટીલે કહ્યું, ‘સત્યનો વિજય થયો છે. અમારા પરિવારે છેલ્લા ૨૦ વર્ષથી ભારે માનસિક તણાવ સહન કરવો પડ્યો છે. જ્યારે આ આરોપો લગાવવામાં આવ્યા હતા, ત્યારે મારા બાળકો ખૂબ નાના હતા. હવામાં આરોપો લગાવવાથી તે સાચા નથી થઈ જતા. જે આરોપોએ અમારા આખા પરિવારને બરબાદ કરી દીધો, અમારા બાળકોના મનને અસર કરી, રાજકીય નુકસાન પહોંચાડ્યું, પણ ભયંકર માનસિક વેદના પણ પહોંચાડી હતી. આજે, હું ખૂબ જ ખુશ છું કે સત્યનો વિજય એ જ કેસમાં થયો છે. અમારા પાછલા વર્ષો ક્યારેય ભરાશે નહીં. મારા સાસરિયાઓ અને આખા પરિવારને ઘણી માનસિક યાતનાઓ સહન કરવી પડી છે, પરંતુ આજે આ ચુકાદાથી ચોક્કસપણે સંતોષ થયો છે. હું રડી રહી છું, મારા હૃદયમાં ચોક્કસ લાગણીઓ શબ્દોમાં વ્યક્ત કરી શકાતી નથી. આ થવાનું હતું કારણ કે અમે કંઈ ખોટું કર્યું ન હતું.’ ■

### પદ્મસિંહ પાટીલ વિરુદ્ધ કાવતરું ઘડાયું હતું: રાણા જગજીતસિંહ પાટીલ

મુંબઈ: ધારાશિવ જિલ્લાના સાંસદ ઓમરાજે નિમ્બાળકરના પિતા પવનરાજે નિમ્બાળકર અને તેમના ડ્રાઇવરના હત્યા કેસમાં કોર્ટે ૨૦ જૂને ૨૦ વર્ષે ચુકાદો આપ્યો છે. આ કેસના મુખ્ય આરોપી અને ભૂતપૂર્વ ગૃહ પ્રધાન પદ્મસિંહ પાટીલ સહિત અન્ય આરોપીઓને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે. આ ચુકાદા બાદ પદ્મસિંહ પાટિલના પુત્ર અને વિધાનસભ્ય રાણા જગજીતસિંહ પાટીલે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, ‘પદ્મસિંહ પાટિલ વિરુદ્ધ કાવતરું ઘડાયું હતું, પરંતુ આજે અમને ન્યાય મળ્યો.’

‘પવનરાજે નિમ્બાળકરની હત્યાને ૨૦ વર્ષ થઈ ગયા છે. ત્યારથી આ કેસમાં કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. અમને પહેલાથી જ ન્યાય દેવતામાં સંપૂર્ણ વિશ્વાસ હતો. અંતે, ન્યાય દેવતાએ અમને ન્યાય આપ્યો છે. જોકે, આટલા વર્ષો વીતી ગયા છે તેનો બદલો આ લોકોને કોણ આપશે? આજે પદ્મસિંહ પાટીલની સ્થિતિ જોઈએ તો, તેમણે ઘણા વર્ષો સુધી આ બધું સહન કરવું પડ્યું છે. પવનરાજે નિમ્બાળકરની હત્યા સાથે જ્યારે પદ્મસિંહ પાટીલનો કોઈ સંબંધ નહોતો ત્યારે તેમની સામે રાજકીય કાવતરું ઘડવામાં આવ્યું હતું. હવે, ધીમે ધીમે, બધું જ પ્રકાશમાં આવશે. જોકે, આજે અમને સંતોષ છે કે ન્યાયના દેવતાએ અમને ન્યાય આપ્યો છે,’ એમ વિધાનસભ્ય રાણા જગજીતસિંહ પાટીલે કહ્યું હતું. ■

### પવનરાજે અને પદ્મસિંહ પાટીલ વચ્ચે વિવાદ કેમ શરૂ થયો?

મુંબઈ: છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહેલા પવનરાજે નિમ્બાળકર હત્યા કેસમાં ચુકાદો જાહેર કરવામાં આવ્યો. પુરાવાના અભાવે કોર્ટે શંકાસ્પદ આરોપીઓને નિર્દોષ છોડી દીધા, પરંતુ વિગતવાર જાણો કે બંને પિતરાઈ ભાઈ કેવી રીતે દુશ્મન બન્યા

મહારાષ્ટ્રના રાજકીય ઇતિહાસમાં સૌથી ચર્ચિત અને સંવેદનશીલ હત્યા કેસમાંથી એકનો ચુકાદો શનિવારે બહાર આવ્યો છે. ૨૦૦૬માં નવી મુંબઈના કળંબોલીમાં બનેલા પવનરાજે નિમ્બાલકર હત્યા કેસમાં, મુંબઈની એક કોર્ટે શનિવારે પુરાવાના અભાવે તમામ આરોપીઓને નિર્દોષ છોડી દીધા છે. આનાથી ભૂતપૂર્વ ગૃહ પ્રધાન પદ્મસિંહ પાટીલ અને અન્ય શંકાસ્પદો પરનું ૨૦ વર્ષ જૂનું કલંક દૂર થયું છે. ■

### ભાઈબંધીનો વિશ્વાસ અને રાજકીય દુશ્મનાવટ

પવનરાજે નિમ્બાળકર અને પદ્મસિંહ પાટીલ પિતરાઈ ભાઈ-બહેન હતા. એક સમયે બંને વચ્ચે ખૂબ જ વિશ્વાસ અને નિકટતા હતી. પદ્મસિંહ પાટિલ રાજ્ય સ્તરે પ્રધાન અને નેતા તરીકે વ્યસ્ત હતા, તેથી તેમણે તેમના મતવિસ્તાર પર ઓછું ધ્યાન આપ્યું. તે સમયે પવનરાજે નિમ્બાળકરે ધારાશિવ મતવિસ્તારમાં સક્રિય કાર્ય શરૂ કર્યું, તેમના પરિવારનું પ્રતિનિધિત્વ કર્યું. લોકો સાથે ભળીને અને સમસ્યાઓનું નિરાકરણ કરીને, તેમણે ટૂંક સમયમાં જ ખૂબ લોકપ્રિયતા મેળવી. તેમણે યુવાનો સહિત સામાન્ય મતદારો પર છાપ છોડી. ધીમે ધીમે પવનરાજેમાં રાજકીય મહત્વાકાંક્ષાઓ વધતી ગઈ. વિધાનસભ્ય બનવાના સ્વપ્ન સાથે, તેમણે ચૂંટણીની તૈયારી શરૂ કરી. આનાથી પદ્મસિંહ પાટીલ નારાજ થયા. શરૂઆતમાં તેમને મનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા, પરંતુ પવનરાજે તેમના નિર્ણય પર અડગ રહ્યા. ■

### ૨૦૦૪ની રોમાંચક લડાઈ


૨૦૦૪ની વિધાનસભા ચૂંટણીમાં, પિતરાઈ ભાઈઓ વચ્ચે સીધી લડાઈ થઈ. એવું કહેવાય છે કે પદ્મસિંહ પાટીલને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ ટેકો આપ્યો હતો, જ્યારે પવનરાજે નિમ્બાળકરને કોંગ્રેસે ટિકિટ આપી હતી. આ લડાઈ પર આખું મહારાષ્ટ્ર ધ્યાન આપી રહ્યું હતું. અંતે, પદ્મસિંહ પાટીલ થોડા મતોથી જીત્યા, પરંતુ તેમના મતોમાં ભારે ઘટાડાએ ચર્ચાઓ જગાવી. આ ચૂંટણી પછી, બંને વચ્ચેનું અંતર ખાસ્સું વધી ગયું હતું. ■

### ૨૦૦૬માં ક્રૂર હત્યા

૩ જૂન, ૨૦૦૬ના રોજ પવનરાજે નિમ્બાળકરની નવી મુંબઈના કળંબોલીમાં ધોળા દિવસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જ્યારે તેઓ ઉસ્માનાબાદ તરફ જતી કારમાં મુસાફરી કરી રહ્યા હતા, ત્યારે અજાણ્યા હુમલાખોરોએ તેમનો પીછો કર્યો અને ગોળીબાર કર્યો. આ હુમલામાં પવનરાજે અને તેમના ડ્રાઇવર સમદ કાઝીનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. હત્યા માટે વિદેશી બનાવટની બંદૂકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કેસમાં, સીબીઆઈએ ૨૦૦૯માં પદ્મસિંહ પાટિલ અને અન્ય આઠ લોકો પર કાવતરું ઘડવાનો આરોપ મૂક્યો હતો. ■

### સમીકરણ અને રાજકીય પરિણામો

આ હત્યાએ ધારાશિવમાં રાજકીય સમીકરણ સંપૂર્ણપણે બદલી નાખ્યું. પવનરાજેના મૃત્યુ પછી, તેમના પુત્ર ઓમરાજે નિમ્બાળકર રાજકારણમાં સક્રિય થયા અને હાલમાં ધારાશિવથી સાંસદ છે. બીજી તરફ, ‘આગામી મુખ્ય પ્રધાન’ તરીકે ચર્ચામાં રહેલા પદ્મસિંહ પાટિલની રાજકીય કારકિર્દીને મોટો ફટકો પડ્યો. તેમને થોડો સમય જેલમાં પણ વિતાવવો પડ્યો. કૌટુંબિક સંબંધો એટલા બગડ્યા કે બંને પક્ષના સભ્યોએ એકબીજા સામે જોવાનું બંધ કરી દીધું. હવે, ૨૦ વર્ષ પછી, કોર્ટે બધા આરોપીઓને નિર્દોષ જાહેર કરતા કેસનો અંત આવ્યો છે. ■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**